# સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्


દીપોત્સવી
વિ. સં. ૨૦૪૧

પુસ્તક ૨૩
અંક ૧




ચિત્ર ૨૨: સૂર્ય (મથુરા સંગ્રહાલય)

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ]


સંપાદક
સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા

નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

દીપોત્સવી | પુસ્તક ૨૩ : અંક ૧
વિ. સં. ૨૦૪૧ | નવેમ્બર, ૧૯૮૫

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | 'કાદંબરી'નાં કેટલાંક અર્થઘટનો—રમેશ મ. શુક્લ | ... ૧ |
| ૨. | ભારતમાં મૂર્તિપૂજાનો ઉગમ—હસમુખ ધી. સાંકળિયા | ... ૨૫ |
| ૩. | પાટણમાં વાડી પાર્શ્વનાથના મન્દિરનો શિલાલેખ તથા ખરતર-ગચ્છની પટ્ટાવલિ—ભોગીલાલ જ. સાંડેસરા | ... ૪૭ |
| ૪. | ચતુરચાલીસી (એક અપ્રગટ કાવ્ય)—મહેન્દ્ર અ. દવે | ... ૫૫ |
| ૫. | સૃષ્ટિની ઉત્પત્તિ-ઉત્ક્રાન્તિ વિશે વેદાન્તવિચાર અને મહર્ષિ અરવિન્દ—મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર) | ... ૬૧ |
| ૬. | સૌરાષ્ટ્રમાં જૈન ધર્મ વિશે થોડું—હસમુખ વ્યાસ | ... ૬૯ |
| ૭. | કુકણા લગ્નપરંપરા—જયાનંદ જોષી | ... ૭૩ |
| ૮. | વણોદસત્યાગ્રહ—એસ. વી. જાની | ... ૮૩ |
| ૯. | ભાવનગર રાજ્ય-ખેડૂતોને કરમુક્ત કરવાની યોજના—ઈજ્જતકુમાર આર. ત્રિવેદી | ... ૯૧ |
| ૧૦. | ગ્રન્થાવલોકન | ... ૧૦૫ |
| ૧૧. | સાભાર સ્વીકાર | ... ૧૧૫ |

મુદ્રક: શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક: મ.મ. પ્રો. ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ફેબ્રુઆરી, ૧૯૮૬.

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૪૧ પુસ્તક ૨૩

નવેમ્બર, ૧૯૮૫ અંક ૧

# 'કાદંબરી'નાં કેટલાંક અર્થઘટનો

રમેશ મ. શુકલ*

બાણની કાદમ્બરીનો ગુજરાતીમાં સૌ પ્રથમ અનુવાદ કરનાર તે ભાલણ. નરસિંહનો તે સમકાલીન. નરસિંહનાં પદોની ભાષાનું પણ સમયાંતરે રૂપાંતર થયું, કારણ તે પદો સમાજની શ્રદ્ધાનો વિષય હતાં. મુખપરંપરામાં બદલાતી ભાષા સાથે તેની ભાષાએ પણ રૂપ બદલાવ્યાં કર્યું. લોકવાર્તાઓ અને તેની ભાષા પણ આ પ્રકારે રૂપાંતર પામતી આવી છે. પરંતુ ધાર્મિક, બોધક અને નિતાંત રંજક કૃતિઓ સિવાયની કૃતિઓની ભાષા આ પ્રકારે ઓછી રૂપાંતર પામતી હોય છે. આ પ્રકારની કૃતિઓની ભાષાનું રૂપાંતર માત્ર લહિયાઓની કલમે થયું છે. ભાલણની 'કાદંબરી' આ વર્ગમાં આવે. તેણે ભલે 'મુગ્ધ રસિક' સમાજ માટે આ રૂપાંતર કર્યું, તે મૂળ કૃતિ કરતાં ભાષાંતરે સરળ છતાં, મૂળ કથાવસ્તુ, તેમાંની કલ્પના અને રૂપાંતરની ભાષાના સ્તરને કારણે બહુજનસમાજ માટેની રચના તરીકે વ્યાપક પ્રચારમાં હશે તેમ માની શકાતું નથી. 'કાન્હડદે પ્રબંધ' તેમ આ પ્રકારની રચનાને આસ્વાદનારો એક વિશિષ્ટ વર્ગ હશે જે સંસ્કૃતમાં વિદગ્ધ નહિ હોય, પરંતુ બહુજનસમાજ કરતાં રુચિ અને ભાષાસજ્જતાએ અદગ્ધ પણ નહિ હોય. સાડા ચાર સૈકા પહેલાંની તેની ભાષા, અનુકાલીન લહિયાઓની કલમે થયેલા કેટલાક સંચારો બાદ કરતાં, મહદ્અંશે સચવાઈ છે એમ વ્યાપક રીતે કહી શકાય.

સાડા ચાર સૈકા પહેલાંની ભાષા સાથે કામ પાડતાં, અર્થઘટનની કેટલીક મુશ્કેલીઓ નડે તે સમજી શકાય. આ અર્થઘટનોમાં કેટલાક પ્રામાણિક મતાંતરો યે હોઈ શકે. 'કાદંબરી' જેવી રચનાનાં અર્થઘટનોમાં સગવડ એ છે કે જ્યાં સંદેહ થાય ત્યાં, મૂળ સાથે સરખાવવાથી, રૂપાંતરકાર જ્યાં મૂળથી ચાતર્યો નથી ત્યાં તો વિશદતાથી ઉકેલ લાવી શકાય છે.

'કાદંબરી' (પૂર્વ ભાગ)નાં ત્રણ સંપાદનોમાં, કેશવ હ. ધ્રુવે મૂળ સાથેનો સંદર્ભ પણ વિચારી, 'હર્ષચરિતમ્' જેવી સંસ્કૃત અને મધ્યકાલીન ગુજરાતી કૃતિઓમાંથી સમાંતર પ્રયોગો નોંધી, અર્થઘટનાત્મક સમજૂતી આપી છે તેમ કયાંક કયાંક મૂળના પાઠ અર્થની વિશદતા માટે

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૧-૨૪.

* 'અનુગ્રહ' શાન્તિનિકેતન સોસાયટી, રાજકોટ ૩૬૦ ૦૦૫.

બદલ્યા છે. કે. કા. શાસ્ત્રીએ ગદ્યાનુવાદ આપ્યો છે અને આ લખનારે મૂળના સમાંતર નિરૂપણનાં અવતરણો સાથે અર્થઘટનાત્મક ટિપ્પણ આપ્યું છે. આ અર્થઘટનોમાં જે સંદિગ્ધતા છે તેની ચર્ચા રસપ્રદ અને વિધાયક નીવડે એવી છે

૧ અવિરલ આંસુસ્નાનઉં વિયોગપાવક પડી પ્રતિદિન કરઈ;
તવ-રિપુતરુણી-કુચયુગ વિમુક્તાહારવ્રત અણુસરઈ. ૨.૬૭

શૂદ્રકના દરબારમાં ચાંડાલકન્યાએ આણેલા પોપટની રાજપ્રશસ્તિ. કે. હ. ધ્રુવે આ કડીનો પાઠ બદલ્યો છે. તેમને મૂળ પૂર્વાર્ધનું 'કરઈ' ક્રિયાપદ 'વધારા પડતું' અને ઉત્તરાર્ધની પદ્યરચના 'દૂષિત નહિ, તો કર્કશ' લાગી હતી. તેમનો સુધારેલો પાઠ નીચે પ્રમાણે વંચાય છે:

અવિરલ આંસુસ્નાનઉં, વિયોગપાવક પડી નિરંતરઈ;
તવ રિપુતરુણી કુચવ્રત નિર્મુક્તાહાર અણુસરઈ.

મૂળ આર્યા નીચે પ્રમાણે છે:

स्तनयुगमश्रुस्नातं समीपतरवर्ति हृदयशोकाग्नेः ।
चरति विमुक्ताहारं व्रतमिव भवतो रिपुस्त्रीणाम् ।।

ભાલણના અનુવાદમાંના 'પ્રતિદિન'નું સમાનાર્થી મૂળમાં નથી. આ ભાષાંતર તો નથી જ. તે મુક્ત અનુવાદ કરતાં ય રૂપાંતર વિશેષ છે. કે. હ. ધ્રુવે તો 'વિમુક્તાહાર'ને સ્થાને 'નિર્મુક્તાહાર' કરી બાણને પણ સુધારવાની ચેષ્ટા કરી છે. ભાનુચન્દ્ર **विमुक्तः त्यक्तः** એવો અર્થ આપે છે. તેની પૂર્તિમાં સિદ્ધચન્દ્ર શ્લેષના બે અર્થો માટે અનુક્રમે **विगतो मुक्ता (मौक्तिक) हारो यस्मात्तत्** અને **परित्यक्तभोजन** એવી સમજૂતી આપે છે. શત્રુપત્નીઓએ વૈધવ્યના શોકથી મોતીના હાર કાઢી નાખ્યા છે, તેમ આહારનો પણ ત્યાગ કર્યો છે. આ કાર્યને કવિને હારની શોભાથી રહિત કૃશ સ્તનો વિશે આરોપી કાવ્યચમત્કૃતિ સાધી છે. અહીં હારનો અને આહારનો ત્યાગ કોઈએ કરાવ્યો નથી. 'નિર્મુક્ત'માં કર્તા, Agent બહારનો અભિપ્રેત બને છે. 'વિમુક્ત'માં તે સ્વતઃ છે. રિપુસ્ત્રીઓના શોકનું કારણ શૂદ્રક હતો. તેને પશ્ચાદ્ભૂમાં ઠેલી. બાણે 'વિમુક્તાહાર' અવસ્થા માટે રણક્ષેત્રમાં હતપતિના શોકને ગણાવ્યો છે. આ આર્યાની શ્લેષ ઉપરાંતની આ ચમત્કૃતિ આ અર્થવિશેષમાં પણ છે.

૨ વચન સુણી સચિવ એમ ભાખિ, મંદ કરીનિ હાસ્ય;
શુક સારિકા સાવિજમાંહિ બોલિ પટુ પ્રકાશ. ૨.૭૨

સંદર્ભ આગળ અનુસાર.

કે. કા. શા. 'સાવિજ'ને સં. **शावक** પરથી વ્યુત્પન્ન માની તેનો અર્થ 'પક્ષી' કરે છે. કે. હ. ધ્રુ. પણ તેને પક્ષીના અર્થમાં જ સમજે છે. અને સં. **स + वाज** (પાંખ ?) જેવી શંકાસ્પદ વ્યુત્પત્તિની શક્યતા ચીંધે છે. પોતાના અર્થના સમર્થનમાં તેઓ 'સાવજ',

સાવજડું' શબ્દો પક્ષીના અર્થમાં પ્રેમાનંદનાં આખ્યાનોમાં પણ યોજાયા હોવાનું નોંધે છે. અહીં અભિપ્રેત વાક્-પટુતા કેવળ મેનાપોપટની જાતિ માટે નિર્દેશાર્હ છે, કેવળ તેમનાં બચ્ચાં માટે નહિ, તેથી शावक ઉપરથી વ્યુત્પત્તિ કાલ્પનિક ઠરે છે. 'સાવજ' શબ્દનો આજે પ્રચલિત અર્થ વાઘ-સિંહ છે. આ અર્થસંકોચનું ઉદાહરણ છે. આ શબ્દ સંસ્કૃત श्वापद પરથી વ્યુત્પન્ન થયો છે જે પણ અર્થવિપર્યય–shifting of meaning માટે નોંધપાત્ર છે. આપ્ટે તેનો એક અર્થ beast of Pray અને બીજો અર્થ savage, ferocious આપે છે. શિકાર અને શિકારી વચ્ચે અર્થે કેટલું અંતર કાપ્યું છે તે આના ઉપરથી સમજાય છે. તેથી જ કે. હ. ધ્રુ.ને નોંધવું પડ્યું કે પક્ષીના અર્થનો આ શબ્દ શિકારી હિંસક પ્રાણીના અર્થના સાવજ (સં. श्वापद)થી ભિન્ન છે. શિકારના અર્થમાં 'સાવિજ,' 'સાવજ'નો અર્થ ભાલણ-પ્રેમાનંદના સમયમાં પ્રચલિત હશે અને તે પછી પ્રશિષ્ટ ભાષામાં કેવળ શિકારી પશુના સંદર્ભમાં અર્થસંકોચ થયો હશે. આના જેવું જ બીજું દૃષ્ટાંત લોકસાહિત્યમાંથી મળી રહે છે. સં. પશુ ઉપરથી લોકભાષામાં 'પહુડાં' શબ્દ વિકસ્યો. લોકસંસ્કૃતમાં તેનો અર્થ મોર, પોપટ થાય છે. મૂળમાં તો एते हि शुकसारिकाप्रभृतय: विहङ्गविशेषा: એ પ્રમાણે પક્ષીઓનો અર્થ અભિપ્રેત તો છે જ. પરંતુ પછીની પંક્તિઓમાં બાણ અગ્નિના શાપથી શુકની વાણી અસ્ફુટ અને હાથીની જીભ પરિવૃત્ત, અવળી થઈ ગઈ તેવો ઉલ્લેખ કરે છે. તેથી પશુ અને પંખીઓનો સંયુત અર્થ તેને અભિપ્રેત છે. ભાલણ ૭૪મી કડીમાં હાથીનો ઉલ્લેખ છોડી દે છે અને પોપટનો ઉલ્લેખ યથાવત્ રાખે છે તે સંક્ષેપના હેતુથી છે. મૂળને આધારે તેને પણ પશુપંખી અભિપ્રેત છે, એમ અનુમાન થઈ શકે.

૩ ઉતારીનિ કંકણ કુંડલ **પરિકર બાંધી પાખિ;**
ચતુર અંગના અંગ જ ચોલિ, એક રહી જલ નાખિ. ૨ ૮૫

'પરિકર'નો અર્થ કે. કા. શા. 'ગાંસડો' કરે છે. અને તેનો સંદર્ભ પ્રથમ ચરણના પૂર્વાર્ધ સાથે જોડે છે. સાહેલીઓ શૂદ્રકને સ્નાન કરાવવા પ્રવૃત્ત થાય છે ત્યારે પાણીથી બગડે નહિ માટે તેઓ પોતાનાં આભૂષણો ઉતારી બાજુએ મૂકે છે. 'પરિકર' શબ્દને આ ક્રિયા સાથે જોડી કે. કા. શા. એવો અર્થ ઘટાવે છે કે તેમણે આ આભૂષણોનો ગાંસડો બાંધીને મૂક્યો. परिकर:નો એક અર્થ આપ્ટે collection આપે છે. તેનો ગુજરાતી પર્યાય 'ગાંસડો' આપી શકાય. પરંતુ આપ્ટેએ બીજો અર્થ આ પ્રમાણે આપ્યો છે: **A girth, waist band, cloth Worn round the loins, to gird up one's loins, to make oneself ready.**

મૂળમાં પણ બાણે ગાંસડો બંધાવ્યો નથી. બંને ક્રિયાઓને ત્યાં પરસ્પર સ્વતંત્ર અને શૂદ્રકને સ્નાન કરાવવાની પૂર્વતૈયારી રૂપે વર્ણવવામાં આવી છે: अंशुकनिबिडनिबद्धस्तनपरिकरा: दूरसमुत्सारितवलयबाहुलता:, समुत्क्षिप्तकर्णाभरणा... ।

ભાનુચન્દ્રે स्तनपरिकर:નો અર્થ कुचाभोग: આપ્યો છે. કે. હ. ધ્રુ. એ, પરિકર બાંધી, 'કેડ બાંધી' એવો અર્થ આપી, 'વસ્ત્ર ખસી ન જાય એટલા માટે ઘાટડી ભીડીને આવી' એવો અર્થવિસ્તાર કર્યો છે.

ભાલણે મૂળના...स्तनपरिकराः એ શબ્દસમુચ્ચયમાંથી માત્ર 'પરિકર' શબ્દ લીધો અને વક્ષપ્રદેશનો ઉલ્લેખ, સંભવતઃ માત્રાગણના સાચવવા પડતો મૂક્યો. પરંતુ તે કારણે ઉત્તરાર્ધનો પૂર્વાર્ધ સાથે સીધો અન્વય થતો નથી. પરિચારિકાઓએ જેમ બગડે નહિ તે માટે આભૂષણો દૂર કર્યાં તેમ પલળે નહિ તે માટે 'સ્તનોને દઢ રીતે બાંધનાર' (મૂળ પ્રમાણે) પાલવના છેડાને કમર ફરતે વીંટી દીધો હતો. આ જ અર્થઘટન થઈ શકે.

૪ એક કહી : "રહી કાં અળગી ? એટલામાં શું થાકી ?"
એક કહી : "ના, એ અતિ **શીળી** પ્રમદા છિ અતિ પાકી". ૨.૮૮

આ વાર્તાલાપ મૂળમાં નથી. તે ભાલણનું ઉમેરણ છે. રાજાના સંદર્ભમાં આ સંવાદ તેના મોભાને અનુરૂપ નથી.

'શીળી'નો અર્થ કે. કા. શા. 'ટાઢી' કરે છે. કે. હ. ધ્રુ. કોઈ અર્થ આપતા નથી. 'ટાઢી'ના બે અર્થ થાય : ધીમી અને ઠંડી–cold, જાતીય વૃત્તિની દૃષ્ટિએ. એક દાસી શૂદ્રકને સ્નાન કરાવતાં અળગી થઈ જાય છે તે સંદર્ભમાં આ બંને અર્થને અવકાશ છે. પરંતુ છેલ્લા શબ્દ 'પાકી'નો અન્વય પણ વિચારવાનો છે. પક્કી, લુચ્ચી એવો ટોણો કામમાં ધીમી હોય તેને આપી શકાય ? કામચોરને આપી શકાય. અથવા જેને કામમાં રસ ન હોય અથવા જે તેમાં ઉદાસીન હોય અને કરવું પડે છે માટે કરે છે, મનથી કરતી નથી એવું વર્તન જેનું હોય તેને માટે આ વિશેષણ યોજી શકાય. તે સંદર્ભમાં બીજી દાસીઓ આ દાસીને મહેણું મારે છે કે તું શીલવાન હોવાનો ડોળ કરે છે, તેથી ઉદાસીન છે. અહીં 'શીળી' શીલી, શીલવાનના અર્થમાં પ્રયુક્ત છે.

૫ કોટરમાંહિ પંખીઈ કરી સજી એમ જણાય;
શકુનિનિ સાંગી કરી તે દુર્યોધન–સમ થાય. ૩.૬૦

વિંધ્યાટવિનું વર્ણન.

કે. કા. શા. શકુનિ અને દુર્યોધનના જેવો સંગ પંખીઓ અને વૃક્ષોનો હોય તેવી ગોઠવણ થઈ હોવાનું અને કે. હ. ધ્રુ. પક્ષીઓને કારણે વૃક્ષ સજીવ બની ગયાં છે તેવું અર્થઘટન કરે છે. મૂળમાં આ સંદર્ભમાં પક્ષીઓનો નહિ, ભ્રમરોનો ઉલ્લેખ છે અને ત્યાં સજીવ થવાનો જ અર્થ છે : कोटराभ्यन्तरनिविष्टैः स्फुरद्भिः सजीवः इव मधुकरपटलैः, दुर्योधनः इव उपलक्षितशकुनिपक्षपातः... !

આમ 'ગોઠવણી' અપ્રસ્તુત છે.

૬ એકલવ્ય જાણે અવતરયું. એ મોટો નિ મૂંછાલ;
શામ વપુ નિ વક્ર કુંતલ, ભયંકર જાણે કાલ. ૪.૩૫

શબરસેનાપતિ માતંગકનું વર્ણન.

કે. હ. ધ્રુ. એકલવ્યની કથાનો સાર આપી જાય છે. કે. કા. શા. અનુવાદમાં એકલવ્યને અર્જુનનો પરોક્ષ શિષ્ય કહે છે તે કદાચ અનવધાનતા હશે. પરંતુ અનુવાદમાં આવો પરિચય

સ્પષ્ટ કરવાનું અપ્રસ્તુત છે. આ કડીમાં કે પૂર્વાપર કડીઓમાં તેમ મૂળમાં પણ તેવો ઉલ્લેખ નથી. અહીં એકલવ્યના જેવી ગુરુનિષ્ઠા માતંગકમાં હતી તેવું બાણને કે ભાલણને કહેવું નથી. આ ઉત્પ્રેક્ષામાં બંનેની શાસ્ત્રવિશારદતા અને બંનેનું ભીલકુમાર હોવું એટલું જ સમાનધર્મરૂપે અભિપ્રેત છે.

૭ મયુરપિચ્છના ભાર કરમાંહા, દિગંબર જાણે સોચ;
કાતી કરમાંહિ યેહનિ, જાણે કૂર રાક્ષસ કોય. ૪.૩૯

શબરસૈન્યનું વર્ણન.

'કાતી'નો અર્થ કે. હ. ધ્રુ. સં. **कृत्ति** ઉપરથી 'કાતડી', 'ઊતરડી લીધેલી લોહિયાળ ચામડી' એવો કરે છે. કે. કા. શા. તેનો અર્થ 'છરી' આપે છે. મૂળમાં **केसरिकृत्तिधारिभिः** એ રીતે સિંહના ચર્મનો જ ઉલ્લેખ છે અને ભાલણે ત્યાંથી જ **कृत्ति** શબ્દ ઉપાડી, તે પરથી વ્યુત્પન્ન અને સમકાલીન બોલચાલની ભાષામાં પ્રયુક્ત હશે તે 'કાતી' શબ્દ પશુના ઊતરડેલા ચામડાના અર્થમાં પ્રયોજ્યો છે.

૮ ધરમ કરમ એહવાં કરિ, નરમાંસ **ઉપહાર;**
નિંદિત યે અતિ સાધુનિ, મદ્ય આમિષ આહાર. ૫.૩

સંદર્ભ ઉપર પ્રમાણે.

'ઉપહાર'નો અર્થ કે. હ. ધ્રુ. 'માનતા' કરે છે. કે. કા. શા. 'ઉપહાર' પાઠ સ્વીકારવા છતાં, 'ઉપાહાર' વાંચી તેનો અર્થ 'નાસ્તો' કરે છે! મૂળમાં **पुरुषपिशितोपहारे धर्मबुद्धिः** એ રીતે 'ઉપહાર' શબ્દ જ છે. ભાનુચન્દ્રે પણ **उपहारे भगवत्यै नैवेद्यदर्शनम्** એ રીતે નૈવેદ્યનો જ અર્થ આપ્યો છે. તે દૃષ્ટિએ 'નૈવેદ્ય' અથવા 'ભેટ' અર્થ જ પ્રસ્તુત છે.

૯ શાસ્ત્ર સાંભલવાં એહનિ બોલિ જે શિઆલ;
ગુરુ ઉપદેશક એહના, **જે ગૂથુ નાની જાલ.** ૫.૪

શબરોના આચારનું વર્ણન.

કે. હ. ધ્રુવે ચોથા ચરણનો પાઠ 'જે ઘૂડ કજ્જલ' એ રીતે બદલ્યો છે. ઉપરના પાઠ અનુસાર, 'નાની જાળ ગૂંથો' એમ કહેનારા તેમના ગુરુઓ છે એમ અર્થ થાય, જેમાં કોઈ ચમત્કૃતિ નથી તેમ તેને મૂળ સાથે પણ કોઈ મેળ નથી. મૂળમાં **समुपदेष्टारः सदसतां कौशिकाः** એ રીતે સારાંનરસાંનો ઉપદેશ આપનારાં તરીકે ઘુવડોનો ઉલ્લેખ છે. તે સંદર્ભમાં ભાલણને શું અભિપ્રેત હશે તેનું અનુમાન કરી, કે. હ. ધ્રુવે એ પાઠ બંધબેસતો કર્યો છે.

૧૦ વેદ ભણિ વાડવ મહા ઘોષ, જાણે ગૌ હીસીરવ-ઘોષ;
વૈશ્વદેવનાં યે બલિદાન, **હંસ-પોત પાસિ લે માન.** ૬.૩૨

જાબાલિના આશ્રમનું વર્ણન.

આશ્રમના અંતેવાસીઓ વૈશ્વદેવના ભાગરૂપે પિતૃબલિના પિંડ મૂકતા હતા તે સંદર્ભમાં આ નિરૂપણ છે. કે. હ. ધ્રુ. અહીં વ્યતિરેક અલંકાર સમજે છે અને કહે છે કે ભાતના આ પિંડ હંસનાં બચ્ચાંનું યે માન મુકાવે તેવા ધોળા હતા. કે. કા. શા. એવો અર્થ કરે છે કે વૈશ્વદેવનાં જે બલિદાન મૂકયાં છે તે હંસનાં બચ્ચાં નજીક આવીને, આંબીને લઈ લે છે. અહીં 'આંબીને' અર્થ કરવા જેટલો સંદર્ભ નથી. પિંડ અને હંસનાં બચ્ચાં વચ્ચે ધવલતાનું ઔપમ્ય વ્યંગરૂપ છે. મૂળમાં આ વ્યતિરેક નથી. ત્યાં વૈશ્વદેવના બલિદાનના પિંડ અરણ્યના કૂકડા અને નિવારબલિ પાસેની વાવનાં હંસનાં બચ્ચાં ખાય છે તેવો ઉલ્લેખ છે: **आसन्नवापीकलहंसपोतभुज्यमाननीवारबलिम्** । કે. કા. શા. અહીં તો મૂળ પ્રમાણે અર્થઘટન કરે છે. પરંતુ ભાલણે મૂળનો અર્થ છોડી, આગલા વાકયખંડ–**अरण्यकुक्कुटोपभुज्यमानवैश्वदेवबलिपिण्डम्**–માંથી 'વૈશ્વદેવ બલિપિંડ' લઈ, આ વાકયખંડમાંથી 'હંસ-પોત' લઈ વ્યતિરેકની સંયોજના કરી, સ્વપ્રતિભાનો, ભલે પરોપજીવી, ઉન્મેષ દાખવ્યો છે તે મુદ્દા તેઓ ચૂકી ગયા છે.

૧૧ **ચિત્રશાલા** રમિ બાલા, કરે ગણુધર ગાન;
બંધ સાચિ નટી નાચિ, જાણે અમરવિમાન. ૭.૧૦

ઉજ્જયિનીનું વર્ણન.

કે. હ. ધ્રુ. 'ચિત્રશાલા'નો અર્થ 'જેની ભીંતો ચીતરેલી છે એવો ખંડ', એ પ્રમાણે શબ્દશઃ કરે છે. ચિત્રશાલાનો અર્થ કેવળ આર્ટ ગેલેરી નથી. જેની દિવાલો અને છત પર ચિત્રો અંકિત છે તેવો ખંડ એવો વ્યાપક અર્થ અહીં લેવાનો છે. કે. હ. ધ્રુ. કહે છે કે અહીં ચિત્રશાલાની ચિત્રની સ્ત્રીઓને વિમાનની દેવાંગનાઓ, ગાયકોને ગંધર્વ સાથે અને નટડીઓને દિવ્ય નટીઓ સાથે સરખાવ્યાં છે. પરંતુ 'ચિત્રની' વિશેષણ તેઓ કેવળ સ્ત્રીઓને જ લાગુ પાડે છે, ગાયકો અને નટડીઓને નહિ. એ રીતે આ અર્થઘટન એકદેશીય છે. કાં તો સ્ત્રીઓ, ગાયકો અને નટડીઓ બધાં જ ચિત્રાંકિત હોય અથવા બધાં ચિત્રશાળામાં સજીવપણે વિહરતાં હોય.

કે. કા. શા. આ પ્રમાણે ઘટાવે છે: 'ચિત્રશાળાઓમાં જુવાન સ્ત્રીઓ રમી રહી છે; ગાંધર્વો ગાન કરી રહ્યા છે અને નટડીઓ સાચા નૃત્યબંધોથી નાચી રહી છે'. મૂળમાં 'ચિત્રશાલા'નો અર્થ 'જેમાં અવિરત ઉત્સવો થતા હોય તેવી રંગભૂમિ' એવો કરવામાં આવ્યો છે: **चित्रशालाभिरविरतोत्सवप्रमदावलोकनकुतूहलात्...।** તે સંદર્ભમાં કે. કા. શા.નું અર્થઘટન યથાર્થ છે.

૧૨ નયન મીંચી, અમી શીચિ, જાણીઈ નહી **સિદ્ધિ;**
સુખ જાણિ, મોદ આણિ, રાંકનિ શૂં રિદ્ધિ. ૭.૫૦

તારાપીડની વિલાસક્રીડાનું વર્ણન.

'સિદ્ધિ'નો અર્થ કે. કા. શા. રૂઢ અર્થમાં (achievement) કરે છે. તે સંદર્ભમાં તે કર્મ બને છે. તેઓ આ રીતે અર્થ વિસ્તાર કરે છે: "આંખ મીંચી રહી છે; એમ અમૃત

છાંટી રહી છે; જાણે કે સિદ્ધિ જ ન હોય!' આ સિદ્ધિ કોની? રાજાની કે રમણીની? અમૃત કોણે કોને છાંટયું? રમણીના સંદર્ભમાં સમજતાં તે કર્તા બને છે અને તો તે રમણી રાજાની સિદ્ધિ બને. બીજી બાજુ 'રાંકની સિદ્ધિ'નો સંદર્ભ તો સ્પષ્ટતયા રમણીના સંદર્ભમાં જ છે. આમ અહીં સંદર્ભવિરોધ થાય છે.

કે. હ. ધ્રુ. તેનો અર્થવિસ્તાર આ પ્રમાણે આપે છે: "...કામ પોખાય છે તે (સિદ્ધિ) પણ ક્રીડાસુખનું અમ્રત સીંચાયાથી સ્ત્રીથી લહેવાતું નથી (જાણીઈ નહિ); અર્થાત્ તે સ્ત્રી સુખના આનંદમાં એવી મગ્ન બને છે કે કામ પોખાયો પણ લેહેતી નથી." તેઓ 'સિદ્ધિ'નો અર્થ 'કામનું પોખાવું' 'કામતૃપ્તિ'–orgasm–કરે છે. રમણી રમણમાં એટલી મગ્ન છે કે તૃપ્તિનો તેને અણસાર સરખો ય ન આવ્યો અને સતત રમમાણ રહી. આ જ અર્થ ભાલણને અભિપ્રેત છે. મૂળમાં સતત રતિક્રીડાનું વર્ણન છે, તેનો ભાવાર્થ લઈ ભાલણે સ્વકલ્પના ઉમેરી આ નિરૂપણ કર્યું છે.

૧૩ ભૂષણ **છટા** લાગિ લોચંન, જાણી કેસરની રજ ઘન;
રતિ વસંત રમિ કિહારી હોલી, છાંટિ કેસરનુ રસ ઘોલી.
કામિનીકુચનું **કુંકમ** લાગિ શ્રમજલમિશ્ર મધુરતા લાગિ;
એણી પિરિ નવયૌવન વય પામી, કામ તણિ વશિ ક્રીડિ કામી. ૭.૫૩.૫૪

તારાપીડની રતિક્રીડાનું વર્ણન.

કે. કા. શા. 'છટા'નો અર્થ 'ઠઠારો' કરે છે. આ અર્થ ગ્રામીણ છે અને તેને 'છટા' સાથે દૂરનો પણ સંબંધ નથી. કે. હ. ધ્રુ. તેનો અર્થ 'પ્રભા' કરે છે, જે મૂળને અનુસરે છે: आभरणप्रभाभिः ।

કે. કા. શા. 'કુંકુમ'નો અર્થ 'કંકુ' કરે છે, જે વર્તમાન પ્રચલિત પ્રયોગ પ્રમાણે છે. આ સમયની રમણીઓ પોતાના ઉરપ્રદેશ પર જે આલેખ કરતી તે કંકુથી નહી, કેશરથી કરતી. સંસ્કૃતમાં कुंकुमનો અર્થ 'કેશર' થાય છે. ભાનુચન્દ્ર પણ कुङ्कुमं केशरम् એવો અર્થ આપે છે. ભાલણને પણ કંકુ નહિ, 'કેશર' જ અભિપ્રેત છે. કે. હ. ધ્રુ. પણ તે જ અર્થ આપે છે.

૧૪ પુષ્પ આવિ પ્રેમદાનિ તેહ નિઃફ્લ જાય;
શરવન કેરી પરિ માનિ અંતે ઉરિનિ રાય. ૭.૯૨

તારાપીડના વિલાસનું વર્ણન.

જેમ બરુના ઘાસને ફૂલ આવે છે પણ ફળ બેસતાં નથી તેમ રાણીઓ રજસ્વલા થાય પણ ગર્ભધારણ કરતી નથી તેથી તારાપીડને અંતઃપુર બરુઓના વન જેવું લાગે છે.

કે. કા. શા. 'અંતઃપુર'નો અર્થ એક રાણી વિલાસવતી પૂરતો મર્યાદિત કરે છે અને "રાજા રાણીને શરના વનના જેવી માને છે" તેવું અર્થઘટન કરે છે. કે. હ. ધ્રુ પણ આશ્રય–આશ્રયીભાવથી લક્ષ્યાર્થ તરીકે એકવચનમાં 'રાણી' અર્થ કરે છે. તારાપીડને

અનેક રાણીઓ છે. તેમાંથી કોઈ પણ રાણી પુત્રવતી બની શકી નથી તેનો તેને વિષાદ છે. તેથી અહીં બધી રાણીઓ ઉપમેય છે. 'વન' શબ્દ જ બહુત્વવાચક છે. મૂળમાં પણ **शरवणम् इव अन्तः पुरम् अभूत्** એ પ્રમાણે છે. પછીના નિરૂપણમાં વિલાસવતીની અપુત્રતાનો વિષાદ વર્ણવાયો છે કારણ તે પટરાણી છે.

૧૫ મેખલા વિણુ મૂક શિ એ તમ્હારુ કટિદેશ;
દુઃખ દિ છિ મૂહનિ યમ મૌન્ય **ધરીનિ વેશ.** ૮.૭

તારાપીડ રાણીના વિષાદનું કારણ પૂછે છે.

કે. હ. ધ્રુ. 'ધરી નિવેશ' વાંચી 'નિવેશ'નો અર્થ 'ખરે જ' કરે છે. કે. કા. શા. ઉપર પ્રમાણે વાંચી 'વેષ'નો અર્થ 'વેશ' 'દેખાવ' કરે છે. પરંતુ તે સંદર્ભમાં 'મૌન્ય મૂંગો વેશ' અર્થ સુભગ જણાતો નથી. આગળની પંક્તિ મૂળ પ્રમાણે છે. વિષાદવતી વિલાસવતીએ મેખલા દૂર કરી છે તેથી કટિદેશ મૂક બની ગયો છે એ મૂળ કલ્પનાને ભાલણે લંબાવી છે. એ સંદર્ભમાં 'ધરી નિવેશ' વાંચી, 'નિવેશ'નો અર્થ નિવાસસ્થાન કરી, જેમ વસવાટ વિનાનું ઘર ભેંકાર લાગે તેમ તારો કટિપ્રદેશ પણ મેખલાના રણકાર વિના સૂનો લાગે છે એવું અર્થઘટન વિશેષ સયુક્તિક બને.

૧૬ અલૂણું એ ઉર દીસિ, કાં ન પિહિરયો હાર;
હરમુકુટની ચંદ્રરેખા, વિના ગંગાવારિ. ૮.૯

વિલાસવતીની શોકગ્રસ્ત દશા.

કે. હ. ધ્રુ. 'ઉર'ને સ્થાને 'ડોકી' વાંચે છે. કે. કા. શા. 'ઉર'નો અર્થ 'છાતી' કરે છે. સ્ત્રીના સૌન્દર્યના વર્ણનમાં આ શબ્દ વરવો લાગે છે. તેમનું અર્થઘટન સ્વીકારીએ તો, હારને ગંગા સાથે અને વિલાસવતીના વક્ષસ્થળને ચંદ્રરેખા સાથે કવિએ સરખાવ્યાં છે તેમ સ્વીકારવું પડે. વક્ષસ્થળને **ચંદ્રરેખા** સાથે સરખાવવામાં વિવેક અને સૌન્દર્યદૃષ્ટિ નથી. કે. કા. શા.નો પાઠ શ્રદ્ધેય અને કે. હ. ધ્રુ.નો પાઠ સુધારેલો માનીએ તો તેને ભાલણની પ્રતિનિર્માણકલાનો દોષ ગણવો પડે. મૂળમાં તો શિરોધરાને–ડોકીને જ ચંદ્રલેખા સાથે સરખાવી છે. આગળની કડીમાં વક્ષપ્રદેશનું વર્ણન તો આવી જ ગયું છે. આ કડીમાં તો તે અપ્રસ્તુત પણ છે. કે. કા. શા.નો પાઠ સાચો માનીએ તો તે ભાલણનો પ્રમાદ ગણાય. તેણે મૂળનો **शिरोधरा** શબ્દ ન વાંચતાં, તેની આગળના સંબોધન **वरोरु**ને પકડી લઈ આ તુક્કો ગોઠવી દીધો જણાય છે. આવો પ્રમાદ ભાલણે પણ અનેક સ્થળે કર્યો છે. આ પછીની જ કડીમાં, "કાં અશ્રુધારા તિલક ધોયું, હાથ દીધું ગાલિ" એમ કહે છે ત્યાં તે નેવનાં પાણી મોભે ચઢાવતો જણાય છે. જો નાયિકા ગાલે હાથ દઈને બેઠી હોય તો કપાળ પરનો ચાંદલો કેમ ભુંસાઈ જાય? મૂળમાં કપોલ, ગાલ પરના ચિત્રામણનો ઉલ્લેખ છે. ભાલણે કપોલનું કપાળ કરી નાખ્યું!

૧૭ **હલદ્ર-પીળાં** વસ્ત્ર પિહિરિ, પુત્ર લઈ ઉછંગિ,
બિઠી તુઝનિ કિહિવારિ હૂં દેખૂં રામા રંગિ. ૮.૧૦

તારાપીડની પુત્રસુખની ઝંખનાનું વર્ણન.

કે. હ. ધ્રુ. 'હલદ્ર–પીળાં'નો અર્થ 'કુંવરને શરીરે ચોળેલી હળદરથી પીળાં બનેલાં વસ્ત્ર' એવો કરે છે. કે. કા. શા. પણ 'હળદરથી પીળાં થયેલાં' વસ્ત્ર એવો જ અર્થ કરે છે. ૩૮મી કડીમાં પુત્રજન્મના ઉત્સવનો ઉલ્લેખ છે. તેના અનુસંધાનમાં જન્મ પછી બાળકને પીઠી ચોળવાનો રિવાજ જાણ્યામાં નથી. અહીં તો બાળકની માતાએ પહેરેલા સાળુનો રંગ હળદર જેવો પીળો છે એ સંદર્ભમાં કર્મધારય સમાસ બને છે. અહીં તૃતીયા તત્પુરુષ સમાસ નથી. ભાનુચન્દ્ર **हरिद्रया रजन्या रक्तम् हारिद्रम् यद् वसनम् तस्य धारिणी धरणशीला** એવો **અર્થ**વિસ્તાર આપે છે ત્યાં પણ નવજાત શિશુના અંગની પીઠીના રંગથી સાળુ પીળો થયો છે તેવું સૂચન નથી. મૂળમાં આ પીળા સાળુના સંદર્ભમાં, વિલાસવતીને નવોદિત રવિમંડલના પિંગલ પ્રકાશયુક્ત ગગનાંગના તરીકે કલ્પી જે ઉપમા યોજી છે તે ભાલણ ચૂકી ગયો છે. તેથી અર્થઘટનમાં આ પીઠી ચડી ગઈ!

> ૧૮ **બાલવાલા કેશ** શિરિ, નિ છાયાયા દેખી આપણી,
> પુત્ર દેખૂં કિહિવારિ તે, કરિ ચેષ્ટા અતિ ઘણી. ૮.૪૬

સંદર્ભ ઉપર પ્રમાણે.

કે. હ. ધ્રુ. 'બાલવાલા'ને સ્થાને 'છાલવાલા' પાઠ વાંચે છે અને તેનો અર્થ "સર્વૌષધિની છાલનો ભૂકો ભભરાવ્યો છે એવા વાળ" એવો કરે છે. આ અર્થને મૂળનું સમર્થન છે. **सर्वौषधिपिञ्जररजटिलवेशः** એ રીતે બાણ વર્ણવે છે. ભાનુચન્દ્ર સર્વૌષધિના ઉપચારને **बालरक्षाविधिः** તરીકે ગણાવે છે. ભાલણને પણ તે જ અભિપ્રેત છે. પરંતુ પ્રત તૈયાર કરનારે 'છાલ'ને સ્થાને 'બાલ' વાંચ્યું અને લખ્યું હશે, તેમ કે. હ. ધ્રુવે તેમની ટેવ પ્રમાણે સુધારી લીધું!

કે. કા. શા. 'બાલવાલા કેશ'નો અર્થ 'બાળમોવાળા' આપે છે. તે સ્વીકારીએ તેને ભાલણની સરલીકરણની પ્રક્રિયા તરીકે ઘટાવી શકાય. પરંતુ 'બાલ'નો અર્થ 'બાળ' કરીએ, 'કેશ'નો અર્થ 'મોવાળા' કરીએ તો વચ્ચેના 'વાલ'નો કયો અર્થ કરીશું? તેથી આ અર્થ પણ બંધબેસાડેલો જ છે.

> ૧૯ નદી નદ યે સિદ્ધ તીરથ, તિહાં જાઇનિ નાહિ;
> પીપલનિ પરદક્ષણા, **વિશ્વાસશૂં અવગાહ.** ૮.૫૯

સંતાન માટે વિલાસવતીનાં વ્રતાદિકનું વર્ણન.

કે. હ. ધ્રુ. 'અવગાહિ' વાંચી તેનો અર્થ 'આરંભે છે' એવો આપે છે, જેને માટે કોઈ આધાર નથી. કે. કા. શા. 'વિશ્વાસપૂર્વક સ્નાન કરે છે' એ પ્રકારે ઘટાવે છે. આ અર્થ પ્રસ્તુત પાઠ પ્રમાણેનો છે. 'અવગાહ'નો અર્થ સંપૂર્ણપણે તેને વિશે ડૂબી જવું એવો થાય. આગળની પંક્તિમાં તીર્થાદિકમાં સ્નાનનો ઉલ્લેખ આવી ગયો છે. દ્વિરુક્તિ ટાળવા, આ પ્રકારનાં વ્રતાદિકમાં વિલાસવતી શ્રદ્ધાથી નિમગ્ન થઈ ગઈ એવો અર્થ વિશેષ પ્રસ્તુત બને છે.

૨૦ શ્વેત વસ્ત્રિ વિપ્ર કો એક કમલ કોમલ–રંગ;
સહસ્ર દલનૂં મેહેલિયૂં **માનિનીનિ** ઉછંગ. ૮.૬૫

વિલાસવતીને પુત્રેષણા ફળવાનું સ્વપ્ન.

શ્વેત વસ્ત્રધારી કોઈ બ્રાહ્મણે હજાર પાંખડીનું કોમળ રંગનું કમળ માનિનીના ખોળામાં મૂકયું. આ માનિની તે વિલાસવતી એમ, ભાલણની આ કડીનો સીધો અર્થ સમજવો પડે. આગળની કડીમાં તારાપીડ એક સ્વપ્નમાં વિલાસવતીના મુખકમળમાં પૂર્ણ ચંદ્રના બિંબને પ્રવેશતું જુએ છે. તો આ કડીમાં વિલાસવતીનો નિર્દેશ છે એમ, મૂળ ન વાંચ્યું હોય તો જ, ઉપર પ્રમાણે અર્થ થાય. કે. કા. શા. મૂળમાંથી સૂચન લઈ આ સ્વપ્ન શુકનાસની પત્નીને આવ્યું હતું તેમ યોગ્ય રીતે કહે છે. કે. હ. ધ્રુ. આ કડીને પ્રક્ષિપ્ત અથવા અપ્રસ્તુત માની પોતાની વાચનામાં તેને સામેલ કરતા નથી. અને પાઠાંતર તરીકે તેને પાદટીપમાં દર્શાવી, ટિપ્પણમાં તેની ચર્ચા કરે છે. વાસ્તવમાં આ કડી પ્રક્ષિપ્ત પણ નથી તેમ અપ્રસ્તુત પણ નથી. તે માત્ર સ્થાનફેર પામી છે. મૂળ પ્રમાણે, રાજાને સ્વપ્ન આવ્યું તે સાથે શુકનાસને પણ મનોરમાના સંદર્ભમાં સ્વપ્ન આવ્યું હતું. તેથી આ કડી ૬૮મી અને ૬૯મી કડીઓની વચ્ચે, શુકનાસ પોતાના સ્વપ્નની વાત રાજાને કહેતો હોય તે રીતે મૂકવી જોઈએ. ૬૯મી કડીમાં બીજા ચરણમાંનું ‘ પામશુ ’ બહુવચન આ તથ્યનું સમર્થન કરશે. આ પ્રકારનો સંચાર નકલ કરનારના પ્રમાદથી થયો હશે.

૨૧ **ઘડી ધરિ, છાયા ભરિ,** જોશી કરિ દિનમાન;
વધામણિયા બહુ ધાસ, બિહુ યિહાં રાજાન. ૮.૧૧૨

ચંદ્રાપીડનો જન્મસમય નક્કી કરવા સમયમાપક યંત્રોની સહાય.

કે. કા. શા. “જોશી ઘડી પકડીને, સૂર્યની છાયાનું માપ કરે છે......” એવું અર્થઘટન કરે છે. તેમાં બંને ક્રિયાઓ એકી સાથે, એક જ વ્યક્તિ દ્વારા થતી હોવાનું સૂચવાય છે. વસ્તુતઃ ચોકસાઈ માટે એક સાધન પર આધાર ન રાખતાં, બે સ્વતંત્ર સાધનોની સહાય લેવામાં આવી હોવાનું સ્પષ્ટ છે. મૂળમાં પ્રથમ સાધન नाडिका છે, જેનો અર્થ ભાનુચન્દ્ર **घटिका** આપી, તેને **नाडीबोधकं पात्रविशेषम्** તરીકે ઓળખાવે છે. આ સાધન તે ત્રાંબાકૂંડીમાં ભરેલા પાણીમાં મૂકવામાં આવતી છિદ્રવાળી વાટકી. આનો પ્રયોગ ઘરમાં, પવન ન લાગે તેવા સ્થળે થાય. જ્યારે સૂર્યની છાયા માપીને સમય નક્કી કરવાનું ઘરની બહાર થાય. મૂળમાં बहिः आगृहीतच्छायैः એમ કહ્યું છે. ભાનુચન્દ્ર શંકુ આકારના છાયામાપક યંત્રનો પણ નિર્દેશ કરે છે: बहिः आगृहीता पादच्छाया शङ्कु–छाया वायैः ‘ જોશી ’ શબ્દને અનિવાર્યતયા એકવચનમાં સમજવાનો નથી. તે વર્ગવાચક પણ છે. આ બંને સાધનો એક જ સમયે સમાંતર ઉપયોગમાં લેવાયાં છે.

૨૨ શાલિહોત્ર, સામુદ્રિક ભણિઉ, ગજ–પરીક્ષા ગૂઢ;
પત્રછેદ નિ ચિત્ર, **પુસ્તકકર્મ** તાં એ **પ્રૌઢ.** ૯.૫૨

ચંદ્રાપીડના અભ્યાસની વિગતો.

કે. હ. ધ્રુ. 'પુસ્તકકર્મ'ના બે અર્થ આપે છે: 'લહિયાની કલા' અને 'ક'ને સ્વાર્થિક પ્રત્યય ગણી 'પુસ્ત' એટલે 'પૂતળાં બનાવવાની કલા'. બીજો તર્ક અસ્થાને છે. મૂળમાં **पुस्तकव्यापारे** શબ્દ જ છે, ભાનુચન્દ્ર તેનો અર્થવિસ્તાર **शास्त्राणाम् व्यापारे** એવો કરે છે. તે સંદર્ભમાં લહિયાની કલાનો અર્થ પણ અનભિપ્રેત છે. કે. કા. શા. કે. હ ધ્રુ ને અનુસરી, મુખ્ય અર્થ 'પૂતળાં બનાવવાની વિદ્યા' અને કૌંસમાં 'પુસ્તકલેખનની વિદ્યા'નો અર્થ આપે છે. મૂળમાં **लेख्यकर्मणि**નો પણ ઉલ્લેખ છે. ભાલણ શાસ્ત્રવ્યાપાર અને લેખન બંનેનો સમાસ કરી 'પુસ્તકકર્મ' શબ્દ યોજે છે એમ સમજવું વધુ તાર્કિક છે.

૨૩ લક્ષ્મી વવરાણી સહી, ધરી પરતક્ષ દેહ;
' આવી તાહારી પિરિ પત્ની જુ ન થાઈ તેહ. ૫૦.૫૦

શુકનાસનો ઉપદેશ.

કે. કા. શા. 'વવરાણી'નો અર્થ 'નષ્ટ થઈ ગઈ' એવો કરે છે. મૂળમાં પણ **हता खलु लक्ष्मीः** એવો પ્રયોગ છે. પરંતુ ભાલણે યોજેલા શબ્દનો અર્થ 'નષ્ટ થવું' એવો થતો નથી. કે. હ. ધ્રુ. 'ઠગાઈ', 'છેતરાઇ' એવો અર્થ આપે છે. સાંપ્રત 'વવહાવું' (છેતરાવું)નો આ પૂર્વપ્રયોગ હશે એમ સમજાય છે. 'પાઈઅસદ્દમહાણ્ણવો'માં **वव्वर (सं. वर्वर)** 'પામર', 'મૂર્ખ'ના અર્થમાં યોજાયો છે, તે આ અનુમાનને સમર્થે છે. આ ઉપરાંત 'વવરાણી'નો એક અર્થ 'વપરાયેલી' પણ થાય છે. લક્ષ્મી વાપરવાથી નષ્ટ થાય એ લક્ષ્યાર્થમાં, લક્ષ્મી તો વાપરવી જ સારી એ ભાવાર્થમાં આ શબ્દ યોજાયો હોવાનું વિશેષ તાર્કિક છે.

૨૪ પ્રીતિ કાંઈ જાણિ નહી, નવિ જૂઈ કુલ ગુણ રૂપ;
ચતુરતા, નવિ શીલ જૂઈ, શાસ્ત્ર જ્ઞાન અનૂપ.
જ્ઞાન, દાન નિ સત્ય લક્ષણ ધર્મ નિ આચાર;
**ગંધર્વનગર** તણી પિરિ દેખતાં જાઈ ક્ષણવાર. ૧૨.૩૬.૩૭

શુકનાસનો ઉપદેશ.

૩૪મી કડીમાં "એ સંગતિગુણ જિમ ગ્રહ્યા લક્ષ્મી" એ ચરણ સાથે આ કડીઓનો અન્વય કરવાનો છે. કે. કા. શા. ૩૭મી કડીનું અર્થઘટન, 'જ્ઞાન, દાન આદિ ગાંધર્વનગર—મૃગજળની જેમ લક્ષ્મીને કારણે ક્ષણવારમાં નાશ પામે છે', એ રીતે કરે છે. પરંતુ જ્ઞાન, દાન, સલ્લક્ષણ, ધર્મ, આચાર આદિને મૃગજળ કહેવામાં ઔચિત્ય નથી. બાણ કે ભાલણને પણ તે અભિપ્રેત નથી. મૃગજળની જેમ નાશ પામનાર તો લક્ષ્મી છે. તેની જેમ આ સૌ નાશ પામે છે તેવું અર્થઘટન નિરાધાર અને તથ્યરહિત છે. લક્ષ્મી જો આ ગુણોની અવગણના કરે તો મૃગજળની જેમ નાશ પામે છે તેમ અર્થઘટન કરવું તાર્કિક અને તથ્યપૂર્ણ છે. મૂળ પણ આ અર્થઘટનને સમર્થન આપે છે. મૂળમાં **गन्धर्वनगरलेखा इव**નો અન્વય લિંગ અનુસાર તેમ સંદર્ભ અનુસાર એ ફકરાના આરંભના વાક્યમાં ખંડ **आलोकयतु...लक्ष्मीम् एव प्रथमम्** સાથે છે.

૨૫ વિષયલાલચિ વાહિયાં રે ઇંદ્રી પરવશ પંચ;
જાણીઈ **શતસહસ્ર** છિ, એહવું કરિ તે સંચ. ૧૨.૪૫

ઉપર પ્રમાણે.

'શતસહસ્ર'નો અર્થ કે. કા. શા. 'સેંકડો ને હજારો' કરે છે. આ સમાહાર દ્વંદ્વ સમાસ છે. કે. હ. ધ્રુ. 'સો કે હજાર' એવો અર્થ કરે છે. આ ઈતરેતર દ્વંદ્વ સમાસ છે. મૂળમાં પણ **शतसहस्र** શબ્દપ્રયોગ છે અને તેનો અર્થ ભાનુચંદ્રે **शतसहस्रताम् लक्षताम् उपागतेन** એ શબ્દોમાં 'લાખ, લાખ્ખો' કર્યો છે. પરંતુ મૂળમાં તેનો સંદર્ભ મન સાથે છે, ઇન્દ્રિયો સાથે નહિ. મૂળમાં ઇન્દ્રિયો સાથે વિશેષણ **अनेक सहस्रसंख्यैः** યોજાયું છે. ભાલણ તે મન સાથે યોજે છે. આમ વિશેષણ અને વિશેષ્યનો સંચાર થઈ ગયો છે.

૨૬ કુલકર્મ તમ્હારિ અછિ તે ધરુ ધરાભાર,
બંધુનાં મસ્તક ઉરધ કરાવુ અપાર. ૧૨.૫૬

ઉપર પ્રમાણે.

કે. કા. શા. 'કુલકર્મ'નો અર્થ 'કુળનું કર્મ' કરે છે. કે. હ. ધ્રુ. તે પાઠ સ્વીકારીને પણ 'કુલક્રમ'–'વંશપરંપરાએ ધારણ કરવાનો ભાર' એ રીતે અર્થવિસ્તાર કરે છે. મૂળમાં પણ **कुलक्रमागताम्...धुराम्** એવો પ્રયોગ છે. ભાલણમાં 'ર્'નું સ્થાનાન્તરણ થયું છે. તેથી કે. કા. શા. અર્થ પણ અવિરોધે સ્વીકારી શકાય તેમ કે. હ. ધ્રુ.નો અર્થ પણ સુસંગત છે. કુલકર્મ પણ છેવટે વંશાનુગત હોય છે.

૨૭ દૃષ્ટિ કરિ તૂં યે ભણી, તે **ધરા** જાઈ પાતાલિ;
માહાભારથના સૈન્ય યેહવૂં તાહારૂં બલ વિશાલ. ૧૨.૯૯

ચંદ્રાપીડના સૈન્યનું વર્ણન.

આ સૈન્યને જોઈ જમીન પણ પાતાળમાં ચંપાઈ જાય છે. કે. હ. ધ્રુ. 'ધરા'નો અર્થ ઉપાદાન લક્ષણાથી 'તે ભૂમિના રાજાઓ' કરે છે, જેને માટે આ કડીમાં પૂર્વાપર સંદર્ભનો કોઈ આધાર નથી. મૂળમાં તો આ સૈન્યને જોઈને પૃથ્વીને મહાભારતનો સંક્ષોભ સાંભરી આવતો હશે તેવા નિરૂપણ સાથે પૃથ્વી પાતાળ વિશે જાણે ચંપાઈ જઈ રહી છે તેવી ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. ભાલણની સરલીકરણની પ્રક્રિયાનું આ દૃષ્ટાંત છે. સરલીકરણને કારણે કેટલીકવાર મૂળની કલ્પના સંદિગ્ધ રહી જતી હોવાનાં કેટલાંક દૃષ્ટાંતોમાં આ પણ એક છે.

૨૮ મણિશિલશિલા **દલી** ગજદંત, **પીત રેણુ** દિસિ તટપ્રાંત;
પાષાણભેદતણી મંજરી ઠામિઠામિ સહી શોભા ખરી. ૧૩.૨૨

અચ્છોદ સરોવરના તટનું વર્ણન.

'દલી' શબ્દનો અર્થ કે. કા. શા. 'કચડેલી' આપે છે. અહીં મનસીલના ખડકોને હાથી દ્વારા દંતૂશલથી ખોદવાનો ઉલ્લેખ છે. 'કચડવું'માં દાંત વચ્ચે અથવા પગ નીચે અથવા બે વસ્તુ વચ્ચે કચડવાનું અપેક્ષિત છે. કે. હ. ધ્રુ. હાથીએ રમતાં રમતાં 'ભેદેલાં' એવો અર્થ આપે છે. અહીં હાથીની વપ્રક્રીડાનો સંદર્ભ છે.

કે. કા. શા. 'મનશીલની પાટો' અને 'કાંઠે પીળી રેતી' એમ બે વાક્યખંડોનો અલગ અન્વય કરે છે. વસ્તુતઃ કિનારાની રેતી પીત થઈ છે તે મનશીલની રાતી રજકણોથી. મૂળમાં અને અહીં પણ તે જ અર્થઘટન પ્રસ્તુત છે. મૂળમાં **मनःशिलाधूलिकपिलेन** એવો ઉલ્લેખ છે. ભાલણે 'કપિલ'નો અર્થ 'પીત' કર્યો છે. ભાનુચન્દ્ર તેનો અર્થ **पीतरक्त** આપે છે.

> ૨૯ નલવટિ ભસ્મતિલક–દ્યુતિ લશી, જાણે ખંડ ધર્યો છિ શશી;
> નયણે જોતી શ્રીપશુપાલ, જાણે પૂજતી **પંકજમાલ.** ૧૩.૫૯

મહાશ્વેતાનું વર્ણન.

મહાશ્વેતા શંકરની પૂજા કરી રહી હતી ત્યારે તેનાં નેત્રો જાણે કમળની માળા રૂપે શંકરને આરોપાતાં હોય તેવી ઉત્પ્રેક્ષા થઈ છે. કે. કા. શા. 'પંકજમાલ'નો અર્થ "કમળની માળા રૂપી નેત્રો" આપે છે તે તો વિપર્યય થયો. તેનો અન્વય "નેત્રો રૂપી કમળની માળા" એ રીતે થાય.

> ૩૦ પીન પયોધર **સુશંભ**, જાણે મોક્ષદ્વારના કુંભ;
> ગલિ હાર, ગંગાની તીર બિઠા હંસ યુગલ સુશરીર. ૧૩.૬૧

મહાશ્વેતાના સૌન્દર્યનું વર્ણન.

કે. હ. ધ્રુ. 'સુશંભ'નો અર્થ 'પરમ સુખ (શં) આપનાર, પરમ મંગળ' સ્તન એવો આપે છે. પરમ મંગલ કહી દેવાથી સ્તનો તેવાં થઈ જાય ખરાં? વાસ્તવમાં ભાલણ બાણની કલ્પનાથી આગળ વધી, અર્થશ્લેષ યોજે છે. 'સુશંભ'નો અર્થ 'સુશંભુ'–શંકર પણ થાય. મૂળમાં **अधोमुखहरशिरः कपालमण्डलाकारेण** એ પ્રકારનું વર્ણન છે. મહાશ્વેતાનાં અધોમુખ સ્તનને શંભુનાં શિરઃકપાલના મંડલ જેવાં કહ્યાં છે. ભાલણે સમગ્ર કલ્પનાને 'સુશંભુ' શબ્દમાં સમાવી 'પરમ કલ્યાણકારી' અર્થ ઘટાડવાની પણ સગવડ કરી આપી.

> ૩૧ તાનમંડલી ચલાવિ ઈમ પ્રત્યક્ષ ગંધર્વવિદ્યા યંમ;
> સકલ થંભ પૂતલી કરી વીણા કરમાંહિ રહી ધરી.
> ૩૫ તેહનિ રામતા અણસરી જાણે શું સઘલી અનુસરીઃ
> નાના તાલ માન અનુભવિ નાદિ નીલકંઠ રીઝવિ. ૧૩.૬૫.૬૬

સંગીતથી શિવારાધન કરતી મહાશ્વેતાનું વર્ણન.

કે. કા. શા. 'સકલ થંભ પૂતલી...'નો અર્થ 'પૂતળીના ઘાટની બધી થાંભલીઓવાળી વીણા' એવો આપે છે. મહાશ્વેતા ઉત્સંગમાં પોતાની પુત્રીની સમાન રહેલી દન્તમય વીણા

વગાડતી હતી તેવો નિર્દેશ મૂળમાં છે. પરંતુ વીણાની ચાવીઓને અથવા તેની પડદીઓને થાંભલી તરીકે કેમ ઓળખાવી શકાય? આ 'સ્તંભ–પૂતલી'ઓ તે ગર્ભગૃહનાં સ્તંભો પર કોતરેલી પૂતળીઓ જેના હાથમાં પણ વીણા કોતરાયેલી હતી. મૂળમાં **मणिमण्डपिकास्तम्भलग्नाभिः सहचारिणीभिः इव सवीणाभिः प्रतिमाभिः...** એવો ઉલ્લેખ છે, જેને અતિસરલ કરી ભાલણે ગર્ભગૃહની થાંભલીઓ પરની વીણાધારિણી પૂતળીઓ જાણે મહાશ્વેતાની અનુચરી બની તાલ પુરાવી રહી છે તેવી ઉત્પ્રેક્ષા કરી છે.

૩૨ તહ્મો શ્રવણ સાંભલ્યૂં હશે કહિતાં પંડિત જાણ;
દેવસદનિ **અપ્સરા કન્યા** હુઈ અતિ વખાણ. ૧૩.૧૩૬

મહાશ્વેતાની સ્વવીતકકથા.

કે. હ. ધ્રુ. 'કન્યા' અર્થ 'જવાન, નિત્ય યૌવનવાળી સ્ત્રી' એ પ્રમાણે આપે છે.

કે. કા. શા. 'અપ્સરાની કન્યા' એવો અર્થ આપે છે. મૂળમાં **विबुधसद्मनि अप्सरसेना नाम कन्यकाः सन्ति** એવું નિરૂપણ છે. **अप्सरसेना**ને સ્થાને **अप्सरसः** પાઠ પણ છે. ભાલણે આ બીજો પાઠ સ્વીકાર્યો જણાય છે. પ્રથમ પાઠ પ્રમાણે 'અપ્સરસેના કન્યાઓ' અને બીજા પાઠ પ્રમાણે 'અપ્સરા કન્યાઓ' અર્થ થાય. ભાલણે આપેલ 'અપ્સરા કન્યા' શબ્દ તત્પુરુષ નહિ, કર્મધારય સમાસ છે. ભાનુચન્દ્ર **कन्यकाः पुत्र्यः सन्ति** એવો અર્થ આપે છે ત્યાં પણ 'અપ્સરાની પુત્રી' એવો અર્થ નહિ, 'પુત્રી અવસ્થામાં હોય તે કન્યા' એવા અર્થમાં અપરિણીત દશાનું જ સૂચન છે. સિદ્ધચંદ્ર એથી જ તેનો અર્થવિસ્તાર કરતાં **अप्सरसो नाम कन्यकाः अविवाहितत्वाद् सन्तीति** કહી, અવિવાહિતપણા પર ભાર મૂકે છે. છગનલાલ પંડ્યા પણ મૂળનો અનુવાદ કરતાં 'અપ્સરા નામની કન્યાઓ' અર્થ આપે છે. આમ 'અપ્સરાની કન્યાઓ' અર્થ સમુચિત નથી.

૩૩ ઝૂઝિ કાયા યષ્ટિ અપાર, જાણે ત્રસ્ત મનોભવ પ્રહાર;
આલિંગન–લાલસ સવિઅંગપઉરધ રોમ થયૂં તે રંગ. ૧૩.૧૮૭

પુંડરીકનાં દર્શને મહાશ્વેતાની વિહ્વળતા.

કે. હ. ધ્રુ. "ધૂજિ કાયાયષ્ટિ અપાર" એવો પાઠ વાંચે છે. કે. કા. શા. "મારી કાયા રૂપી લાઠી ખૂબ યુદ્ધ કરી રહી છે" એવો અર્થવિસ્તાર કરે છે. પરંતુ 'ઝૂઝિ'નો અર્થ અહીં સંદર્ભ અનુસાર 'ઝૂઝવું' થતો નથી. આગળની કડીમાંના નિરૂપણ પ્રમાણે મહાશ્વેતાનો ઉરપ્રદેશ પુંડરીકને જોઈ સંવેદન અનુભવવા લાગ્યો હતો. આ પછીની કડીમાં વર્ણવ્યા અનુસાર તેનાં અંગો આલિંગનલાલસાથી રોમાંચિત થયાં છે. તો વચ્ચેનો અનુભાવ પણ તેના સંવાદી ક્રમનો જ હોય. તે પ્રમાણે 'ઝૂઝિ' એ 'ધૂજિ'નું જ સ્થાનાપન્ન રૂપ છે. અથવા તે નકલ કરનારના અથવા પાઠ વાંચવામાં થયેલા પ્રમાદનું પરિણામ છે. મૂળમાં પણ **कम्पते गात्रयष्टिम्** એવું જ વર્ણન છે.

૩૪ ભ્રમર તણા ગુંજારવ હોય, પ્રારથના **રિતુસંગમ** સોય;
મૂંહૂંનિ તેહેના કરતલતણુ સ્પર્શ થયુ તિહવારિ ઘણુ. ૧૩.૨૩૪

પુંડરીકે આપેલી પારિજાતમંજરી લેતાં મહાશ્વેતાનો પ્રતિભાવ.

પારિજાતમંજરી પરના ભ્રમરના ગુંજારવને 'રિતુસંગમ'ની પ્રાર્થના તરીકે ઉત્પ્રેક્ષવામાં આવી છે. 'રિતુસંગમ'નો અર્થ કે. કા. શા. અને કે. હ. ધ્રુ. 'ઋતુસંગમ' કરે છે. મૂળમાં **रतिसमागम** શબ્દ છે. ભાલણે **रति**નું 'રિતુ' કર્યું તેમાં કોઈ અર્થભિન્નતાનો આશય નથી. તે કેવળ સમયગત ભાષાવિકાસનું જ પરિણામ છે. વસ્તુતઃ તે સ્વરવ્યત્યયનું દૃષ્ટાંત છે. તેનો અર્થ પણ રતિસમાગમ જ કરવાનો છે. ઋતુસમાગમનો અર્થ ઋતુસ્નાન પછીનો સમાગમ એવો થાય, જે પુત્રેષણાથી થતા પતિપત્નીના સમાગમના સંદર્ભમાં જ સમજી શકાય. આ અર્થ અહીં અનુચિત છે.

૩૫ જિમ **કુણિ સ્થંભ્યુ** હુઈ કિ લિખ્યુ હુઈ ચિત્રામિ;
અથવા નિદ્રા સુપ્ત હુઈ ઉપરમ કે વિશ્રામ. ૧૪.૬

મહાશ્વેતાના પ્રેમમાં પડેલા પુંડરીકની દશા.

'કુણિ સ્થંભ્યું'નો અર્થ કે. કા. શા. "કોઈ અટકાવી રખાયો હોય" તે પ્રમાણે કરે છે. કે. હ. ધ્રુ. "કોઈ સત્ત્વે જાણે શરીરમાં પ્રવેશ કરી સ્તબ્ધ એટલે ચેષ્ટારહિત બનાવ્યો હોય" તેવો અર્થ કરે છે. મૂળમાં **स्तंभितम्** શબ્દ છે. જેનો અર્થ ભાનુચન્દ્ર **कीलितम्** આપે છે. ત્યાં પુંડરીકના સ્તબ્ધ થવાનું કારણ બહાર હોવાનું દર્શાવ્યું નથી. છગનલાલ પંડ્યા "સ્તબ્ધ બની ગયો હોય" એટલો જ અર્થ આપે છે. પરંતુ ભાલણ 'કુણિ' મૂકીને આ અવસ્થાનું કારણ બહારનું પરિબળ હોવાનું સૂચવે છે. એ સંદર્ભમાં કે. હ. ધ્રુ.નું આનુમાનિક અર્થઘટન વિશેષ સ્વીકાર્ય બને છે.

૩૬ ઈતર કન્યાની પિરિ જુ મેહેલીઈ **કુલકાણિ;**
વિનય ધીરજ છાંડીઈ, નિ લોક લજ્જા હાણિ. ૧૫.૧૪

પુંડરીકના વિરહજ્વરથી મહાશ્વેતાની વ્યાકુળ અવસ્થા.

'કુલકાણિ'નો અર્થ કે. હ. ધ્રુ. 'કુલની ખ્યાતિ,' 'પ્રતિષ્ઠા' એવો આપે છે. તેઓ 'કાણિ'ને 'કાહાણી' ઉપરથી વ્યુત્પન્ન માની હિન્દીના **कुलकानि** પ્રયોગનું સમર્થન પણ ટાંકે છે. કે. કા. શા. 'કુલની મર્યાદા' (કુલ-કાની = મર્યાદા) એવો અર્થ આપે છે. મૂળમાં **अवगणय्य कुलम्** એટલો જ ઉલ્લેખ છે. સં. **कुल** શબ્દમાં 'મર્યાદા', 'સીમા'નો અર્થ સંનિહિત છે જ અને 'મર્યાદા'માં 'પ્રતિષ્ઠા'નો ખ્યાલ સમાયો છે.

૩૭ પડતાં ઝાલી ચંદ્રાપીડ, મનમાંહિ **માયાની પીડિ:**
તેહ તણૂ વનકલ ઉત્તરી આંસૂઈ ભીતું કર ધરી. ૧૭.૨૬

'માયાની પીડિ'નો અર્થ કે. હ. ધ્રુ. ચંદ્રાપીડના સંદર્ભમાં કરે છે અને "મહાશ્વેતા સાથેની માયાને લીધે પીડા પામી" (તે) એ રીતે ઘટાવે છે. કે. કા. શા. તેને મહાશ્વેતાના પુંડરીક પ્રત્યેના પ્રેમના સંદર્ભમાં ઘટાવી, "મનમાં માયા (પ્રેમથી) પીડાયેલી" એવો અર્થ કરે છે. મૂળમાં ચંદ્રાપીડના વિશેષણ **जातपीडः**ને ભાલણે પીડાનું કારણ માયા હોવાનું ઘટાવ્યું છે. આગલી કડીમાં "સ્નેહ સાંભર્યું ને અડવડી" એ રીતે મહાશ્વેતાની પ્રેમપીડાનો ઉલ્લેખ તો આવી ગયો છે. અહીં તરતના થયેલા પરિચયથી, તે ય આ તો પ્રિય મિત્રની પ્રેમિકા છે તેથી તેના પ્રત્યે બંધાયેલી માયાને કારણે ચંદ્રાપીડને થયેલી પીડા જ અહીં સમજવાની છે.

૩૮ આવા શું કીચિ **પરપંચ,** મિથ્યા સઘલુ એહ **પ્રપંચ;**
એહવા બહુ દેઈ ઉપદેશ, પ્રાણિ મુખ ધોયું નરેશ. ૧૭.૯૪

પુંડરીકનો દેહ ચંદ્રલોકમાં લઈ જવાતાં વિલપતી મહાશ્વેતાનું ચંદ્રપીડ દ્વારા આશ્વાસન.

ભાલણે '**પ્રપંચ**' શબ્દને બે સંદર્ભમાં યોજી તેના બે અર્થ કર્યા છે. કે. કા. શા. 'પરપંચ'નો અર્થ 'માથાકૂટ' અને 'પ્રપંચ'નો અર્થ 'જગત' કરે છે. કે. હ. ધ્રુ. 'પરપંચ'નો અર્થ 'વાણીનો વિસ્તાર'—**expatiation, diffuseness** કરે છે અને '**પ્રપંચ**'નો અર્થ 'તજવીજ' કરી, તેને મહાશ્વેતાની બળી મરવાની ઈચ્છાના સંદર્ભમાં ઘટાવે છે. ઉપરાંત તેઓ '**પ્રપંચ**'નો અર્થ માયાવાદ પરત્વે પણ થઈ શકે એમ ઉમેરી જણાવે છે કે તે બોલનાર રાજકુમારનાં રાગભરેલાં પૂર્વનાં વચનો સાથે અસંગત છે. પરંતુ 'બળી મરવાની તજવીજ'નું અર્થઘટન આ તબક્કે અપ્રસ્તુત છે, કારણ કે તેવા મનોભાવનો ઉલ્લેખ આ પહેલાં થયો નથી. તે તો પછી થાય છે. 'પરંપરા'નો અર્થ 'માથાકૂટ' કરવામાં મહાશ્વેતાની વિષાદગ્રસ્ત અવસ્થા નડે છે. આ અગાઉ પુરાણનાં અનેક દષ્ટાંતોથી ચંદ્રાપીડે તેને આશ્વાસન આપ્યું હતું તેથી વધુ વિસ્તારી કહેવાની જરૂર નથી તેવો કે. હ. ધ્રુ.નો અર્થવિસ્તાર સમુચિત છે. પુરાણનાં દષ્ટાંતો પછી વેદાંતના માયાવાદના સંદર્ભમાં પણ તેને સમજાવવાનો ઉપક્રમ અહીં વાંચી શકાય.

૩૯ મન્ય વિમાસિ તેહનુ પ્રેમ, દુર્ઘટ કામ જીતવું **ખેમ;**
પુનરપિ પૂછે રાજા નેહઃ કિહાં ગઈ તરલિકા તેહ? ૧૭.૯૭

ઉપર પ્રમાણે.

'ખેમ'નો અર્થ કે. કા. શા. 'સહીસલામત' આપે છે. કે. હ. ધ્રુ. 'ભલું થાય, ભગવાન ભલું કરો' એવું અર્થઘટન કરે છે. તેઓ એમ પણ સૂચવે છે કે, 'અહીં ખેમનો પ્રયોગ કામાવેશને લીધે ચંદ્રાપીડના ભાવિ મરણની આગાહી આપે છે'. મૂળમાં તો કામની દુઃસહતા વર્ણવી તેનાથી બચવાનું કેટલુંક દુષ્કર છે તે દર્શાવાયું છે. મૂળમાં તેમ ટીકામાં ભાવિ સંદર્ભનો ઉલ્લેખ નથી, તેથી અહીં માત્ર 'ક્ષેમકુશળ'નો જ અર્થ વંચાય.

૪૦ તૂં વિના પિહિલૂં દુઃખ અમનિ વિરહ તણી તાં આગિ;
**તૂંહ શરણ છિ કાદંબરીનિ** તે બીજું દુઃખ આગિ. ૧૮.૧૧

મહાશ્વેતા શોક ન છોડે ત્યાં સુધી લગ્ન ન કરવાની મહાશ્વેતાની પ્રતિજ્ઞા અને તે સંબંધી તેની માતાનો મહાશ્વેતાને સંદેશો.

'તૂંહ શરણ્ય છિ કાદંબરીનિ'નો અર્થવિસ્તાર કે. કા. શા. 'કાદંબરીને તારો આશ્રય છે' તેવો કરે છે. પરંતુ કાદંબરીને મહાશ્વેતાનો આશ્રય હોય તેમાં કયું દુઃખ? મહાશ્વેતાએ તો કંઈ કાદંબરીને આવો નિર્ણય લેવા મજબૂર કરી ન હતી. ક. હ. ધ્રુ. આ વાકયખંડમાંથી 'તૂં હ શરણ્ય છિ' અલગ પાડી 'કાદંબરીનિ તે બીજું દુઃખ આગિ' એમ છેલ્લા ચરણનો અન્વય કરે છે અને આવેશમૂલક ઉક્તિ હોઈ, 'તૂં હ શરણ્ય છિ' એ ખંડને છેલ્લે મૂકવો જોઈએ એમ પણ તેઓ સૂચવે છે. મૂળમાં 'કાદંબરીને સમજાવવી તારા જ હાથમાં છે' **इदानीम् तु कादम्बरीम् अनुनेतुम् त्वम् शरणम्** એ પ્રમાણે છે. આ ઉક્તિનો ભાવાર્થ મિતાક્ષરમાં કહેતાં દુરાકૃષ્ટ અન્વય આવ્યો. 'હવે કાદંબરી તારા હાથમાં છે' એવું અર્થઘટન કરતાં, અભિપ્રેત અર્થની નિકટ જવાય છે.

૪૧ બાઈ તહ્મો શ્યું કાહાવ્યૂં છિ માહારી મન પરીક્ષા કરવા;
અથવા ઉલંભુ એ મૂન્હિ ઘિરિ રહ્યાનુ **વરવા.** ૧૮.૩૦

નિર્ણય ફેરવવા અંગે મહાશ્વેતાના સંદેશાનો કાદંબરીએ પાઠવેલો ઉત્તર.

'વરવા'નો અર્થ કે. કા. શા. 'પરણવા' કરે છે. આ અર્થ સર્વથા અપ્રસ્તુત તો નથી. કે. હ. ધ્રુ. 'ઘેર રહ્યાનૂં પસંદ કરવા' એવો અર્થ આપે છે. આ અર્થ પણ પ્રસ્તુત છે. મૂળમાં લગ્ન કરવાનો સંદર્ભ નથી. સખી વિરહાગ્નિમાં તપતી વનવાસ ભોગવે અને પોતે ઘરમાં રહી સુખ ભોગવે છે એ અપરાધનો તો આ ઉપાલંભ નથી ને એમ કાદંબરી પુછાવે છે: **किं गृहनिवासापराधनिपुणोपालम्भः** એ દૃષ્ટિએ ઘરમાં રહેવાનું 'પસંદ કરવા' એ અર્થ વિશેષ ગ્રાહ્ય છે.

૪૨ વાહાલાંનિ દુઃખ હુઈ યહ્વારિ ત્યાહારિં સુ સંભોગ;
સુખનિ ઇચ્છા તાં શિ કીજિ યાહિ એહવુ તમ્હારો **યોગ.** ૧૮.૩૨

મહાશ્વેતા પ્રત્યેની સમસંવેદનાને કારણે લગ્નસુખ ન ભોગવવાનો કાંદબરીનો સંકલ્પ.

કે. કા. શા 'યોગ'નો અર્થ 'પ્રસંગ' કરે છે. દરેક ઘટનાને શિથિલતાથી પ્રસંગ કહીએ તે કાઈનું દુઃખ જાણી 'અચ્છા' કહેવા જેવું છે. અહીં પૂર્વંગ 'પ્ર' અશુભ કે અનિષ્ટનો બોધ કરવામાં બાધક બને છે. અહીં 'યોગ' શબ્દનો અર્થ 'વિયોગ' કરવો જોઈએ.

૪૩ આપણ્યા સુખનિ કાજિ, બાઈ! **લંપટતા મનિ આણિ;**
તે તૂંહૂંનિ મનમાંહાંથી કાઢી કિમ ઝલાવૂં પાણિ? ૧૮.૩૮

મહાશ્વેતાને સ્થાને પોતાના હૃદયમાં કોઈ પુરુષને સ્થાપવાનું પોતે નહિ જ કરે એવો દૃઢ સંકલ્પ કાદંબરીએ તેને કહેવડાવ્યો.

'લંપટતા મનિ આણિ'નું અર્થઘટન કે. કા. શા. "તું મનમાં મારે માટે લંપટતા લાવી રહી છે." એ પ્રકારે કરે છે ત્યારે તેનો સ્પષ્ટ અર્થ તો એવો થાય કે મહાશ્વેતાના ચિત્તમાં

કાદંબરી માટે લંપટતા છે એટલે કે તે બંને વચ્ચે સમલિંગી સંબંધોની અપેક્ષા છે! કે. હ. ધ્રુ. 'લંપટતા આણિ'નો અર્થ "વિષયલંપટ બની, વિષયાસક્તિથી" એવો કરે છે. આ અર્થ યોગ્ય છે. "મારા પોતાના સુખ માટે હું મનમાં વિષયાસક્ત થાઉં તેવી મને સ્વાર્થી ગણી?" આવો અર્થવિસ્તાર અહીં થાય. મૂળમાં તો "પોતાના સુખ માટે પાણિગ્રહણ કરાવું" એટલો જ નિર્દેશ છે, "વિષયાસક્ત થાઉં" એવો નિર્દેશ નથી.

૪૪ **કાદંબરીમાંહિ** પ્રવેશ કરતાં મન્મથનિ તતકાલિ;
બીજુ મન્મથ રૂપ થ્યું મોહન તે ભૂપાલ.
પરિગ્રહ તે માનિ છિ **હૃદેમાંહિ** પ્રવેશ;
ભૂષણરવ ભાષણ કરીનિ ગણે છિ નરેશ. ૧૯.૭, ૮

ચંદ્રાપીડના દર્શને કાદંબરીનું તેને વિશે પ્રેમવંશ થવું.

'કાદંબરીમાંહિ'નો અર્થ કે. કા. શા. વાચ્યાર્થમાં "કાદંબરીમાં" આપે છે, જે સુભગ નથી. કે. હ. ધ્રુ. લક્ષ્યાર્થથી "કાદંબરીના હૃદયમાં" એ રીતે ઘટાવે છે તે ઔચિત્યપૂર્વકનું છે. ભાલણે તો મૂળનો પ્રયોગ **कादम्बरीम् विशतः** સીધો જ ગુજરાતીમાં ઉતાર્યો છે

"હૃદેમાંહિ"નો અર્થ કે. કા. શા. "કાદંબરીના હૃદયમાં" કરે છે જે અસંગત છે. અહીં સ્પષ્ટતયા "ચંદ્રાપીડ હૃદયમાં" અર્થ જ પ્રસ્તુત છે અને જેનો પ્રવેશ છે તે કાદંબરી. કાદંબરીના હૃદયમાં બીજો મન્મથ પ્રગટ થયો હતો તેનો, કાદંબરીની સાથે ચંદ્રાપીડના હૃદયમાં પ્રવેશ થયો હતો એવું અર્થઘટન કરવું જોઇએ. મૂળમાં પણ સ્પષ્ટ આમ જ કહેવાયું છે:... **मन्मथस्यापि मन्मथः इव अभूत् द्वितीयः, तया सह यः विवेश चन्द्रापीडस्य ।**

૪૫ કાદંબરી! કહુ, રાયનિ ઊતરવા કિહાં સ્થાન?
**મર્મ-વાણી ઉચ્ચરિ:** એ ચતુર છિ રાજન.
એણ સ્ત્રીના સહસ્રનાં કેળવ્યાં છિ તે મંન;
કાદંબરી મનમાંહા હશી, ઉચ્ચરિ એમ વચંન.
સખી, એ તિ શ્યું કહ્યું? દર્શનથી આ દેહ,
**એહનુ છિ શું ગજૂં મંદિર કેરૂં** તેહ. ૨૦.૬૬, ૬૭, ૬૮

કાદંબરીની પ્રથમ દષ્ટિના પ્રેમની વિહ્વળતા ઓસરી જતાં, મહાશ્વેતા ચંદ્રાપીડના ઉતારા વિશે તેને પૂછે છે.

ઉપરની કડીઓમાં પ્રથમ ચરણનો પ્રશ્ન મહાશ્વેતાએ કર્યો છે. બીજા ચરણમાં મર્મ વાણી કોણ બોલે છે તે વિશે કે. હ. ધ્રુ.નો મત ચર્ચાસ્પદ છે. મૂળમાં તો પ્રશ્નના ઉત્તરમાં કાદંબરી જ, "શું અનેક સ્ત્રીઓનાં હૃદય રૂપી સ્થાન તેમને રહેવાને બસ નથી?" એમ મનોમન વિચારી, જરા હસીને પછી પ્રગટ રીતે તેનો ઉત્તર આપે છે કે 'દર્શન દીધું ત્યારથી જ આ શરીરના પણ એ જ તો પ્રભુ છે, તો પછી મહેલની, વિભવની કે પરિજનની તો વાત જ શી કરવી?' કે. હ. ધ્રુ. માને છે કે ભાલણની મર્મવાણી ઉચ્ચારનાર કાદંબરી નહિ, મહાશ્વેતા છે. તેઓ નોંધે છે:

"...મહાશ્વેતા કાદંબરીને ગર્ભિત રીતે કહે છે કે, 'ચંદ્રાપીડ બહુ ચતુર છે. એ આપણે જે જે કંઈ કરીશું તેમાંથી ગૂઢ અર્થ કાઢે અને આપણો ભાવ કળી જાય એવો છે. એ બહુ સ્ત્રીઓના પ્રસંગમાં આવી તેમના સ્વભાવનો પૂરો ભોમિયો થઈ ગયો છે'. આગળ જતાં પ્રમદવનમાં ક્રીડા પર્વત ઉપર તેને ઉતારો આપવાનું મહાશ્વેતા જે કહે છે તેમાં ગૂઢ મર્મ રહ્યાનો આક્ષેપ કઢાવવાને ભાલણે મહાશ્વેતાના મુખમાં ઉપર પ્રમાણે વચનો મૂકયાં છે. આ રીતે મૂળનો તર્ક બદલવામાં અનુવાદકે પોતાની રસિકતા બતાવી છે.

શું ગજૂં મંદિર કેરૂં તેહ–ફલાણા મહેલમાં એમને ઉતારો આપિયે એમ કહેવું કયાં રહ્યું? એ કહેવામાં વજૂદ શું?"

કે. હ. ધ્રુ.ના આ તર્ક માટે કોઈ ભૂમિકા નથી. આ પછીની કડીમાંનું પ્રગટ વચન કાદંબરીએ ઉચ્ચારેલું છે. તેના અનુસંધાનમાં આગળનું વાક્ય સમજવાનું છે. ભાલણે એક જ ફેરફાર કર્યો છે. મૂળમાં જે વાકય કાદંબરી મનોમન બોલે છે તે તેણે પ્રગટ ઉચ્ચારાયેલું બતાવ્યું છે. આ બંને વિચારો વચ્ચે કાદંબરી મનમાં સહેજ હસે છે. એ રીતે તેણે ફરી મૂળનું અનુસંધાન મેળવી લીધું છે. આ વાતને અને ઉતારાનું થળ મહાશ્વેતાએ સૂચવ્યું તે વાતને કોઈ સંબંધ નથી. વસ્તુતઃ આ રાજકુમારે અનેક સ્ત્રીઓના હૃદયમાં વાસ કર્યો છે એમ કહેવું અને પ્રમદવનનો ભૌતિક નિવાસ સૂચવવો–એ બંનેના કર્તા તરીકે મહાશ્વેતાને ગણવામાં કોઈ ચમત્કૃતિ નથી. પોતાના હૃદયની બહાર ચંદ્રાપીડનો નિવાસ બીજે કયાં હોય એવી અમૂંઝણ મૂળમાં કાદંબરીની છે, તે કરતાં આ આનુમાનિક ચમત્કૃતિ વિશેષ સૌન્દર્યલક્ષી નથી. તેથી કાદંબરીની મૂંઝવણનો માર્ગ મહાશ્વેતા કાઢે છે અને પ્રમદવનનું સૂચન કરે છે એમ કહેવામાં બંને સખીઓનો હૃદયસંવાદ પ્રગટ થાય છે. ભાલણને પણ તે જ અભિપ્રેત છે.

કે. કા. શા. 'શૂ ગજૂં મંદિર કેરૂં તેહ'નો અર્થવિસ્તાર, 'જોવા માત્રથી આ શરીર એમનું છે, તો મંદિર એમનું નથી એ વાતમાં શો માલ છે', એ રીતે કરે છે. 'ગજૂં' શબ્દ અહીં અર્થઘટનમાં નિર્ણાયક છે. ચંદ્રાપીડનું નિવાસસ્થાન બનવાનું શું ગજું? સ્થૂલ મહેલો તો એમને સમાવવા નાના પડે એવો અર્થ ભાલણને અભિપ્રેત છે. મૂળમાં **दर्शनात् आरभ्य शरीरस्य अपि अहम् न विभुः, किमुत भवनस्य परिजनस्य वा ।** એવું નિરૂપણ છે. 'જો આ શરીરના પણ તેઓ સ્વામી છે'. હું નથી. મહેલ કે સેવકોનો તો પ્રશ્ન જ કયાં છે? તેમના પણ તેઓ જ સ્વામી છે. ભાલણે મૂળમાં સહેજ ફેરફાર કરી 'મહેલોના પણ સ્વામી તેઓ છે' એ અર્થને બદલે તેણે 'તેમને માટે મહેલ પણ નાનો પડે' એવો લક્ષ્યાર્થ યોજ્યો છે.

૪૬ ચંદ્રાપીડ ઊઠી ગયુ, **કાદંબરી વિરહી** થયું;
સખી નિ સવિ બુલાવી તિહાં થકી રે. ૨૦.૧

ચંદ્રાપીડ ઉતારે જતાં કાદંબરીની વિરહાવસ્થાનું વર્ણન.

કે. કા. શા. 'કાદંબરી–વિરહી'ને સામાસિક માની તેનો અર્થ કાદંબરીનો વિરહ જેને થયો છે તે ચંદ્રાપીડ એ રીતે કરે છે. કે. હ. ધ્રુ. 'કાદંબરી વિરહ થયુ' તે રીતે પાઠ વાંચી કાદંબરીને વિરહવેદના થઈ એમ ઘટાવે છે. મૂળ પ્રતમાં તો 'કાદંબરી' અને 'વિરહી' શબ્દો

વચ્ચે આડી રેખા તો ન જ હોય. તે રેખા કે. કા. શા. એ પોતે કરેલા અર્થઘટનને અનુરૂપ થાય તે રીતે મૂકી છે. એ ખંડને 'કાદંબરી વિરહી થયુ' એ રીતે પણ વાંચી શકાય અને તો તેનું અર્થઘટન કે. હ. ધ્રુ. અનુસાર થાય. કે. કા. શા. પોતાના અર્થઘટનને અનુરૂપ, 'પેલી સર્વ સખીઓને ત્યાંથી પાછી વળાવી' એ રીતે ઘટાવે છે. મુખબંધના આ ચરણને ઢાળની પ્રથમ કડીની પંક્તિ 'સખી ભુલાવી કરી સુંદરી ચડી આવાશ' સાથે સંબંધ છે. અહીં સ્પષ્ટ રીતે 'કાદંબરીએ સખીઓને વળાવી અને ગણતર પરિચારિકાઓને જ સાથે રાખી' તેવો અર્થ છે. મુખબંધ અને ઢાળના સંબંધને જોતાં સખીઓને વળાવવાનું કાર્ય કરનાર કાદંબરી જ છે એમ સ્વીકારવું આખ્યાનસ્વરૂપને અનુરૂપ છે. મૂળમાં પણ **गन्धर्वराजपुत्री विसर्ज्य सकलसखीजनम्** કહ્યું છે. પાઠનિર્ણય કરતી વેળા અર્થની સંગતિ પણ જોવી આવશ્યક બને છે.

> ૪૭ મહાશ્વેતા દુઃખિણી છિ, એ **દાક્ષિણી** આણિ મંનિ,
> પાસિ આણી વિસારયુ મિ દેખતાં સવિ જંન. ૨૦.૭

મહાશ્વેતા દુઃખી છતાં પોતે પ્રિયસુખ કેમ માણી શકે તેવો કાદંબરીનો ઊર્મિવિવેક.

કે. કા. શા. "દાક્ષિણિ"નો અર્થ "ચતુરાઈ" કરી "મહાશ્વેતા દુઃખણી છે એ વિશેની ચતુરાઈ મનમાં લાવીને ત્યાં જ બધાં લોકોના દેખતાં મેં ગુમાવી" તે રીતે અર્થ-વિસ્તાર કરે છે. મહાશ્વેતા દુઃખી છે ત્યાં સુધી પોતે પ્રેમ કરશે નહિ એવી પ્રતિજ્ઞાને 'ચતુરાઈ' કહેવામાં ઔચિત્ય નથી તેમ કાદંબરીના હૃદયભાવને ન્યાય પણ થતો નથી. "દાક્ષિણ્ય"માં ચતુરાઈ કરતાં ઊંડા વિવેક અને ઉદારતાનો અર્થ છે. કે. હ. ધ્રુ. "સારપ," "ઉદારભાવ" અર્થ આપી, "મહાશ્વેતા પાશુપત વ્રત લેઈ વનમાં રહેતી હતી તે વખતે, એ દુઃખી તે ત્યાં સુધી હું સંસારસુખ સેવનાર નથી, એવી સારપ મેં ગ્રહણ કરી હતી; તે સરવ આજ મહાશ્વેતા પાસે આવી છતાં સો માણસના દેખતાં મેં વીસારી એટલે કે તજી દીધી, તે કેવૂં કહેવાય ?" એ પ્રકારે અર્થવિસ્તાર કરે છે. ભાલણે તો મૂળનો "દાક્ષિણ્ય" શબ્દ જ ગોઠવી દીધો છે. મૂળમાં બે પાઠ મળે છે:

(१) **महाश्वेता दु:खिता इति निर्दाक्षिण्यया नापेक्षितम्** ।

(२) ... ... ... **इति दाक्षिण्यया** ... ... ... ।

આપટે **दाक्षिण्यम्**ના બે પરસ્પર વિરોધી અર્થ આપે છે:

(1) Politeness, Civility, courtsey, Kindness.

(2) Insincere or overcourteous conduct of a lover.

"ચતુરાઈ" એ અર્થ insincereના લક્ષ્યાર્થ તરીકે ઘટાવી શકાય. પરંતુ કાદંબરી પોતે તો મનોમન આમ વિચારે છે અને તેને, તેનો નિર્ણય sincere હોવા વિશે શંકા નથી ત્યારે, વાસ્તવમાં તેનો નિર્ણય insincere ગણાઈ જવાની ભીતિ છે ત્યારે, તે પોતે તો તેને "ચતુરાઈ" (લુચ્ચાઈ ?) ન જ ગણે ને ? "દાક્ષિણ્ય"નો અર્થ "સદ્‌ભાવના" કરવો ઘટે.

૪૮ નયને દીઠુ જેટલિ, જાણીઇ ઇન્દ્રી સાથિ;
પંજરિ ઘાલી સમરપી લેઈનિ એહનિ હાથિ. ૨૦.૧૬

પ્રતિજ્ઞા છતાં પોતે ચંદ્રાપીડમાં મોહવશ બની તેની કાદંબરીની મૂંઝવણ. કે. કા. શા. "ઇન્દ્રી સાથિ"નો અર્થ "ઇન્દ્રિયોની સાથે" અને કે. હ. ધ્રુ. "ઇન્દ્રિયોના સમૂહે" કરે છે. મૂળમાં **इन्द्रियैः शरपञ्जरे निक्षिप्य समर्पिता इव** છે. કાદંબરીને પિંજરામાં પૂરી ચન્દ્રાપીડના હાથમાં સોંપી દેવાનું કાર્ય ઇન્દ્રિયો કરે છે. કે. કા. શા.ના અર્થઘટન અનુસાર, આંખોએ જ આ કાર્ય કર્યું હતું. ત્યાં કાદંબરી ઇન્દ્રિયો સમેત સોંપાઇ, એવું અર્થઘટન કરતાં, કાદંબરી અને તેની ઇન્દ્રિયો વચ્ચે અલગતાનો પણ સંભવ સ્વીકારવો પડે જે અતાર્કિક છે. ભાલણ અહીં મૂળને જ અનુસર્યો છે.

૪૯ **પ્રેમિ** દાસી કીધી એહની, જાણૂં સમરપી કામ;
જાણીઇ વેચી હૃદય માહિ, ગુણ મૂલ તે દામિ. ૨૦.૧૭

સંદર્ભ આગળ પ્રમાણે.

કે. કા. શા. "પ્રેમિ"નો અર્થ "પ્રેમથી", કરણના અર્થમાં કરે છે તો કર્તા કોણ? અહીં કાદંબરી ચંદ્રાપીડને સોંપનાર જ પ્રેમ છે. મૂળમાં **मन्मथेन दासीकृत्य अपनीता इव, अनुरागेण निर्याता इव** એવું નિરૂપણ છે.

૫૦ શરણ તાં કોએ નથી, એ **ચપલનૂં** નહિ કાજ;
એણિ પિરિ મનમાંહાં સંકલપિ, હું શું કરૂં હવિ આજ? ૨૦.૧૮

સંદર્ભ આગળ પ્રમાણે.

કે. કા. શા. "ચપલનૂં"નો અર્થ "ચાંપલાઈ" કરે છે. કે. હ. ધ્રુ. "ચપળ"ને વિશેષ્યને બદલે વિશેષણ ગણી તેને ચંદ્રાપીડના અર્થમાં ઘટાવે છે. આ અર્થઘટનને મૂળનું સમર્થન છે: **न मे कार्यम् तेन चापलेन ।**

૫૧ અર્ણવિ આપ્યું **પ્રચેતાનિ** ઘિરિ આવિ હાર;
પ્રચેતાઈ સમર્પ્યું તે ચિત્રરથનિ સાર. ૨૦.૬૦

કાદંબરીએ ચંદ્રાપીડને ઉપહારમાં મોકલેલા હારનું પૂર્વવૃત્ત.

"પ્રચેતા" વરુણનું એક નામ છે. કે. હ. ધ્રુ. પ્રમાદવશ તેને બ્રહ્મા કહે છે. તેમણે ભાનુચન્દ્રની **प्रचेतसे वरुणाय** એ નોંધ પણ ન જોઈ? કે. કા. શા. આ શબ્દ યથાવત્ રાખે છે.

૫૨ **કામિની!** તુમ દૃષ્ટિપાતમાત્રિ કરયુ છૂં હૂં દાસ;
શા માટિ નથી પામતાં બોલવાનું અવકાશ? ૨૧.૨૫

મળવા આવેલી કાદંબરીને ચંદ્રાપીડનું સંબોધન.

"કામિની"એ સંબોધનને સ્થાને કે. કા. શા. અર્થ આપતાં, "બાઈ" શબ્દ મૂકે છે જે કાવ્યના અને કાદંબરીના સૌન્દર્યની ઉપેક્ષા કરવા જેવું છે. એનાથી તો કાદંબરી સામાન્યા હોવાનું સૂચવાય છે. મૂળમાં देवि છે. તેને સ્થાને ભાલણે "કામિની" કર્યું. આ ફેરફાર બંને પાત્રોના મનોભાવને અનુરૂપ છે. **कामिनी**નો અર્થ આપ્ટે 'A loving, affectionate or fond woman; a lovely or beautiful woman આપે છે.

**काम**માં lustનો અર્થ છે. તે પણ ભાલણને અભિપ્રેત છે. આ સંદર્ભમાં અનુવાદ રૂપે "રમણી" પર્યાય વધુ ઉચિત ગણાય.

૫૩ મદલેખા, તમાલિકા મૂંન્હિ સંભારિ છિ કોય ?
**કથા-પુરમાંહિ** કિહ્વારિ માહારિ છિ સોય. ૨૨.૫૦

ચંદ્રાપીડ ભૂલી ગયો હતો તે હાર આપવા આવેલા કેયૂરકને તેણે કરેલી કાદંબરી સંબંધી પૃચ્છા.

"કથા-પુરમાંહિ"નો અર્થ કે. કા. શા. "પુરમાંહિ કથા" એવો કરે છે અને તેનું અર્થઘટન "નગરમાં થતી વાત" એ પ્રકારે કરે છે. બીજું અર્થઘટન "કથાપુર-માંહિ" એટલે વાર્તાના પ્રવાહમાં એ પ્રમાણે થઈ શકે. મૂળમાં માત્ર **अस्मद् आश्रयिणी कथा** એટલું જ છે. અહીં નગરનાં લોકો સંભારે છે કે કેમ તે જાણવામાં ચંદ્રાપીડને રસ નથી. કાદંબરીના હૃદયમાં પોતાનું સ્થાન એવું જ છે કે કેમ, પોતાને વાત વાતમાં સંભારે છે કે કેમ તે જાણવામાં તેને રસ છે, આતુરતા છે. તેથી બીજું અર્થઘટન વધુ યોગ્ય છે.

૫૪ **મનોરથનુ** જાણી પાર, માતપિતાને વશિ સંસાર;
અણબોલ રહી કામિની, ઉત્તર નાપ્યુ મુખિ ભામિની. ૨૩.૨૫

ચંદ્રાપીડે પોતાના પ્રેમનો પડઘો એટલો જ ઉત્કટતાથી પાડયો જાણી કાદંબરીને વળેલી ધરપત.

"મનોરથ"નો અર્થ કે. હ. ધ્રુ. "ચંદ્રાપીડના હૃદયનો ભાવ" એવો કરે છે. આ મનોરથ કાદંબરીનો છે. તે વિશે ચંદ્રાપીડે તેને આશ્વસ્ત કરી એવું જ અર્થઘટન થઈ શકે. અન્યથા તેનો "પાર જાણી" હાશકારો અસ્થાને ગણાય. માતાપિતાની મર્યાદા પણ તે સંદર્ભમાં જ પ્રસ્તુત બને છે. મૂળમાં પણ **मनोरथानाम् तु तावतीम् भूमिम् असंभावयन्ती** એ રીતે કાદંબરીના મનોરથની વાત છે.

૫૫ તૂં સાથિ આવ્યુ વિશ્વાસ, તુ મનની કહૂં છૂં વાત પ્રકાશ;
એ **ઉલંભુ** કુહનઈ કહૂં ? દુઃખિણી થઈ કો આગલિ રહૂં. ૨૩.૯૯

પત્રલેખાએ કાદંબરીના પ્રેમની ઉત્કટતા વિશે ચંદ્રાપીડને કરેલું નિવેદન.

"ઉલંભુ"નો અર્થ કે. હ. ધ્રુ. "કહેણી" કરે છે અને "મારે આ કહેણી થઈ છે તે જેને કહૂં એવૂં તારાથી બીજું કોણ છે ?" એવો અર્થવિસ્તાર કરે છે. "કહેણી"નો અર્થ

"વાયકા" થાય, જે અહીં અસ્થાને છે. અહીં "ઉલંભુ" શબ્દ જેનો વિકાસ છે તે "ઉપાલંભ"નો જ અર્થ થાય. "મારી આ અવસ્થા માટે હું ઠપકો પણ કોને આપું ?" એવો જ અર્થવિસ્તાર અહીં થઈ શકે. મૂળમાં પણ कम् अपरम् उपालम्भे એવું નિરૂપણ છે.

"કાદંબરી" (પૂર્વભાગ)ના અર્થઘટનોની ચર્ચા સર્વગ્રાહી તેમ જ અંતિમ છે એવું સ્થાપવાનો આશય આ નિરૂપણનો નથી. "જયંત કોઠારીએ અખાના સંદર્ભમાં અર્થઘટનનો જે આવકાર્ય ઊહાપોહ આરંભ્યો છે તેથી એક ડગલું પાછળ તો જવાયું જ નથી, જવાયું છે તો આગળ જ જવાયું છે તેમ, આ ચર્ચા મધ્યકાલીન રચનાઓના અર્થઘટનની પ્રક્રિયા, તેમાં અનુભવાતી મુશ્કેલીઓ, અર્થસંદિગ્ધતાનાં આંતરિક અને બાહ્ય કારણો, પાઠનિર્ણય અને અર્થ-ઘટનનો અન્યોન્યનો અવિનાભાવ-સંબંધ વગેરેને સમજવાના મનોયત્નરૂપે, તે દિશામાં કાર્ય કરવાની પદ્ધતિ–method–અંગે વિચારવાના એક ઉપક્રમ લેખે કરી છે. તત્ત્વબોધની દિશામાં આ પ્રકારનો પુનઃ પુનઃ વિચાર વ્યર્થ નીવડતો નથી.

## સંદર્ભ


૧ ભાલણકૃત કાદંબરી (પૂર્વભાગ): સંસ્કર્તા: કે. હ. ધ્રુવ. પ્રકા. એન. એમ. ત્રિપાઠી લિ., મુંબઈ.

૨ ભાલણકૃત કાદંબરી (પૂર્વભાગ): સં. કેશવરામ કા. શાસ્ત્રી (બાંભણિયા), પ્રકા. ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૫૩.

૩ કવિ ભાલણકૃત ગુજરાતી કાદંબરી (પૂર્વભાગ), અધ્યયન: અધ્યા. કે. કા. શાસ્ત્રી (બાંભણિયા), પ્રકા. ભારત પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૪.

૪ ભાલણકૃત કાદંબરી (પૂર્વ ભાગ): સં. રમેશ શુક્લ, પોપ્યુલર પ્રકાશન, સૂરત, ૧૯૬૭.

૫ महाकवि बाणभट्टविरचिता कादम्बरी: સં. કાશીનાથ પાંડુરંગ પરબ પ્રકા. પાંડુરંગ જાવજી; મુંબઈ, ૧૯૪૦.

૬ બાણભટ્ટ વિરચિત કાદમ્બરી: અનુ. છગનલાલ હરિલાલ પંડયા.

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૩૩૩ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૩૩૪ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે | ૫=૫૦ |
| ૩૩૫ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૩૩૬ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૩૩૭ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪) | ૧૦=૫૦ |
| ૩૩૮ | **ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ.) શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૩૩૯ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫) | ૮=૦૮ |
| ૩૪૦ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧ (૧૯૬૫)** | ૯=૦૦ |
| ૩૪૧ | **આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬) | ૯=૦૦ |
| ૩૪૨ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭) | ૭=૫૦ |
| ૩૪૩ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭) | ૧૫=૫૦ |
| ૩૪૪ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૩૪૫ | **ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૬ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૭ | **પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧) | ૬=૦૦ |
| ૩૪૮ | **અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૩૪૯ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨) | ૧૧=૫૦ |
| ૩૫૦ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩) | ૨૬=૦૦ |
| ૩૫૧ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૩૫૨ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૩૫૩ | **ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૩૫૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯) | ૯૬=૦૦ |
| ૩૫૫ | **ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦) | ૩૬=૦૦ |
| ૩૫૬ | **દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી | ૪૪=૦૦ |
| ૩૫૭ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯) | ૪૫=૦૦ |
| ૩૫૮ | **સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧) | ૫૨=૫૦ |
| ૩૫૯ | **કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી | ૫૧=૦૦ |
| ૩૬૦ | **વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૩૫=૭૫ |
| ૩૬૧ | **સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે | ૭૯=૦૦ |
| ૩૬૨ | **વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર | ૪૮=૦૦ |
| ૩૬૩ | **વૃદ્ધત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય | ૩૩=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**

**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ००१**

# ભારતમાં મૂર્તિપૂજાનો ઉગમ
## (ઈ. સ. પૂર્વે ૮૦૦૦–ઈ. સ. ૫૦૦)

હસમુખ ધીરજલાલ સાંકળિયા*

અખંડ ભારત એક જીવતું–જાગતું મ્યુઝિયમ (સંગ્રહાલય) છે, એમ મેં અનેકવાર મારા લેખોમાં પ્રતિપાદન કર્યું છે. અહીં અતિશય પ્રાચીન, પ્રાચીન, આધુનિક, અત્યાધુનિક રીતરિવાજો, પહેરવેશ અને ધર્મો પ્રચલિત થયાં છે. આનો અભ્યાસ બહુ રમૂજી તેમ જ જ્ઞાનદાયક છે. આપણે પુરાતન વસ્તુઓ (અવશેષો)–પત્થરો, માટીની કે પત્થરોની મૂર્તિઓ, કે મૂર્તિઓ જેવી દેખાતી કે ગણાતી વસ્તુઓ, સિક્કાઓ, સિક્કાઓ ઉપરની છાપો, ચિત્રો અને અંતે સુંદર પત્થરની કે પક્વ માટીની મૂર્તિઓનો અભ્યાસ કરી, એક 'વાસ્તુ' ઊભું કરીએ છીએ.

અહીં મૂર્તિપૂજાના ઉગમ અને વિકાસ ઉપર લક્ષ્ય રાખ્યું છે.

હમણાં આપણે કોઈ પારસીને કે હિન્દુને પ્રાતઃકાલે સૂર્યની સામે ઊભા રહી ગાયત્રી મંત્ર કે અન્ય 'ગાથા' ભણતાં જોઈએ છીએ. વળી કોઈ સ્ત્રી પીપળાની પ્રદક્ષિણા કરતી, ખાસ કરીને નવરાત્રમાં, અથવા કોઈ ને નાગપંચમીને દિવસે નાગને દૂધ પાતાં જોઈએ છીએ. આ બધી પૂજાવિધિઓ મૂર્તિપૂજા કહેવાતી કે કહેવાય નહીં કે મૂર્તિપૂજામાં સમાવેશ કરી શકાય નહીં. પરંતુ કુદરત, વૃક્ષ કે નાગપૂજા તરીકે ઓળખાય કે સંબોધાય છે.

જ્યારે કોઈ મૂર્તિ–શિવ, વિષ્ણુ કે ગણપતિ આપણે ચોક્કસ સ્થાનમાં રાખીને કે બેસાડીને એની પૂજા–અર્ચના કરીએ ત્યારે એને અંગ્રેજીમાં 'cult image' એટલે 'સેવ્યમૂર્તિ' તરીકે સંબોધાય છે. અને એના પૂજકો શૈવ, વૈષ્ણવ કે ગાણપત્ય કહેવાય છે. એટલે જ્યારે આપણે મૂર્તિપૂજા વિષે વિચાર કરીએ ત્યારે તે તે દેવને–શિવ, વિષ્ણુ, ગણેશ, સૂર્યને માનુષી સ્વરૂપમાં કોઈ ચોક્કસ સ્થળે એની વિધિસર પૂજા કરીએ એ મૂર્તિપૂજા ખરેખરી રીતે કહેવાય.

આ લેખમાં ભારતમાં પ્રાચીનમાં પ્રાચીનકાળથી હિન્દુધર્મનાં વિવિધ અંગો ક્યારે અને કેવી રીતે અસ્તિત્વમાં આવ્યાં તેનો ટૂંકમાં નિર્દેશ કર્યો છે.

સૌથી પ્રાચીન–પહેલો અશ્મયુગ ભારતમાં ઓછામાં ઓછો પાંચ લાખ વર્ષ જૂનો ગણાય છે. અને તેનું અસ્તિત્વ ઓછામાં ઓછું દસ હજાર વર્ષ સુધી ટક્યું. આ લાંબા સમયના

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૨૫-૪૬.

* ડેક્કન કૉલેજ, પૂણે-૪૧૧ ૦૦૬.

આપણે ત્યાં ફક્ત પત્થરનાં વિવિધ જાતનાં ઓજારો કે હથિયારો જ મળે છે. યુરોપમાં-ખાસ કરીને ફ્રાન્સમાં, જેવાં કે ગુફાઓની ભીંત પર માનવના પંજાઓ, લાલ રંગમાં થાપેલાં મળે છે, કે માટીની બનાવેલી સ્ત્રીઆકૃતિઓ, તેવાં આપણને મળતાં નથી. આથી આ સમયમાં ભારતના માનવનો આ વિષે-મૂર્તિપૂજા, કે માન્યતા વિગેરે શું ખ્યાલ હતો તે આપણે જાણતાં નથી.

ત્યાર પછી એટલે નવાપાષાણયુગમાં, પત્થરનાં આયુધો કે ઓજારો, ઘસીને બનાવતાં. ભોપાલ પાસે હમણાં જ થોડાંક વર્ષો પર ગુફાઓ શોધાઈ છે. આ ગુફાઓનો વિસ્તાર લગભગ ૪૦૦ માઈલ છે, ઉત્તર-પશ્ચિમેથી ઉત્તર-પૂર્વ સુધી. આમાંની થોડીક ગુફાઓ ડેક્કન કૉલેજના પ્રાધ્યાપક ડૉ. વિ. મિશ્ર અને ઉજ્જૈન વિદ્યાપીઠના ડૉ. વિષ્ણુ વાકણકરે શાસ્ત્રીય પદ્ધતિએ ખોદકામ કર્યું હતું. ત્યારબાદ ડૉ. મઠમાલે ગુફાઓની ભીંત પર કાઢેલાં ચિત્રો ઉતાર્યાં હતાં. ડૉ. વાકણકરે પણ આવાં ચિત્રોનો એક સંગ્રહ પ્રકાશિત કર્યો છે. જો કે આ ગુફાઓમાં છૂટી કે ભીંત પર કોતરેલી કોઈ મૂર્તિ મળી નથી, કે નથી એવાં ચિત્રો, છતાં માનવ આ તરફ પ્રગતિ કરી રહ્યો હતો એમ આપણે કહી શકીએ.

આ પછી પૂર્વમાં મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની વચ્ચે બાગોર-૧ નામના સ્થળે અલ્હાબાદ વિદ્યાપીઠ તરફથી પ્રાધ્યાપક ગોવર્ધનરામ શર્મા અને અમેરીકાની વિદ્યાપીઠના પ્રાધ્યાપકોએ બહુજ ધ્યાનપૂર્વક એક મહત્વની શોધ કરી છે. આનો હેવાલ Antiquityમાં હમણાં જ છપાયો છે.[1] મધ્યપ્રદેશનો આ ભાગ હજુ અવિકસિત રહ્યો છે. અહીં ગોંડ, કોલ ઈત્યાદિ આદિવાસીઓ નિવાસ કરી રહ્યા છે. આવા વેરાન જેવા પ્રદેશમાં એક સ્થળે રેતીના પત્થરોથી રચેલો ચોતરો-ટિંબો હતો. આ ટિંબા પર અસંખ્ય અકીક ઇત્યાદિનાં પાનાં, ગર્ભા વેરાયેલાં પડ્યાં હતાં. આથી અમારા જેવા સંશોધકોને થાય કે અહીં એક કાળે માનવ વસતો હોવો જોઈએ. આ માન્યતા ખરી હતી કે નહીં તે જાણવાને સંશોધકોએ ખોદકામ કર્યું તો જણાયું કે આ રેતીનો ચબૂતરો હેતુપુરઃસર બનાવવામાં આવ્યો હતો. એમાં વપરાયેલા બધા પત્થરો લગભગ એક-બે માઈલ દૂરથી લાવવામાં આવ્યા હતા. આ પત્થરોને ટિંબાના-ત્રિકોણાકાર રચીને-એની બરોબર મધ્યમાં એક લાલ રંગનો ત્રિકોણાકાર પત્થર રાખવામાં આવ્યો હતો. આ પત્થરના ટુકડાઓ લગભગ બધાજ સાંજ અહીંતહીં પડ્યા હતા, પરંતુ જ્યારે એમને ભેગા કરવામાં આવ્યા ત્યારે લાગ્યું કે અસલ એક અખંડ ત્રિકોણાકાર પત્થર હોવો જોઈએ, અને એ પણ હેતુપુરઃસર પણ ઘડીને અહીં રાખેલો હોવો જોઈએ. વળી આવા લાલ પત્થર ત્યાં મળતા નથી, પણ બહુ દૂરથી લાવીને, ઘડીને અહીં રાખ્યા હશે.

આ ટિંબાનો અને એની મધ્યમાં રાખેલા લાલ ત્રિકોણાકાર પત્થરનો એક જ અર્થ થાય કે માનવે બનાવેલું મંદિર છે. લાલ પત્થરને દેવ-દેવી તરીકે પૂજતાં હશે. (જુઓ ચિત્ર નં. ૨) આનુષંગિક પુરાવા પરથી આનો સમય ઈ. સ. પૂર્વે ૮૦૦૦ નક્કી થયો. અહીં અંત્ય અશ્મયુગના બાગોરમાં રહેતા માનવો ત્રિકોણાકાર પત્થરને મૂર્તિરૂપે પૂજતા એમ માનવું રહ્યું. અને હજુ પણ અહીં વસતા ગોંડ, કોલ ઈત્યાદિ આદિવાસીઓ આવા જ

1 Sharma G. R. and others *Antiquity*, Sept. 1983.

ત્રિકોણાકાર લાલ પત્થરને કાલિ, દુર્ગા ઇત્યાદિ નામોથી પૂજે છે. એટલે અહીં આપણને પુરાતત્ત્વીય અને Ethnigraphic અહીં વસતા આદિવાસીઓમાં પ્રચલિત રીતરિવાજોના ઉત્તમ પુરાવા મળે છે. (જુઓ ચિત્ર નં. ૧)

લગભગ આ જ સમયના ઈ. સ. પૂર્વે ૮૦૦૦-૮૫૦૦માં જોર્ડનની રાજધાની આમનની પાસે એક અશ્મયુગી ગામના અવશેષમાં પ્લાસ્ટરની કેટલીયે માનવઆકૃતિઓ-જેમાં કોઈ ઊભેલી મળી આવી છે. આનું અહીં ચિત્ર સંશોધક પ્રાધ્યાપક ગેરી રોલેફ્સનની[1] સહાયતાથી પ્રકાશિત કર્યું છે. (જુઓ ચિત્ર નં. ૩)

બાગોરની શોધ પહેલાં પ્રા. શર્માએ ગંગાના સપાટ મેદાનમાં નવપાષાણયુગના ગોળ મકાનોના પાયા ઇત્યાદિ શોધ્યા હતા. આનો સમય ઈ. સ. પૂર્વે ૭૦૦૦નો નિશ્ચિત થયો છે. અહીં એક લાંબા હાડકામાંથી બનાવેલી પૂતળી મળી. (જુઓ ચિત્ર નં. ૪) આ અમુક નિશ્ચિત સ્થાનમાં મળી ન હતી. એટલે કયા હેતુથી આ બનાવવામાં આવી હતી તે કહી શકાતું નથી. અહીં ફક્ત એનું ચિત્ર જ આપ્યું છે.

આ જ સંદર્ભમાં અમારા પુનાની પાસે ઈનામગામના ખોદકામમાં મળેલી કાચી માટીની પૂતળીઓનો ઉલ્લેખ કરવો જોઈએ.

ઈનામગામ પૂનાથી લગભગ ૫૫ માઈલ ઉત્તરપૂર્વમાં છે. અહીં ડેક્કન કોલેજે ૧૩ વર્ષ ખોદકામ કરી તામ્રપાષાણ યુગનું એક ગામ અને ત્યાંના લોકોનું જીવન બહુ જ સંભાળ-પૂર્વક પ્રકાશમાં લાવ્યા છે. આ ગામ ઈ. સ. પૂર્વ ૧૬૦૦માં અસ્તિત્વમાં આવ્યું અને ઈ. સ. પૂર્વે ૭૦૦માં કોઈ કારણથી માનવે છોડી દીધું. આ લાંબા સમયના ત્રણ પેટા વિભાગ C-14 કિરણોત્સર્ગ પદ્ધતિએ થાય છે. આના પર અંગ્રેજી, મરાઠી અને ગુજરાતીમાં લેખો લખાયા છે. એટલે અહીં ફક્ત મૂર્તિપૂજાનું જે એક અદ્વિતીય દૃષ્ટાંત જોવા મળે છે, તે જ ટૂંકમાં વર્ણવ્યું છે.

માટીની દિવાલોવાળા એક મોટા ત્રણ-ચાર ઓરડાવાળા ઘરમાં કાચી માટીની જમીનની અંદર રાખેલી એક ત્રિકોણાકાર પેટી મળી. આ પેટીના ઢાંકણા ઉપર એક બળદ અને માથા વગરની કાચી માટીની નગ્ન ઢીંગલી મૂકેલી હતી. જ્યારે માટીની પેટીની અંદર આવી જ પણ માથાવાળી ઢીંગલી મૂકેલી હતી. (જુઓ ચિત્ર નં. ૧૪)

આશ્ચર્યની વાત તો એ છે કે આ ત્રણે સાફ કર્યાં ત્યારે બળદની કરોડ અને છિન્નમસ્તકા ઢીંગલીના નાભિમાં એક કાણું દેખાયું. (જુઓ ચિત્ર નં. ૧૩) આ બંને હેતુપુરઃસર પાડ્યાં હતાં. કારણ કે જ્યારે અમે એક સળી લઈ બળદની કરોડમાં ખોસી ત્યારે આ દેવી એના પર ઊભી રહી શકી. એટલે બળદ આ દેવીનું વાહન હતું.[2]

---

1 આનો ટૂંકમાં હેવાલ "Times of India" 15-5-84, "When did Idol-worship begin"માં આપ્યો છે.

૨ ચિત્ર નં. ૧૧.

ભારતમાં કે અન્ય સ્થળે આવી વાહનવાળી દેવી સૌથી પહેલીવાર, અને તે પણ ચોક્કસ સંદર્ભમાં મળી છે. આનો અર્થ એ થાય છે કે આ મકાનના રહેવાસી જ્યારે જરૂર પડે ત્યારે જમીનમાંથી આ પેટી કાઢી, દેવીને બળદ પર બેસાડી એની પૂજા કરતા. સહેજ વિચાર કરતાં માલૂમ પડશે કે આવી, ભારતમાં જુદાં જુદાં દેવ-દેવીઓની પૂજા અસંખ્ય લોકો હજુ કરે છે. ખાસ કરીને નાના મકાનમાં આવી પૂજા 'સ્નાન કર્યા પછી રસોડામાં જ થતી'. અહીં મૂર્તિ કે એનું ચિત્ર ઝોળી કે પેટીમાંથી કાઢી એની સેવા-પૂજા કરી, પાછું પેટી કે ઝોળીમાં આપણે મૂકીએ છીએ.

ટૂંકમાં મેં અનેકવાર કહ્યું છે, તેમ એક ખાનગી મંદિર કે પૂજાઘરનું આ પહેલું જ દૃષ્ટાંત છે.

આવાં માનવે બનાવેલાં કે રચેલાં પૂજાસ્થાનો હજુ સુધી મળ્યાં નથી. સિંધુ-સંસ્કૃતિનાં કેટલાંયે સ્થળો સિંધ, બલુચિસ્તાન, પંજાબ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર આવાં દરેક સ્થળે વિસ્તારથી ખોદકામ થયું, પરંતુ આ દરેક ખોદકામ ધ્યાન આપી થવું જોઈએ તેવું થયું નથી. વસ્તુઓ, માટીનાં જાતજાતનાં વાસણો, મુદ્રાઓ, દાગીનાઓ જ ભેગાં કરવામાં આવ્યાં છે. પરંતુ, એક વિશિષ્ટ પ્રકારનું સોએક કાણાવાળું વાસણ કયા સંજોગોમાં મળ્યું તે ચોક્કસ કહી શકાતું નથી.

આવાં જ કારણોને લીધે કેટલીક મુદ્રાઓ મળી છે જેના પર ગેંડા, વાઘ અને બળદની ઉત્તમ કારીગરીવાળી આકૃતિઓ છે, તેનો શું હેતુ કે ઉપયોગ હતો તે આપણે કહી શકતાં નથી. આ મુદ્રાઓમાં એક માનવ બેઠેલો છે (ઊર્ધ્વલિંગ સ્થિતિમાં) એની બે બાજુએ હાથી, વાઘ ને બળદ જુદા જુદા સ્વરૂપમાં બતાવ્યા છે. આના પરથી સર જોન માર્શલે એમ અનુમાન કર્યું કે આ શિવ-પશુપતિની મુદ્રાઓ છે, જો કે આ બહુ સંભવિત છે છતાં જ્યાં સુધી આપણે સિંધુલિપિ ખાત્રીથી વાંચી શકતા નથી, ત્યાં સુધી તો અનુમાન સોએ સો ટકા ખરું છે તે, આપણે કહી શકતા નથી.

પરંતુ જે પ્રશ્ન આપણે અહીં ચર્ચી રહ્યા છે, તે દૃષ્ટિથી જોતાં મુદ્રા પર બરાબર મધ્યમાં જે આકૃતિ છે, તેની બાજુ ઊભેલી વ્યક્તિઓ માનવની પૂજા કે વંદના કરતાં હોય એમ લાગે છે.

હજુ સુધી મોહન-જો-દડો, હડપ્પા કે લોથલમાં કોઈપણ સ્થળે મંદિર જેવું પૂજા-ઘર કે સ્થાન મળ્યું નથી. છતાં આ મુદ્રા પરથી એમ માનવામાં આવે છે કે શિવની પશુપતિરૂપે પૂજા થતી હશે.[1]

આ પછી લગભગ ૧૦૦૦ વર્ષ સુધી મૂર્તિપૂજાનો કોઈપણ પુરાવો મળ્યો નથી. આનાં બે-ત્રણ કારણો છે. આ સમયમાં એટલે ઈ. સ. પૂર્વે ૧૫૦૦-ઈ. સ. પૂર્વે ૫૦૦ સુધીના લાંબા

---

૧ આ અનુમાન વિષે જે શંકા મને થઈ હતી તેવી જ શંકા પ્રા. જ્યોર્જ ડેલસેને થઈ છે. એમણે હમણાં જ (એપ્રિલ-મે ૧૯૮૪માં) પ્રગટ થયેલાં *Frontiers of the iudus Civilization*, પાન ૧૦૬-૧૫માં પ્રદર્શિત કરી છે.

ગાળામાં ઉત્તર હિંદ પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર-બંગાળ, અને મધ્યહિંદમાં પદ્ધતિસર શોધખોળ થઈ નથી. જે કંઈ મળ્યું છે તે વિશિષ્ટ પ્રકારનાં ઠીકરાં જ છે.

દક્ષિણમાં આવી જ સ્થિતિ છે. અહીં નવપાષાણયુગનાં થોડાંક સ્થળો શોધાયાં છે. તેમ જ પ્રચંડકાય શિલાસંસ્કૃતિનાં થોડાંક સ્થળો શોધ્યાં છે. અને થોડાંક-જેવાં કે નાગપુર પાસે ખોદકામ પણ થયું છે, છતાં કોઈપણ સ્થળે મૂર્તિપૂજાનો પ્રકાર કે મૂર્તિ મળ્યાં નથી.

ઈ. સ. પૂર્વે પાંચમા સૈકાથી એક તદ્દન નવી જાતનો પુરાવો મળે છે સાધારણ વાંચકને આનો ખ્યાલ પણ ન હોય. આ છે વિવિધ જાતના દેશી અને પરદેશી નાણાં અથવા સિક્કા. આ સિક્કા, કે પાડેલા કે ખાસ બનાવેલા સિક્કાઓનો ઇતિહાસ આ સમયથી શરૂ થાય છે.

સૌથી પ્રાચીન દેશી સિક્કાને અંગ્રેજીમાં punch marked એટલે હમણાં જેમ આપણી ટિકીટ પર બસમાં કે રેલ્વેમાં યંત્રથી (પંચથી) punch કરી આપે છે તેમ ચાંદીના ચોરસ, લંબચોરસ કે ગોળ ટુકડાઓ પર વેપારીઓ પોતાની છાપ પાડતા. આ છાપોમાં મુખ્યત્વે સ્વસ્તિક, સૂર્ય જેવી છાપો હોય છે.[1] આના પરથી એ અનુમાન થાય કે આ છાપ પાડનારા સૂર્યના ભક્તો હતા.

ત્યારબાદ તાંબાને ગાળી એના ગોળ સિક્કા પાડવામાં આવતા. આના પર આવી આકૃતિઓ જોવામાં આવે છે. (જુઓ ચિત્ર ૬) આવા સિક્કાઓમાં ઉત્તર, ઉત્તરપૂર્વ-પ્રદેશ, મધ્યપ્રદેશમાં, જુદા જુદા સ્વતંત્ર ગણો જેવા કે યૌધેય, અર્જુનાયન, વૈશાલી, ઉજ્જૈયિની, તાંબાને ગાળી એના સિક્કા બનાવતા, જેના પર બળદ અને એક ઊભી માનવઆકૃતિ જોવામાં આવે છે. કોઈના પર લિંગાકાર આકૃતિ દેખાય છે.

વળી કોઈ સિક્કા પર 'શિવત્રાત', બુદ્ધદાસ', શિવપાલિત' એવાં નામો જોવામાં આવે છે. આના પરથી નિશ્ચિત કહી શકાય કે હમણાં જેમ શિવ, વિષ્ણુ, કૃષ્ણના ભક્તો આ દેવોનાં નામ પછી 'દાસ' ઉપપદ લગાડે છે, તેમ આ ગણો આવા દેવોના ઉપાસકો હતા.

ભારતમાં મૂર્તિપૂજાનો ખરો ઉદ્ભવ ઈ. સ. પૂર્વે બીજા-ત્રીજા સૈકામાં થયો. આપણે ત્યાં સેંકડો કે હજારો વર્ષથી અગ્નિ, સૂર્ય, સવિતા, પૂષા, સ્વાહા, પછી વિષ્ણુ ઇત્યાદિના મંત્રો નિયમિત વહેલી સવારે અને સાંજે ઘરોઘર બોલાતા જ. પરંતુ, જો કે આ સ્તોત્રોમાં દેવ-દેવીઓનાં સુંદર વર્ણન આવે છે, છતાં એમની આકૃતિઓ સામે રાખીને પછી આ મંત્રો બોલાતા એવો પુરાવો હજુ મળ્યો નથી.

બેશક, કાચી કે પાકી માટીની ઢીંગલીઓ-જેવી કે ઈનામગામમાં મળી છે, તેવી બનાવી એની પૂજા-અર્ચા થતી હશે.

---

1 Allan J. *Catalogue of Coins in the British Museum*, London, 1936, p. XXII.

ભારતમાં મૂર્તિપૂજાના વિકાસમાં જો ખરેખરો ફાળો આપ્યો હોય તો ઈન્ડોગ્રીક, કુશાણુ અને શકોએ. શરૂઆતમાં ગ્રીક દેવ–દેવીઓ જેવા કે જિયસ ( zeus ), સાયકી ( psyche ), પેલાસ ( pallas ), હેરેક્લિસ ( Heracles )ની આકૃતિઓ એમના સોના અને તાંબાના સિક્કાઓ પર દર્શાવતા.

ભારતના પ્રાચીન ઇતિહાસ અને ખાસ કરીને નાણુાશાસ્ત્રોના ઇતિહાસના અભ્યાસુઓએ જેવા કે–ડૉ. જિતેન્દ્રનાથ બેનર્જીએ એમના પુસ્તક Developement of Hindu Iconog-raphsમાં આનાં દૃષ્ટાંતો આપી, શિવ, વિષ્ણુ, સૂર્ય, ઉમા–પાર્વતી, લક્ષ્મી, સરસ્વતીની આકૃતિઓ ક્યારે અને કયા પરદેશી રાજાઓએ પાડી તેની નોંધ કરી હતી. જ્યારે નાણુાશાસ્ત્રીઓ (Allan), બ્રાઉન (Brown) અને આપણા પરમેશ્વરીલાલ ગુપ્તાએ જે કંઈ નવી શોધ કરી છે, તેનો ઉલ્લેખ એમના ‘ભારતના સિક્કા’ નામના પુસ્તકમાં કર્યો છે. ( જુઓ ચિત્ર નં. ૮ )

વળી છેલ્લાં પાંચ–છ વર્ષમાં કૃષ્ણુ–વાસુદેવ, સંકર્ષણુ, ગણેશના સિક્કા અફગાનિસ્તાનમાં મળ્યા છે, તેનું પણુ આ લેખમાં વિવેચન કર્યું છે.

આમ જે જે દેવ–દેવીઓને હિંદુઓ પૂજે તે બધાને મૂર્તિનું સ્વરૂપ આપનાર આ પરદેશીઓ હતા. આમાં હજુ રામ–સીતા, હનુમાનનો આપણે સમાવેશ કરી શકતા નથી. જો આ મારો નિષ્કર્ષ ખરો પડે તો આપણે માનવું રહ્યું કે આ ત્રણેની પૂજા ઈ. સ.ના ચોથા–પાંચમા સૈકામાં શરૂ થઈ. આ નિષ્કર્ષ સ્વતંત્ર રીતે મારા રામાયણના ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસે સૂચવ્યો છે.[1]

પ્રારંભમાં ચાર–પાંચ દેવ–દેવીઓ–શિવ, ઉમા, સૂર્ય, લક્ષ્મી પૂજાતાં. આમાં પહેલાં પહેલાં બુદ્ધને સ્થાન આપ્યું, એટલું જ નહિ, પણુ પોતાના સોનાના સિક્કાની એક બાજુ બુદ્ધની ઊભી મૂર્તિ પણ છપાવી, અને એને “ બોદો ” ( બુદ્ધ ) નામથી સંબોધી.

ગુજરાતી વાચકો આ પુરાવાનો પોતાને જરૂર પડતો ઉપયોગ કરી શકે એ હેતુથી બધા જ મહત્ત્વના ઉલ્લેખો મારા અંગ્રેજી લેખોમાંથી ઉદ્ધૃત કર્યા છે.

સૌથી પહેલાં ગ્રીક રાજાઓ બેક્ટ્રીઆ ( બલ્ખ, જે અફગાનિસ્તાનની પેલી ગમ છે ) ત્યાં રાજ્ય કરતા હતા. એમના રાજા સેલ્યુકસે પોતાના સિક્કા પર એલેકઝાન્ડરને ગ્રીક દેવ ઝિયસ ( Zeas ) તરીકે દર્શાવ્યો. આ વંશના સૌથી છેલ્લા રાજા પેન્ટલિઓને, સિક્કાની એક બાજુ સ્ત્રીની આકૃતિ પાડી, અને બ્રાહ્મી લિપિમાં ‘ રાજને પટલવષે ”[2] શબ્દો કોરાવ્યા. બીજા સિક્કાઓમાં સમુદ્રના દેવ, “ પોસાઈડોન ”[3] અને “ એપોલો ” અને

---

1 Sankalia, H. D., *Ramayana* in *Historical Perspective*, Macmillan, Delhi, 1982.

2 Gupta, P. C., *Coins of India*, National Book Trust, p. 206; Pl. II, 36.

૩ આની બહુ જ સુંદર, કાંસ્યમૂર્તિ કોલ્હાપુરના ખોદકામમાં મળી છે, જ્યારે દેવનીમોરીના ખોદકામમાં “ એટલાસ ” દેવની મૂર્તિ મળી છે.

એના પર હેલઓકિલસ અને લાઓડિકા " દેવ-દેવીની આકૃતિઓ પાડી.[1] ત્યાર પછીના સ્ટ્રારો અને હર્મીયસના સિક્કાઓ પર ઝિયસ ( Zeus ) અને પેલાસ ( Pallas )ની આકૃતિઓ છે.

ગ્રીકો પછી શક, અને પાર્થિઅન રાજાઓએ બહુ મહત્ત્વના ફેરફાર કર્યા. એમના પહેલાં રાજા ( Maues ), એના સિક્કા પર હાથીને એની સૂંઢ ઊંચી કરતો બતાવ્યો, જ્યારે બીજામાં ઉપર પલાંઠી વાળીને બેઠેલો જોવામાં આવે છે.[2] એઝિલિયસના એક સિક્કા પર હાથી સૂંઢ વડે એક દેવીના ઉપર પાણી છાંટતો બતાવ્યો છે.[3] લક્ષ્મીદેવીનો અભિષેક બતાવતું આ જૂનામાં જૂનું આલેખન છે.

વેમકડફિસના સોનાના સિક્કા પર રાજાને એક હાથમાં 'શક્તિ' ધરતા આસન પર બેઠેલા, જ્યારે બીજી બાજુ એક હાથમાં ત્રિશૂલ ધારણ કરતા શિવ અને સામે વૃષભ બતાવ્યા છે.[4]

કનિષ્કના બીજા એક સોનાના સિક્કા પર દાઢીવાળા ઈરાની દેવ 'અયેસો' ઈરાની ભાષામાં છે.[5]

કનિષ્કના અન્ય સોનાના અને તાંબાના સિક્કા પર એક બાજુ બુદ્ધને ઊભા, પૂર્ણ પગ સુધી સંધાતી ( ઝભ્ભા ) સાથે અને એમને 'બોદ્ધા' તરીકે સંબોધતા શબ્દો છે, જ્યારે તાંબાના સિક્કા પર બુદ્ધ પદ્માસનમાં બેઠેલા છે.[6*]

આવી રીતે પહેલાં ગાંધાર પછી પંજાબ અને ઉત્તર પ્રદેશના ભારતીઓને ગ્રીક દેવ-દેવીઓ-Zeus, Herakles, Poseidin એમના ગુપ્ય attributes સાથે જોવામાં આવ્યા. અને આનું અનુકરણ ધીરે ધીરે ભારતમાં થવા લાગ્યું. ( જુઓ ચિત્ર નં. ૭ )

---

1 Gupta, *op. cit.*, p. 206, Pl. III, 37–41.

2 *Ibid.*, p. 207, Pl. V, 49.

3 *Ibid.*, Pl. VI, 56.

4 Gupta, Pl. VI, p. 55.

5 *Ibid.*. p. 209, Pl. VII, 68–69, Brown, Pl. IV, 4.

6 *Ibid.*, p. 210, Pl. IX, 91.

* જો ક્રીબ ( Joe cribb ) કુષાણ રાજા કનિષ્કના સોનાના અને કાંસાના સિક્કાઓ કરતાં માલૂમ પડયું કે કનિષ્કે બુદ્ધની એક જ પ્રકારની ઊભી મૂર્તિ-એના સોનાના સિક્કા પર છાપી ન હતી. આ મૂર્તિ ઉપરાંત એમનામાં પાંચ પ્રકારની ઊભી અને ત્રણ પ્રકારની બેઠેલી આસન પર પદ્માસનમાં અને અભયમુદ્રામાં અને વિવિધ પ્રભામંડલવાળી મૂર્તિઓ મળી આવી.

આ હકીકત હમણાં જ મારા જાણવામાં આવી.

( Alpchin, Bridgel [ Ed. ]; South Asian Archaeology–1981. cambridge University, cambridge, 1984 ).

ગ્રીકો પણ ધીરે ધીરે ભારતીય જેવા થવા લાગ્યા હતા. એમના રાજાઓ આપણી માફક પદ્માસન–કે સાદા આસનમાં બેઠેલા જોવામાં આવે છે. કનિષ્કે તો પૂર્ણપણે બૌદ્ધ ધર્મનો આવિષ્કાર કર્યો હતો. અને તેથી જ પુષ્કલાવતી (હમણાનું ચારસદ્દા)માં ભવ્ય સ્તૂપ બાંધ્યો અને એમાં બુદ્ધનું આખુંયે જીવનચરિત્ર–બાળપણથી તે છેક મહાનિર્વાણ સુધી શિલ્પમાં દર્શાવ્યું.[1] આવા ભવ્ય અને એશિયામાં મોટામાં મોટા સ્તૂપને જોવા અસંખ્ય યાત્રીઓ, મધ્ય એશિયા, પૂર્વ એશિયા અને દક્ષિણ–પૂર્વ એશિયા–ચીન, જાપાન, કોરિઆથી આવવા લાગ્યા.

ગ્રીક અને શકોનો મૂર્તિપૂજામાં આવો મોટો ફાળો હોવા છતાં આપણે બેધડક ન કહી શકીએ કે ગ્રીકો અને શકોએ જ મૂર્તિપૂજા ભારતમાં દાખલ કરી, કારણ કે ઉત્તર ભારતમાં મૌર્યો પછી 'ઉજ્જૈયિની' નામથી ઓળખાતા તાંબાના સિક્કા પર એકબાજુ એક દેવતા, એક હાથમાં દણ્ડ અને બીજા હાથમાં એક પાત્ર લઈને ઊભેલા જોવામાં આવે છે. બળી પુષ્કલાવતીમાંથી મળેલા એક સોનાના સિક્કા પર એક બાજુ એક સ્ત્રી જમણા હાથમાં કંઈ ધારણ કરતી, માથા પર અને ખરોષ્ટી લિપિમાં પુષ્કલાવતી 'દેવતા' એમ શબ્દો છે. આનો અર્થ એમ થાય કે ગ્રીકો આ પ્રદેશ પર રાજ્ય કરતા પહેલાં દરેક મહત્ત્વના નગરોના દેવ–દેવીઓ અને આવી જ રીતે આ પ્રદેશમાં જે સ્વતંત્ર ગણો રહેતા હતા તેમના દરેકનાં દેવ–દેવીઓ હતાં. જેવા કે ઔદુમ્બરો એક તાંબાના સિક્કા પર "રાણા રુદ્રદાસ, મહાદેવસ" અને બીજી બાજુ એક ઘુમટવાળું મંદિર અને એની બાજુમાં ત્રિશૂલ બતાવ્યું છે. અને જેવું બ્રાહ્મી લિપિમાં લખેલું છે, તેવી જ રીતે ખરોષ્ટી લિપિમાં "રુદ્રદાસ, મહાદેવસ," લખેલું છે. શૈવ ધર્મ–મૂર્તિપૂજાનાં આ ખરેખરાં ચિહ્નો છે.

આમ મૂર્તિપૂજાના ઉદ્‌ભવ વિષે ભારતમાં જ આવો પુરાવો મળે છે, છતાં મુખ્ય કારણો તો 'ગ્રીક અને ઈરાની સંસ્કૃતિઓ હતી. ઉપર જણાવ્યા મુજબ શકોએ ગ્રીક દેવ–દેવીઓને બદલે ધીરે ધીરે ઈરાની દેવ–દેવીઓને જેવાં કે મિહિર (સૂર્ય), માઓ (ચન્દ્ર), વાડો (વાયુ), અથસો (અગ્નિ) અને અક્ષો (લક્ષ્મી)ના જેવી જ એક દેવી અપનાવ્યાં હતાં.

કનિષ્ક પછી હુવિષ્ક શિવ સાથે એમનાં પત્ની ઉમા–જે અસલ પરદેશી 'નન્ના' છે, એમને એમના સિક્કા પર દર્શાવ્યાં. (જુઓ ચિત્ર ૯) આમાં મિસરદેશના હોરુસને લીધા–જે પછી ગ્રીક દેવતા હાર્પોક્રિટસ (Harpocratus)માં અનુકરણ થયું અને આમાંથી રોમન–બાળક દેવ પુટ્ટો (putto)નો જન્મ થયો. (જુઓ ચિત્ર ૨૦) અને આનું જ અનુકરણ ભારતમાં કરવામાં આવ્યું. હુવિષ્કે કાર્તિકેય અને એનાં ત્રણેક નામો સ્કન્દ, કુમાર અને વિશાખા સાથે પાડ્યાં છે. એના પછી વાસુદેવે 'નન્ના' અને 'શિવ'ને જ પસંદ કર્યાં હતા.

સિક્કાઓની સહાયથી ઈ. સ. પૂર્વે ૪૦૦–૫૦૦થી મૂર્તિપૂજા કેવી રીતે શરૂ થઈ, એમાં પરદેશી સંસ્કૃતિઓના સંપર્કે કેટલો ભાગ ભજવ્યો અને કેટલી સ્થાયી સંસ્કૃતિઓમાં જ એનાં મૂળ હતાં, તે આપણે ટૂંકમાં જોયું (જુઓ ચિત્ર નં. ૧૦) એ હવે બધા મુખ્ય દેવો–શિવ, વિષ્ણુ, સૂર્ય ઈત્યાદિ દેવોની મૂર્તિઓ ક્યારથી ઉપલબ્ધ થાય છે તે જોઈએ.

1 Fidaulla, Seprai, *Buddha Story in the Peshawar Museum,* અને સાંકળિયા, "શિલ્પમાં ભગવાન બુદ્ધની જીવનકથા", **પથિક,** અંક ૧૨, ૧૯૮૩, પા. ૧૭–૨૦.

**શિવ :**

હમણાં શિવપૂજા મુખ્યત્વે લિંગરૂપે, અને એની સામે પોઠિયો–આખા ભારતમાં પ્રચલિત છે. આ લિંગ અને પોઠિયો, ઉપરાંત નાના કે મોટા ગર્ભગૃહ પર, નાનું કે મોટું શિખર હોય છે. આ એક દૃષ્ટાંત દર્શાવે છે કે જેને આપણે અંગ્રેજીમાં ' Brahmanism ' કહીએ છીએ, તે આપણા સમાજના એકએક થરમાં પ્રસર્યું છે. આનાં મૂળ હજારો વર્ષ–ઓછામાં ઓછાં ૫૦૦૦–૬૦૦૦ વર્ષ જૂનાં છે. આમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે પોતાના ઇષ્ટદેવ શિવને હંમેશ માનવ–સ્વરૂપમાં બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી. જ્યારે ૧૯૩૨–૩૩માં મોહન–જો–દડો અને હડપ્પામાં વિસ્તીર્ણ પ્રમાણમાં ખોદકામ થયું અને ત્યાં નગરો, મકાનો, ધોરીમાર્ગો, ગલીઓ, ઉપરાંત અસંખ્ય જાતજાતનાં માટીનાં વાસણો, અને સ્ટીએટાઈટ નામના નરમ પત્થરમાંથી બનાવેલી મુદ્રાઓ મળી હતી. તેમાં એક મનુષ્ય પદ્માસનમાં ઊર્ધ્વલિંગ છે અને આસપાસ વાઘ, બળદ જેવાં પ્રાણીઓ બેઠેલાં છે. મનુષ્યના માથાપર વાંકાં શિંગડાં છે. ( જુઓ ચિત્ર નં. ૧૨ )

આવી ત્રણ મુદ્રાઓ છે.[૧] તેમાંથી એક ઉત્તમ છે. માર્શલે તરત જ મત પ્રદર્શિત કર્યો કે આ શિવ–પશુપતિ છે. અને સિંધ–પંજાબના પ્રાગૈતિહાસિક નાગરિકો શિવ–પૂજકો હોવા જોઈએ, જોકે હજુ આ બે નગરોમાં કે ત્યાર પછી ખોદાયેલા કાલિબન્ગન, લોથલ ઇત્યાદિ સ્થળોએ કોઈ મંદિર જેવું મકાન શોધાયું નથી. હજુ આવા મંદિરના અવશેષ શોધવાના પ્રયત્ન થયા નથી. એ તો ત્યારે જ શોધાય કે જ્યારે ખોદકામ બહુ અનુભવી, વિદ્વાનો કરે તો જ કદાચ મળે. અહીં એટલું પણ નોંધવું જોઈએ કે લોથલ, કાલિબન્ગન ઇત્યાદિ સ્થળોએ આવી મુદ્રાઓ મળી નથી. બે–ત્રણ લિંગાકાર પત્થરો હડપ્પામાં મળ્યા છે, પરંતુ તે છૂટાછવાયા હોવાથી આ પત્થરો લિંગોના અવશેષો છે કે નહીં તે નિશ્ચિત કહી શકાતું નથી.[૨]

હમણાં તો જે ત્રણ મુદ્રાઓ મળી છે તેના પરથી એટલું તારવી શકાય કે શિવ–પશુપતિની પૂજા થતી હોવી જોઈએ. આ મુદ્રાઓ પર, જેમ હમણાં ભક્તો આજુબાજુ ઊભા રહી નમન કરે, તેમ પશુઓ અને માનવો ઊભેલાં છે. જો કે અન્ય સ્થળોએ આવી મુદ્રાઓ મળી નથી, તો પણ શિંગડાંવાળી આકૃતિઓ સિંધમાં કોટદિજી નામના સ્થળે અને કાશ્મીરમાં પણ એક માટીના વાસણ પર ચિતરેલ છે.

આ સમય એટલે ઇ. સ. પૂર્વે ૨૫૦૦–૩૦૦ પછી શિવને મૂર્તિરૂપે પૂજવાનો કોઈ પુરાવો મળતો નથી. અમારા ઇનામગામમાં જે પુરાવો મળ્યો છે તે દેવીને પૂજવાનો છે.

આ સમય બાદ જે પુરાવો મળે છે તે સિક્કાઓ જ પૂરો પાડે છે–જેવા કે Punch-Marked અને cast, તેમ જ ગણો : પાંચાલ, યૌધેય, ઈત્યાદિ અને પરદેશી–ગ્રીક, શક,

1 Marshall, *Mohenjodaro and the Indus Civilization,* Pl. III, Pl. CXVIII, 11.

2 આ બધાનું એકત્રિત ચિત્ર, Lal, B. B., and Gupta, S. P., *Indus Civilization*માં G. F. Dales " Sex and stone at Mohenjodaro ", p. 110, Fig. 12માં આપેલું છે.

કુષાણ, રાજાઓના સિક્કાના આધારે કાલાનુક્રમે અને પ્રદેશવાર આપ્યો છે. એટલે વાચકોને ઉતરભારતમાં ક્યાં, ક્યાં અને કેવી રીતે મળે છે, તેનો કંઈક ખ્યાલ આવે.

## સિક્કા પર શિવમૂર્તિ:

ઉપર કહ્યું તેમ ભારતના જૂનામાં જૂના સિક્કા જેના પર શિવની મૂર્તિ નહિ પણ એમનાં પ્રતીકો (symbols), જેવાં કે લિંગ, અથવા એક ટેકરી અને એના પર છત્ર, ઉજ્જૈનમાંથી મળેલાં, અને "ઉજ્જૈયની" નામથી જાણીતા સિક્કા પર મળે છે. એક સિક્કા પર શિવલિંગને આસન પર રાખી ચારે બાજુ વાડ બાંધેલી છે.[1]

બીજા તાંબાના ચોખંડા સિક્કા પર એક બાજુ ઉપર એક દેવ ઊભેલા છે. એના હાથમાં દંડ છે, અને બીજા એક હાથમાં વાસણ છે. એની જમણી બાજુ એક વાડમાં ઝાડ છે, અને છ હાથવાળું ચિહ્ન છે. બીજા સિક્કા પર મૂર્તિ ત્રણ માથાવાળી છે. આ કાર્તિકેયની મૂર્તિ પણ હોય એમ શંકા થાય.[2]

બીજા એક દૃષ્ટાંતમાં, પાંચાલના સિક્કા પર, વાડની મધ્યમાં ત્રિશૂળ રાખવામાં આવ્યું છે. એની બાજુ પર થાભલા બનાવ્યા છે, જેમાં "રુદ્રગુપ્ત" બ્રાહ્મીમાં કોતરેલું છે.[3]

શિવપૂજાનો આ તદ્દન અસંદિગ્ધ પુરાવો છે. સૌથી જૂના બ્રાહ્મી શિલાલેખોમાં આવાં નામો જેમાં 'ગુપ્ત', 'રક્ષિત' ઉપપદો હંમેશ આવે છે, તે નામો એ સમયમાં પ્રચલિત પંથો અને દેવોનાં નામનો સારો ખ્યાલ આપે છે.[4]

શિવને મૂર્તિરૂપે પૂજવામાં સૌથી મહત્ત્વનો ભાગ ગ્રીક અને શક રાજાઓએ ભજવ્યો. ગોન્ડોફારસ, કડફિસસ, અને માવસના સિક્કાઓ પર શિવને એક હાથમાં લાંબું ત્રિશૂળ, ચર્મ, જ્યારે બીજા હાથમાં પાત્ર, અને જટા કરેલા બતાવ્યા છે.[5]

કનિષ્ક અને હુવિષ્કના સિક્કા પર શિવને બે હાથ અને ચાર હાથવાળા, અને જુદાં વિશિષ્ટ ચિહ્ના ધારણ કરેલા બતાવ્યા છે.[6] (જુઓ ચિત્ર નં. ૧૧)

શિવનું અંતિમ સ્વરૂપ ત્રિમૂર્તિરૂપે ચારસદ્દા (પ્રાચીન પુષ્કલાવતી) પાસે ટ્રેવરટાઈન

---

1 Allan, *Coins of Ancient India*, P. 85, Pl. XI, 2, and Banerjea op. cit, p. 114, Pl I, 5.

2 Gupta, *op. cit.*, p. 35, Pl. IX, 11.

3 Allan, op cit., Pl. XXVII, 2; Banerjea, op. cit. p. 115

4 See Sankalia, H. D., *Bulletin Daccan College Research Institute* Pl. III, (1941), pp. 349–91.

5 Banergea, *op. at.*, Pl. I, 19, and p. 123.

6 *Ibid.*, p. 123, Pl. XI, 15–17.

નામના પત્થરમાંથી બનાવેલી મૂર્તિ છે.[૧] આ મૂર્તિ લગભગ સાત ઈંચ જ કદમાં, પરંતુ આમાં એક બાજુ બ્રહ્મા, બીજી બાજુ વિષ્ણુ અને વચમાં શિવ છે.[૨] (જુઓ ચિત્ર નં. ૨૩, આ અંકના પાછલા પૂઠા ઉપર)

શિવનું બહુ જ આકર્ષક અને કલામય સ્વરૂપ સિરકપ (તક્ષશિલા) પાસેથી મળેલી મુદ્રા છે.[3] આ એક શિવના ઉપાસકની છે. એમાં બ્રાહ્મી અને ખરોષ્ટીમાં એનું નામ 'શિવ–રક્ષિત' કોતરેલું છે.[૪] આ મુદ્રામાં અંકિત સ્વરૂપ ખાસ નોંધવાલાયક છે, કારણ આમાં ગ્રીક અને હિન્દુ પ્રથાઓ–જેવી કે આબેહૂબ અવયવો અને વસ્ત્ર નિરૂપણ–નું ઉત્તમ મિશ્રણ જોવા મળે છે.[૫]

ત્યાર પછી કનિષ્ક અને હુવિષ્કના સિક્કાઓમાં શિવને અનેક માથાંવાળા બનાવ્યા છે, જ્યારે બીજા એક સિક્કામાં પુરુષઆકૃતિને 'ભવેશ', અને સ્ત્રીઆકૃતિને "ઉમ્મુ" (ઉમા) તરીકે વર્ણવ્યાં છે.

આમ ગ્રીક, શક, અને કુષાણોએ શિવને મૂર્તિરૂપે પ્રજામાં લોકમાન્ય કર્યા, તેથી ચીની મુસાફરો કહે છે કે ગાન્ધાર (અફગાનિસ્તાન)માં શિવ–પાર્વતીપૂજા બહુ પ્રચલિત હતી.

ઉપર જણાવ્યું તેમ તળભારતમાં ઉજ્જૈન જ 'મહાકાળ' તરીકે શિવના યાત્રાસ્થળ તરીકે પ્રખ્યાત હતું. ત્યાં 'ઉજ્જૈન' સિક્કા પર શિવને બતાવ્યા છે.

સિંધમાંથી શિવપૂજાનો કોઈ પુરાવો મળ્યો નથી. ખરી રીતે મેળવવાનો પ્રયત્ન જ થયો નથી. પરંતુ અહીં પ્રાચીનમાં પ્રાચીન શિવની મૂર્તિપૂજા વિષે પુરાવો મળવાનો સંભવ છે.

શિવની પૂજા બહુ જ પ્રાચીન છે, એમ પશ્ચિમ એશિઆમાં બોગાઝકુઈ, જ્યાં વૈદિક દેવો–મિત્રા વરુણ, નાસત્ય–ને બે રાજાઓની વચ્ચે સુલેહના કરારસંબંધી સાક્ષીઓ તરીકે હાજર રહ્યા હતા, ત્યાં પાસે જ એક ગુફામાં ૬૬ દેવદેવીઓનું એક જૂથ કે સરઘસ કોતર્યું છે. બરાબર મધ્યમાં એક દેવ અને દેવી, એક એકના હાથ ઝાલી, એમનાં આયુધો અને ચિહ્નો સાથે બતાવ્યાં છે. બરાબર મધ્યમાં એક દેવને અને દેવીને "હેવટ" તરીકે ઓળખાવ્યાં છે. આ યુગલને "શવુણ" નામનો પુત્ર છે. આ ત્રણે શિવ–પાર્વતી અને કાર્તિકેયનાં આદિસ્વરૂપ છે એમ નિરોદ ચૌધરી માને છે.[૬]

---

1 Banerjea, op. cit, p. 124, Archacological Survey of India, *Annual Report* (ASI, AR), 1913–14, pp. 276–80, pl. LXXII.

૨ ચિત્ર નં. ૨૩, જુઓ આ અંકના પાછલા પુઠા ઉપર.

3 Banerjea, *op. cit.*, p. 124, Pl. XI, 7 and *Archaeological Survey of India, Annual Report*, 1913–14, pp. 276–80, Pl. LXXII.

4 Banerjea *op. cit.*, pp. 126–27.

5 *Ibid.*, p. 117; Pl. I, 13.

6 Sarma, J. K., *Development of Early Saiva Art and Architecture*, Delhi, 1982, p. 22.

### ગણેશ :

ઉપલબ્ધ પુરાવા પ્રમાણે અમે એમ માનતા હતા કે ગણેશની મૂર્તિ ઇત્યાદિ ઈ. સ.ના ચોથા-પાંચમા સૈકામાં પ્રચલિત થઈ. શિલાલેખો, તામ્રપત્રો અને પ્રાચીનમાં પ્રાચીન હસ્તલિખિત પોથીઓમાં ' ૐ ગણેશાય નમ: ' એવાં પ્રારંભિક વાક્યો ઈ. સ.ની સાતમી સદીથી મળે છે.

પરંતુ આ માન્યતાને ધક્કો પહોંચાડતો અફઘાનિસ્તાનમાંથી મળેલો ગ્રીક રાજા હર્મિયસનો સિક્કો છે. (જુઓ ચિત્ર ૧૫) એક બાજુ રાજાનું એના diadem મુકુટ, વક્ષસ્થળ સાથે bust અને બીજી બાજુ હાથીના માથા અને સૂંઢવાળી પુરુષઆકૃતિ દેખાય છે. આ સિક્કો સૌથી પ્રથમ વારાણસીના પ્રાધ્યાપક ડૉ. નારાયણે અફઘાનિસ્તાનમાં જોયો. ત્યાર પછી એમને અને અન્ય વિદ્વાનોને કંઈ મતભેદ પડ્યો. આ બધા મતભેદો હમણાં જ પ્રકાશિત થયેલા આ વિષયને લગતા જ ત્રૈમાસિકમાં આપેલા છે. ચર્ચા પછી તંત્રીઓનો સ્પષ્ટ મત છે કે આ સિક્કા પર ગણેશને આલેખ્યા છે.[1] ટૂંકમાં વાસુદેવ-સંકર્ષણ અને શિવની માફક ગણેશની સૌથી પહેલી મૂર્તિ, ગ્રીક રાજાઓએ પ્રચલિત કરી એમ માનવું રહ્યું.

## વિષ્ણુ

### કૃષ્ણ-બળદેવ :

અત્યાર સુધી વિષ્ણુના કે એની પૂજા સંબંધી કોઈ સિક્કા મળ્યા ન હતા. પરંતુ હમણાં જ (૧૯૭૦માં અફગાનિસ્તાનમાં ખોદકામ કરતાં ૬૮૨ સિક્કાઓનો એક જથ્થો ઔ. ખાનુમમાં મળી આવ્યો. આ સ્થળ રશિયા અને અફગાનિસ્તાનની સરહદ પર છે. આ જથ્થામાં ૬૭૬ Punch-marked અને બીજા કેટલાક સિક્કાઓ હતા. આમાં છ સિક્કા ઇન્ડોગ્રીક રાજા એગાથોક્લિસ ( Agathocles )ના છે. આનો સમય આશરે ઈ. સ. પૂર્વે ૧૮૦-૧૬૫ મનાય છે. આ બધા સિક્કા કાંસ્યના અને ચોખણ્ડા છે. એની એક બાજુ ગ્રીકલિપિમાં, અને બીજી બાજુએ બ્રાહ્મીમાં જમણી બાજુ " રજને " અને ડાબી બાજુએ " અગથુક્લયેસ " છાપેલું છે અને વધારેમાં એક બાજુ (obverse), અને બીજી બાજુ ( Reverse ) એ બે પુરુષ-આકૃતિઓ ઊભી બતાવી છે. આમાં બંનેએ ઘૂંટણ સુધી ધોતિયું, અને ખભા ઉપર ઉત્તરીય, જેના છેડા વાળેલા હાથ પર પડેલા છે, બંને પુરુષોની છાતી ઉઘાડી છે, અને કાનમાં મોટાં કુંડલો પહેરેલાં છે. પગમાં બુટ, જેનો આગળનો ( અંગુઠાવાળો ) ભાગ વાળેલો છે. માથા ઉપર મુકુટ જેવું કંઈ પહેર્યું છે. એક પુરુષના હાથમાં ચક્ર અને લંબગોળ વાસણ, જ્યારે બીજાના હાથમાં ' ગદા ' અને ' અંકુશ ' કે ' હળ 'ના જેવું કંઈ એમ આયુધો છે. ( જુઓ ચિત્ર નં. ૧૬ )

ડૉ. અનંત કૃષ્ણ નારાયણ-જેણે સિક્કાઓનો ખાસ અભ્યાસ કરેલો છે, તેમની માન્યતા પ્રમાણે ચક્ર ધારણ કરનાર વાસુદેવ ( કૃષ્ણ ) અને બીજી પુરુષાકૃતિ બળરામની છે.[2] ( જુઓ ચિત્ર નં. ૧૭ )

1 *Numismatic Supplement Digest*, Pl. VI, 1982–83, pp. 26–33.

2 Narain, A. K., " Two Hindu Divinities on the coins of Agathocles from Al, Khanum " Journal Numismatic society, Pl. XXXV, 1973 pp. 73–77, Pl. VII.

મારી સમજ પ્રમાણે બંને પુરુષોએ ધોતિયું નહિ, પણ પઠાણ લોકો પહેરે છે એવા પાયજામા પહેર્યા છે. બુટ પણ મધ્ય એશિઆના જેવા–હજુ મારવાડ તરફ આવા જ જોડા પહેરાય છે તે પહેર્યા છે.

ગમે તેમ હો પ્રાધ્યાપક નારાયણના કહેવા પ્રમાણે કૃષ્ણ–વાસુદેવની પૂજાનો આ જૂનામાં જૂનો મૂર્તિરૂપ પુરાવો છે, જ્યારે નગરી ( ચિતોડ ), બેસનગર ( ભોપાલ ), અને નાણેઘાટ ( જુન્નર ) નારાયણ વાસુદેવની પૂજાનો લેખિત પુરાવો આપે છે.

ભારતમાં પાંચાલના સિક્કા ઉપરાંત બેસનગર ( વિદિશા ), નગરી ( ચિતોડ ) અને નાણેઘાટના શિલાલેખો નિર્વિવાદ પુરવાર કરે છે કે ઈ. સ. પૂર્વ એક બે શતકો પહેલાં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં વિષ્ણુની પૂજા પ્રચલિત હતી. વળી નગરી અને બેસનગરમાં જે અવશેષો હજુ રહ્યા છે, તેના પરથી નિશ્ચિત કહી શકાય કે આ બે સ્થળે વિષ્ણુ ( સંકર્ષણ વાસુદેવ )નાં નાનાં મંદિરો પણ હતાં.

પંજાબમાંથી વિષ્ણુમિત્રનો જે સિક્કો મળ્યો છે, તે બહુ નાનો છે. તેને બે હાથ છે કે ચાર તે પણ સ્પષ્ટ નથી. ડૉ. બેનર્જીનું માનવું હતું કે આ સિક્કા પર જે આયુધોનાં ચિહ્નો છે, તે શિવનાં આયુધો જેવાં લાગે છે.[1]

વિષ્ણુપૂજાનો વધારે ખાત્રીદાયક પુરાવો બેસાર્હ, મુઝફરપુર, ઉત્તરપ્રદેશના ઉત્ખનનમાંથી મળેલી મુદ્રાઓ આપે છે. અહીં ૧૯૦૩માં બ્લોક ( Bloch ) અને ૧૯૧૧–૧૨માં માર્શલે ખોદકામ કર્યું હતું. ૧૯૦૩માં મળેલી મુદ્રા પર 'શ્રી વિષ્ણુપાદ સ્વામિનારાયણ' કોતરેલું છે[2] આ ઘણુંખરું ગયાના સુવિખ્યાત મંદિરને લગતો ઉલ્લેખ છે.

બસાર્હમાંની મુદ્રાઓમાં મુદ્રાઓ ૫૪ અને ૬૬ બહુ જ મહત્ત્વની છે. આમાં વરાહ અને નૃસિંહની જૂનામાં જૂની આકૃતિઓ જોવા મળે છે. નૃસિંહ લલિતાસનમાં એક ઊંચા આસન પર બેઠેલા છે.[3]

આ બધા પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે ઈસુના ચોથા શતકમાં વિષ્ણુની જુદા જુદા અવતારોરૂપે પૂજા થતી. ભારતમાં હમણાં જ પાંચ–છ વર્ષ પર વિષ્ણુની વાસુદેવ–કૃષ્ણરૂપે મૂર્તિ મલ્હારમાં મળી છે. મલ્હાર મધ્યપ્રદેશમાં બિલાસપુર જિલ્લામાં આવ્યું છે. ત્યાં પ્રારંભિક ખોદકામમાં ડૉ. કૃષ્ણદત્ત વાજપેયીને આ મૂર્તિ મળી.[4] ( જુઓ ચિત્ર ૧૮, આ અંકના ત્રીજા કવરપેજ ઉપર )

મૂર્તિ ભૂખરા રેતીના પત્થરમાંથી બનાવી છે. અને ૧.૬૭ મિટર ઊંચી છે.[5] આ જ

1 Banerjea, *op. cit.*, p. 130 Pl. X, 10.

2 *ASIAR*, 1903–04, p. 110–11 Pl. XL–3.

3 *ASIAR*, 1913–14, p. 126–27, Pl. XLVI; Banerjea, *op. cit.*, p. 189.

4 Bajpai, K. D., and Pandey, S. K. *Malhar*, Sagar, 1972, p. 27; Pl. 10.

૫ આ ચિત્ર અને વિગતો શ્રી. મધુસૂદન ઢાંકીએ વારાણસીની અમેરિકન ઇન્સ્ટિટ્યૂટમાંથી મોકલ્યાં છે. તેથી એમનો હું આભાર માનું છું.

સમયની મધ્યપ્રદેશમાંથી મળેલી યક્ષઆકૃતિઓ જેવી લાગે. શરીરના ઉપલા ભાગમાં કંઈ વસ્ત્ર જેવું લાગતું નથી. જ્યારે કમર નીચેનો ભાગ તાડપત્રમાંથી બનાવેલા વસ્ત્રથી વીંટેલો છે. આથી ગોપવેશનો કંઈ ખ્યાલ આવે. માથા પર ઊભી પારસી લોકો પહેરતા–એવી ટોપી કે એવું શિરચ્છાદન છે. મૂર્તિના જમણા હાથમાં ગદા જેવું લાંબુ આયુધ છે. આના પર બ્રાહ્મીમાં લેખ છે. ડાબા હાથમાં ચક્ર છે. બીજા બે હાથો શંખ જેવું કંઈ પકડી રહ્યા છે.

બ્રાહ્મી લેખ જણાવે છે કે આ મૂર્તિ ભારદ્વાજ નામની સ્ત્રીએ બનાવડાવી હતી.

ડૉ. વાજપેયી કહે છે તેમ આ અફઘાનિસ્તાનમાંથી મળેલા સિક્કા પર જેમ કૃષ્ણને મધ્યએશિયાની અસર લાગે છે, તેમ આ મૂર્તિ પર લાગે છે.

આ મૂર્તિથી ઉપર કહેલા વિધાનને પૂર્તિ મળે છે કે પ્રારંભમાં વિષ્ણુ મુખ્યત્વે વાસુદેવ તરીકે જ પૂજાતા.

પ્રારંભમાં વિષ્ણુની વાસુદેવરૂપે જ પૂજા થતી એમ લાગે છે. પાણિનિના અષ્ટાધ્યાયી અને એના પર પતંજલિની ટીકા–જેમાં વિષ્ણુના ભક્તોને 'વાસુદેવકા' ઓળખાવ્યા છે. તેના પરથી એમ લાગે છે કે વાસુદેવ–કૃષ્ણ (એટલે ગોકુલ–વૃંદાવન)ના કૃષ્ણની પૂજા થતી ન હતી.*

## લક્ષ્મી :

વિષ્ણુ ઇત્યાદિ આમ પરદેશી પ્રભાવ નીચે મૂર્તિમંત થયા છતાં લક્ષ્મી તો શુદ્ધ ભારતીય સ્વરૂપમાં ભારહૂત તેમ જ કૌશામ્બીના સ્તૂપોમાં બહુ સુંદર રીતે આલેખેલી છે.

## બાળકૃષ્ણ :

જો કે હજુ વિષ્ણુનું બાળકૃષ્ણરૂપે મંદિર મળ્યું નથી, છતાં એમ લાગે છે કે વિષ્ણુની આ રૂપે પૂજા ભારતના રોમ સાથે ઈ. સ.ના પહેલા શતકોમાં વ્યાપારને લીધે સંપર્ક વધ્યો ત્યારથી પ્રચલિત થઈ.

આજથી લગભગ ૨૫ વર્ષ અમારા નેવાસાના ખોદકામમાં કેઓલિન (kaoline) નામની માટીમાંથી બનાવેલાં નાના બાળકોનાં શિલ્પો મળ્યાં. એમાં એક બાળકનું શિલ્પ હતું. તેથી મેં એને 'નેવાસાનો હસતો બાળક' એવું નામ આપ્યું હતું.[૧] (જુઓ ચિત્ર નં. ૧૯)

ત્યાર પછી ઉસ્માનાબાદ જિલ્લામાં તેર (પ્રાચીન નગર) અને અન્યત્ર આવાં બાળકોનાં શિલ્પો ખોદકામમાંથી મળ્યાં.[૨]

---

* વૃન્દાવનના વાસુદેવનો ઉલ્લેખ કરતો ઈંટ ઉપરનો ઉત્કીર્ણ લેખ સી. બી. મિશ્રાએ 'પ્રાચ્ય-પ્રતિભા' (વૉલ્યૂમ-૧૧ અંક ૧–૨, ૧૯૮૦, પૃ. ૧૯, પ્લેટ ૧૩-૧૪)માં પ્રકાશિત કર્યો છે.

1 Sankalia, H. D. and others, *From History to Prehistory at Nevasa*, Poona, 1960, p. 2107, Fig. 183–84.

2 *Indian Archaeology–A Review.*

આ હસતાં બાળકો ઘણુંખરું બહુ જ આકર્ષક ગ્રીક પુટ્ટોનું અનુકરણ લાગે છે. અને પુટ્ટો હોર્પોક્રિટસ નામના ગ્રીક દેવનું જ્યારે હાર્પોક્રિટસ ઇજિપ્તના અતિપ્રાચીન હોરસ (Horas) નામના દેવનું અનુકરણ માનવામાં આવે છે.

આ પુટ્ટોનું શિલ્પ પ્રાધ્યાપક જેકોબીને ઇટાલિમાં એક ગુફામાં બીજાં શિલ્પો સાથે મળ્યું હતું.[1]

## લક્ષ્મી :

પરદેશી રાજાઓ ઝિયસ (zeus) અને અઝિલિસસના સિક્કાઓ પર 'લક્ષ્મી' પ્રથમ જ જોવામાં આવે છે, જો કે આને ગ્રીકદેવી 'અર્દેલિસો' તરીકે વર્ણવી છે.[2]

અન્યત્ર કમળ પર ઊભેલી, પરંતુ હાથ વગર જોવામાં આવતી આકૃતિ દુર્ગાની પણ હોય. આમ હોય તો દુર્ગા-સિંહવાહિનીની આ જૂનામાં જૂની આકૃતિ કહી શકાય.[3]

ચીની મુસાફર હ્યુ-એન–સંગના કહેવા પ્રમાણે ગાન્ધારમાં શિવ અને એની સાથે અંબિકા (ભીમાદેવી)ની પૂજા થતી. મહાભારતમાં ભીમસ્થાનનો ઉલ્લેખ છે.[4]

મથુરામાં જ્યારે મહાક્ષત્રપ સોદાસ રાજ્ય કરતો હતો, ત્યારે વાસુદેવ–વિષ્ણુનું એક મંદિર કુંડવાટિકાસહિત બાંધવામાં આવ્યું હતું. હમણાં જ મથુરામાં 'મિરઝાપુર' નામના સ્થળે એક શિલાલેખ મળ્યો, અને વાસુદેવના મંદિરની પાસે લક્ષ્મીની મૂર્તિ મળી.

ગજલક્ષ્મી અને બીજી દેવીઓની પકવ માટીની મૂર્તિઓ અને લંબગોળાકાર (Apsidal) ગર્ભગૃહવાળું ઇંટથી બાંધેલું મંદિર ઉત્તરપ્રદેશમાં અત્રંજીખેરાના ખોદકામમાં હમણાં જ બહાર આવ્યું છે.[5] આ મંદિરના વિસ્તારમાં કાળાં ચકચકિત માટીનાં વાસણો (Northern Black Polished Ware)ના અવશેષો પણ મળે છે. આ બધાનો સમય ઇ. સ. પૂર્વે ૨૫૦ની આસપાસનો છે. આવા જ મંદિરનો પાયો મધ્યપ્રદેશમાં વિદિશામાં મળ્યો છે.[6] આવા સ્તરીય પુરાવાથી આપણે નિશ્ચિત રીતે કહી શકીએ કે મંદિરો અને ગજલક્ષ્મી ઇત્યાદિની પૂજાનો ઉદ્ભવ ઐતિહાસિક કાળની શરૂઆતમાં થયો.

---

1 *Illustrated London News*, December 14, 1983, p. 990.

2 Brown, *op. cit.*, Pl. IV, 10.

3 Banerjea, *op. cit.*, p. 135; Pl. I, 24.

4 *ASIAR AR.*, 1911–12, p. 50; Pl. XVIII; Banerjea, *op. cit.*, p. 196.

5 Gaur, R. C., *Excavations at Atranjikhira*, Motilal Banarasidas, 1983, p. 257, Pl. LXXIX, 2.

6 Khare, M. D., "Discovery of a Vishnu Temple near the Heliodorus Pillar" *Lalitkala*, No. 13–14 (1967–70), pp. 21–27.

## સરસ્વતી :

સરસ્વતીની આકૃતિ સિક્કા પર કવચિત્ જ જોવામાં આવે છે. ભિટાના ઉત્ખનનમાં જે મુદ્રાઓ મળી છે, તેમાં એક મુદ્રા પર હાથમાં ઘટ સાથે બતાવી છે. નીચે ગુપ્ત બ્રાહ્મી લિપિમાં 'સરસ્વતી' શબ્દો કોતર્યા છે.

મેં કેટલાયે લેખોમાં પ્રતિપાદન કર્યું છે કે ઈ. સ.ની શરૂઆતમાં રોમ સાથે ગાઢ વ્યાપારી સંબંધને લીધે ત્યાંની સંસ્કૃતિએ આપણી રહેણી-કરણી ઉપર ઊંડી અસર કરી હતી. આના પુરાવારૂપે આ સમયના ભારતનાં નગરો અરિકેમેક, કોલ્હાપુર, નેવાસા, તેર, અને બૌદ્ધ વિહારો સુરાના મોટા માટીના બે હાથવાળા કુંભો (amphora)ના અવશેષો મળે છે. અને આવી જ સંસ્કૃતિના ગાઢ સંબંધને લીધે ભારતીઓએ પુટ્ટોને અપનાવી એને બાળકૃષ્ણના રૂપમાં પૂજવા લાગ્યા.

## સૂર્યપૂજા :

સૂર્યની પૂજા લગભગ બધા જ હિંદુઓ કોઈને કોઈ રૂપમાં કરે છે. જ્યારે પારસીઓ નિયમિત કરે છે. પરંતુ આ પૂજા મૂર્તિની કે મૂર્તિરૂપે હોતી નથી. બેશક મોઢેરા, માર્તણ્ડ, અને કોણાર્કનાં સૂર્યમંદિરો ભારતમાં અને જગતમાં વિખ્યાત છે. મુલ્તાન (હમણાં પાકિસ્તાનમાં) વિષે આપણને કંઈ ખબર નથી.

ભારતના આદિવાસીઓ સૂર્યની કોઈ રૂપમાં પૂજાઅર્ચા કરતા હતા કે હમણાં કરે છે કે નહિ તે આપણે જાણતા નથી. જો કે બધા દેવદેવીઓમાં આ એક જ પ્રત્યક્ષ-કાઈ પણ જોઈ શકે-એવી કુદરતી ઘટના છે.

સૂર્ય, આર્યોના એક અતિશય પ્રિય દેવ હતા. અને એનાં કેટલાંયે સૂચક નામો-જેવાં કે સવિતૃ (બધાને જગાડનાર), પૂષ્ણ (પોષણ આપનારા), ભગ (શુભેચ્છક), વિવસ્વત (સૌથી પ્રથમ યજ્ઞ કરનારા) આપ્યાં હતાં. સૂક્તોમાં સૂર્યને સાત ઘોડાના રથમાં ફરતા વર્ણવ્યા છે. આવા અને બીજા કેટલાયે સૂર્યના ગુણો કે લક્ષણો ગાયત્રી મંત્ર " ઓં સવિતૃ વરેણ્યમ્ ભર્ગો દેવસ્ય ધીમહિ "માં આવે છે, પરંતુ સૂર્યનાં આ બધાં વર્ણનો મૂર્તિરૂપે બહુજ પાછળથી બનાવેલાં જોવામાં આવે છે.

સૌથી પહેલાં સૂર્યને એક ચક્રરૂપે "Punchmarked" and "Cast" નામથી જાણીતા સિક્કા પર જોવામાં આવે છે.[1] થોડાક સમય બાદ પાંચાલ અને ઉદ્દેહિકના સૂર્યમિત્ર અને ભાનુમિત્રના સિક્કા પર મળે છે.[2] આ સિક્કાઓ પર સૂર્યના ચક્રને એક આસન પર મૂકેલું જોવામાં આવે છે, સૂર્યપૂજાનું આ જૂનામાં જૂનું દૃષ્ટાંત છે. (જુઓ ચિત્ર નં. ૫)

1 Allan, *op. cit.*, Pl. VIII–IX, pp. 58.

2 Banerjea, *op. cit.*, p. 432.

ત્યાર પછી ઈરાની અને ગ્રીક સંસ્કૃતિઓના સંપર્કમાં આવતાં બહુ મોટા ફેરફારો થયા. ગ્રીકો એપોલોને સૂર્ય તરીક પૂજતા. એની પ્રતિકૃતિ યુક્રેટાઈડીસ અને એપોલોડોટસ રાજાઓના ચાંદીના અને તાંબાના સિક્કા પર જોવામાં આવે છે.[1] કોઈક સિક્કા પર એપોલોએ લાંબા બૂટ પહેરેલા છે. ત્યાર પછી કનિષ્ક અને હુવિષ્કે એમના સિકકાઓ પર 'મિહિર' અને 'હેલિઓસ' બતાવ્યા. આવા સિકકાઓમાં ઈન્ડો–ગ્રીક રાજાઓ એપોલોડોટસ–બીજો, ફાઈલોસેનસ, અને ટેલિફસનું અનુકરણ કરવામાં આવ્યું છે.

ઉત્તરભારતમાં શરૂશરૂમાં જે સૂર્યની મૂર્તિ બનાવવામાં આવી, તેમાં ગ્રીક, ઈન્ડો–ગ્રીક, ઈરાની, એપોલો અને ઈરાની મૂર્તિઓને લક્ષ્યમાં રાખી હતી. આ બધી પૂર્ણ રીતે ભારતીય બની જ્યારે છઠ્ઠા સૈકામાં બૃહત્સંહિતાએ ઠરાવ્યું કે સૂર્યની મૂર્તિ ઉત્તરીય લોકોના પહેરવેશ માફક બનાવવી. એના પગ છાતી સુધી ઢાંકી દેવા. બીજાં આભરણો ઉપરાંત વિજંગ પહેરાવવું. આને અવ્યંગ પણ કહે છે. અને આજ ઈરાની, પારસીઓના 'અઈવીયોનઘન' પવિત્ર કટિમેખલા જ છે.

હમણાં જે મૂર્તિઓ ઉપલબ્ધ છે, તે બધાંમાં આ બધા features મળે છે. પરંતુ બે–ત્રણ સૈકામાં આ બધી પૂર્ણ ભારતીય બની. ભૂમરા, જે મધ્યપ્રદેશમાં નાગોદ પાસે છે, ત્યાં જે મૂર્તિ છે, તે ઊભી છે, અને સૂર્ય રથમાં નથી. અને ઈરાની–પારસી features જેવા કે બૂટ અને બખ્તર સૂર્યના પોતાના શરીર પર નહિ, પણ પાર્શ્વદેવો પર જોવામાં આવે છે. અહીં જે ચિત્રો–ગાન્ધાર સૂર્ય અને મથુરાના સૂર્યનાં આપ્યાં છે તેમાં રથ (ગાન્ધાર) અને બૂટ (મથુરાની) મૂર્તિમાં જોઈ શકાય છે.[2] (જુઓ ચિત્ર ૨૧ કવરપેજ ૩જા ઉપર અને ૨૨ મુખપૃષ્ઠ ઉપર)

આવી થોડીક ઉપલબ્ધ મૂર્તિઓ સૂર્યપૂજાનો ખ્યાલ આપે છે. જ્યારે જે કંઈ મુદ્રાઓ મળી છે, તે એમના ભક્તો કે પૂજકોનો ખ્યાલ આપે છે–જેવી કે 'રવિદાસ' અને 'સૂર્યમિત્ર', બીજી મુદ્રાઓ અહીં બસાર્હ–પ્રાચીન વૈશાલીની ખોદકામમાંથી મળી છે. તેમાં સૂર્યને અગ્નિકુંડ અને એનાં (સૂર્યનાં) ચક્ર બતાવ્યાં છે.[3] આના પર બ્રાહ્મીમાં નાના લેખો કોતર્યા છે, જેવા કે, ભગવત્ આદિત્ય રવિદાસ.[4]

બિહારમાં જ નહીં પરંતુ ઉત્તરપ્રદેશ–ભિટા (Bhita)માં પણ આવી મુદ્રાઓ મળી છે.[5] આ પ્રથાઓ પાંચાલમાંથી મળતા 'ભાનુમિત્ર'ની યાદ આપે છે. કદાચ આ જૂની પ્રથાનું અનુકરણ હોય.[6]

---

1 Gupta, *op. cit.*, Pl. III, 40; Pl. IV, 44.

2 Banerjea, *op. cit.*, p. 434, Pl. XXVII, 3; Pl. XXIX, 3.

3 Spooner, *ASIAR*, 1913–14, pp. 118–20, 140, Pl. XLIX.

4 *ASIAR*, 1913–14, Pl. XL, No. 4.

5 Marshall, *ASIAR*, 1911–12, p. 58, No. 98.

6 Banerjea, *op. cit.*, p. 108.

સૂર્ય કે અગ્નિનું હવન કે હોમરૂપે પૂજન સાસાનીયન (પારસીઓએ) હજુ રાખ્યું છે. હિન્દુઓ કોઈ પ્રસંગે જ હોમ ઈત્યાદિ કરે છે, જો કે આર્યસમાજી નિયમિત કરે છે. હવે પાશ્ચાત્ય દેશો-યુરોપ-અમેરિકામાં સવાર-સાંજ હવન કરવાની પ્રથા પડવા માંડી છે. કારણ કે આમ કરવાથી હવા (વાતાવરણ) શુદ્ધ થાય છે. એમ શાસ્ત્રીય રીતે પુરવાર થયું છે.

આખાયે ઉત્તરભારતમાં પાંચમા-છઠ્ઠા સૈકામાં સૂર્યની આવી અવ્યંગ (બખ્તર) અને બૂટ પહેરેલી મૂર્તિ મળે છે. પરંતુ દક્ષિણ-આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ, કેરલમાં આની અસર થઈ નહીં.

નવગ્રહોની પૂજા તો ૭મા સૈકા પછી જ શરૂ થઈ. આ ખાસ કરીને પૂર્વહિંદ અને ગુજરાતનાં મંદિરોમાં.

**સ્કન્દ-કાર્તિકેય :**

જો કે સ્કન્દ-કાર્તિકેયની પૂજા હમણાં મુખ્યત્વે તે દક્ષિણ ભારતમાં જ પ્રચલિત છે છતાં ઉત્તર ભારતમાં એની પૂજાનો પુરાવો વિવિધ જાતનાં સાહિત્ય, સિક્કા, શિલાલેખ, તામ્રપત્ર, મૂર્તિ અને મંદિરના રૂપે મળે છે. ડૉ. જિતેન્દ્રનાથ બેનરજીએ કેવળ મુદ્રા અને સિક્કા પર કોતરેલી મૂર્તિઓનું ટૂંકમાં વિવેચન કર્યું છે. અહીં રામાયણ, મહાભારત તેમ જ સિક્કા, મુદ્રા, છૂટી મૂર્તિઓ અને ખોદકામમાં સ્કન્દના પ્રાચીન મંદિરના અવશેષ મળ્યા છે, તે બધાંનો ઉલ્લેખ કર્યો છે.

રામાયણના અયોધ્યાકાંડમાં કૌશલ્યા, વૈદિક ઉપરાંત અવૈદિક દેવો, જેવા કે સંધ્યા, મરુત, ધાતા, વિધાતા, પૂષા, ભગ, અર્યમા, સ્મૃતિ, ધૃતિ, સ્કન્દ, સોમ, બૃહસ્પતિની પૂજા કરતાં એમ ઉલ્લેખ છે. (રામાયણની સમીક્ષિત આવૃત્તિ ૨.૨૨.૧-૪).

કુમારગુપ્તના બિલ્સદમાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખમાં જણાવ્યું છે કે ધ્રુવશર્માએ સ્કન્દનું મંદિર ઈ. સ. ૪૧૫-૧૬માં વધરાવ્યું હતું.[1] જ્યારે સ્કન્દ કાર્તિકેય ગુપ્તવંશના એક માનીતા દેવ હતા. તેથી જ બે રાજાઓએ કુમારગુપ્ત અને સ્કન્દગુપ્ત નામો ધારણ કર્યાં હતાં.

સ્કન્દની આવી પૂજા ઈ. સ. પહેલાં મથુરામાં પ્રચલિત હતી એમ મથુરા પાસે સોંખ નામના સ્થળે જ્યારે જર્મન લોકોએ પાચ વર્ષ પર શાસ્ત્રીય રીતે ખોદકામ કર્યું ત્યારે માલૂમ પડયું.[2]

સ્કન્દની મૂર્તિનો ખ્યાલ આપણને દેશી અને પરદેશી સિક્કા પરથી જ આવે છે. જૂનામાં જૂનો સિક્કો, ઈ. સ.ની શરૂઆતનો, અયોધ્યાના દેવમિત્રનો છે. આમાં એક સ્તંભ પર મયૂર (Peacock)નું આલેખન છે. વિજયમિત્રના કેટલાક સિક્કા પર આવો મયૂરધ્વજ છે.

---

1 Fleit, *Gupta Inscriptions* (Corpus *Inscriplionum Indicarum*), Pl. III, pp. 44–5.

2 Hartal, *German Scholars in India*, Pl. II, 1978.

યૌધેય ગણના એક સિક્કા પર કાર્તિકેયને છ માથાં સાથે બતાવ્યા છે. જ્યારે બીજી જાતના સિક્કા પર છ માથાં છે,[1] પણ હાથ બે જ છે. અને એક હાથમાં લાંબો ભાલો (શક્તિ) જે કાર્તિકેયનું મુખ્ય આયુધ ગણાય છે તે છે. સિક્કાની બીજી બાજુ ઘણુંખરું લક્ષ્મી છે.

બીજા એક સિક્કા પર એક જ માથાવાળા કાર્તિકેય હાથમાં ભાલા સાથે બતાવ્યા છે, અને એનું વાહન મયૂર ડાબી બાજુએ છે.[2] આ ત્રીજા ચોથા સૈકાનો સિક્કો છે.

કાર્તિકેયની પૂજા આમ પ્રતિષ્ઠા પામતી ગઈ, અને તેનો ઉત્તમ પુરાવો કુમારગુપ્તના સિક્કા પર કાર્તિકેયને એક હાથમાં ભાલો રાખી મયૂર પર બેઠેલા જોઈએ છીએ.[3]

ગુપ્તોના પહેલાં કુષાણવંશના હુવિષ્કે કાર્તિકેયનાં ચારેય નામો–સ્કંદ, કુમાર, વિશાખ, અને મહાસેન, એના સિક્કા પર બનાવ્યા હતા. મહાસેન તરીકે કાર્તિકેયે કેવળ અધોવસ્ત્ર જ પહેર્યું છે, અને એના ઉપર બુદ્ધના જેવો મોટો ઝભ્ભો (સંઘાતિ) ઓઢયો છે. એના એક હાથમાં લાંબો (standard) દંડ, અને એના પર પક્ષી, અને કમ્મર પર તરવાર લટકાવી છે.[4]

બીજા એક સિક્કામાં સ્કન્દ–કુમાર અને વિશાખાને સામસામા લાંબાં ઊભાં દર્શાવ્યાં છે.[5] આનાથી વધારે સારો અને મહત્ત્વનો પુરાવો બીજા એક સિક્કામાં મળે છે. પીઠવાળા મંદિરમાં ત્રણ જણ ઊભા છે.[6] સ્કંદમૂર્તિનું આ અપૂર્વ (unique) રેખાંકન છે.

સ્કન્દ–કાર્તિકેય યૌધેયોના દૈવત હતા એટલું જ નહિ, પરંતુ એમના ચાંદીના અને તાંબાના સિક્કા પર લેખો–જેવા કે "યૌધેય સ્વામિનો બ્રાહ્મણ્યસ્થ, બ્રહ્મેય દેવસ્ય", એટલા સિક્કા કાર્તિકેયના નામથી જ કાઢવામાં આવતા. આમ યૌધેઓએ એમનું રાજ્ય જ સ્કન્દ–કાર્તિકેયને અર્પણ કર્યું હતું. આપણને આ વાંચી નવાઈ લાગે પરંતુ ભિટા (Bhita)-માંથી મળેલી પકવમાટીની, ઈ. સ. ૪થા સૈકાની મુદ્રા જણાવે છે કે ગૌતમીપુત્ર મુષભધ્વજે–જેણે વિન્ધ્ય પર્વત પાર કર્યો હતો, તેણે પોતાનું રાજ્ય મહાનદેવ કાર્તિકેયને અર્પણ કર્યું હતું.[7] આ પ્રથા અત્યાર સુધી ભારતમાં ત્રાવણકોરના રાજાઓએ ચાલુ રાખી હતી. તેઓ પોતાને "પદ્મનાભદાસ" કહેવડાવતા.

સ્કન્દપૂજાના આ બધા પુરાવા કરતાં સૌથી મહત્ત્વનો પુરાવો મથુરાની પાસે સોંખમાં

---

1 Allan, *op. cit.*, p. 272, Pl. XXXIX, 21–22; Banerjea, *op. cit.*, p. 142; Pl. II, 5.

2 Brown, *op. cit.*, Pl. V. 10.

3 Brown, *op. cit.*, Pl. V. 10.

4 Banerjea, *op. cit.*, Pl. XI, 9.

5 *Ibid.*, Pl. X. 6.

6 *Ibid.*, Pl. X. 7.

7 *Ibid.*, p. 142.

નાગદેવતા અને સ્કન્દનાં મંદિરોનો છે. ૧૯૭૬માં જ્યારે ડૉ. હર્ટલે ત્યાં ખોદકામ કર્યું ત્યારે ઈ. સ. પૂર્વે છઠ્ઠા-સાતમા સૈકાથી ઈ. સ. ૫૦થી ચોથા સૈકા સુધીના કેટલાયે રાજવંશોના અવશેષો મળ્યા હતા.[૧]

ઇન્દ્ર :

પ્રારંભિક વૈદિક સમયમાં ઇન્દ્ર બહુ જ મહત્ત્વનું, લગભગ મુખ્યદેવનું સ્થાન ભોગવતા. પરંતુ ધીરે ધીરે એણે આ સ્થાન ગુમાવ્યું. ઈ. સ.ના બીજા સૈકાથી મહાયાનનો ઉદ્ભવ થતાં એને એક બુદ્ધના મુખ્ય પાર્શ્વદેવતા તરીકે જ જોવામાં આવે છે,

આમ છતાં ઇન્ડો-ગ્રીકો ઇન્દ્રને ભૂલ્યા ન હતા. યુક્રેટાઈડિસ, એન્ટઍલ્કીડસ અને શકોના પહેલા રાજા માવસ ( Maues )ના સિક્કાઓ પર ઇન્દ્રને ગ્રીકોના ઝિયસ ( Zeus )ના રૂપમાં બતાવ્યો છે.[૨] સામાન્ય રીતે ઇન્દ્રનું વાહન હાથી અને સિંહાસન બે ચિહ્ન કે લક્ષણો છે. આ વડે ઇન્દ્રને ઇન્ડો-ગ્રીકોના સિક્કાઓ પર ઓળખી શકીએ. આ રાજાઓના સિક્કા પર ગાન્ધારના કપિશાનો ઉલ્લેખ છે.[૩] તેમાં ઇન્દ્રને સિંહાસન પર બેઠેલા બતાવ્યા છે અને સાથે હાથીનું માથું પણ. આમ ઇન્દ્રને આપણે માનવ તેમજ પ્રાણીઆકારમાં જોઈ શકીએ છીએ. બીજા એક સિક્કામાં ( જે હમણાં બ્રિટીશ મ્યુઝિયમમાં છે ), ઍન્ટીઆલ્કીડસના, ઇન્દ્રે હાથમાં લાંબો ભાલો ધર્યો છે, અને હાથી સૂંઢ વડે એના પર પાણી છાંટે છે જ્યારે બીજા એક ચોખંડા તાંબાના સિક્કામાં ઇન્દ્ર ગાદી પર બેઠેલા છે, અને એમના હાથમાં લાંબો ભાલો છે.

બેનર્જીના મત પ્રમાણે ઇન્દ્રનું આ નિરૂપણ થોડેક અંશે વરાહમિહિરના બૃહત્સંહિતામાં આપેલા વર્ણનને મળતું આવે છે.

આ સમયે ઈ. સ. ૫૦માં દેવ-દેવીઓનાં લાક્ષણિક ચિહ્ન નિશ્ચિત થયાં ન હતાં. ચક્ર, ભાલા, વગેરે આયુધો બીજા દેવોના હાથમાં પણ બતાવવામાં આવતાં. વળી ઉપર જણાવ્યા પ્રમાણે હાથીને ઇન્દ્રના વાહન તરીકે નહિ, પણ એક રાજ્યકર્તાના ચિહ્ન તરીકે બતાવ્યો છે. એના પછીના રાજા અઝિસ ( AZES )ને પગવાળી, હાથમાં અંકુશ ધારણ કરતો બતાવ્યો છે.[૪]

અંતમાં એટલું નોંધવાનું કે આપણે આમ ગ્રીક અને ભારતીય સંસ્કૃતિઓની શાંતિપૂર્ણ આપ-લે જોઈએ છીએ. આનો ઉત્તમ પુરાવો ગોન્ડોફારસનો ચાંદીનો સિક્કો આપે છે. આ સિક્કામાં ગોન્ડોફારસ ઘોડા પર બેઠેલો છે. એના હાથ લાંબા, અને પોતાને "મહારાજા, રાજાધિરાજ, દેવોના ઉપાસક" તરીકે વર્ણવ્યો છે.[૫]

---

1 Hartal, *op. cit.*, Pl. II, 1976.

2 Banerjea, *DHNI*, p. 148; Pl. X, 1–2.

3 *Ibid.*

4 Gupta, *op. cit.*, p. 207, 51.

5 Brown, *op. cit.*, Pl. III, 8.

અલબત્ત, બે હજાર વર્ષો પર આપણે કે પરદેશી રાજ્યકર્તાઓએ પોતાની મેળે, શાંતિમય રીતે હિન્દુ દેવ-દેવીઓને અપનાવ્યાં. જો કે સંભવ છે કે આમ કરતાં કંઈ સંઘર્ષ થયો પણ હોય! પરંતુ જે રીતે ગોન્ડોફારસ પોતાને દેવોનો ઉપાસક વર્ણવે છે, એના પરથી એનું ભારતીયકરણ શાંતિમય હતું.

ભારતમાં હમણાં કેટલાયે ધર્મો–હિન્દુ, શીખ, બૌદ્ધ, ઝોરોસ્ટ્રીઅન, ઈસ્લામ, જ્યુ, પ્રચલિત છે. નવા નવા પંથો પણ અસ્તિત્વમાં આવે છે. ભારત એકજ દેશ એવો છે કે જ્યાં ધાર્મિક સહિષ્ણુતા પળાતી અને હજુ પણ પળાઈ રહી છે.

## ચિત્રસૂચિ

## મૂર્તિપૂજાનો ઉગમ અને વિકાસ

(ઈ. સ. પૂર્વે ૮૦૦૦–ઈ. સ. ૫૦૦)

લેખક: **પ્રા. હસમુખ ધી. સાંકળિયા**

ચિત્ર ૧ ત્રિકોણાકાર લાલ પત્થર (મૂર્તિ રૂપે) રેતાના પત્થરોથી બનાવેલા ચબુતરા પર મૂકેલો. બાગોર, મધ્યપ્રદેશ.

ચિત્ર ૨ ત્રિકોણાકાર લાલ પત્થર (મૂર્તિ રૂપે) આશરે. ઈ. સ. પૂર્વે ૮૦૦૦.

ચિત્ર ૩ જોર્ડનની રાજધાની અમ્માન પાસે અશ્મયુગી ગામમાં મળેલા પ્લાસ્ટરથી બનાવેલી મૂર્તિઓ. ઈ. સ. પૂર્વે ૮૦૦૦–૮૫૦૦.

ચિત્ર ૪ ઉત્તરપ્રદેશમાં નવપાષાણ–તામ્રપાષાણયુગી હાડકામાંથી બનાવેલી પૂતળી. આશરે. ઈ. સ. પૂર્વે ૭૦૦૦.

ચિત્ર ૫ સૌથી પ્રાચીન ચાંદીના અને તાંબાના સિક્કા, જેના પર Punchથી સ્વસ્તિક, સૂર્ય ઇત્યાદિની આકૃતિ પાડેલી છે.

ચિત્ર ૬ સિક્કાઓ પર પાડેલાં જાતજાતનાં ચિહ્નો.

ચિત્ર ૭ ઈન્ડો-ગ્રીક અને કુશાણ રાજાઓના સિક્કાઓ પર દેવ-દેવીઓની આકૃતિઓ.

ચિત્ર ૮ ગુપ્તવંશના રાજાઓના સિક્કા પર દેવ–દેવીઓની આકૃતિઓ.

ચિત્ર ૯ સિક્કાઓ ઉપર પાડેલી દેવ–દેવીઓની આકૃતિઓ.

ચિત્ર ૧૦ સિક્કાઓ અને મુદ્રાઓ ઉપર પાડેલી દેવ–દેવીઓની આકૃતિઓ.

ચિત્ર ૧૧ સિક્કાઓ અને મુદ્રાઓ ઉપર પાડેલી દેવ–દેવીઓની આકૃતિઓ.

ચિત્ર ૧૨ મોહન–જો–દડોમાંથી પ્રાપ્ત થયેલી એક મુદ્રા ઉપર શિવની પશુપતિરૂપે આકૃતિ. ઈ. સ પૂર્વે ૨૫૦૦.

ચિત્ર ૧૩ નેવાસાના ખોદકામમાંથી પ્રાપ્ત થયેલી દેવીની માટીની મૂર્તિ. ઈ. સ. પૂર્વે ૧૦૦૦.

ચિત્ર ૧૪ ઈનામગામના ખોદકામમાંથી પ્રાપ્ત થયેલી માટીની માથાવગરની છિન્ન-મસ્તકા દેવી, બળદના વાહન સાથે. ઈ. સ. પૂર્વે ૧૫૦૦.

ચિત્ર ૧૫ અફઘાનિસ્તાનમાંથી પ્રાપ્ત થયેલા રાજાના સિક્કાની એક બાજુએ ગણેશની આકૃતિ. ઈ. સ. પૂર્વે ૫૦.

ચિત્ર ૧૬–૧૭ અફઘાનિસ્તાનમાંથી પ્રાપ્ત થયેલા એગાથોક્લિસ રાજાના સિક્કા પર એક બાજુએ કૃષ્ણ અને બીજી બાજુએ સંકર્ષણ.

ચિત્ર ૧૮ વિષ્ણુ, મલ્હાર, જિ. બિલાસપુર. મ. પ્ર., ઈ. સ. પૂર્વે, ૨૦૦.

ચિત્ર ૧૯ હસતો બાળક; નેવાસા. ઈ. સ. ૧૫૦.

ચિત્ર ૨૦ પુટ્ટો, (ગ્રીક).

ચિત્ર ૨૧ સૂર્ય, ગાંધાર. ઈન્ડીઅન મ્યુઝિયમ.

ચિત્ર ૨૨ સૂર્ય, મથુરા મ્યુઝિયમ.

ચિત્ર ૨૩ ત્રિમૂર્તિ, ગાંધાર, પેશાવર સંગ્રહાલય.

## આભારદર્શન

ચિત્ર ૧–૨ ડૉ. રાધાકાન્ત વર્મા, અલ્હાબાદ-વિશ્વવિદ્યાલય. અલ્હાબાદ.

ચિત્ર ૩ ડૉ. ગેર્યો રોબેક્સન, યારસુક વિશ્વવિદ્યાલય, જોર્ડન.

ચિત્ર ૪ પ્રા. ગોવર્ધનરાય શર્મા, અલ્હાબાદ વિશ્વવિદ્યાલય, અલ્હાબાદ.

ચિત્ર ૫–૬, ૯, ૧૦, ૧૧. ૨૨–૨૩, (સ્વ.) ડૉ. જીતીન્દ્રનાથ બેનર્જી. કલકત્તા.

ચિત્ર ૭–૮ બ્રાઉન. Coins of India, London.

ચિત્ર ૧૨ જોન માર્શલ, **મોહન-જો-દડો અને સિંધુસંસ્કૃતિ.**

ચિત્ર ૧૩–૧૪ ડેક્કન કૉલેજ, પૂના.

ચિત્ર ૧૫–૧૬, ૧૮ શ્રી. મધુસૂદન ઢાંકી, અમેરીકન ઈન્સ્ટીટયૂટ, વારાણસી.

ચિત્ર ૧૯ ડેક્કન કૉલેજ, પૂના.

ચિત્ર ૨૦ Illustrated London News, London.

ચિત્ર ૨૧–૨૨ ડૉ. બેનર્જી.



ચિત્ર ૧




ચિત્ર ૨



ચિત્ર ૩



ચિત્ર ૪



ચિત્ર ૫




ચિત્ર ૬




ચિત્ર ૭




ચિત્ર ૮




ચિત્ર ૯



ચિત્ર ૧૦




ચિત્ર ૧૧



ચિત્ર ૧૨




ચિત્ર ૧૩




ચિત્ર ૧૪



ચિત્ર ૧૫



ચિત્ર ૧૬



ચિત્ર ૧૭




ચિત્ર ૧૯



ચિત્ર ૨૦

# પાટણમાં વાડીપાર્શ્વનાથના મન્દિરનો શિલાલેખ તથા ખરતર ગચ્છની પટ્ટાવલિ*

ભોગીલાલ જ. સાંડેસરા*

ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં, ઝવેરીવાડમાં વાડીપાર્શ્વનાથનું ભવ્ય જૈન મન્દિર આવેલું છે. ખરતર ગચ્છના અનુયાયી, ભીમ મંત્રીના વંશજ કુંવરજીએ સં. ૧૬૫૨ (ઈ. સ. ૧૫૯૬)માં તે બાંધ્યું હતું. કલારસિકોમાં આ મંદિર, એમાંના કલામય કાષ્ઠઘુંમટ માટે વિખ્યાત છે; એ ઘુંમટ હાલ વડોદરાના મ્યૂઝિયમમાં સચવાયેલો છે. આ મંદિરનું વિગતવાર વર્ણન, એના કાષ્ઠઘુંમટના ઉત્તમ ફોટોગ્રાફ તથા એનો પ્લાન બર્જેસ અને કઝિન્સકૃત 'આર્કિયોલૉજિકલ સર્વે ઑફ નોર્ધર્ન ગુજરાત' (લંડન, ૧૯૦૩)માં છે. એ મંદિરમાંના બાવન પંક્તિના વિસ્તૃત સંસ્કૃત શિલાલેખનો સાર બર્જેસ અને કઝિન્સે આપ્યો છે. એમાં સં. ૧૬૫૨ સુધીની, ખરતર ગચ્છના આચાર્યોની પટ્ટાવલિ આવે છે. એ શિલાલેખ, ગુજરાતી ભાષાન્તર સહ, અહીં રજૂ કરવામાં આવ્યો છે.

મન્દિરનું નામ સૂચવે છે તેમ, એ બાવીસમા તીર્થંકર પાર્શ્વનાથનું છે. મૂલનાયકની મૂર્તિ જેમાં છે એ ગભારાની સામેની ભીંતમાં આ શિલાલેખ છે. સુઘડ અને સૂક્ષ્મ છતાં પ્રમાણમાં ઝીણા, જૈન મરોડના દેવનાગરી અક્ષરોમાં શિલાલેખ કોતરવામાં આવ્યો છે.

શિલાલેખની સંસ્કૃત ભાષા અલંકૃત હોવા છતાં એમાં વચ્ચે વચ્ચે લોકભાષાનો પ્રભાવ છે; એવી ભાષાને સામાન્યતઃ 'જૈન સંસ્કૃત' તરીકે ઓળખવામાં આવે છે. પહેલી ચાલીસ પંક્તિમાં ખરતર ગચ્છના આચાર્યોની પટ્ટાવલિ છે. પ્રારંભમાં તીર્થંકર મહાવીરસ્વામીનો સન્માનપૂર્વક ઉલ્લેખ કર્યા પછી ઉદ્યોતનસૂરિથી માંડી, જેમના ઉપદેશથી મંદિર બંધાયું તે ખરતર ગચ્છના આચાર્ય જિનસિંહસૂરિ સુધીની પટ્ટાવલિ આપવામાં આવી છે. બાકીના લેખમાં મંદિર બાંધનાર મંત્રીના કુટુંબની–એના પૂર્વજો વગેરે વિષેની હકીકત છે. આ મંદિર અકબર બાદશાહના રાજ્યકાળમાં બંધાયું છે અને શિલાલેખની ૪૮મી પંક્તિમાં અલ્લઇ સં. ૪૧નો ઉલ્લેખ છે. અકબરે વિવિધ ધર્મોના સમન્વય રૂપે દીને ઈલાહી સ્થાપ્યો હતો તથા એના સ્મારક રૂપે ઈલાહી સન પ્રચલિત કર્યો હતો, એનો આ નિર્દેશ છે. કેટલાક સમકાલીન જૈન શિલાલેખોમાં તથા સાહિત્યકૃતિઓમાં પ્રવર્તમાન વિક્રમ સંવત સાથે આ

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૪૭-૫૪

★ અમદાવાદ ખાતે ડિસેમ્બર ૧૯૮૪માં મળેલા, ગુજરાત ઇતિહાસ પરિષદના તેરમા, રજત જયંતી અધિવેશનમાં રજૂ થયેલો નિબંધ.

* 'સંવાદ', શ્રેયસ્ સોસાયટી, રેસકોર્સ સર્કલ, વડોદરા.

ઈલાહી સનનો પણ નિર્દેશ છે. જો કે ઈલાહી સન અલ્પાયુષી નીવડ્યો હતો. અકબરના બે ઉત્તરાધિકારીઓ જહાંગીર અને શાહજહાંના સિક્કાઓને બાદ કરતાં મુસ્લિમ ગ્રન્થાદિમાં પણ એનો ઉલ્લેખ નથી, કેમ કે અકબરના અવસાન પછી સર્વધર્મોનો સમન્વય કરવા ઇચ્છતા દીને ઈલાહીમાં ભાગ્યે જ કોઈને રસ હતો.

હવે મંદિરના નામ વિષે વિચાર કરવો જોઈએ. મંદિર તીર્થંકર પાર્શ્વનાથનું છે, પણ દેવતાને વાડી–પાર્શ્વનાથ કેમ કહેવામાં આવ્યા ?

શિલાલેખની પહેલી અને બીજી પંક્તિમાં આ મંદિરનો ઉલ્લેખ 'વાડીપુર પાર્શ્વનાથ ચૈત્ય' તરીકે છે. પાટણ અને આસપાસના પ્રદેશમાં એવી અનુશ્રુતિ છે કે પાર્શ્વનાથની આ મૂર્તિ પાટણ નગરના એક પરામાં–વાડીપુરમાં અગાઉ હતી, પણ રાજકીય અને બીજાં કારણે વાડીપુરની વસ્તી ઘટી જતાં પાટણમાં હાલના સ્થળે ત્યાંની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પાટણની આસપાસ વર્તમાન કાળે વાડીપુર અથવા એને મળતા નામનું કોઈ સ્થળ નથી, પણ સાહિત્યિક ઉલ્લેખોથી ઉપર્યુક્ત અનુશ્રુતિનું સબળ સમર્થન થાય છે.

જૂના ગુજરાતીમાં જૈન સાહિત્યનો એક પ્રકાર 'ચૈત્યપરિપાટી' નામનો છે. કોઈ એક નગર કે તીર્થનાં વિવિધ મન્દિરોનાં દર્શને યાત્રાળુઓ જાય, એનું યાત્રામાર્ગના અનુક્રમે એમાં વર્ણન હોય છે. આધુનિક શબ્દપ્રયોગ કરીએ તો, એમાંના દર્શન–પર્યટનને જૈન યાત્રાળુઓ માટેની 'કન્ડક્ટેડ ટુર' ( Conducted tour ) કહી શકાય. સમકાલીન ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ તેમ જ ઐતિહાસિક ભૂગોળ–વિશેષતઃ સ્થાનિક સ્થળનામો માટે ચૈત્યપરિપાટીઓ ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. પાટણ નગરની અનેક ચૈત્યપરિપાટીઓ ઉપલબ્ધ છે; એમાંની કેટલીકમાં વાડી અથવા વાડીપુર અને ત્યાંના પાર્શ્વનાથના મંદિરનો ઉલ્લેખ છે.

સિદ્ધિસૂરિકૃત 'પાટણ ચૈત્યપરિપાટી' સં. ૧૫૭૬ ( ઈ. સ. ૧૫૨૦ )માં રચાઈ છે;[૧] પાટણ નગરનાં પરાંમાં આવેલાં નીચેનાં જૈન મંદિરોનો તેમાં ઉલ્લેખ છે :

> **वाडी दउलतिपुरी** सही सा भमरोली, भवियण सारइ सेव,
> **वडली, वावडी, कउणगिरइ** सा भम०, नमसिउं सीस नमेवि.
> **कतउपुरि** पणमउं सदा सा भम० मंगलीपुरी जिणचंद त,
> इण परि चैत्रपवाडि करी सा भम० भेटचा संति जिणंद त.
>
> ( કડી ૫૭–૫૮ )

---

૧ આ પદ્યકૃતિમાં ૬૦ કડીઓ છે. સન ૧૯૫૦માં જેસલમેરથી એની હસ્તપ્રત મને મળી હતી; તે ઉપરથી સમીક્ષિત વાચના 'સંબોધિ', પૃ. ૪, અંક ૩–૪માં મેં છપાઈ છે. એમાં નિર્દિષ્ટ પરાં પૈકી વાડી, દોલતપુર અને કતઉપુરનો હાલ નથી. વડલી અને વાવડી એ હાલના પાટણની પશ્ચિમે આવેલાં નાનાં ગામ છે. 'કઉણગિર' એ પાટણથી નૈઋત્ય ખૂણે ચારેક માઈલ દૂર આવેલું કુણઘેર છે. પ્રબન્ધાદિમાં એનું 'કુમરગિરિ' નામ મળે છે; રાજા કુમારપાલે ત્યાં બંધાવેલા એક મંદિર ઉપરથી એ નામ પડ્યું છે.

લલિતપ્રભસૂરિકૃત 'પાટણ ચૈત્ય પરિપાટી'[1] સં. ૧૬૪૮ (ઈ. સ. ૧૫૦૨)માં એટલે કે ઝવેરી વાડમાં વાડી પાર્શ્વનાથનું મંદિર બંધાયું એના ચાર વર્ષ પહેલાં જ રચાઈ છે. વાડીપુરમાં પાર્શ્વનાથના મન્દિરને લલિતપ્રભસૂરિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**वाडीपुरवर-मंडणउ** ए, प्रणमीय २ अमीझरउ पास तु,
आस पूरइ सयल तणइ ए, पूजीइ २ आणी भाव तु,
**वाडीपुरवर-मंडणउ** ए. ( કડી ૪૩ )

અગાઉના કવિ સિદ્ધિસૂરિની જેમ લલિતપ્રભસૂરિએ પણ પછીની કડીઓમાં દોલતપુર, કુમરગિરિ, વાવડી અને વડલી એ બીજાં પરાંનો ઉલ્લેખ કર્યો છે. બંને ચૈત્રપરિપાટીઓનાં વર્ણન ઉપરથી સ્પષ્ટ છે કે વાડીપુર એ હાલના પાટણથી પશ્ચિમે અથવા નૈઋત્યે ત્રણ–ચાર માઈલમાં કયાંક હોવું જોઈએ. પણ અત્યારે એના કોઈ અવશેષો નથી તેમ એ નામ પણ કોઈ જાણતું નથી. લલિતપ્રભસૂરિએ સં. ૧૬૪૮માં 'પાટણ ચૈત્યપરિપાટી' લખી, અને પાટણ નગરમાં વાડી પાર્શ્વનાથનું નવું મંદિર સં. ૧૬૫૨માં બંધાયું; એ ઉપરથી અનુમાન થાય છે કે વચ્ચેનાં ચાર વર્ષમાં વાડીપુરમાં વસ્તી નહિ રહી હોય. લલિતપ્રભસૂરિની અને ચૈત્યપરિપાટી રચાઈ તે સમયે પણ, સંભવતઃ એ ગામમાં મંદિરને બાદ કરતાં, ઝાઝો લોકનિવાસ ન હોય. લલિતપ્રભસૂરિકૃત ચૈત્યપરિપાટીના ઉપર્યુક્ત અવતરણમાં આ મંદિરમાંના મૂળ નાયકને 'અમીઝરા પાર્શ્વનાથ' કહ્યા છે. સં ૧૭૨૯ (ઈ. સ. ૧૬૭૩)માં રચાયેલી પં. હર્ષવિજયકૃત 'પાટણ ચૈત્યપરિપાટી'માં તળ પાટણના હાલના સ્થળે કંસારાવાડ અને શાહવાડા પછી તુરત વાડી પાસ (પાર્શ્વ)નો ઉલ્લેખ છે.

અગાઉ કહ્યું છે તેમ આ લાંબા લેખના આરંભે ખરતર ગચ્છના આચાર્યની પટ્ટાવલિ છે. ખરતર ગચ્છની બીજી અનેક પટ્ટાવલિઓ મળે છે.[2] પ્રસ્તુત શિલાલેખમાં જે ઐતિહાસિક હકીકતો, અનુશ્રુતિક વૃત્તાન્ત તેમજ આચાર્યોનો કાલાનુક્રમ આપ્યો છે એનું અન્ય પટ્ટાવલિઓ તેમજ ઉપલબ્ધ ઐતિહાસિક સાધનોથી સંપૂર્ણ સમર્થન થાય છે.

શિલાલેખનો પંક્તિવાર પાઠ નીચે પ્રમાણે છે :

[ १ ] ॥ द० ॥ स्वस्ति श्री**वाडीपुरपार्श्व**जिनसंघचैत्यकाराय ॥ लक्ष्मीउदयं श्रेयः ।
[ २ ] पत्तनसंस्थः करोतु सदा ॥ श्री**वाडीपुरपार्श्वनाथ**चैत्यश्री**बृहत्खरतरगुरुपट्टावली**
[ ३ ] लिखनपूर्वं प्रशस्तिर्लिख्यते ॥ अर्हं नत्वा ॥ पातिसाहि श्री**अकब्बर**राज्ये श्री**विक्रमनृपसम**

૧ સંપાદક–મુનિ કલ્યાણવિજયજી; પ્રકાશક–હંસવિજયજી; જૈન લાયબ્રેરી, અમદાવાદ, સં. ૧૯૮૫.

૨ ઉદાહરણ તરીકે, 'ઇન્ડિયન એન્ટિકવેરી', પુ. ૧૧માં ડૉ. કલાટે આપેલો એક પટ્ટાવલિનો સાર જુઓ. વળી જુઓ 'ખરતર ગચ્છ પટ્ટાવલિ સંગ્રહ' (કલકત્તા, ૧૯૩૨) અને 'ખરતર ગચ્છ બૃહદ્ ગુર્વાવલિ' (મુંબઈ ૧૯૫૦); બંનેના સંપાદક મુનિ જિનવિજયજી; 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ' (કલકત્તા, સં. ૧૯૯૪) સંપાદક અગરચંદ નાહટા, ઇત્યાદિ.

[४] यातीतसंवते १६५२ मार्गशीर्ष सित नवमीदिने सोमवारे पूर्वभद्रपदनक्षत्रे शुभवेला
[५] यां आदिप्रारम्भः ॥ शासनाधीशश्रीमहावीरस्वामीपट्टाविछिन्नपरंपरया उद्यतविहारोद्यो
[६] ति श्रीउद्योतनसूरि ॥ तत्पट्टप्रभाकरप्रवरविमलदण्डनायककारितार्बुदाचलवसतिप्रतिष्ठापक
[७] श्रीसीमन्धरस्वामिशोधितसूरिमन्त्राराधक श्रीवर्धमानसूरि ॥ तत्पट्टप्रभाकर अणहिल्लपत्तनाधी
[८] शदुर्लभराजसंसच्चैत्यवासिपक्षविक्षेपाऽशीत्यधिकदशशतसंवत्सरप्राप्तखरतरबि
[९] रुद श्रीजिनेश्वरसूरि ॥ तत्पट्ट० श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । शासनदेव्युपदेशप्रकटित
[१०] दुष्टकुष्टप्रमाथहेतुस्तम्भनपार्श्वनाथ नवाङ्गिवृत्त्यानेकशास्त्रकरणप्राप्तप्रतिष्ठ श्री
[११] अभयदेवसूरि ॥ तत्पट्ट० । लेखरूपदशकुलकप्रेषणप्रतिबोधितवागडदेशीयदशसह
[१२] स्रश्रावक सुविहितकठिनाक्रियाकरण पिण्डविशुद्ध्यादिप्रकरणप्ररूपणजिनशासन
[१३] प्रभावक श्रीजिनवल्लभसूरि ॥ तत्पट्ट० । स्वशक्तिशीकृतचतुःषष्टियोगिनीचक्रद्विपञ्चा
[१४] शद्वीरसिन्धुदेशीयपीर अम्बडश्रावककरलिखितस्वर्णाक्षरवाचनाविर्भूतयुगप्रधा
[१५] नपदवीसमलंकृत पञ्चनदीसाधक श्रीजिनदत्तसूरि ॥ तत्पट्ट० ॥ श्रीमालउशवालादिप्रधान
[१६] श्रीमहतीयाण तिबोधक नरमणिमण्डितभालस्थल श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । भण्डारीने
[१७] मिचन्द्रपरीक्षितप्रबोधोदयादिग्रन्थरूपषट्त्रिंशद्वादशोधितविधिपक्ष श्रीजिनपतिसूरि ॥
[१८] तत्पट्ट० । लाडउलविजापुरप्रतिष्ठितश्रीशान्तिवीरविधिचैत्य श्रीजिनेश्वरसूरि ॥ तत्पट्ट० ।
[१९] श्रीजिनप्रबोधसूरि ॥ तत्पट्ट० । राजचतुष्टयप्रतिबोधोद्बुद्धराजगच्छसंज्ञाशोभित
[२०] श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । श्रीशत्रुञ्जयमण्डनखरतरवसतिप्रतिष्ठापक त्रिख्याता
[२१] तिशयलक्ष श्रीजिनकुशलसूरि ॥ तत्पट्ट० । श्रीजिनपद्मसूरि ॥ तत्पट्ट० । श्रीजिनलब्धिसू
[२२] रि ॥ तत्पट्ट० । श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । देवाङ्गनावसरवासप्रक्षेपोदितसंघपतिपदा
[२३] भ्युदयश्रीजिनोदयसूरि ॥ तत्पट्ट० । श्रीजिनराजसूरि ॥ तत्पट्ट० । स्थानस्थानस्थापित
[२४] सारज्ञानभाण्डागार श्रीजिनभद्रसूरि ॥ तत्पट्ट० । श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० पञ्च
[२५] यक्षसाधक विशिष्टक्रिय श्रीजिनसमुद्रसूरि ॥ तत्पट्ट० । तपोध्यानविधानचमत्कृ
[२६] तश्रीसिकंदरपातिसाहिपंचशतबंदिमोचनसम्मानित श्रीजिनहंससूरि ॥ तत्पट्ट० ।
[२७] पञ्चनदीसाधकाधिकध्यानबलशकलीकृतयवनोपद्रवातिशयविराजमानश्री
[२८] जिनमाणिक्यसूरि ॥ तत्पट्टालंकार सारदुर्वारवादिविजयलक्ष्मीशरण पूर्वक्रि
[२९] यासमुद्धरण स्थानस्थानप्राप्तजय प्रतिदिनवर्धमानोदय सदसन्नय त्रिभुवन

[३०] जनवशीकरणप्रवण प्रणवध्यानोपात्तामितपवित्रसूरिमन्त्र विजितभय दू
[३१] रीकृतसकलवादिस्मय निजपादविहारपावितावनितल अनुक्रमेण **संवत्**
[३२] १६४८ श्री**स्तम्भतीर्थ**चतुर्मासकस्थानसमुद्भूतामितमहिमश्रवणदर्शनोत्कं
[३३] ठित**जलालदीनप्रभुपातिसाहिश्रीमदकब्बर**समाकारणमिलन स्वगुणगण
[३४] तन्मनोनुरञ्जन समाश्वासितसकलभूतलाखिलजन्तुसुखकारि आषाढाष्टाहि
[३५] कामारिफुरमाण **श्रीस्तम्भतीर्थ**समुद्रमीनरक्षणफुरमाण तत्प्रदत्तसत्तमश्रीयु
[३६] गप्रधानपदधारक तद्वचनेन च **नयनशररसरसामित संवति (१६५२) माघसितद्वा**
[३७] **दशी**शुभतिथौ अपूर्वपूर्वगुर्व्वाम्नायसाधितपञ्चनदीप्रकटीकृतपञ्चपीरप्राप्तप
[३८] रमवर तदादिविशेषश्रीसंघोन्नतिकारक विजयमान गुरुयुगप्रधानश्री १०८
[३९] **श्रीजिनचन्द्रसूरीश्वराणां श्रीपातिसाहि**समक्ष स्वहस्तस्थापित आचार्य्य
[४०] **श्रीजिनसिंहसूरि**सपरिकराणामुपदेशेन **ओसवालज्ञातीय** मन्त्रि**भीम**सन्ताने
[४१] मं० **चांपा**भार्या **सूहवदे**, तत्पुत्र मं० **महिपति** तद्भार्या **अमरी** तत्पुत्र मं० **वस्तपाल**
[४२] तद्भार्या **सिरियादे** तत्पुत्र मं० **तेजपाल** तद्भार्या श्री० **भानू** तत्कुक्षिसरोमराल अ
[४३] र्थिजनमनोभिमतपूरणदेवसाल देवगुरुपरमभक्त विशेषतो जिनधर्मानुरक्तस्वां
[४४] त **ऊकेश**वंशमण्डण साह **अमरदत्त**भार्या **रतनादे** तत्पुत्ररत्न **कुंअरजी** तद्भार्या
[४५] **सोभागदे** वाहिनि बाई **बाछी** पुत्री बाई **जीवणी** प्रमुख पुत्रपौत्रादिसारपरिवारयुतेन
[४६] तेन श्री**अणहल्लपुरपत्तन**शृंगारसार सुरमनोनुरञ्जन सुरगिरिसमानचतुर्मुख
[४७] विराजमान विधिचैत्यं कारितम् ॥ श्रीपौषधशाला पाटकमध्ये ॥ तदनुकर
[४८] करणकायकुप्रमित(?) **संवत् अल्लई ४१ वर्षे वैशाख वदि द्वादशी वासरे गुरु**
[४९] **वारे रेवतीनक्षत्रे** शुभवेलायां महामहःपूर्वं प्रतिमा श्री**वाडीपार्श्वनाथस्य स्था**
[५०] पिता ॥ एतत्सर्वं देवगुरुगोत्रजदेवीप्रसादेन वंद्यमानं पूज्यमानं । समस्त श्रीसं
[५१] घेन सहितेन चिरं जीयात् ॥ कल्याणमस्तु । एषा पट्टिका पं० **उदयसागरगणिना** लिपी
[५२] कृता । पं० **लक्ष्मीप्रमोदमुनि** आदरेण । कारिता **गजधरगल्लाकेन** । शुभं भवतु नित्यम् ॥

## ભાષાન્તર

શ્રી વાડી પાર્શ્વનાથ સંઘનું ચૈત્ય બંધાવનારનું કલ્યાણ કરો ! પાટણમાં રહેલા શ્રી વાડી પાર્શ્વનાથ લક્ષ્મી, ઉદય અને શ્રેય કરો ! ચૈત્યમાં શ્રી બૃહત્ ખરતર ગચ્છની ગુર્વાવલીના લેખનપૂર્વક પ્રશસ્તિ લખીએ છીએ.

અર્હંતને નમસ્કાર ! પાદશાહ શ્રી અકબરના રાજ્યમાં વિક્રમ સં. ૧૬૫૨ના માગશર સુદ નવમી અને સોમવારના દિવસે પૂર્વભાદ્રપદ નક્ષત્રમાં શુભ મુહૂર્તમાં (ચૈત્ય બાંધવાનો) આરંભ કરવામાં આવ્યો.

**(ગુર્વાવલી)** શાસનાધીશ શ્રી મહાવીર સ્વામીની અવિચ્છિન્ન પરંપરાથી ચાલતી આવતી પાટે શ્રી ઉદ્યોતનસૂરિ થયા. (૧)

તેમની પાટે વિમલ દંડનાયકે અર્બુદાચલ ઉપર બંધાવેલી વસતિના પ્રતિષ્ઠાપક અને સીમંધર સ્વામીએ શોધેલા સૂરિમંત્રના આરાધક શ્રી વર્ધમાનસૂરિ થયા. (૨)

તેમની પાટે અણહિલ્લપત્તનાધીશ દુર્લભરાજની સભામાં ચૈત્યવાસીઓના પક્ષનો પરાજય કરીને સં. ૧૦૮૦માં 'ખરતર' બિરુદ પ્રાપ્ત કરનાર શ્રી જિનેશ્વરસૂરિ થયા. (૩)

તેમની પાટે શ્રી જિનચન્દ્રસૂરિ થયા. (૪)

તેમની પાટે, શાસનદેવીના ઉપદેશની કોઢના વિનાશહેતુ સ્તંભન પાર્શ્વનાથને પ્રગટ કરનાર તથા નવાંગીવૃત્તિ આદિ અનેક શાસ્ત્ર રચીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર શ્રી અભયદેવસૂરિ થયા. (૫)

તેમની પાટે, દશ કુલકવાળા લેખથી વાગડ દેશના દસ હજાર શ્રાવકોને પ્રતિબોધ પમાડનાર સુવિહિત કઠિન ક્રિયા કરનાર અને 'પિંડવિશુદ્ધિ' આદિ પ્રકરણ રચનાર પ્રભાવક શ્રી જિનવલ્લભસૂરિ થયા. (૬)

તેમની પાટે ચોસઠ જોગણી, બાવન વીર અને સિન્ધ દેશના પીરને વશ કરનાર, અંબડ શ્રાવકના હસ્તે લખાયેલ સ્વર્ણાક્ષરની વાચનાથી 'યુગપ્રધાન' પદ વડે અલંકૃત અને પંચ નદીસાધક શ્રી જિનદત્તસૂરિ થયા. (૭)

તેમની પાટે શ્રીમાલ, ઓસવાલ આદિ મહાજન જાતિઓના પ્રતિબોધક, નરમણિમંડિત-ભાલસ્થલ શ્રી જિનચંન્દ્રસૂરિ થયા. (૮)

તેમની પાટે, ભંડારી નેમિચંદ્ર[1] પરીક્ષેલા પ્રબોધોદયાદિ ગ્રન્થરૂપ છત્રીસ વાદથી વિધિ પક્ષને શોધનાર-શુદ્ધ કરનાર શ્રી જિનપતિસૂરિ થયા. (૯)

તેમની પાટે, લાડોલ-વીજાપુરમાં શ્રી શાન્તિવીર વિધિ ચૈત્યની પ્રતિષ્ઠા કરનાર શ્રી જિનેશ્વરસૂરિ થયા. (૧૦)

---

૧ આ નેમિચંદ્ર ભંડારી તે સુપ્રસિદ્ધ પ્રાકૃત ગ્રન્થ 'ષષ્ટિશતક પ્રકરણ'ની રચના કરનાર શ્રાવક નેમિચન્દ્ર. આ ગ્રન્થ ત્રણ જૂના ગુજરાતી બાલાવબોધો સાથે મેં સંપાદિત કર્યો હતો અને વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગની પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલાનાં પ્રથમ ગ્રન્થ તરીકે પ્રગટ થયો છે (વડોદરા, ૧૯૫૩).

તેમની પાટે ચાર રાજાઓને પ્રતિબોધ પમાડી 'રાજગચ્છ' સંજ્ઞાશોભિત (ખરતરગચ્છને રાજગચ્છ તરીકે ઓળખાવનાર) શ્રી જિનચંદ્રસૂરિ થયા. (૧૧)

તેમની પાટે શત્રુંજયમંડન ખરતર વસતિ પ્રતિષ્ઠાપક અને લાખ અતિશય-ચમત્કારોથી વિખ્યાત શ્રી જિનકુશલસૂરિ થયા. (૧૨)

તેમની પાટે શ્રી જિનપદ્મસૂરિ (૧૩), તેમની પાટે શ્રી જિનલબ્ધિસૂરિ (૧૪), તેમની પાટે શ્રી જિનચન્દ્રસૂરિ (૧૫), તેમની પાટે દેવાંગનાના અવસર-નૃત્યસમારંભમાં વાસપ્રક્ષેપ વડે જેમનો સંઘપતિ પદ આદિ ઉદય થયો હતો એવા શ્રી જિનોદયસૂરિ (૧૬), તેમની પાટે શ્રી જિનરાજસૂરિ થયા. (૧૭), તેમની પાટે સ્થળે સ્થળે ઉત્તમ જ્ઞાનભંડારો સ્થાપનાર શ્રી જિનભદ્રસૂરિ થયા. (૧૮), તેમની પાટે જિનચન્દ્રસૂરિ થયા. (૧૯), તેમની પાટે પંચ યક્ષ-સાધક વિશિષ્ટક્રિય શ્રી જિનસમુદ્રસૂરિ થયા. (૨૦)

તેમની પાટે, તપ-ધ્યાનના વિધાનથી (પ્રભાવિત) સિકંદર પાદશાહે પાંચસો કેદીઓને મુક્ત કરી જેમનું સન્માન કર્યું હતું એવા શ્રી જિનહંસસૂરિ થયા. (૨૧)

તેમની પાટે, પંચનદીસાધક અને અધિક ધ્યાનબળ વડે યવનોના ઉપદ્રવને ખંડિત કરનાર અતિશય-વિરાજમાન શ્રી જિનમાણિક્યસૂરિ થયા. (૨૨)

તેમની પાટના અલંકારરૂપ, દુર્વાર વાદીઓની વિજયલક્ષ્મીના શરણરૂપ, પૂર્વક્રિયાઉદ્ધારક, સ્થાને સ્થાને જય પ્રાપ્ત કરનાર, જેમનો ઉદય અને સન્નય પ્રતિદિન વૃદ્ધિ પામે છે એવા, ત્રિભુવનના જનોના વશીકરણમાં પ્રવણ, પ્રણવના ધ્યાન વડે પવિત્ર સૂરિમંત્ર જેમણે પ્રાપ્ત કર્યો છે એવા, વિજિતભય, સર્વ વાદીઓના ગર્વને દૂર કરનાર, પોતાના પાદવિહાર વડે અવનિતલને પવિત્ર કરનાર, સં. ૧૬૪૮માં સ્તંભતીર્થ (ખંભાત)માં ચાતુર્માસ કર્યો ત્યારે ઉદ્ભવેલા અમિત મહિમાના શ્રવણથી દર્શન માટે ઉત્કંઠિત થયેલા જલાલુદ્દીન પ્રભુ પાદશાહ શ્રીમદ્ અકબરે જેમને મિલન માટે નિમંત્રિત કર્યા હતા એવા, સ્વગુણગણ વડે પાદશાહના મનનું રંજન કરનાર, અખિલ ભૂતલનાં પ્રાણીઓનું સમાશ્વાસન કરી તેઓને જેમણે સુખ આપ્યું છે એવા, અસાડ માસની અષ્ટાહ્નિકાએ અમારિ ફરમાન તથા સ્તંભતીર્થના સમુદ્રમાં માછલાંનું રક્ષણ કરવાનું ફરમાન કઢાવનાર, તેણે (પાદશાહે) આપેલ 'યુગપ્રધાન' પદ ધારણ કરનાર તથા તેના વચનથી સં. ૧૬૫૨માં માઘ સુદ બારસની શુભ તિથિએ પૂર્વના ગુરુસમૂહે નહિ કરેલું અદ્ભુત કર્મ કરનાર, પંચ નદી સાધક અને પંચ પીર પાસેથી પરમ વરદાન પ્રાપ્ત કરનાર તથા આશિષવિશેષથી સંઘોન્નતિકારક, વિજયમાન ગુરુ યુગપ્રધાન શ્રી ૧૦૮ શ્રી જિનચંદ્રસૂરિના, પોતે-સ્વહસ્તે પાદશાહ સમક્ષ આચાર્યપદે સ્થાપેલ, સપરિવાર શ્રી જિનસિંહસૂરિવરના ઉપદેશથી ઓસવાલ-જ્ઞાતીય મંત્રી ભીમના વંશમાં મંત્રી ચાંપા, ભાર્યા સૂહવદે, તેના પુત્ર મંત્રી મહીપતિ અને ભાર્યા અમરી, તેના પુત્ર મંત્રી વસ્તપાલ અને ભાર્યા સિરિયાદે, તેના પુત્ર મંત્રી તેજપાલ અને ભાર્યા શ્રી. ભાનૂ; તેના કુક્ષિસરોવરમાં હંસ જેવો, અર્થીજનોના મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ જેવો, દેવગુરુપરમભક્ત, અને વિશેષતઃ જિનધર્મમાં અનુરક્ત હૃદયવાળો, ઊકેશવંશના અલંકારરૂપ

શાહ અમરદત્ત, ભાર્યા રત્નાદે; તેના પુત્રરત્ન કુંઅરજીએ, ભાર્યા સૌભાગદે, બહેન બાઈ વાછી, પુત્રી બાઈ જીવણી પ્રમુખ પરિવારને સાથે રાખીને અણહિલપુર પાટણના શૃંગારરૂપ, દેવોના મનનું પણ રંજન કરનાર, સુરગિરિ સમાન ચતુર્મુખ વિરાજમાન વિધિચૈત્ય કરાવ્યું તથા પાટકમધ્યે–મહોલ્લામાં પૌષધશાળા કરાવી. ઈલાહી સંવત ૪૧ વર્ષે વૈશાખ વદિ બારશની તિથિએ, ગુરુવારે રેવતી નક્ષત્રમાં, શુભ વેળાએ, શ્રી વાડી પાર્શ્વનાથની પ્રતિમા મહોત્સવપૂર્વક સ્થાપવામાં આવી. આ બધું દેવ–ગુરુ, ગોત્રજ દેવીના પ્રસાદથી વર્ધમાન અને પૂજ્યમાન છે. તે સમસ્ત શ્રીસંઘ સહિત ઘણું જીવો. કલ્યાણમસ્તુ.

આ (લેખની) પટ્ટિકા પં. ઉદયસાગર ગણિએ લખી છે. પં. લક્ષ્મીપ્રમોદમુનિના આદરથી–સૂચનથી ગજધર ગલ્લાકે કોતરી છે. शुभं भवतु नित्यम् !

# "ચતુરચાલીસી" (એક અપ્રગટ કાવ્ય)

મહેન્દ્ર અ. દવે*

વિશ્વનાથ જાની મધ્યકાળનો એક અલ્પપરિચિત છતાં સત્ત્વશીલ કવિ છે. એના પછી તરત સાહિત્યાકાશમાં ઉદિત થયેલા પૂર્ણચન્દ્રસમા પ્રેમાનંદની કવિતા કૌમુદીના પ્રકાશમાં વિસરાઈ ગયેલા તારકસમા વિશ્વનાથ જાનીની કાવ્યરચનાઓ અલ્પસંખ્ય છે, છતાં રસસમૃદ્ધ છે. વિ. સં. ૧૭૦૮ની આસપાસમાં ઉત્તર ગુજરાતના પાટણપંથકમાં થઈ ગયેલા આ કવિનાં ત્રણ કાવ્યો "મોસાળાચરિત્ર" "સગાળચરિત્ર" અને "પ્રેમપચીસી" પ્રકાશિત થયેલાં છે.

જાનીની એક ચોથી કૃતિ 'ચતુરચાલીસી'ની એક તૂટક પણ જૂની હસ્તપ્રત ડૉ. ભોગીલાલ સાંડેસરાને પાટણથી મળેલી. એમાં ૨૭ (તૂટક)થી ૩૨ (અપૂર્ણ) અને ૩૪ (અપૂર્ણ)થી ૪૦ સુધીનાં પદો હતાં.[૧] આમ ડૉ. સાંડેસરાને આ કાવ્યનાં દસ જ અખંડિત પદો પ્રાપ્ત થયેલાં. આ રસમય શૃંગારકાવ્યની સંપૂર્ણ હસ્તપ્રત આ લખનારને ડૉ. મંજુલાલ મજમુદારના સૌજન્યથી પ્રાપ્ત થઈ શકી છે.[૨] ૭" × ૫½"ની બાંધેલી પોથીમાં પ્રારંભે નરસિંહનાં કેટલાંક પદો અને કવિ રઘુનાથનો "ઓદ્ધવજીનો ગરબો" છે. ત્યાર પછી વિશ્વનાથ જાની કૃત "ચતુરચાલીસી"નાં ૪૦ પદો મળે છે. અન્તે અન્ય કવિ વિશ્વનાથરચિત "રસિકરાજ" ઉતારવામાં આવ્યું છે. અત્યંત સ્વચ્છ અક્ષરોવાળી આ પ્રતિને અન્તે પ્રતિ ઉતાર્યા વર્ષ કે કાવ્યરચનાવર્ષનો ઉલ્લેખ નથી. આમ છતાં આ પ્રતિ ઈ. સ. ૧૮૦૦ પછીની તો નથી જ.

વિશ્વનાથ જાનીનાં અન્ય કાવ્યોની જેમ આ કાવ્યમાં પણ કવિ પ્રત્યેક પદને અન્તે પોતાના નામની સાથે કે એકલી પોતાની અવટંકને અવશ્ય નોંધે છે.[૩]

દા. ત. "જાનીનો પ્રભુ પાંમી અરે તેડી આવે ઘેર". (૧)
"જાનીનો પ્રભુ જો મલે તો કીજે કોઈ વિચાર". (૬)

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૫૫–૬૦.

* ૫–૫૩/૪, સેક્ટર ૨૯, ગાંધીનગર–૩૮૨ ૦૨૯

૧ સાંડેસરા, ભોગીલાલ (ડૉ.) સંપાદક, "સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય", ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૭૨, બીજી આવૃત્તિ, ઉપોદ્ઘાતમાં પૃ. ૩૧, ૩૨,

૨ એમના વડોદરાના અંગત ગ્રંથભંડારમાંથી આ કાવ્યની હસ્તપ્રત અભ્યાસ માટે મને વિના વિલંબે આપવા માટે હું એમનો ઋણી છું. "ચતુરચાલીસી"નાં ઉદાહરણોમાં હસ્તપ્રતની મૂળ જોડણી જ યથાવત્ રાખી છે.

૩ "જડચો જયાની હાથ હીરો ફૂકટ ફોકટ વખાણીએ". (પ્રેમપચીસી)
"ઈન્દ્ર અમર અજ આણુ ન જાણે જાની શું જશ ગાય". (સગાળચરિત્ર)

"વીનતા વાર રખે લહે મળીઓ જાનીનો સાથ". (૧૦)

"રાત–દીવસ પાસે રાખો તો અતી તરસે છે જાનીજી". (૩૪)

નામની સાથે અવટંકના ઉલ્લેખ ઉપરથી, જાનીને સહજ એવા ભાષામાધુર્યથી, એની અન્ય રચનાઓ સાથેના પંક્તિસામ્યથી આ સંપૂર્ણ રચના વિશ્વનાથ જાનીની જ રચના છે એ સ્પષ્ટ બની રહે છે.

"ચતુરચાલીસી" જાનીનું કવિ તરીકેનું એક નવું પાસું રજૂ કરે છે. "પ્રેમપચીસી"માં કવિ ભક્તિને વાત્સલ્યના રંગે નિરુપે છે, તો "ચતુરચાલીસી"માં કવિ કૃષ્ણભક્તિના મધુર રૂપને આલેખે છે. આ નિમિત્તે જાની તત્કાલીન ભક્તિકવિતાની પરિપાટી અનુસાર કૃષ્ણગોપીના પ્રેમની વિધવિધ લીલાઓને શબ્દબદ્ધ કરે છે. મુગ્ધ યૌવનનો પ્રેમ, મિલન, અસૂયા, ઉપાલંભ, વિરહ, પુનઃમિલન આદિ પ્રેમની વિધવિધ ભાવછટાઓ રજૂ કરતું આ કાવ્ય કવિની કવિત્વ-શક્તિનો સારો પરિચય કરાવે છે.

મધ્યકાળમાં કવિ નરસિંહે પ્રથમવાર પ્રેમલક્ષણાભક્તિની કવિતા વ્યાપક સ્વરૂપે રચી. એની અનેક રચનાઓમાં કેટલાંક પદોનું ગુચ્છ "ચાતુરી" નામે જાણીતું બન્યું. નરસિંહે કૃષ્ણનો રાધાવિરહ, લલિતાનું દૂતીકાર્ય, રાધાકૃષ્ણનો રતિવિલાસ, રાધાની અસૂયા આદિને વર્ણવતી ઊર્મિકાવ્યોની માળાસમી, કંઈક કથાતંતુને જાળવતી "ચાતુરી"ઓ લખી છે.[1] નરસિંહની "ચાતુરી" ઉપર જયદેવના "ગીતગોવિન્દ"ની છાપ ઉપસી આવે છે. "ગીતગોવિન્દ"ના દસમા સર્ગને "ચતુર ચતુર્ભુજસર્ગ" એવું નામ આપવામાં આવ્યું છે. પ્રણયલીલામાં અને રાધાને મનાવવામાં કૃષ્ણના દાક્ષિણ્ય અને ચાતુર્યનું આ સર્ગમાં નિરૂપણ થયું હોઇ ને કૃષ્ણને ચતુર નાયક કવિએ ગણાવ્યા છે. નરસિંહ પણ જયદેવને અનુસરીને "ચાતુરી"માં "રૂડી પેરે જાણો નહિ તો જુઓ ગોપાળાની ચાતુરી" (૧૭) એમ કહે છે. આમ આપણે ત્યાં "ગીતગોવિન્દ"ને અનુસરી નરસિંહે અને પછી જાનીએ ચાતુરીકાવ્યો લખ્યાં.

"ચતુરચાલીસી"નો પ્રારંભ કૃષ્ણવિરહમાં ઝૂરતી ગોપીનાં વચનોથી થાય છે.

"મરકલડો મનમાંહે વશો રે મોહનજીનો આજ,
એક ઘડી જુગવત થઇ રે કહું છું લોપીને લાજ". (૧–૩)

ગોપી એની સખીને કૃષ્ણ પાસે દૂતીરૂપે જવા કહે છે. (પદ ૧–૨) સખી લલિતા કૃષ્ણ પાસે જઈને ગોપીની વિરહ વિકલ અવસ્થાનું વર્ણન કરે છે અને "વચન સુણી વીનતાતણાં હરિને નેત્ર ભરાણાં નીર". (પદ ૪–૫) લલિતાની વાટ જોતી ગોપી વધુ આતુર બને છે (પદ ૬) લલિતા આવીને ગોપીને કૃષ્ણ પાસે જવા કહે છે, જાય છે (પદ ૭ થી ૯) લલિતા કૃષ્ણને જરૂરી શિખામણ આપે છે. કૃષ્ણ દ્વારા ગોપીના અનુનયનાં એક પછી એક ગતિશીલ

---

[1] દિવેટિયા, ચૈતન્યબાળા (સંપાદક) "નરસિંહ મહેતા કૃત ચાતુરી", ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૪૯, પહેલી આવૃત્તિ.



‘ચતુરચાલીસી’ની હસ્તપ્રતમાં કૃતિના આરંભનું પાન




'ચતુરચાલીસી'ની હસ્તપ્રતમાં કૃતિના અંતનું પાન

ચિત્રો દ્વારા કવિ રતિભાવનો ઉપચય સાધે છે ( પદ ૧૦ થી ૧૭ ) અને ૧૮મા પદમાં મિલન-શૃંગારના આલેખનમાં શૃંગારની પરાકોટિ અનુભવાય છે. " વિવિધ વિનોદ વિલાસ "માં રાત્રી પસાર થતી હતી ત્યાં કૃષ્ણમુખે " રાધા "નો ઉલ્લેખ થઈ ગયો અને ગોપીના મનમાં અસૂયા જાગી ઉઠી. ( પદ ૧૯–૨૦ ) " અંતર રીસ ભરાણી " છે એવી ગોપીની વેદના આંસુ દ્વારા વ્યક્ત થઈ. ( પદ ૨૧ થી ૨૮ ) ત્યાં કૃષ્ણ આવ્યા અને એમના ચાતુર્યથી ખંડિતા ગોપી શાંત થઈ ( પદ ૨૯ થી ૩૨ ) અરુણોદય થયો અને પારસ્પરિક પ્રેમાનુનયને અન્તે ગોપીએ કૃષ્ણ પાસેથી વિદાય લીધી. ( પદ ૩૩ થી ૪૦ ) કાવ્યાન્તે કવિ કહે છે :

" ચતુર પુરુષ કો ચરચી જોતાં મોહ ન કરશો મોટું જી,
બાલપણે બાલક બહુ બોલે મંન ન જાણે ખોટું જી.
શ્રીભાગવતે ભેદ કહો છે નીશદીન હરીગુણ ગાવાજી,
સકલ કામ કરતાં સંભારો, પ્રેમે પાવન થાવાજી ".

અને અન્તે ફલશ્રુતિમાં :

" સોમપ્રભા કે રાધાજી કે દુતી શૈને જાશે જી,
વીશ્વનાથ પ્રભુ પ્રેમે પાલશે જે કો હરીરશ ગાશે જી ".

[ ૨ ]

મુખ્ય પ્રસંગોમાં નરસિંહની " ચાતુરી "ને અનુસરતા આ કાવ્યમાં વિશ્વનાથ જાનીએ કરેલાં કેટલાંક પરિવર્તનો જાનીની રસદષ્ટિનાં દ્યોતક છે. નરસિંહની " ચાતુરી "નો પ્રારંભ કૃષ્ણની વિરહવિકલ અવસ્થા અને દૂતીના પ્રશ્નથી થાય છે. જાનીની રચનાનો આરંભ ગોપીના ચિત્રથી થાય છે. આ ભેદ બન્ને કવિઓની દષ્ટિનો પરિચાયક બને છે. કૃષ્ણ પાસેથી રાધા ચાલી ગઈ છે, માટે કૃષ્ણ વ્યાકુલ છે. કૃષ્ણના અન્ય સ્ત્રી સાથેના પ્રેમને કારણે રાધામાં જાગ્રત થયેલી અસૂયા નરસિંહ બે વાર–પ્રારંભે અને વચ્ચે–વર્ણવે છે. એક જ ભાવનાઅંશને આમ બે વાર નિરૂપવાની રસદષ્ટિએ કોઈ અનિવાર્યતા નહોતી. જાની મિલન પછી એક જ વાર અસૂયાભાવને નિરૂપે છે. નરસિંહની " ચાતુરી "માં નાયિકા " રાધા " છે, જાનીના કાવ્યમાં નાયિકા એક ગોપી છે. બન્ને કવિઓ શૃંગારનાં બે રૂપો આલેખે છે, છતાં બન્ને કાવ્યોમાં શૃંગારને નિરૂપતાં ચિત્રોની રસકક્ષા અને માત્રામાં મોટો ફેર છે. નરસિંહની " ચાતુરી "માં સંભોગશૃંગાર મુખ્ય છે, જાનીની રચનામાં વિપ્રલંભશૃંગાર અસરકારક છે. નરસિંહના આ કાવ્યમાં મિલનશૃંગારનું આલેખન લલિત અને મધુર હોવા છતાં રતિકેલિનું બહુધા એક જ પ્રકારે પુનઃ પુનઃ થયેલું વર્ણન બહુ રુચિકર જણાતું નથી. વિશ્વનાથ જાની પ્રારંભથી પરાકાષ્ટા સુધી પ્રસંગોની[૧] ઉચિત સંકલના પ્રયોજીને ભાવનો ક્રમિક વિકાસ સાધે છે. નરસિંહનાં આ વિષયનાં પદો સમગ્રતયા વિશૃંખલતાની છાપ ઉપસાવે છે. જાની નવમા પદથી શરૂ કરી ભિન્ન ભિન્ન ભાવો અને અનુભાવો વડે રતિભાવનો ઉપચય સાધતાં ૧૮મા પદમાં શૃંગારની પૂર્ણકોટિને નિરૂપે છે.

૧ એજન, પૃ. ૨૭, ૩૪, ૩૭, ૩૮, ૪૩, ૪૮

આમ, જાનીનું શૃંગારનિરૂપણ નરસિંહના શૃંગારનિરૂપણ કરતાં પ્રગટપણે જુદું પડે છે. જાનીએ આલેખેલાં મિલનચિત્રો વિશેષ સંયમી અને કલાત્મક છે. કૃષ્ણગોપીના ધન્ય મિલનની ઉત્કટતા નિરૂપતાં જાની ક્યારેય અભદ્ર બનતો નથી, ગ્રામ્ય જણાતો નથી. જુઓ :

"અમૃત અધરતણું પીધું ઈચ્છાએ આલીંગન દીધું". (૧૮-૨)

"વિઠલને ઉર એહવી વલગી એકે અંગ ન દીસે અલગી". (૧૮-૪)

"મલતાં માંડણ સર્વે ફેંસાણું નિશા વિશે પ્રગટ થયું વહાણું". (૧૮-૬)

"એહવી લાજ રુદેથી લોપી આપ ટલી હરી થૈ ગોપી". (૧૮-૧૧)

"નિશા વિષે પ્રગટ થયું વહાણું", એ અભિવ્યક્તિ જાનીની કવિત્વશક્તિ સૂચિત કરે છે, તો "આપ ટલી હરી થૈ ગોપી"માં કૃષ્ણગોપીના પરસ્પર લીન થઈ ગયેલા રસાત્માઓનું સંક્ષિપ્ત, ધ્વનિગર્ભ અને નિતાન્ત મનોહર ચિત્ર આકર્ષક બની રહે છે. "ચતુરચાલીસી"માં વિપ્રલંભનાં ચિત્રો વધુ આકર્ષક છે. પ્રારંભમાં જ ગોપીની વિરહઅવસ્થા વર્ણવતાં કવિ કહે છે :

"મરકલડો મનમાંહે વશો રે મોહનજીનો આજ,
એક ઘડી જુગવત થે રે કહું છું લોપીને લાજ". (૧-૩)

"ભોજન ભાવે ગમે નહી રે તો નીંદ તણી શી વાત,
શાંમ વિના સુની ફરું રે ન લેહું રયણીપ્રાત". (૧-૫)

"સજની હું વિસારી મુકી કરી કૃપાનીધ નેહ રે". (૭-૨)

ખંડિતા નારીનું આ ચિત્ર :

"મારા સમ કહે કાંઈ દુહુવાણી
ડબડબ નેત્ર ભરાણાં પાણી,
કાજળ રેખ રુદે રેલાણી
શેં નવ બોલો મુખથી વાણી (૨૭-૪)

કાવ્યના મૂળ પ્રસંગ પરત્વે નરસિંહ જયદેવનો ઋણી છે અને જાની નરસિંહનો ઋણી છે. નરસિંહ અને જાનીનો રુચિભેદ સ્પષ્ટ છે. "ચાતુરી"માં નરસિંહનો શૃંગાર ઉત્કટપણે ભોગપ્રધાન છે, જાનીનો શૃંગાર સંયમશોભિત અને ભાવપ્રધાન છે. નરસિંહની રચનામાં "મારી વીનતડી અવિધાર નારી નિહાળીઈ રે". (૧૮) કે "કનકવેલ તમાલ લપટી જાણીઈ ઘનદામિની (૮) જેવી પંક્તિઓનું કવિત્વ અવશ્ય આકર્ષક છે. અત્રે તો બન્ને કવિઓની ચાતુરીવિષયક રચનાઓ અને એમાંના શૃંગારનિરૂપણને લક્ષ્યમાં રાખીને જ તુલના કરી છે. બાકી તો, નરસિંહની કેટલીક અન્ય કવિતાઓ તો અનન્ય છે જ.

બન્ને કાવ્યોની નાયિકાઓ આંતરવ્યક્તિત્વમાં પણ ભિન્ન લાગે છે. કૃષ્ણ સાથેની રતિકેલિમાં નરસિંહની રાધા વિશેષ મત્ત અને પ્રગલ્ભ છે. સ્વાધિનપતિકા રાધા પોતાની

સખી સમક્ષ રતિક્રીડાઓને પુનઃપુનઃ વર્ણવે છે. જાનીની ગોપી વિશેષ ભાવાર્દ્ર અને મુગ્ધા નારી છે. એનું મૌગ્ધ્ય, વ્રીડા, સંકોચ, અવમાનના વાચકના ચિત્ત ઉપર આકર્ષક છાપ મૂકી જાય છે.

કૃષ્ણલીલાને વર્ણવતાં કવિ વિશ્વનાથ જાનીની ભક્તિ પ્રત્યેક પદને અન્તે વ્યક્ત થતી રહે છે. નરસિંહની જેમ જ જાની પણ આ લીલાનો પોતે જાણે કે ધન્ય દર્શક હોય તે રીતે સમગ્ર કાવ્યને વિસ્તારે છે. ૪૦ પદોની માળા હોવા છતાં " ચતુરચાલીસી "નાં કેટલાંક પદો વિસ્તૃત છે અને પ્રસંગભાર વહન કરે છે. આ પદોમાં ક્રમશઃ પ્રસંગતત્ત્વનો નાટ્યાત્મક વિકાસ સિદ્ધ થાય છે. આથી આ પદમાળા માત્ર ઊર્મિકવિતાનો સમુચ્ચય જ નથી પણ આખ્યાનસમો રસાનંદ અર્પતી આખ્યાનકલ્પ રચના બની રહે છે.

આમ જાની નરસિંહની કવિતાકલાના તંતુને આગળ ચલાવે છે. ભક્તિનો આવેગ અને મસ્તી નરસિંહ માટે સહજ છે. જાની ભક્તિનો ગાયક છે અને આથી એની રચનામાં ભક્તિના મસ્ત આવેગની ઊણપ રહે એ સ્વાભાવિક છે. કૃષ્ણલીલાના જે પ્રસંગો નરસિંહમાં ભાવોન્માદની ભરતી આણે છે તે પ્રસંગો જાનીમાં સંયમિત, નમ્ર ભક્તિભાવ જન્માવે છે. ભક્તિ અને કવિત્વને વ્યક્ત કરતી જાનીની આ રચના મધ્યકાળનાં ગુજરાતી " ચાતુરી " કાવ્યોની પરંપરામાં એક રમણીય રચના બની રહે છે.

# Ever seen a stuffed human?



The wild have a
right to their life, too.

**Jyoti Marketing and
Projects Limited**
VADODARA

everest/82/JY/510

# સૃષ્ટિની ઉત્પત્તિ–ઉત્ક્રાન્તિ વિષે
# વેદાન્તવિચાર અને મહર્ષિ અરવિંદ

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)*

[૧]

અદ્વૈત વેદાન્તનું કેન્દ્રીય સૂત્ર છે सत्यं ज्ञानमनन्तं ब्रह्म । આ તેના વિશ્વાતીતપણા (Transcedentence)ને અનુલક્ષીને વેદાન્તે એના અરૂપી એવા સ્વરૂપને सच्चिदानंद કહ્યું છે. તે નિષ્ક્રિય સ્થિર હોઈ સાન્ત પદાર્થોવાળા સાન્ત વિશ્વથી તદ્દન અસંબદ્ધ છે. સર્જક, પોષક, વિનાશક, સમર્થ, દયાળુ, ન્યાયી વગેરે 'ઈશ્વર' વિષે આરોપિત થયેલા ગુણધર્મોથી તે રહિત છે. વાસ્તવમાં તે પોતે પોતાનામાં સ્થિત છે.

પણ વૈશ્વિક (cosmic) દૃષ્ટિથી બ્રહ્મનો માયા સાથેનો સંબંધ નિર્દિષ્ટ કરાયેલો છે. સમગ્ર બ્રહ્માંડનું ઉપાદાન કારણ બ્રહ્મ છે અને સૃષ્ટિની નિર્મિતિ અને ઉત્ક્રાન્તિ બ્રહ્મને કારણે છે–એ સત્ય હોવા છતાં બ્રહ્મ પોતે અકર્તા છે. સૃષ્ટિકર્ત્રી તો તેની માયાશક્તિ છે. માયા સ્વયંભૂ નથી. તે બ્રહ્મની જ સર્જનશક્તિ છે, પરંતુ માયાની આ શક્તિ ઈશ્વરની જેમ શાશ્વત નથી. કારણ કે આત્મા જ્યારે ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય છે ત્યારે માયાની નિર્જ્ઞાન-અચિતિનું વિલોપન થઈ જતું હોય છે.

ઈશ્વર તેની અલૌકિક માયાશક્તિથી સૃષ્ટિનું સર્જન કરે છે. એ જાણે મહાન જાદુગર છે અને આ સૃષ્ટિ એ જાદુગરનો મહાન ખેલ છે. એમ લાગે છે. જાદુનો ખેલ એટલા માટે કે માયા અને તેની સૃષ્ટિ સાચી હોય એવો (આ)ભાસ થાય છે. પરંતુ વાસ્તવમાં તો તેનું અસ્તિત્વ જ હોતું નથી. ડૉ. મહેન્દ્રનાથ સરકારે આ મુદ્દાને સરસ રીતે સમજાવ્યો છે :

Vedantism indicates the static character of Transcendental Existence, which as transcendent, cannot be thought of as actively evolving the world of factual existence out of itself. More properly we can characterise Vedantism as a system of explaining the world process as the appearance of Being, but, in which it cannot find itself in integrity. The becoming is, therefore, rather an appearance than a process. The entire existence is

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૬૧-૬૮.

* કોઠી કચેરી સામે, વડોદરા-૩૯૦ ૦૦૧.

to be regarded from the transcendental standpoint as not substantially real, but as possessing only an appearance of reality.

(The System of Vedantic Thought and Culture, p. 122.)

આમ બહુ બહુ તો એમ કહી શકાય કે અદ્વૈતવેદાન્ત વાચકોને સૃષ્ટિની સર્જનપ્રક્રિયા સમજાવે છે. વાસ્તવમાં Brahman is pure Being without any becoming. The Becoming is therefore, rather the appearance than a process. આમ આખીય ઘટનાને વિશ્વાતીત દૃષ્ટિબિંદુથી–એટલે કે યથાર્થરૂપે નહીં પણ–યથાર્થના આભાસરૂપે સમજવાની છે.

માયા ત્રિગુણાત્મિકા શક્તિ હોવા છતાં તે ઈશ્વરની ઈચ્છા વિના સર્જન કરી શકતી નથી. एकोऽहं बहुस्याम्‌ની સગુણ બ્રહ્મની ઈચ્છાને અનુવર્તીને જ માયાસૃષ્ટિનું સર્જન થતું હોય છે. સત્ત્વ, રજસ્‌, તમસ્‌ને લીધે માયા 'પ્રકૃતિ' કહેવાય છે, પણ તે સાંખ્યની પ્રકૃતિથી જુદી પડે છે. સાંખ્યની પ્રકૃતિ તો સ્વતંત્ર હસ્તી ધરાવે છે, જ્યારે વેદાન્તની માયાપ્રકૃતિ તો ઈશ્વર પર અવલંબન રાખનારી-ઈશ્વરાધીન–ઈશ્વરની જ શક્તિ છે.

ઈશ્વરાન્તર્હિત જે માયા હજુ અનાવિષ્કૃત છે તે તેની વૈશ્વિક અભિવ્યક્તિમાં સૂક્ષ્મ અને જડ તત્ત્વોરૂપે આવિર્ભાવ પામે છે. સૂક્ષ્મ માયાન્વિત ઈશ્વરને 'हिरण्यगर्भ' કહ્યો છે. તેમાં સઘળા સૂક્ષ્મ અવિર્ભૂત પદાર્થોનો સમાવેશ થઈ જાય છે. સ્થૂળ કે જડ પદાર્થોમાં અન્વિત થયેલો ઈશ્વર 'विराट' કહેવાય છે. આ વિરાટને 'वैश्वानर' પણ કહે છે. સમગ્રપૂર્ણ વિશ્વ તેમાં આવિર્ભાવ પામે છે. સગુણ બ્રહ્મ પણ ધીમે ધીમે ત્રિદેવ તરીકે ખ્યાતિ પામેલ છે. આમ શાંકરવેદાન્ત અનુસાર ઈશ્વર ઉત્ક્રાન્તિનું કારણ છે. હિરણ્યગર્ભ સૂક્ષ્મ તત્ત્વોનું સર્જક છે અને વિરાટ તેના પોતાનામાંથી સૂક્ષ્મ-જડ પદાર્થોનું સર્જન કરનાર છે.

સાંખ્ય પ્રમાણે જ વેદાન્તમાં પણ સૂક્ષ્મ ભૂતોના સંયોજનથી, પંચીકરણની વૈશ્વિક પ્રક્રિયા દ્વારા, પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પંચમહાભૂતોનું–તેના ગુણધર્મોસહિત–સર્જન થાય છે. વસ્ત્રો અને તેનાં સૂત્રરૂપ તાણાવાણાની જેમ આ મહાભૂતો સૂક્ષ્મભૂતોથી ભિન્ન નથી પણ પંચીકરણ દ્વારા સૂક્ષ્મભૂતોનું જ મહાભૂતોમાં રૂપાન્તર થતું હોય છે.

વેદાન્તે આને વિવર્તવાદ, પરિણામવાદ અને આરંભવાદ એવી ત્રણ સદ્ધાન્તિક સંજ્ઞાઓ આપી છે: સર્જન–ક્રમ એ બ્રહ્મનો 'વિવર્ત' છે. સૂક્ષ્મ તત્ત્વોનું સ્થૂળ તત્ત્વોમાં થતું રૂપાન્તર એ 'પરિણામ' છે. સૂક્ષ્મ ભૂતોની મહાભૂતોમાં થતી પરિણતિ એ કારણનું કાર્ય-સ્વરૂપ છે, પરંતુ અહીં કારણોનું સંપૂર્ણ રૂપાન્તર થતું હોતું નથી. એ તથ્યમાં આપણને 'આરંભવાદ'નો તંતુ મળે છે. આપણે એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે વેદાન્ત વિશ્વની વિવર્તસૃષ્ટિને વિશ્વાતીત બ્રહ્મના દૃષ્ટિબિંદુથી વિચારે છે અને આરંભ તથા પરિણામ–સૃષ્ટિને સગુણ ઈશ્વરની દૃષ્ટિથી જુએ છે.

આપણે જોઈ ગયા કે સૂક્ષ્મ અને સ્થૂલ તત્ત્વોના સંયોજનથી જે સૃષ્ટિનું સર્જન થાય છે તે ત્રિવિધ છે. પરમ સાત્ત્વિક લોક, રજોપ્રધાન મધ્યમકોટિના લોક અને તમોપ્રધાન ૭ કનિષ્ઠ

કોટિના લોક. વ્યક્તિ ક્રમશઃ ત્રણેય પ્રકારના લોકોનું અતિક્રમણ કરીને આખરે સત્યલોકમાં પ્રવેશે છે. સત્યલોકમાં સંપૂર્ણ શાંતિ, સ્વસ્થતા, પ્રકાશ અને સુખમય સ્થિતિ પ્રવર્તે છે. અહીં પ્રજ્ઞા અને આનંદનું જ આધિપત્ય હોય છે.

શંકરાચાર્ય કહે છે કે આત્મા તો નિર્બન્ધ-સ્વતંત્ર બ્રહ્મરૂપ હોઈ તે વિકાસ પામતો જ નથી. સંકોચ–વિકાસ, બંધન–મુક્તિનાં દ્વંદ્વ આત્માને નહીં પણ અવિદ્યાવૃત્તિ જીવને લાગુ પડે છે. નિષ્કામ કર્મ અને ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચેલો જીવ જ્યારે અહંકારથી સંપૂર્ણપણે નિવૃત્ત થાય છે ત્યારે અધ્યાત્મપ્રકાશનો અધિકારી બની તે બ્રહ્મચેતનાને પામે છે.

અદ્વૈત વેદાન્તમાં કૃપા ( Grace )ની વિભાવના છે જ નહીં. ક્યાંથી હોય ? કારણ કે, તેમાં આત્માનું બ્રહ્મ સાથે ઐક્ય સધાતાં દ્વૈત રહેતું જ નથી. બ્રહ્મસાક્ષાત્કારના પ્રકાશમાં જીવ, જગત અને ઈશ્વરની ત્રિપુટીનું–તથા માયાનું પણ–અસ્તિત્વ રહેતું નથી. પછી એના અનુગ્રહ માટે અવકાશ જ ક્યાં રહ્યો ?

હવે એક છેલ્લો મુદ્દો જોઈએ. યુગચક્ર પ્રમાણે થતી ઉત્ક્રાન્તિ ( Cyclic Evolution )ના વિચારને શાંકરવેદાન્તે અપનાવ્યો છે. બ્રહ્મસૂત્ર પ્રમાણે શૂન્યમાંથી સર્જન થતું નથી. સર્જન માટેનાં તત્ત્વો ઈશ્વરમાં જ અંતર્હિત હોય છે અને તે અનંતવિધ હોય છે. સૃષ્ટિના એક ચક્રનો અંત આવે છે ત્યારે ઈશ્વરમાં સુપ્ત–ગુપ્ત અનાવિર્ભૂત પડેલાં પેલાં સર્જક તત્ત્વો નવા યુગચક્ર રૂપે આવિર્ભાવ પામે છે. આમ ઉત્ક્રાન્તિ પહેલાં સર્જક તત્ત્વોના સંવરણ ( involution )નો સિદ્ધાંત અનિવાર્યપણે સ્વીકાર્યો છે.

## [ ૨ ]

ઉપર આપેલા વેદાન્ત સિદ્ધાંતસાર પર ઊડતી નજર નાખતાં જણાશે કે, અદ્વૈત વેદાન્ત અને સાંખ્યદર્શનમાં ઉત્ક્રાન્તિવિષયક વિચારોની મહદંશે સમાનતા જોવા મળે છે. વેદાન્તની માયા અને તેની અભિવ્યક્તિ, સાંખ્યની પ્રકૃતિ અને તેનાં વૈકાસિક પ્રવર્તનોની સમાન્તર છે. બંનેમાં પ્રકૃતિ અથવા માયાના તમસ્ તત્ત્વમાંથી સૂક્ષ્મ અને સ્થૂલ તત્ત્વોનો સંસ્ફોટ કે આવિર્ભાવ થાય છે. બંનેની ત્રિગુણાત્મક માયા વિષેની વિભાવના સરખી છે. બંનેમાં યુગ-ચક્રના સર્જન વિસર્જનનો અને પુનઃસર્જનનો વિચાર સ્વિકારાયો છે.

તફાવત માત્ર માયા અને પ્રકૃતિના સ્વરૂપ અને સ્થિતિ ( status ) બાબતનો છે. અદ્વૈતદર્શનમાં માયાનું સર્જનકાર્ય સચેતન–સભાન ( conscious ) ઈશ્વરના માર્ગદર્શન હેઠળ થાય છે. પણ સાંખ્યમાં તેમ નથી. ત્યાં પુરુષ પોતે સચેતન છે છતાં ગતિશીલતા ( motion ) વિષે સ્થિર–નિષ્ક્રિય હોઈ તે વિકાસક્ષમતા ધરાવતો નથી. આવી ગતિ–વિકાસશીલતા માત્ર પ્રકૃતિમાં જ રહેલી છે. પરંતુ પ્રકૃતિ પોતે અચેતન અને અનભિજ્ઞ હોવાથી સ્વયં વિકાસ કરવાની ક્ષમતા ધરાવતી નથી. જ્યાં સુધી સચેતન પ્રાજ્ઞ પુરુષના પ્રેરક ( માત્ર ) સંસર્ગ–સંસ્પર્શ દ્વારા પ્રકૃતિની ત્રિગુણાવસ્થામાં સંક્ષોભ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી વિશ્વની ઉત્પત્તિ કે ઉત્ક્રાન્તિનો આરંભ થતો નથી. તે બંનેના સંયોગને સાંખ્યકારે આંધળા–પાંગળાનો (पङ्ग्वन्धवत्) સંયોગ કહ્યો છે. લોહચુંબકની માત્ર હાજરીથી જ જેમ લોહકણોમાં ગતિસંચાર

થાય છે તેમ નિષ્ક્રિય એવા પુરુષની કેવળ ઉપસ્થિતિના પ્રભાવથી જ સ્વસ્થઅવ્યક્ત પ્રકૃતિ વિવિધ રૂપ–આવિર્ભાવોમાં વ્યક્ત થવા પ્રવૃત્ત થાય છે–અને તે પણ (પોતાના નહીં પણ) પુરુષના વિકાસ, અનુભવ અને મોક્ષ માટે જ. દૂધ પોતે જડ છે છતાં વાછરડાના પોષણ માટે આંચ સારુ પ્રવૃત્ત થાય છે. તેમ પ્રકૃતિની પ્રવૃત્તિ પણ પુરુષના જ 'દર્શન–કૈવલ્ય' નિમિત્તે છે. જે તે પુરુષ મુક્તિપદને પામે છે ત્યારે પ્રકૃતિની આ વિકાસ–પ્રક્રિયા તે પુરુષ પૂરતી તો અટકી જાય છે. પુરુષે પુરુષે એનું અલગ અલગ વિશ્વ. તાત્પર્ય કે, એક વ્યક્તિ–પુરુષ મુક્ત બનતાં એ વ્યક્તિના અનુલક્ષમાં જ પ્રકૃતિની પ્રવૃત્તિ સ્થગિત થઈ જાય છે. પણ બીજા અબજોના અબજો વ્યક્તિ–પુરુષો માટે તો તે અસ્ખલિત રહે છે. વળી પ્રકૃતિના ગર્ભાધારમાં જે કાંઈ પ્રથમથી જ ગુપ્તસુપ્ત અવસ્થામાં અંતર્હિત છે તે જ વિકાસ પામીને પ્રકટ સ્વરૂપે પ્રકટ થાય છે. આમ વાસ્તવિક વિકસિત (evolved) વિશ્વનું, તેના પ્રકટીકરણ પહેલાં, સંભવિત (potential) અવસ્થામાં હોવાનો–એટલે કે સંવરણ–ઉદ્‌ગમનનો પૂર્વાપર ક્રમ હોવાનો–ઉત્ક્રાન્તિસિદ્ધાંત સાંખ્યને અભિમત છે. Implicit becomes Explicit. પ્રકૃતિનું સર્જનકાર્ય, કોઈના ય સભાન અંકુશ–નિયમન વિના આપોઆપ થતું હોય છે.

અદ્વૈતદર્શન અને સાંખ્ય વચ્ચે ઉત્ક્રાન્તિ બાબતમાં બીજો તફાવત એ મળી આવે છે કે વેદાન્તમાં માયાનું અસ્તિત્વ, અવિદ્યાની નિઃશેષ નિવૃત્તિપર્યંત વચગાળાનું એટલે કે મર્યાદિત અને સાન્ત હોય છે. સમગ્ર સૃષ્ટિ–ઉત્ક્રાન્તિને તે ભ્રામક મિથ્યા, માયા દ્વારા થતી મિથ્યા (illusory) પ્રક્રિયારૂપે ગણે છે. ઈશ્વરની માયા શક્તિનું અસ્તિત્વ અજ્ઞાની જીવો માટે છે, જ્ઞાનીઓ માટે નથી.

સાંખ્યમાં પ્રકૃતિ આભાસરૂપ નહીં પણ નક્કર અને અનંત સત્યરૂપે છે, એટલું જ નહીં પણ, તેનું જુદાં જુદાં તત્ત્વોમાં થતું વિભાગીકરણ અને વિશ્વરૂપે થતું પ્રકટીકરણ પણ સત્ય અને સહેતુક છે.

પણ શાંકરવેદાન્તમાં તો માયા અને તેનું સર્જનકાર્ય માત્ર હંગામી ગાળા પૂરતું અને તે પણ અજ્ઞાનીઓ માટેનું વ્યાવહારિક સત્ય છે. એ પરિણામવાદનો સ્વીકાર કરે છે તે વિશ્વાતીત બ્રહ્મની દૃષ્ટિએ. આ સઘળો સર્જન વ્યવહાર એના સત્ય સ્વરૂપની વિકૃતિ (distortion) છે. બ્રહ્મ સચ્ચિદાનંદ હોઈ દિક્, કાળ અને વિશ્વનું અતિક્રમણ કરે છે. વિશ્વાતીત બ્રહ્મ સિવાય બીજું કાંઈ સત્ય નથી. બ્રહ્મ પોતે અવિકારી છે અને વિશ્વગત કોઈ વિકાર કે ફેરફાર તે કરી શકતું નથી. માયાન્વિત ઈશ્વર જ વિશ્વનું ઉપાદાન અને નિમિત્ત (efficient) કારણ છે. આત્મજ્ઞાનનો ઉદય થતાં ઈશ્વર વગેરે સઘળું લોપ પામે છે. તાત્પર્ય કે ખંડ ૧માં કહ્યું તેમ વિશ્વાતીતતાવાદી (Transcendentalist) માયાવાદી (Illusionist) શંકર માત્ર વિશ્વવ્યવસ્થાને સમજાવવા માટે જ માયાના સિદ્ધાંતનો આશ્રય લેતા હોય છે.

વાચસ્પતિએ એવી દલીલ કરી છે કે પરબ્રહ્મમાં વિકાર થવો શક્ય જ નથી. જો પરબ્રહ્મમાં આંશિક વિકાર થાય તો તેને અવિનાશી કહી શકાય નહીં અને જો બ્રહ્મમાં અખિલ વિકાર થયો હોય તો પછી તેનાં વિકાર કે પરિણામ પણ અવિનાશી જ હોય. આમ આ બંને

શકયતાઓ તર્કયુક્ત નથી. એટલે એક જ નિષ્કર્ષ પર આવવું પડે તેમ છે કે સર્વોપરિ નિર્વિકલ્પ પરબ્રહ્મમાં–અંશતઃ કે પૂર્ણતઃ–વિકાર થવો શકય જ નથી.

परिणामिनित्यता हि न पारमार्थिकी, तथा हि तत् सर्वात्मना वा परिणमेदेकदेशेन वा। सर्वात्मना वा परिणामे कथं न तत्त्वव्याहतिः। एकदेशपरिणामे वा स एकदेशस्ततो भिन्नो वाऽभिन्नो वा। भिन्नश्चेत् कथं तस्य परिणामः अभेदे वा कथं न सर्वात्मना परिणामः॥

(भामति, પૃ ૧૧૭, જીવાજીની ભામતિ–કલ્પતરુ આવૃત્તિ)

પણ આ પ્રકારના તર્કમાં એક વાત ભુલાઈ ગઈ છે કે વિકાર (આંશિક કે અખિલ)નો વિચાર પરબ્રહ્મને લાગુ પાડી શકાય જ નહીં. પરબ્રહ્મ તો હંમેશા એના અખિલ (Absolute) સ્વરૂપમાં જ સ્થિત છે. એક વિદ્વાને માતાનું ઉદાહરણ આપી સમજાવ્યું છે કે એક માતા બાળકને જન્મ આપવાથી તે આખી કે અંશતઃ બિલકુલ બદલાતી નથી. તેનું 'સ્ત્રી' રૂપનું વ્યક્તિત્વ ઘટતું નથી, વિભાજિત થતું નથી કે તેના શિશુમાં સંક્રાન્ત થતું નથી. એક આખા (whole)માંથી બીજું આખું પ્રકટ પામે છે. એવું જ સચ્ચિદાનંદ બ્રહ્મ માટે પણ સાચું છે. ઈશાવાસ્ય ઉપનિષદ–૧ કહે છે કે :

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

[ ૩ ]

બ્રહ્મ પોતે કૂટસ્થ રહીને, પોતાનું પૂર્ણત્વ, પોતાની અખિલાઈ સુરક્ષિત–અખંડિત રાખીને પણ, વિશ્વનું સર્જન કરે છે. વિશ્વરૂપ વિકાર બ્રહ્મની પૂર્ણતા પર કોઈ પ્રભાવ પાડતો નથી. મહર્ષિ અરવિંદ સમજાવે છે કે બ્રહ્મ એકી વખતે સ્થિર નિષ્ક્રિય (static) અને સાથે સાથે સક્રિય (dynamic) રહી શકે છે. એની સ્થિરતા અને સક્રિયતા બંને સત્ય છે. પરબ્રહ્મ એટલે એવું તત્ત્વ નહીં કે જે માત્ર સ્થિર જ હોય; કારણ શક્તિ એનાથી ભિન્ન નથી.

"શક્તિ (Force) સત્તા (Existence)માં અંતર્નિહિત છે. શિવ અને કાલી, બ્રહ્મ અને શક્તિ એક છે. તે બે નથી કે જેને જુદાં પાડી શકાય. સત્તામાં અંતર્નિહિત શક્તિ વિશ્રામ (rest)ની અવસ્થામાં રહી શકે છે તેમ તે ગતિશીલ (in motion) પણ થઈ શકે છે. પણ જ્યારે તે વિશ્રાન્ત સ્થિતિમાં હોય છે ત્યારે પણ તેનું અસ્તિત્વ તો હોય છે જ. તે નષ્ટ કે ક્ષીણ થઈ જતી નથી. તેમાં કોઈ પણ પ્રકારનો મૂલગત વિકાર કે પરિવર્તન થતાં નથી. (ઉપનિષદકારનો) આ ઉત્તર એટલો સંપૂર્ણતઃ યુક્તિસંગત છે અને વસ્તુઓના સ્વરૂપને એટલો અનુરૂપ છે કે એનો સહેલાઈથી સ્વીકાર થઈ શકે છે. કારણ કે યુક્તિથી વિપરીત હોવાના કારણથી એમ માનવું અસંભવ છે કે :

(अ) શક્તિ એક અને અનંત સત્તાથી વિજાતીય કોઈ વસ્તુ છે અને જે બહારથી આવીને તે (સત્તા)માં પ્રવેશી. અથવા

(ख) તેનું અસ્તિત્વ હતું જ નહીં. અથવા

(क) કાળની કોઈક ક્ષણમાં તે સત્તામાં ઉદ્ભવ પામી.

માયાવાદને પણ એ સ્વીકારવું પડે તેમ છે કે બ્રહ્મની આત્મવિભ્રમની શક્તિ માયા પણ શાશ્વત સત્ (Eternal Being)ની અંદર સંભાવ્ય રૂપમાં શાશ્વત છે.

(The Life Divine, Book 1, p. 78)

જો કે શંકરાચાર્ય વિશ્વસર્જનને અનંત બ્રહ્મની લીલા તરીકે સ્વીકારે છે ખરા, પરંતુ એનું શ્રેય તેઓ, પરબ્રહ્મને ન આપતાં, સગુણ ઈશ્વરને આપે છે. મહર્ષિ અરવિંદની દલીલ સ્પષ્ટ છે કે જો લીલા અનંતની સ્વાભિવ્યક્તિનું કાર્ય હોય, બ્રહ્મની શક્તિ સત્ય હોય તો પછી તેનું કાર્ય, તેનું સમગ્ર બ્રહ્માંડસર્જન પણ (મિથ્યા નહીં પણ) બ્રહ્મની જેમ અને બ્રહ્મના જેટલું સત્ય જ હોઈ શકે–અને માયાશક્તિ પોતાના સ્વામીના સત્ત્વતત્ત્વ (Substratum) વિરોધી એટલે કે મિથ્યા–અવાસ્તવિક સર્જન તો ના જ કરે ને?

સર્પ અને રજ્જુ વગેરેનાં પ્રચલિત રૂપકો પણ ભ્રામક ખ્યાલ પેદા કરે છે. જ્યાં કેવળ બ્રહ્મનું જ અસ્તિત્વ હોય ત્યાં સર્પ કે રજ્જુનું દર્શન–ભ્રામક દર્શન પણ–કેવી રીતે શકય બને? શ્રી અરવિંદવિચારનું તાત્પર્ય એ છે કે આ વિશ્વ અજ્ઞાન અને જ્ઞાન બંને દશામાં સત્ય, રહસ્ય અને અર્થથી સંપન્ન કે પરિપૂર્ણ છે.

શ્રી શંકરના માયાવાદનો પાયો જ એ છે કે તેઓ સચ્ચિદાનંદ બ્રહ્મને માત્ર નિષ્ક્રિય રૂપે જ સ્વીકારતા હોવાથી તે બ્રહ્મના આત્માવિર્ભાવ (Self-projection) કે આત્મવિસ્તારને અશકય લેખે છે. પણ શ્રી અરવિંદ ઉત્ક્રાન્તિના ઉદ્ગાતા છે. તેઓ તો પરબ્રહ્મને ચિતશક્તિ રૂપે પણ માને છે. વળી તેઓ, માત્ર વ્યક્તિઓની જ નહીં પણ સમગ્ર વિશ્વની, પ્રકૃતિની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ઉદ્દેશને પુરસ્કૃત કરે છે. તેથી તેમના દર્શનમાં સમન્વય અને એકરૂપતા (જે શાંકર-મતમાં શકય નથી)નો, પ્રકૃતિના દિવ્ય રૂપાન્તરનો આદર્શ હંમેશા દૃષ્ટિ સમક્ષ રહેલો છે.

શ્રી શાંકર સિદ્ધાંતના સમર્થનમાં શ્રી અરવિંદ કહે છે કે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી બ્રહ્મ માત્ર સૃષ્ટિનું સર્જન જ કરે છે એમ નથી પણ અતિક્રમણ પણ કરે છે. સર્જક તરીકે તે તેમાં પૂર્ણતયા વિલીન થઈ જતું નથી પણ તેને અતિક્રમી જાય છે. સરખાવો :

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं विश्वतो वृत्वाऽत्यतिष्ठद् दशाङ्गुलम् ॥

(पुरुषसूक्त, १०–९०–१)

એક દાખલો આપું. પિતાનો તેના પુત્ર સાથેનો સંબંધ સાપેક્ષ છે, પણ એક માનવ-વ્યક્તિ તરીકે તેઓ તે સંબંધથી ઉપર છે પિતા (કે પુત્ર) જોડે એક મનુષ્ય તરીકે અને પિતા (કે પુત્ર) તરીકે આપણાથી એકી વખતે વ્યવહાર થઈ શકે છે. તે જ પ્રમાણે પરબ્રહ્મ બ્રહ્મતત્ત્વ તરીકે સર્જકતાથી પર છે. શ્રી અરવિંદ કહે છે કે :

"યથાર્થ અદ્વૈતવાદ એ છે કે જે તમામ વસ્તુઓનો એક જ બ્રહ્મના સ્વરૂપે સ્વીકાર કરે છે તે બ્રહ્મની સત્તાને બે વિષમતાઓ ( incompatible entities )માં :

(अ) સનાતન સત્ય અને સનાતન મિથ્યા.

(ब) બ્રહ્મ અને અબ્રહ્મ.

(क) આત્મા અને અનાત્મા.

(ड) સત્ય આત્મા અને મિથ્યા આત્મા છતાં ચિરંતન આત્મા.

જેવાં રૂપોમાં વિભાજિત નથી કરતું. 'એક માત્ર આત્માનું જ અસ્તિત્વ છે' એ સત્ય છે તો એ પણ એટલું જ સત્ય હોવું જોઈએ કે 'બધું જ આત્મા છે'. ( All is the Self ).

( The Life Divine, Book 1, p. 31 )

મહર્ષિ કહે છે કે અત્યારના તબક્કે પરબ્રહ્મ પરિપૂર્ણ રીતે ( Fully ) આવિષ્કૃત થયેલ નહીં હોવાથી તેનાં રૂપાયતનોમાં મર્યાદા જણાય છે. ખાસ કરીને જડ અને ચેતન આત્મા સામસામા છેડા પર હોય એવું લાગે છે. પરંતુ વાસ્તવમાં તો જડ એ ચેતનનું જ નિકૃષ્ટ (lower form of Spirit) સ્વરૂપ છે. જેમ જેમ જડમાંથી પ્રાણમાં, પ્રાણમાંથી નિમ્ન ( lower ) મનમાં, મનમાંથી ઊર્ધ્વ ( Higher ) મન તરફ, ઊર્ધ્વમાંથી પ્રબુદ્ધ ( Illumined ) મન તરફ, પ્રબુદ્ધ મનમાંથી પ્રાજ્ઞ અથવા પ્રદીપ્ત ( Intuitive ) મન તરફ, પ્રાજ્ઞ મનમાંથી અધિમનસ ( Overmind ) તરફ અને છેવટે અધિમનસમાંથી અતિમનસ ( Supermind ) તરફ ઉત્તરોત્તર વિકાસ થતો જશે ત્યારે જડ અને ચેતન વચ્ચેનું અંતર ઓછું અને અલોપ થતું જશે. દિવ્યતા જ્યારે સંપૂર્ણતઃ પ્રકટ થશે, પરબ્રહ્મ પરિપૂર્ણપણે નીચેનાં સ્તરોમાં આવિર્ભાવ પામશે ત્યારે જડ સભાન–ચેતનમય ( conscious ) બનશે, પ્રાણ–જીવન અમર અને સમર્થ બનશે અને મન સંપૂર્ણ તથા સર્વજ્ઞ ( Omniscient ) બનશે ત્યારે સઘળા વિરોધો શમી જશે. શ્રી અરવિંદ કહે છે :

"પૃથ્વી પર દિવ્ય જીવન, અને મર્ત્ય જીવનમાં અમરતાના જ્ઞાનના પ્રતિસ્થાપન માટે કોઈ આધાર ( base ) ત્યારે જ મળી શકે કે જ્યારે 'સનાતન આત્મા જ આ દેહભવનનો નિવાસી અને પરિવર્તનશીલ ઝભ્ભા ( robe )નો ધારણ કરનાર છે.' એટલું જ માનવાને બદલે આપણે એ પણ સ્વીકારતા થઈએ કે 'જે જડતત્ત્વમાંથી તેનું નિર્માણ થયું છે તે યોગ્ય અને ઉત્કૃષ્ટ ( noble ) ઉપાદાન છે, અને તેમાંથી આત્મા નિરંતર તેનું વસ્ત્ર વણ્યા કરે છે, તેનાં ભવનોની અનંત શૃંખલા ( unending series of His mansion )નું નિર્માણ વારંવાર કર્યા કરે છે.

પરંતુ આ વાત પણ આપણને શરીરમાં રહીને જીવન તરફની વિરક્તિ recoil from life )થી બચાવી લેવા માટે પૂરતી નથી. તે માટે તો ઉપનિષદોની માફક, જીવનની બે ચરમ સ્થિતિ–અવસ્થાઓમાં બાહ્ય રૂપોની પાછળ રહેલા સારભૂત એકતા ( identity in essence )નું

જ્ઞાન થવું આવશ્યક બને. આપણે એ જ્ઞાન પ્રાપ્ત કરીને એ પ્રાચીન ગ્રંથોની ભાષામાં કહેવા લાગીએ કે अन्नं ब्रह्म જડ તત્વ જ બ્રહ્મ છે, અને એ રહસ્યમય રૂપકનું પૂરેપૂરું મૂલ્ય આંકી શકીએ કે જેણે ભૌતિક વિશ્વને દિવ્ય પુરુષનું બાહ્ય શરીર કહ્યું છે."

(The Life Divine, Book 1, p. 78)

શાંકરદર્શનમાં વૈશ્વિક ઉત્ક્રાન્તિ માટે માયાનું કોઈ ધ્યેય જ નથી. જ્યારે અરવિંદદર્શનમાં તો જડ, પ્રાણ અને મનનાં તત્વો સહિત પ્રકૃતિ અને આત્માની મુક્તિ (Total Transformation)નું લક્ષ્ય રહેલું છે. તેમાં વ્યક્તિગત ઉપરાંત ભૌતિક જગત સહિત સમગ્ર બ્રહ્માંડની મુક્તિનો સમાવેશ થઈ જાય છે. વૈશ્વિક મુક્તિ સિવાયના કેવળ વૈયક્તિક મુક્તિના શાંકરસિદ્ધાંતને મહર્ષિ બહુ નાનો મર્યાદિત આદર્શ હોવાનું જણાવે છે, અને કહે છે કે વૈશ્વિક મુક્તિ વિના અજ્ઞાનમુક્તિ શકય જ નથી. તે માટે તેમણે પૃથ્વીની ચેતનામાં અતિમનસરૂપે દિવ્ય ચેતનાના અવતરણની અનિવાર્યતા સ્વીકારી છે.

પણ આ અવતરણ (descent) શૂન્ય (vacuum)માં થતું અવતરણ નથી. અતિમનસ તો વ્યક્તિ કે વ્યક્તિસમૂહોમાં ઊતરે છે અને તેના દ્વારા અન્ય વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહોમાં પ્રસરે છે. આખરે સમગ્ર વિશ્વ અતિમાનસમય થઈ જાય ત્યાં સુધી આ અવતરણ–પ્રસરણની પ્રક્રિયા ચાલુ જ રહે છે. પણ તે માટે સાધક વ્યક્તિઓએ પોતાનાં શરીર, પ્રાણ, મન અને આત્માને, ઊર્ધ્વ ચેતનાના–દિવ્ય પ્રકાશના સુયોગ્ય વાહક બનાવવા સતત પુરુષાર્થ-પ્રવણ બનવું જોઈએ. શ્રી અરવિંદ ઉમેરો કરે છે કે આમાં વૈશ્વિક (cosmic) યોગ, પૂર્ણયોગ, જ સહાયક બની રહે તેમ છે.

આમ, ઉત્ક્રાન્તિને લગતી તમામ સમસ્યાઓનો ઉત્તર–ઉકેલ આપવામાં મહર્ષિ અરવિંદનો ફાળો અપૂર્વ છે. તે પશ્ચિમના યાંત્રિક જડવાદી (mechanical) વિચારનો અસ્વીકાર, પણ વૈશ્વિક ઉત્ક્રાન્તિના વિચારનો સ્વીકાર કરે છે. તો ભારતીય યુગચક્રની અને વૈયક્તિક મુક્તિની વિભાવનાને સ્થાને વૈશ્વિક દૃષ્ટિબિંદુ સ્થાપિત કરે છે. તેમના મતે, જે સચ્ચિદાનંદમાંથી સમગ્ર બ્રહ્માંડ નિષ્પન્ન થયું છે તે પૂર્ણ સચ્ચિદાનંદ બનવાનું ઉત્ક્રાન્તિનું ધ્યેય છે. કારણ કે :

**"A Divinised man can only emerge in a Divinised world".**

('Shri Aurobindo and The Theories of Evolution', by Ram Shanker Shrivastave, p. 193)

# સૌરાષ્ટ્રમાં જૈનધર્મ વિષે થોડું

હસમુખ વ્યાસ*

સૌરાષ્ટ્રમાં જૈનધર્મનાં પગરણ ક્યારે થયાં એ સવાલનો ઉત્તર મેળવવા સૌરાષ્ટ્રમાં જૈનધર્મના અસ્તિત્વના પ્રાચીનતમ ઉલ્લેખો ક્યારથી સાંપડે છે એ તપાસવું રહે. જૂનાગઢની ઉપરકોટની બાવા પ્યારાની ગુફામાંથી પ્રાપ્ત ક્ષત્રપકાલીન (લગભગ ૨જી સદીનો ઉત્તરાર્દ્ધ) શિલાલેખમાં ઉલ્લિખિત 'કેવલિજ્ઞાન' શબ્દ જૈનધર્મનો પારિભાષિક શબ્દ હોઈ પ્રસ્તુત શિલાલેખ જૈનધર્મનું અસ્તિત્વ સૂચવે છે માની ઈ. સ.ની ૨જી સદી દરમ્યાન સૌરાષ્ટ્રમાં જૈનધર્મ અસ્તિત્વમાં હોવાનું સામાન્ય રીતે સ્વીકારવામાં આવેલ છે.[1] આની ચર્ચા ન કરતાં અદ્યાપિ ધ્યાનમાં ન લેવાયેલ એક આધાર તપાસીએ.

જૈનધર્મનું 'આગમ' સાહિત્ય જ્યારે લગભગ લુપ્ત થઈ જવા પામેલ ત્યારે શ્રુતપરંપરાના આધારે જૈનાચાર્ય ધરસેનની દેખરેખ નીચે પ્રાકૃતમાં 'છકખંડાગમ' ('ષટ્ખણ્ડાગમ') સૂત્રોની રચના કરવામાં આવેલ. આ ગ્રંથ જૈન સાહિત્યોદ્ધારક ફંડ, અમરાવતીથી ડૉ. હીરાલાલ એલ. જૈન દ્વારા ૧૬ ભાગમાં (ધવલા ટીકાસહિત) સંપાદિત થઈ ઈ. સ. ૧૯૩૯–૧૯૫૯ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ છે. પ્રસ્તુત આગમગ્રંથ ૭ વિભાગમાં વહેંચાયેલ છે: જીવટ્ઠાણ, ખુદ્દાબંધ, બંધસામિત્તવિચય, વેદના, વગ્ગણા, અને મહાબંધ.

ષટ્ખણ્ડાગમનાં સૂત્રોમાં તેના રચયિતાનો કંઈ નિર્દેશ નથી પણ તેની ધવલા ટીકાના ટીકાકાર વીરસેન આચાર્ય કર્તા વિષે મહત્ત્વનો પ્રકાશ પાડે છે: તેમણે શ્રુતજ્ઞાનની પરમ્પરાનો નિર્દેશ કરતાં બતાવ્યું છે કે આચાર્ય ધરસેનને સમગ્ર અંગો અને પૂર્વના પ્રત્યેક દેશમાત્રનું જ્ઞાન પ્રાપ્ત થયેલ. આ ધરસેનાચાર્ય સોરઠ દેશના ગિરિનગર નામના નગર (પટ્ટણ)ની ચન્દ્રગુફામાં નિવાસ કરતા હતા:

तेण वि सोरट्ठ विसय-गिरिणयर पट्टण चंदगुहा-ढिएण अट्ठग-महाणिमित पारएण गंथवोच्छेदो होहदित्ति जाद-भएणा पवयणवच्छलेण दक्खिणा वहाइरियाणं महिमाए मिलियाणं लेहो पेसिदो। लेह ट्ठिय घरसेन वयणमवधारिय तेहि वि आइरिएहिवे सा हू गहण...

(સૌરાષ્ટ્રના ગિરિનગર નામના નગરની ચન્દ્રગુફામાં રહેનારા અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી પ્રવચનવત્સલ ધરસેનાચાર્યે અંગશ્રુતનો વિચ્છેદ થઈ જવાના ભયથી મહિમા નગરીમાં સંમિલિત દક્ષિણાપથના આચાર્યોને એક પત્ર મોકલ્યો). (પુસ્તક ૧, પૃ. ૬૭–૬૮).

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૬૯-૭૨.

* મોટા દડવા હાઈસ્કૂલ, તા. ગોંડલ, જિ. રાજકોટ.

૧ સાંકળિયા, (ડૉ.) હસમુખ 'પુરાતત્ત્વમાં ગુજરાત', પ્રકાશક-ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ, ઈ. સ. ૧૯૮૩, પૃ. ૭૧.

સોરઠ દેશના ગિરિનગર નામના નગરની ચન્દ્રગુફામાં રહેનારા અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી ધરસેન...

હવે મહત્ત્વનો મુદ્દો એ કે આચાર્ય ધરસેનનો સમય શો ? તે ક્યારે થઈ ગયા ? 'ષટ્ખંડાગમ'નાં સૂત્રોમાં તેમના વિષે કંઈ વિગત સાંપડતી નથી. પણ, તેની ધવલા ટીકામાંથી મહાવીર સ્વામીથી લોહાચાર્ય સુધીની જે પરમ્પરા છે તેમાં મહાવીર નિર્વાણ પછી ગૌતમ સ્વામી સુધી ૬૮૩ વર્ષ અર્થાત્ શક સંવત ૭૭–૭૮ સુધી તે (પરમ્પરા) ચાલતી રહ્યાનું જાણી શકાય છે. આના પછી કેટલા સમયે ધરસેન થયા તે નિશ્ચિત કહી શકાતું નથી. પણ શક સંવત્ ૭૭–૭૮ પછી થયાનું ચોક્કસ. વળી, 'ષટ્ખંડાગમ'ના અન્ય ટીકાકારોમાં આચાર્ય કુન્દકુન્દ અને સમન્તભદ્રની પણ ગણના થાય છે. આમ, આ બન્ને ટીકાકારો ઉક્ત આગમ ગ્રંથના પરવર્તી હોઈ શકે એ સહજ સિદ્ધ ગણાય. આચાર્ય કુન્દકુન્દ પલ્લવનરેશ શિવસ્કંદના સમકાલીન હતા. આથી તે ઈસુની બીજી સદીમાં થયાનું નિશ્ચિત છે. આ કુન્દકુન્દ અને શ્વેતામ્બરોનો ઉર્જયન્ત પર્વત પર વાદવિવાદ થયેલ. અર્થાત્ જૈનધર્મમાં દિગંમ્બર શ્વેતામ્બરના ભેદ ઉત્પન્ન થયા પછી જ તે થયા. દેવસેનના 'દર્શનસાર' પ્રમાણે વિ. સં. ૧૪૬માં શ્વેતામ્બર-દિગમ્બરના ભેદ થયા. આચાર્ય કુન્દકુન્દે તેમના 'બોહપાહુડ'માં પોતાને ભદ્રબાહુનો શિષ્ય હોવાનું દર્શાવેલ છે. આ ભદ્રબાહુ દ્વિતીય છે અને તેનો સમય વીર નિર્વાણ સં. ૫૮૯–૬૧૨ વચ્ચેનો છે. આમ આચાર્ય કુન્દકુન્દનો સમય બીજી સદીનો ગણી શકાય.[1] તો આચાર્ય ધરસેન આના પહેલાં થયા હોય એ સ્વતઃ સિદ્ધ બાબત હોઈ તેમનો સમય પણ ૧લી સદીનો ઉત્તરાર્દ્ધને ૨જી સદીનો પૂર્વાર્દ્ધ ગણી શકાય.

ધરસેનાચાર્ય ગિરિનગરની ચન્દ્રગુફામાં વસ્યા હોઈ ત્યાં આગળ તેમણે પુષ્પદન્ત અને ભૂતબલિ નામના જૈનાચાર્યોને બોલાવી–તેડાવી આગમજ્ઞાન આપેલ. આ પછીથી આ બન્ને આચાર્યોએ તેમણે પ્રાપ્ત કરેલ જ્ઞાનના આધારે દ્રવિડ (દક્ષિણ) દેશમાં જઈ ષટ્ખંડાગમનાં કેટલાંક સૂત્રો પ્રાચીન શૌરસેની ભાષામાં રચ્યાં હતાં. અહીં એક પ્રશ્ન એ થાય કે ગિરિનગર પરની ચન્દ્રગુફા તે કઈ ? હાલ તો આ નામની ગુફા છે નહિ.

અહીં એ સ્પષ્ટતા જરૂરી છે કે અત્યારે તો કાઠિયાવાડનો માત્ર દક્ષિણ ભાગ જ સોરઠ તરીકે ઓળખાય છે પણ પ્રાચીન સમયમાં તે કાઠિયાવાડ ઉપરાન્ત સમગ્ર સૌરાષ્ટ્ર તરીકે પ્રખ્યાત હતો. એટલું જ નહિ ટોલેમીએ દર્શાવ્યું છે તે પ્રમાણે સૌરાષ્ટ્રની સીમા કાઠિયાવાડના દક્ષિણ કિનારાથી છેક ભરૂચ સુધી વિસ્તરેલ હતી.[2]

આ ઉપરાંત વીર નિર્વાણ સંવતના ૮૪૦મા વર્ષે (ઈ. સ. ૩૧૩) એક જ સમય દરમ્યાન શ્વેતામ્બરો દ્વારા આગમગ્રંથોની વાચના નક્કી કરવા બે પરિષદો બોલાવવામાં આવેલ : (૧) આચાર્ય સ્કન્દિલના અધ્યક્ષપદે મથુરામાં અને (૨) આચાર્ય નાગાર્જુનના અધ્યક્ષ–પદે વલભીમાં. આ વલભીપરિષદ પછીની પરિષદો જેટલી પ્રસિદ્ધ થઈ નથી. આમ છતાં

---

૧ શાસ્ત્રી (ડૉ.) નેમિચન્દ્ર, 'પ્રાકૃતભાષા ઔર સાહિત્યકા આલોચનાત્મક ઇતિહાસ', પ્રકાશક–તારા પબ્લિકેશન્સ, વારાણસી, ઈ. સ. ૧૯૬૬, પૃ. ૨૨૩–૨૪.

૨ મુનશી ક. મા. (સં.), અનુ. પ્રા. ઉપેન્દ્ર પંડ્યા, 'ગુજરાતની કીર્તિગાથા', પ્રકાશક–ભારતીય વિદ્યાભવન તરફથી ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, ઈ. સ. ૧૯૫૨, પૃ. ૩૬

આચાર્ય જિનદાસ (ઈ. સ. ૫૭૮)ની 'નન્દિચૂર્ણી'થી તેનું પ્રમાણ સિદ્ધ થાય છે. ઈ. સ. ૪૫૩ (વીર નિર્વાણસંવત્ ૯૮૦)માં વલભીમાં બીજી પરિષદ યોજાયેલ. અગાઉની વલભીપરિષદમાં આગમની જે વાચના સ્વીકારાયેલ તેને છેવટના સ્વરૂપ તરીકે દિગમ્બરો માનતા-સ્વીકારતા નથી. તેઓના મતે ષટ્ખંડાગમ, કષાયપહુડ મહાબન્ધ વગેરેમાં જ દ્વાદશઅંગોના અવશિષ્ટ અંગ સુરક્ષિત છે.[૧]

જૈનધર્મ કોઈ પ્રાદેશિક ધર્મ કે સંપ્રદાય ન હતો. આથી, સૌરાષ્ટ્રમાં તે કયાંથી પ્રવેશ્યો એ પ્રશ્ન પણ મહત્ત્વનો બની રહે છે. આ અંગે લગભગ નહિવત્ વિચારાયું છે. તેના વિષે પણ થોડું જોઈએ: ગૂજરાતનો રાજસ્થાન (રાજપૂતાના) સાથેનો સંબંધ ઐતિહાસિક રીતે ઘણો પ્રાચીન હોવાનું નિશ્ચિત જ છે. આથી, રાજસ્થાનમાંથી જૈનધર્મ ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યો હોવાની શકયતા નકારી શકાય નહિ. જો આ શકયતા અર્થાત્ જૈનધર્મ રાજસ્થાનમાંથી આપણે ત્યાં આવ્યો હોવાની શકયતા સ્વીકારીએ, તો સૌરાષ્ટ્રમાં ૧-૨ સદીમાં જૈનધર્મના અસ્તિત્વના પુરાવા મળતા હોઈ રાજસ્થાનમાં આ સમય પૂર્વે જૈનધર્મ અસ્તિત્વમાં હોવો જોઈએ; તો જ અહીં તે ૧-૨ સદી દરમ્યાન હોઈ શકે. આ અંગે રાજસ્થાનનો પ્રાચીન ઇતિહાસ તપાસતાં આ અંગેનો એક આધાર-સંદર્ભ પણ મળી આવે જ છે: રાજસ્થાનમાં જૈનધર્મનું અસ્તિત્વ મૌર્યસમય પૂર્વેનું મળે છે. રાજસ્થાનના વર્તમાન અજમેર નગર નજીકના 'બડલી' (કે 'બર્લી') નામના સ્થળેથી એક શિલાલેખ મળી આવેલ છે. પ્રસ્તુત શિલાલેખમાં મહાવીર નિર્વાણના ૮૪મા વર્ષનો ઉલ્લેખ છે. આમ, ઈ. પૂ. ૫મી સદીમાં રાજસ્થાનમાં જૈનધર્મ અસ્તિત્વમાં હોવાનું સિદ્ધ થાય છે.[૨]

---

૧ મજમુદાર-અલ્તેકર, 'વાકાટક-ગુપ્તયુગ', પ્રકાશક-મોતીલાલ બનારસીદાસ, દિલ્હી ૭, ઈ. સ. ૧૯૬૮, પૃ. ૪૧૧-૧૪.

૨ મૂ. લે. તુકોલ, ટી. કે. અનુ. ચિત્રા શુકલ, 'જૈનદર્શન', પ્રકાશક-સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ઈ. સ. ૧૯૭૮, પૃ. ૧૪ તેમજ ઓઝા (ડૉ.) ગૌ. હી., 'રાજપૂતાને કા ઇતિહાસ', પ્રકાશક-લેખક સ્વયં, અજમેર, વિ. સં. ૧૯૯૩, ૨જી આવૃત્તિ, પૃ. ૧૨-૧૩.

# JOURNAL
# OF THE
# ORIENTAL INSTITUTE

## M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor:* **S. G. Kantawala**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic Studies textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

2. In the body of the article Non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in Devanagari or in transliteration with proper diacritical marks.

3. The sources of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) Surname, initials of the author or editor, (2) Title of the work, (3) Publisher, (4) Place (5) year of publication and (6) Page No.

4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.

5. Please give running foot-note numbers from the beginning to the end of the article.

6. The copyright of all the articles published in this Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- (Post-free), Europe £ 3.00 (Post-free)
U.S.A. $ 10.00. (Post-free)

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles be sent to—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.**

# કુકણા લગ્નપરંપરા

જયાનંદ જોષી*

કોઈ પણ સમાજના સંસ્કારોનું માપ કાઢવું હોય તો તેની નિપજાવેલી લગ્નક્રિયાની અને એના રચેલા લગ્નસાહિત્યની સામે દૃષ્ટિ કરી લેવી જોઈએ. કારણ કે શ્રી મેઘાણીભાઈ કહે છે તેમ સર્વ કાવ્યોનું મહાકાવ્ય તે લગ્ન : સર્વ રસનું સાચું ઝરણ ને જીવનની ધોરી નસ તે આ લગ્ન. એમાંથી સરિતા જેવી કવિતા જાગે છે અને સર્વને એક સરખી રીતે સ્પર્શી પાવન કરે છે.

કુકણા જાતિ કોંકણ તરફથી આવી દક્ષિણ ગુજરાતના વલસાડ, ડાંગ અને સુરત જિલ્લામાં સ્થિર થયેલી મનાય છે. આ પ્રજાનો લોકસાંસ્કૃતિક અભ્યાસ કરવાના હેતુથી મે વેકેશનમાં દશેક દિવસ ડાંગનો સાંસ્કૃતિક પ્રવાસ કર્યો ત્યારે લગ્નગાળો લગભગ વિદાય થવા આવ્યો હતો; છતાં, છૂટાંછવાયાં કેટલાંક લગ્નો જોવાનો મોકો મળી ગયો તેને આધારે કુકણા લગ્નપરંપરાની એક આછી સમજ આપવાનો અત્રે પ્રયત્ન કરું છું.

## પુખ્તવયે જીવનસાથીની પસંદગી :

આશ્ચર્યની વાત છે કે કહેવાતી સુધરેલી બિનઆદિવાસી પ્રજાઓમાં અત્યારે પણ બાળલગ્નોનું અસ્તિત્વ જોવા મળે છે ત્યારે પછાત ગણાતી આદિવાસી પ્રજાઓમાં અપવાદ-રૂપે ભાગ્યે જ બાળલગ્નો જોવા મળે છે. અન્ય આદિવાસીઓની જેમ દ.ગુ.ની કુકણા જાતિમાં ય બાળલગ્નો જોવા મળતાં નથી. વરકન્યા–નવરાનવરી–નો લગ્નસંબંધ પુખ્ત ઉંમરે જ જોડાય છે. અને તે પણ બંનેની સંમતિ પછી જ. ઉજળિયાત સમાજની માફક વડીલો તરફથી છોકરા–છોકરીનાં ચોકઠાં ગોઠવી દેવામાં આવતાં નથી. માબાપની પસંદગી કે સંમતિ આ સમાજમાં ગૌણ ગણાય છે. પરણનારની સંમતિ વિના લગ્નસંબંધ જોડવાનું દુઃસાહસ ભાગ્યે જ કોઈ વડીલ કરે છે.

મામા–ફોઈનાં છોકરાં એકબીજાને પરણી શકે છે. આ કારણે સસરા માટે મામા અને સાસુ માટે ફુઈ શબ્દ પ્રચલિત જોવા મળે છે. ઠેઠ દક્ષિણ ભારતના આદિવાસીઓમાં પણ આવા સંબંધો અને શબ્દોનું પગેરું જોવા મળે છે.

## પેન :

કુકણા સમાજની લગ્નવ્યવસ્થા બોલપેન (નાની પેન), મોટી પેન અને લગ્ન એમ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. ખાણીપીણીમાં વપરાતા પીણી જેવા પદ ઉપરથી કદાચ પેન શબ્દ વિકસ્યો હોવાની શકયતા છે.

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૭૩–૮૨

* ૧૦–૬૧, રાયચંદ રોડ, નવસારી.

બોલપેન એટલે વાગ્દાન કે વેવિશાળ, લગ્નસંબંધ જોડવાનું પહેલું પગથિયું. કન્યાની શોધમાં નીકળેલા વરપક્ષના વડીલો વર સાથે જ્યારે કન્યાને ઘેર જાય છે ત્યારે મહેમાનોનું સ્વાગત કન્યા દ્વારા પાણી આપીને થાય છે. એ વખતે આવનાર કન્યાને જોઈ લે છે. પછી વરકન્યાની પસંદગી કે સંમતિથી લગ્નસંબંધમાં આગળ વધવા ગામના પાટીલ, કારભારી તથા અન્ય અગ્રણીઓની હાજરીમાં વરપક્ષ તરફથી સવાપાંચ રૂપિયા અપાતાં તેની ખાંડ લાવી ચાપાણી કરી વાગ્દાનના આ શુભ પ્રસંગની ઉજવણી કરાય છે. શક્ય છે પહેલાં દારૂના પીણાથી થતી હશે. તાત્કાલિક હા કે ના કહેવી અનિવાર્ય નથી. બે કે ત્રણ દિવસ પછીય સ્પષ્ટતા કરી શકાય.

બંને પક્ષ એકબીજાની સ્થિતિની ઘટતી તપાસ કરી, કેટલી આપલે કરવાની છે તે પણ સમજી લે છે. વરપક્ષે, કન્યાપક્ષને અનાજ, કઠોળ, નાણાં કે વસ્ત્રોના રૂપમાં દહેજ ચૂકવવું પડે છે. એ નક્કી થયા પછી મોટી પેન થાય.

મોટી પેનમાં નવરો (વર) તેનાં વડીલો તથા જાનૈયાં સાથે વાજતેગાજતે નવરી (કન્યા)ને લેવા જાય છે, ત્યારે ગામના પાટીલ, કારભારી, જાગલ્યા તથા અન્ય અગ્રણી આસામીની હાજરીમાં તળપદી પૂજાવિધિ કરી નવરાનવરીનાં નામ, ગોત્ર વગેરેની જાહેરાત કરી પતિપત્ની તરીકેનો સંબંધ માન્ય કરાય છે. શક્તિ અનુસાર જાનૈયાંને ખાણીપાણી કરાવવામાં આવે. જમણમાં દાળ-ભાત હોય. શાકની અપેક્ષા ન હોય. મોટી પેનમાં રૂપિયા બસોથી હજારેકનો ખર્ચ થઈ જાય.

**અનુકૂળતાએ લગ્ન :**

મોટી પેન થયા પછી વર્ષે બે વર્ષે કે પછી અનુકૂળતાએ દાદા-દાદી થયા પછી ય લગ્નવિધિ ઉજવાય છે. લગ્નવિધિ કરવા મોટી પેન થયા પછી પરંપરાગત પદ્ધતિમાં અનિવાર્ય ગણાતો નથી. કારણ કે પતિપત્ની તરીકેનો સંબંધ તો સ્થાપિત થઇ જ ગયો છે. લગ્નવિધિનું આર્થિક ભારણ અસહ્ય હોવાથી ઘણાં ગરીબ કુટુંબો લગ્નવિધિ કરતાં નથી. મોટી પેન થઈ એટલે પતી ગયું.

**ઘાસના મંડપ :**

આમ તો ઘાસના મંડપ કુકણા ઘરોના આગલા બારણે ઉનાળામાં હોય જ છે પણ લગ્નપ્રસંગે પુષ્પો, પાંદડાંનાં તોરણો કે ડાળીઓથી વિશેષરૂપે સજાવવામાં આવે છે. અને એનાં ગીતો પણ ગવાય છે :

"દેવ દોરકી[1] લાગલ રે ભારજાય ઉલટ [2]બસલી (૨)
ભારજાય હાથી કેસરું[3] ફની ભારજાય ડોકી[4]વ વાળ (૨)
ભારજાયને હાથી સોનેરી સીરાવ, ભારજાય, આગનુ[5] વાળ (૨)"

મારે બાં[1]રણે મંડપમાં દેવીઓ[2] બેઠી છે. સુંદર[3] કાંસકીથી તેઓ તેમનું માથું[4] ગૂંથે છે-વાળ હોળે છે. અને મંડપવાળું અમારું આંગણું[5] વાળે છે.

**નવરુદેવ :**

કુકણાઓ વરકન્યા એટલે કે નવરાનવરીને દેવ તરીકે જુએ છે. એમના લગ્નકાર્યમાં મદદ કરવા આવેલાં સુહાસણો, માદળવાળા પણ દેવ તરીકે જોવાય છે :

"[1]આમીં ગયલે વ દેવ ડોંગરે
[2]તઠ ની[5]ગીલ દેવ નવરાં, આમીં ગયલે દેવ ડોંગરે
તઠ નીગીલ દેવ નવરી, આમીં ગયલે દેવ ડોંગરે૦
તઠ નીગીલ દેવ સવા[3]સની, આમીં ગયલે દેવ ડોંગરે૦
તઠ નીગીલ દેવ માદળી[4], આમીં ગયલે દેવ ડોંગરે૦".

[1]અમે ડુંગરદેવ ગયલાં, [2]ત્યાંથી નવરા, નવરી, સુ[3]હાસણો, મા[4]દળિયા દેવ [5]નીકળ્યા.

**ઉખળી, ધાન, પાટધાન :**

કુકણા લગ્નપરંપરામાં તેમના રહેઠાણના મહત્ત્વના ભાગમાં જમીનમાં દાટેલી ઉખળી (ખાંડણી)નું ઘણું ગૌરવ કરવામાં આવે છે. ત્યાંજ પરણનારની પીઠી ચડે, જરૂરી ધાન્ય હળદરનો ઘોણુ (ધાન) ખંડાય અને કન્યાને ત્યાં મોકલવામાં આવતું પાટધાનનું ધાન્ય તથા સૌભાગ્યદ્રવ્ય પણ ત્યાં જ તૈયાર કરાય છે. ખેતીને પ્રાધાન્ય આપતી પ્રજાએ સરસ રીતે ઉખળીનું ગૌરવ વધાર્યું છે ને એ સંદર્ભે ગીતો રચ્યાં છે :

"મથા[2]ડાના ટીલા વ દીલા, એ[1] બાઈ પરને પાટનાવ,
એ બાઈ જલમ[4] જોડાનાવ.
કુક[3]વાસા ટીલા વ દીલા, એ બાઈ પરને પાટનાવ,
એ બાઈ જલમ જોડાનાવ".

"દેવા[6]ય ખાં[6]ડ ધમય[5] દુડકી,
દેવાય પાખડ[8] સોનય[7] સુરૂપલી,
દેવાયસે હાથ સોનય સુરૂપલી,
[9]સાગયે ઉખળ [10]ખીરાયસા મુસળ".

હે[1] દેવીઓ મો[2]તીને કંકુ[3]નાં ટીલાં દેવાઈ ગયાં છે. પાટ પર બેસીને જન્મ[4]–ભરનો લગ્નસંબંધ જોડાઈ રહ્યો છે. ધમધમાવીને ધાન ખાંડો, [7]સોનાના સૂપડે [8]ઝાટકો. સાગનું ઉખળ છે જ્યારે મુસળ છે ખેરનું.

**સમુલ્લાસભરી હળદુવિધિ :**

કુકણા લગ્નપ્રથામાં અન્ય જાતિઓની અપેક્ષાએ હળદરપીઠીનું અસામાન્ય મહત્ત્વ જોવા મળે છે. બીજી જાતિઓના લગ્નમાં આ વિધિમાં પુરુષો ભાગ્યે જ જોડાય છે, બલકે

જોડાતા જ નથી જ્યારે કુકણાઓમાં તો સંબંધોની દૃષ્ટિએ કે સામાજિક મોભા પ્રમાણે અગ્રતાક્રમે વડીલ પુરુષથી હળદુવિધિનો મંગલ આરંભ થાય છે. બહારગામ નોકરીધંધે રહેતા પુરુષો પણ સગાંસ્નેહીને હળદુ ચડાવવા માટે ખાસ હાજરી આપે. સગાસંબંધી ન હોય એવા સ્નેહી કે શુભેચ્છકો જો હળદુવિધિમાં જોડાય તો એ અહોભાગ્યનો વિષય ગણાય. પીઠી ચલાવનારે માથે ટોપી કે કંઈક રાખવું જોઈએ. પુરુષો દ્વારા વિધિ પૂરી થાય એટલે સ્ત્રીઓ દ્વારા એ વિધિ આગળ ચાલે.

## કોઢારને દેવસ્થાનનો દરજ્જો :

જેને હળદુ ચડવાની છે તેવાં વરકન્યાને હળદુ ચડાવતા પહેલાં તથા લગ્નવિધિ અગાઉ કરાવાતા સ્નાન માટે કોઢારનો ઉપયોગ થાય છે. આ ઉપયોગ પાછળ બાથરૂમનો અભાવ કારણભૂત છે એમ નથી પણ કુકણાઓ જ્યાં અન્ય ઢોર સાથે ગાયમાતાને બાંધે છે તે સ્થળ એમને મન માત્ર કોઢાર નથી પણ ગૌશાળા છે, એક પવિત્ર સ્થળ છે. આ સ્થળે માસિક-ધર્મવાળી રજસ્વલા સ્ત્રી પ્રવેશવાનું ટાળે છે. ગૌશાળાને દૂષિત કરવી તે અયોગ્ય ગણે છે. જ્યાં ગાયમાતા બંધાતાં હોય, ત્યાં અનેક દેવદેવીઓ રહે છે તેથી અન્યત્ર વરકન્યાને સ્નાન કરાવવાને બદલે ગૌનિવાસસ્થાન વધુ યોગ્ય ગણી, પોતાનાં સદાનાં સાથી પશુઓના રહેઠાણનું આ રીતે ગૌરવ કરે છે.

## પીઠીમાં પાંચ પાંચ કિલો હળદર પણ હોય :

આ આદિવાસીઓને આપણી જેમ મોંઘીદાટ હળદર વેચાતી લાવવાની નથી. સામાન્ય રીતે તેમણે પોતપોતાનાં ખેતરોમાં જ પકવી હોય છે, તેથી તેઓ માને છે તથા ગીતમાં ય ગાય છે કે આવા શુભપ્રસંગે આપણી હળદર કામ નહીં આવે તો ક્યારે આવશે? સાચવેલી હળદર બહાર કાઢો :

"માજે ભાવુસે લગ્નીનાલા, રામઢોલ એતીલ જી (૨)
હળદીસા એલ કસે કમા એલરજી (૨) માજે ભાવસે૦"

*　　*　　*

"હળદીસા ધાન સુતસ કા નાય વ
જાત દેવ માલા એત દેવ
ગોની ભરેલ હળદી એ સેવ (૨)
ગોની ઢાલવલે ઢાલવલે તોરનદારી ગોની ભરેલ એ સે વ (૨)
ગોની ઢાલવલે ઢાલવલે ઉખળી પાળે, ગોની ભરેલ એ સે વ (૨)"

*　　*　　*

"લીલીપીળી હળદુ કને ગાંવલા પીકવ (૨)
લીલીપીળી હળદુ ઢોલુમ્બર ગાંવલા પીકવ (૨)"

ખેતરમાં પકવેલા હળદરના ગાંઠિયા ફોડતાં કે ખાંડતાં ગાય છે :

"લગ્નાચા ધાનાવ યે એ એ
રઘુભાયં એ પોરીઆ વ યે એ એ
પોરી વંડતી વ લગ્નાચા ધાનુવ યે એ એ
નવુર દેવાચી સેવા મીં કરતે વ યે એ એ
નવુર દેવાચી મીં હળદ ફોડતી વ યે એ એ".

હળદર દળતાં દળતાં ગવાય છે :

"હળદી ધવળી વ રંગતીલ
નવરીની સાડી વ રંગતીલ
નવરીની ચોળી વ રંગતીલ
નવરી નવરા વ રંગતીલ".

સગાંઓ પણ વાજતેગાજતે હળદુ લાવે છે :

પીઠીમાં માત્ર પોતાના ઘરની જ હળદર મન મૂકીને વપરાય છે એવું નથી. પરણનારનાં સગાં પણ પોતપોતાને ઘેર હળદુ તૈયાર કરી ભારે ઉત્સાહથી, સમૂહમાં વાજતેગાજતે હળદુ લઈને જાય છે. આખે રસ્તે કાહળી ઢોલ વગાડતાં ગાતાં જાય :

"લીલીપીળી હળદુ નડગખાદી ગાંવલા પીકવ, લીલીપીળી હળદુ૦
લીલીપીળી હળદુ કને ગાંવલા પીકવ, લીલીપીળી હળદુ૦
લીલીપીળી હળદુ ચીકટિયા ગાંવલા પીકવ, લીલીપીળી હળદુ૦"

## સૂર્યપૂજકોનું પગેરું :

પીઠી ચડાવતી વખતે એ વ્યક્તિને પૂર્વાભિમુખે જ બેસાડવામાં આવે છે. એકાદ ફૂટના સાગના ટુકડાને સફેદ વસ્ત્રથી વીંટી તેની પાટ બનાવીને પવિત્ર આસને બેસાડવામાં આવે છે. પગ કથરોટમાં મૂકાય. બાજુમાં વરપના ધાન્યની ઢગલી કરી તેની ઉપર સૂર્યના પ્રતીક તરીકે દીપ પ્રગટાવી એની સાક્ષીએ બધી ક્રિયા કરવામાં આવે. દીપને તેઓ સૂર્યના પ્રતીક તરીકે જુએ છે. અને પોતાને પરંપરાગત તરીકે સૂર્યપૂજક ગણાવે છે. દીપ સાથે જલકળશમાં દેશી આંબાનાં પાન પધરાવી સૂર્યદેવ સાથે જળદેવતાઓનું સ્થાપન કરે છે. દરેક પીઠી ચડાવનાર દીવાને જળકળશમાં પાંચ દશ પૈસા ભેટ મૂકી હળદુવિધિ કરે છે. બાજુની થાળીમાં બે પાંચ રૂપિયા પરણનારને ભેટરૂપે મૂકાય છે. દીપ અને કળશની ભેટ સવાસની (સુહાસણો) મંગલ ગાનારી વહેંચી લે છે.

પીઠી ચડતા ક્રમે પગના અંગૂઠાથી નખે, ઘૂંટણે, છાતીએ અને કપાળે કે માથે ચડાવવાની હોવાથી ગવાય છે :

"હળદી ચડવ પાઈલે મે ઝાલા વ યે એ એ...
હળદી ચડવ ઢોપરે[1] મે ઝાલા વ યે એ એ...
હળદી ચડવ નળાયે[2] મે ઝાલા વ યે એ એ...
હળદુ ચડવ ગુડગે[3] મે ઝાલા વ યે એ એ...
હળદુ ચડવ કમરે મે ઝાલા વ યે એ એ...
હળદુ ચડવ સાતી[4] મે ઝાલા વ યે એ એ...
હળદુ ચડવ ધોગીયે[5] મે ઝાલા વ યે એ એ...
હળદુ ચડવ મુખયે મે ઝાલા વ યે એ એ...
હળદુ ચડવ કપાળે મે ઝાલા વ યે એ એ...
હળદુ નમનાવ[6] ચડુંન ગેલી વ યે એ એ..."

પીઠીએ બેસનારના મનમાં પણ હોંશ કે એક મનીષા હોય છે કે દરેક વડીલ હળદુ ચડાવી એનું બહુમાન કરે; તેથી ગવાય છે :

"ગુનાચા મામા વ ગુનાચા મામા વ (૨)
તેજે હાતાચા હળદીચા માનુ વ (૨)
ગુનાચી વ ગુનાચી વ બઈની વ (૨)
માજી બઈની વ લાલાચી લોબાતી વ (૨)
તેજે હાતાના વ હળદીચા માનુ વ (૨)"

## તેલહળદીના ભારનું સુંદર શબ્દચિત્ર :

અનેક સગાંસંબંધીઓએ મન મૂકીને લોચેલોચા પીઠી ચડાવી છે તેના ભારથી વર કે કન્યા કેવાં નમી ગયાં છે એનું સુંદર શબ્દચિત્ર :

"ડોંગુરી[1] કંજુલી[2] કંજુલી વ પોસી[3] પિવળી[4] વ (૨)
તેલચે ભારલ ભારલ પોસી દમેલી[5] વ (૨)
તેલચે ભારલ ભારલ નવરી દમેલી વ (૨)
ડોંગુરી કંજુલી કંજુલી વ કશી પિવળી વ (૨)
હળદીચે ભારાલ ભારાલ નવરી દમેલી વ (૨)"

ડુંગર પરના[1] કરંજવૃક્ષ[2] જેવી છોકરી[3] કેવી પીળીપીળી[4] થઈ ગઈ છે! તેલ અને હળદરના ભારથી છોકરી–નવરી નમી[5] ગઈ છે! કેવી ઝૂરી ગઈ છે!!

પહેલાં તો ચારપાંચ દિવસ સુધી દિવસમાં બબ્બે વખત હળદ ચડાવાતી પણ હવે એનાં દાપાંનાં આર્થિક કારણોસર વિધિ બે દિવસ પૂરતી મર્યાદિત થતી જાય છે. ભેગી થયેલી હળદુ ચડાવાય તેટલી ચડાવે, વધેલી કોટવાળિયાને વિના મૂલ્યે આપી દે પણ ઘરમાં ન વાપરે.

---

૧ પાનીએ, ૨ નમે, ૩ ઘૂંટીએ, ૪ છાતી, ૫ ગળે, ૬ સર્વાંગે ચડી ગઈ છે.

સગાંને ત્યાં હળદુવિધિ હોય અને કોઈ ઘરની સ્ત્રી રજસ્વલા હોય તો જે તે ઘેરથી પુરુષ પણ હળદુની થાળી માથે મૂકીને લઈ જાય. હળદુ લાવનારને માંડવા નીચે વધાવી, યોગ્ય દાપું આપી, પાયલાગણું કરી, લગ્નવાળા ઘરની સ્ત્રીઓ, હળદુ ઘરમાં લઈ જાય.

હળદુ ચડાવતી વખતે જો પરણનારનાં માબાપે લગ્નવિધિ ન કર્યો હોય અને મોટી પેનથી જ ચલાવતાં હોય તો તેમને પણ પુત્ર કે પુત્રોની બાજુમાં બેસાડી હળદુ ચડાવવામાં આવે છે.

ઘણી વખત તો હળદુનું વાતાવરણ એટલું બધું ઉત્સાહથી ભરેલું હોય છે કે હળદુ ચડાવનારને પણ હળદુથી રંગી પીળાં પીળાં કરી મૂકવામાં આવે છે. કપડાં બગાડી મૂકયાં હોય તો પણ કોઈ કોઈને કશું ન બોલે. હસતાં હસતાં સ્થિતિનો સ્વીકાર કરી લે. જો પરિસ્થિતિ સંયમિત હોય તો હળદુ ચડાવનારને કપાળે હળદરનું તિલક કરીને પાટે બેઠેલી વ્યક્તિ પોતાનો ઉત્સાહ, આનંદ વ્યક્ત કરી લે છે.

## તેલવના કે તેલવનુ વિધિ :

પરણનારને હળદુ પહેલાં મર્દન સ્વરૂપે તેલ લગાડવામાં આવે છે. પણ એથી વિશેષ પ્રકારે અને વિધિએ લગ્ન પહેલાં કન્યા કે વરરાજા ઉઘલીને નવા તૈયાર થાય તે પહેલાં જે છેલ્લી હળદુવિધિ થાય છે ત્યારે તેની ઉપર, કોઠારમાં અગ્નિસમક્ષ (ચૂલે), કોઢમાં, ઉંબરે, માંડવાની થાંભલીઓએ, ઉકરડે વગેરે જગ્યાઓએ કાંસાની વાટકીમાં ચોકખું તેલ લઈ તીરફણાથી કે તેની અવેજીમાં લીલા વાંસની સોટીને આંબાનું પાન બાધી તેની ધારથી તેલ પાડી જે તે જગ્યાએ અનેક દેવદેવીઓનાં નામ લઈ તેલ પાડવાની વિધિ કરાય છે. જેમ કે :

"તેલવના પડવ ધરતી માયી વ...
તેલવના પડવ વનસી[1] માયી વ...
ચાંદ સુરેવ[2] તેલવના પડવ...
ઉગતે માવળતે[3] સુરેલાવ તેલવના પડવ...
અઠળ[4] ચાંદનીવર તેલવના પડવ...
ઝીગી મીગી ચાંદનીવર તેલવના પડવ...
ખાંભા[5] દુરુંગવર વ તેલવના પડવ...
વાર[6] દેવાવર વ તેલવના પડવ..."

તેલથી આ રીતે પૂજન થવાની રીત પણ અસામાન્ય દેખાય છે. એનું કોઈ રહસ્ય કે પગેરું જાણવા મળતું નથી.

---

૧ વનસ્પતિ, ૨ સૂર્ય, ૩ ઊગતા આથમતા સૂર્યદેવ, ૪ અચળ ધ્રુવ-તારા, ૫ આધાર-સ્થંભ, ૬ વાયુદેવ, ડુંગરદેવ, જલદેવ, ગોવાળદેવ, હનુમાન, બ્રહ્મા, જુદા જુદા સમુદ્રો તથા જુદી જુદી માતાઓનાં નામ લઈ તેલ પાડવામાં આવે છે.

## દેવહારો કે દેહવારાવિધિ :

મોટી પેનની સમાપ્તિમાં દેવહાર કે દેહવારાની વિધિ થાય છે. લગ્નસંબંધ જોડાની સાક્ષીરૂપે હાજર રહેલા ગામના અગ્રણી મુરબ્બી કારભારી પાટીલ જાગલ્યા અને બંને પક્ષના બેચાર સગા દ્વારા કેટલીક ચકાસણી અને તળપદી પૂજાવિધિ પછી આ સાક્ષીઓ માંડવા નીચે ગોળ બિસ્કિટ—ચા જેવું કંઈક ખાદ્ય કે પેયવાળું ખાખરાનું પાતર (પાન) હાથમાં રાખી ઊભા રહે છે. ત્યાં અગ્રણી જાહેરાત કરે કે :

સાંભળો ભાઈઓ ! અમુક નામના અને અમુક ગોત્રના નવરાએ, અમુક નામની અને ગોત્રની નવરી સાથે એકબીજાની સંમતિથી લગ્નસંબંધ પસંદ કર્યો છે. બંને વેવાઈઓને પણ એ પસંદ પડ્યો છે. આ લગ્નસંબંધમાં :

"હિરા[1] બારવા જામીન હાય
પારસે[2] પીપળો જામીન હાય
સુકસૈયના[3] જામીન હાય
અડળ[4] ચાંદની જામીન હાય
પાચી ગામના પાચ રાજા જામીન હાય
પાચી ગામના પાચ પાટલા[5] જામીન હાય
પાચી ગામના પાચ કારબારી જામીન હાય
પાચી ગામના પાચ જાગલ્યા જામીન હાય
પાચી ગામના પાચ મારોતિ[6] જામીન હાય
બસ [7]દુસરા કાય ? [8]આતા બસ."

આ વિધિ પૂરો થતાં જમણ અને નૃત્ય ચાલે. માદળિયા—૨૨ મલી રમે. કરે. સોંગ કે તમાશાથી આખી રાત મનોરંજન થાય.

## બારસિંગથી નાગજાતિનું સૂચન ?

૨૨ મલીવાળા કલાકારો દ્વારા કે બજારમાંથી તૈયાર આણેલ વેંત ઊંચાઈવાળો ત્રણ ફણાનો કોપરાના મણકા તથા રોહેડાના ઘાસની ભૂંગળીવાળો બારસિંગ—કે વિશિષ્ટ મુગટ યા માથાપટ્ટી—મંડવળી વરકન્યા દ્વારા એકબીજાને માથે બંધાય છે. આને કેટલાક નાગજાતિના સ્મૃતિચિહ્નરૂપે સમજાવે છે. નૃવંશશાસ્ત્રીઓએ એની શક્યાશક્યતા તપાસવા જેવી છે. બારસિંગની કિંમત ૧૦ થી ૧૫ રૂપિયા થાય. લગ્ન પછી એને ઘરની ધારણે ઊંચે બાંધીને સાચવી રાખવામાં આવે છે.

---

૧ જયદેવ, ૨ પારસ પીપળો, ૩ ચંદ્ર સૂરજ, ૪ અચળ ધ્રુવ, ૫ પટેલ, ૬ હનુમાન, ૭ બીજું શું વધારે ? ૮ આટલાથી બસ.

**ઓળવ્યુ :**

જ્યારે આર્થિક ગરીબાઈને કારણે કન્યાનાં માબાપ ઉંમરલાયક કન્યાનો બોજ ઊઠાવી શકતાં ન હોય ત્યારે કોઈ પણ જાતનો વધારાનો ખર્ચ કર્યા વિના સગાંવહાલાં કે અન્ય વડીલોની સાક્ષીએ પોતાની છોકરીને ઓઢણી ઓઢાડી કાહળી ઢોલ વગાડતાં વગાડતાં વરને ઘેર મૂકી જાય ત્યારે ઉખળી (જમીનમાં દાટેલી સાગની ખાંડણી) પાસે એ વરકન્યાને ઊભાં રાખી એક કથરોટમાં દીવો, વરપ જેવું ધાન્ય તેમ જ નાણું મૂકી, એ કથરોટ વરકન્યા પાસે પકડાવી ગામના અગ્રણી દ્વારા :

"આયક જો બાબા, આયક જો બાઈ, પાંચ જીના સાક્ષી આહે. દીવા સાક્ષી આહા. લક્ષ્મી સાક્ષી આહા. અનદેવ કનસરી સાક્ષી આહા…".

કહી શીખ આપવામાં આવે કે એકબીજા સાથે સમજદારીપૂર્ણ દાંપત્ય જીવજો. કોઈ કોઈને તરછોડશો નહીં, ભૂલશો નહીં. હાટે કે શિકારે જાવ તો એકબીજા માટે કંઈક લાવજો…

**ખંદોડિયો :**

અન્ય આદિવાસીઓની જેમ કુકણાઓમાં પણ ઘરજમાઈ લાવવાની પ્રથા છે. જ્ઞાતિના નિયમ પ્રમાણે અને કુદરતી ન્યાય પ્રમાણે તો જે તે ખંદોડિયાને કે દીકરીને બાપની મિલકતમાંથી વ્યાજબી ભાગ મળવો જોઈએ પણ આ સમાજમાં એનું પૂરી રીતે પાલન થતું જોવા મળતું નથી.

ઘણી વખત ખંદોડિયાને વેઠ કરાવવા જ લાવવામાં આવે છે. અજમાયશી ધોરણે ય લાવવામાં આવે છે. માફક આવે તો તેને રાખવામાં આવે નહીં તો ધાર્યું કામ કરાવી છૂટો કરી દેવામાં આવે. એની લગ્નવિધિ પણ ભાગ્યે જ કરવામાં આવે છે.

ઓળવ્યુ કરનાર સ્ત્રી અને ખંદોડિયાની સ્થિતિ ઘણી અવદશાપૂર્ણ રહે છે. સામાજિક દૃષ્ટિએ તેના તરફ કંઈક હલકો વ્યવહાર થાય છે. ઓળવ્યુ કરનાર સ્ત્રીને બેએક બાળકો થયા પછી પણ હાંકી મૂકવામાં આવે છે. તેમને કાયદેસરના હક્કોનો ભોગવટો ભાગ્યે જ મળે છે. આ બંને વિધિ કરનારાંને પીઠી ચડાવાતી નથી.

**કન્યાની જાન :**

મૂળ આ સમાજ માતૃમૂલક હોવો જોઈએ. એના કેટલાક સંકેતો કે ઉલ્લેખો પણ મળે છે. તેને કારણે હોય કે ગમે તે કારણે પહેલાં કુકણાઓમાં કન્યાની જાન જતી હોવાની વાતો સાંભળી છે. પ્રત્યક્ષ પુરાવા મળ્યા નથી કે એ જ સમાજની નવી પેઢીના માણસો એનાથી અજ્ઞાત હોવાનું જણાવે છે. નવી પેઢી આનાથી અજ્ઞાત હોવાનું કારણ એ છે કે ગુજરાતની સરહદો ઉપર વસતા કુકણા અન્ય જાતિઓના સંપર્કથી ઘણા સુધરી ગયા છે. પ્રગતિશીલ

ગણાતી જાતિઓની જેમ તેમણે જીવનવ્યવહાર ગોઠવવા પોતાનાં બંધારણ ઘડ્યાં છે. જૂની પેઢીના માણસો પહેલાં આ પ્રથા હોવાની વાત સ્વીકારે છે. હવે કન્યાની જાન નથી. એને જૂનવાણી અને ત્યાજ્ય ગણાય છે. નવી પેઢી અને જૂની પેઢીના સમાજસુધારકો ખોટી રીતનું કન્યાપક્ષનું પ્રભુત્વ સ્વીકારવા તૈયાર નથી. ધીમે ધીમે કન્યાપક્ષનું પ્રભુત્વ તોડવા પર છે. છતાં હકીકત એ છે કે કન્યા લાવવા વરપક્ષે જ ભારે બોજ ઊઠાવવો પડે છે.

## "પૈસા નવરા, માનુષ નવરા નીહી" :

ચીકટિયા ગામે સાંભળેલા દેહવારાની ટેપ આજે પણ આ સંદર્ભમાં ખાસ યાદ આવે છે કે પૈસા હોય તો જ લગ્ન સંભવે. નવરી લાવવા નવરાને કે તેનાં માબાપને કેટલું બધું આર્થિક ભારણ રહેતું હશે તે ઉપરોક્ત વાક્યમાંથી વ્યંજિત થયા વિના રહેતું નથી.

આમ કુકણા સમાજની પરંપરાગત લગ્નપ્રથા તેનાં આગવાં પાસાં ધરાવે છે. એને વારસાગત કેટલીક પોતીકી વિશેષતાઓ છે. અન્ય પ્રજાઓના સંપર્કવ્યવહારે, અને તે પણ ખાસ કરીને સ્વાતંત્ર્યોત્તર સમયમાં ઝડપથી ઘણા સુધારાવધારા થઈ રહ્યા છે, દેખાઈ રહ્યા છે, પણ એ વાત પછી. અત્રે તો ગયેલા સાપના જે થોડા ઘણા લિસોટા દેખાઈ આવ્યા તે રજૂ કરીને વિરમું છું.

# વણોદસત્યાગ્રહ*

એસ. વી. જાની*

વણોદ એ સુરેન્દ્રનગર જિલ્લામાં દસાડાથી ઈશાન બાજુએ ૧૬ કિ.મિ. દૂર અને પાટડીથી ઈશાન બાજુએ ૩૦ કિ.મિ. દૂર આવેલું છે.[૧] કહેવાય છે કે વણોદ ગામ અણહિલપુર પાટણના પ્રસિદ્ધ રાજવી વનરાજ ચાવડાએ વસાવ્યું હતું.[૨] વનરાજની કુળદેવી "વનોદમાતા"નું મંદિર આ ગામની પાસે જ છે.[૩] વણોદ રાજ્ય ૧૧ ગામો ધરાવતું એક મુસ્લિમ રાજ્ય હતું. વણોદના મુસ્લિમ દરબારના પૂર્વજો રાઠોડ રજપૂતો અને મારવાડમાં આવેલા જોધપુરના ભાયાતો હતા. ગુજરાતના સુલતાન અહમદશાહ સાથે તેમણે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં અને ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો. તેથી અહમદશાહે તેમને વણોદનો તાલુકો ભેટ તરીકે આપ્યો હતો અને તેમને "મલેક"નું બિરુદ આપ્યું હતું. ઈ. સ. ૧૯૧૪માં વણોદના દરબાર હુસેનમહમદખાનજીને ભારત સરકારે "ખાનસાહેબ"નું બિરુદ આપ્યું હતું.[૪] આમ વણોદ એ સૌરાષ્ટ્રના દેશી રાજ્યોમાંનું એક ખૂબ નાનું રાજ્ય હતું અને તે કોઈ વિશેષ કામગીરી માટે પ્રસિદ્ધ ન હતું. પરંતુ ઈ. સ. ૧૯૩૧માં વણોદના મુસ્લિમ શાસક હુસેનમહમદખાનજીની તેમના રાજ્યના વતની એવા વીર સત્યાગ્રહી વીરચંદભાઈ ભીખાભાઈ શેઠ પ્રત્યેની અન્યાયી અને તુમાખીભરી વર્તણૂંકને કારણે તે ઠેર ઠેર ચર્ચાનો વિષય બન્યું અને તેણે જાણે કે એકાએક મહત્ત્વ ધારણ કર્યું.

૧૮૮૫માં રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના સાથે જ ભારતમાં રાષ્ટ્રીય ચેતનાનો સંચાર થયો હતો અને વીસમી સદીના પ્રારંભ સાથે તે વિકાસ પામી હતી. બ્રિટિશ ભારતમાં રાષ્ટ્રીય ચળવળ જોર પકડતી ત્યારે તેની પાડોશમાં આવેલા દેશી રાજ્યોમાં પણ તેના પડઘા પડ્યા વિના રહેતા

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૮૩-૯૦.

★ ગુજરાત ઇતિહાસ પરિષદના વઢવાણ મુકામે ઓક્ટોબર, ૧૯૮૩માં ભરાયેલ ૧૨મા અધિવેશનમાં રજૂ કરવા માટે મોકલેલો લેખ.

* રીડર, ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

1 Gujarat State Gazetteer—*Surendranagar District Gazetteer*—(Chief Ed. G. D. Patel), Director, Government Printing, Stationery and Publications, Gujrat State, Ahmedabad, 1977, p. 727.

૨ વૉટસન કર્નલ જે. ડબલ્યૂના Kathiawad Gazetteerનો ગુજરાતી અનુવાદ—**કાઠિયાવાડ સર્વસંગ્રહ**, અનુવાદક, દવે નર્મદાશંકર લાભશંકર, એજ્યુકેશન સોસાયટી પ્રેસ, મુંબઈ, ૧૮૮૬, પૃ. ૫૭૫.

3 *The Ruling Princes, Chiefs and Leading Personages in Western India State Agency*, Second Edition, Government of India Press, New Delhi, 1935, p. 177.

4 *Ibid*, p. 178,

નહિ.[૫] આમ બ્રિટિશ હિંદના પગલે પગલે સૌરાષ્ટ્રની પ્રજામાં પણ ધીમી ગતિએ જાગૃતિ આવી રહી હતી. ૧૯૨૦માં સૌરાષ્ટ્રના સમસ્ત જીવનને સ્પર્શતા પ્રશ્નો ઉકેલવા માટે સ્થપાયેલી કાઠિયાવાડ રાજકીય પરિષદે તો સૌરાષ્ટ્રના બંધિયાર વાતાવરણમાં નવી હવા પેદા કરી.[૬]

૧૯૨૦થી તો ગાંધીજી ભારતની રાષ્ટ્રીય ચળવળમાં અગ્રસ્થાને આવી ગયા હતા અને તેઓ જાણે કે ભારતના "બેતાજ બાદશાહ" તરીકે બહાર આવ્યા હતા.[૭] ૧૯૨૦માં રાષ્ટ્રીય મહાસભાએ ઠરાવેલું કે "દેશી રાજ્યોના આંતરિક મામલામાં દખલ ન કરવી." ગાંધીજી એમ માનતા હતા કે દેશી રાજ્યો પરાધીન છે માટે ત્યાં સ્વતંત્રતા માટેની ચળવળ કરવાને બદલે બ્રિટિશ ભારતમાં જ તે કેન્દ્રિત કરવી. "બ્રિટિશ હિંદુસ્થાનનું સ્વાધીન થવું એ જ દેશી રાજ્યોનું સ્વાધીન થવું છે.......જેમ સૂર્ય ઉગતાં અંધકારમાત્ર દૂર થાય છે તેમ સ્વરાજ્યરૂપી સૂર્યનો ઉદય થયે રાજાપ્રજા બંનેનો અરાજકતારૂપી અંધકાર દૂર થશે જ.[૮]

દેશી રાજ્યોમાં રાષ્ટ્રવાદી ચળવળ ચલાવવી નહિ તેવા મહાસભાના ઠરાવને કારણે તે કાર્ય લગભગ મંદ પડી ગયું હતું. છતાં ૧૯૨૦થી ૧૯૨૯ના દસકા દરમ્યાન સૌરાષ્ટ્રના દેશી રાજ્યોના રાષ્ટ્રવાદી કાર્યકરોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય કામગીરી બજાવી હતી. તેઓ રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ સાથે જ રહ્યા હતા અને સૌરાષ્ટ્રની બહાર ૧૯૨૩માં નાગપુર ઝંડાસત્યાગ્રહમાં તથા ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં હોંશભેર ભાગ લીધો હતો અને તેને સફળ બનાવવામાં પોતાનો સક્રિય ફાળો આપ્યો હતો. સૌરાષ્ટ્રમાં પણ ૧૯૨૨માં મુંબઈના ગવર્નર સર જ્યોર્જ લૉઈડ સૌરાષ્ટ્રના પ્રવાસે આવવાના હતા ત્યારે તેમના માટે સરધારના તળાવમાં બતકોના શિકાર માટે થયેલી ગોઠવણનો વિરોધ કરવાના પ્રશ્ને સત્યાગ્રહ થયો હતો. પરિણામે ગવર્નરે શિકારનો કાર્યક્રમ બંધ રાખેલો. **સૌરાષ્ટ્રના લોકમતનો આ પ્રથમ વિજય હતો.** તો ૧૯૨૯માં સૌરાષ્ટ્રમાં મચ્છુકાંઠાના માળિયા રાજ્યના ખાખરેચી જેવા નાના ગામના તાલુકાદારના પ્રજા ઉપરના આકરા વેઠવેરાના વિરોધમાં સત્યાગ્રહ થયો હતો અને તેમાં પણ રાજવીએ સમાધાન કર્યું હતું. આમ આ લડતમાં પણ પ્રજાનો વિજય થતાં તેમનામાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો હતો.

૧૯૩૦ના એપ્રિલ મહિનાની છઠ્ઠી તારીખે દેશવ્યાપી સવિનય કાનૂનભંગ કરવાના ગાંધીજીના એલાન અનુસાર સૌરાષ્ટ્રના સીમાડે અમદાવાદ જિલ્લાના વીરમગામ અને ધોલેરામાં પણ ગાંધીજીની સંમતિથી સત્યાગ્રહ શરુ કરાયો હતો. "નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે"ની ભાવના સાથે સૌરાષ્ટ્રના ખૂણે ખૂણેથી યુવકો આમાં જોડાવા આવ્યા હતા.

---

5 Handa, R. L.—*History of Freedom Struggle in Princely States*, Central News Agency, Connaught circus, New Delhi, 1968, p. 2.

૬ રાજગોર, (ડૉ.) શિવપ્રસાદ—**ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ**, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૧૯૮.

7 Majumdar, (Dr.) R. C.—*A History of Freedom Movement in India Vol. II*, Firma K. L. Mukhopadhyay, Calcutta-12, First Edition, 1963, p. 15.

૮ "**નવજીવન**", નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, તા. ૮ જાન્યુઆરી, ૧૯૨૫.

"સૌરાષ્ટ્રના સિંહ"નું બિરુદ પામેલા અને સમસ્ત સૌરાષ્ટ્રના રાજ્યોની આપખુદી સામે રણે ચડેલ તથા સમગ્ર હિંદની આઝાદીનાં બ્યુગલો ફૂંકનાર[૯] "સૌરાષ્ટ્ર"ના માલિક અને તંત્રી શ્રી અમૃતલાલ શેઠને ધોલેરાસત્યાગ્રહની આગેવાની સોંપાઈ હતી. ધોલેરાસત્યાગ્રહમાં ભાગ લેનાર સૌરાષ્ટ્રના અનેક સપૂતોમાંથી વણોદમાં ૧૯૦૬માં જન્મેલા શ્રી વીરચંદ શેઠ પણ એક હતા. ૧૩ વર્ષની ઉંમરે જ તેમણે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેવાનું શરુ કર્યું હતું.[૧૦] "પુત્રનાં લક્ષણ પારણામાં" એ દૃષ્ટિએ તેઓ જીવનપર્યંત રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહ્યા હતા. રાષ્ટ્રીય પ્રવૃત્તિની પ્રારંભિક અસર હેઠળ ૧૫ વર્ષની કિશોરવયે તેમણે ૧૯૨૧માં દારુની દુકાનો ઉપર પીકેટીંગ કરનાર સ્વયંસેવક તરીકે ભાગ લીધો હતો. ત્યાર પછી મુંબઈમાં વિલેપાર્લેમાં "વિલેપાર્લે યુથ ગાર્ડઝ" જેવી સ્થાનિક પ્રવૃત્તિમાં પણ ભાગ લીધો હતો. ધોલેરાસત્યાગ્રહ શરુ થયો તે દિવસથી (૬-૪-૧૯૩૦) જ તેઓ તેમાં જોડાયા હતા.[૧૧] આ સામુદાયિક સત્યાગ્રહે જોર પકડતાં બ્રિટિશ સરકારે વટહુકમો બહાર પાડી છાપાંઓ ઉપર નિયંત્રણ મૂકતાં "નવજીવન", "યંગ ઇંડિયા", "સૌરાષ્ટ્ર" વગેરે બંધ થઈ ગયાં. પરંતુ વીરચંદભાઈ શેઠ જેવા ઉત્સાહી સત્યાગ્રહીઓએ પ્રચારપત્રિકાઓ સાયકલોસ્ટાઈલ કરીને બહાર પાડી. તેમાં ધોલેરાથી "ધોલેરા-સત્યાગ્રહ" પત્રિકા બહાર પડતી હતી.[૧૨] ધોલેરાસત્યાગ્રહમાં ભાગ લેવા બદલ વીરચંદભાઈને કલમ ૧૧૭ મુજબ ૮ જુલાઈ, ૧૯૩૦ના ૧૫ મહિનાની કારાવાસની સજા થઈ હતી અને તેમને નાસિક જેલમાં મોકલી દેવાયા હતા.[૧૩]

મીઠાના સત્યાગ્રહની લડત ૬ એપ્રિલ, ૧૯૩૦થી ૫ માર્ચ, ૧૯૩૧ (૧૧ મહિના) સુધી ચાલી અને ૫ માર્ચ ૧૯૩૧ના ગાંધી-ઇર્વિન કરાર થતાં લડત મોકુફ રાખવામાં આવી. પરિણામે આખા દેશમાંથી પકડાયેલા લગભગ ૭૦ હજાર સત્યાગ્રહીઓ જેલમાંથી છૂટયા. તેમાં ધોલેરા અને વીરમગામની છાવણીઓમાંથી પકડાયેલા લગભગ ૩ હજાર સત્યાગ્રહીઓ પણ હતા.

૧૯૩૧નું વર્ષ સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રીય ચળવળની દૃષ્ટિએ ખૂબ અગત્યનું ગણાવી શકાય. આ વર્ષમાં ગાંધી-ઇર્વિન કરાર થતાં સૌરાષ્ટ્રના લગભગ ૩ હજાર સત્યાગ્રહીઓ જેલમુક્ત થયા હતા. આ કરાર થયો છતાં સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની લાક્ષણિક ભાષામાં કહેલું કે "તલવાર મ્યાન કરવાની છે પણ હાથ તો મૂઠ ઉપર જ રાખજો[૧૪]". તેથી સંધિકાળના વર્ષમાં પણ

૯ મહેતા, લાભુબેન—**"મારા જીકાકા, મારું રાણપર"**, અભિનવ ભારતી પ્રકાશન, મુંબઈ, ૧૯૭૯, પૃ. ૮૧.

૧૦ શ્રી વીરચંદભાઈનો લેખક ઉપરનો પત્ર તા. ૩૧-૧-૧૯૮૦.

૧૧ ગાંધી, મો. ક.—**દેશી રાજ્યોનો પ્રશ્ન**, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૧, પૃ. ૧૯૯.

૧૨ શાહ, કાંતિલાલ—**વીરમગામ સત્યાગ્રહ**, માહિતી ખાતું, ગુજરાત સરકાર, ગાંધીનગર, ૧૯૭૪, પૃ. ૫૯.

૧૩ **"નવજીવન"**, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, તા. ૧૯ જુલાઈ, ૧૯૩૧.

૧૪ શાહ, કાંતિલાલ—**સૌરાષ્ટ્રમાં ગાંધીજી**, રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિમિટેડ, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨, પૃ. ૧૭૫.

સૌરાષ્ટ્રના રાષ્ટ્રવાદી નેતાઓએ જ્યાં પણ અન્યાય કે અત્યાચાર જોયાં ત્યાં તેમણે લડત ઉપાડી હતી. તેથી ૧૯૩૧ના વર્ષમાં જ ધ્રોળ, વણોદ, મોરબી અને ધ્રાંગધ્રામાં સત્યાગ્રહો થયા હતા.

ધોલેરાસત્યાગ્રહમાં ભાગ લેવાને કારણે ૧૫ મહિનાની સજા પામેલા વીરચંદભાઈ શેઠ ગાંધી–ઇર્વિન–કરાર પછી ત્રીજે દિવસે એટલે કે ૮ માર્ચ, ૧૯૩૧ના રોજ છૂટીને સીધા ધોલેરા પહોંચ્યા હતા. વણોદના મુસ્લિમ શાસકે પણ બીજાં રાજ્યોની જેમ બ્રિટિશ સર્વોપરિ સત્તાને ખુશ કરવાના લોભમાં પોતાના રાજ્યના રાષ્ટ્રવાદી કાર્યકરો પ્રત્યે આપખુદીભર્યું વલણ અપનાવ્યું હતું. તેમણે ધોલેરાસત્યાગ્રહ વખતે લાંબી સજા પામેલાં વીરચંદભાઈને તે છૂટ્યા પછી પોતાના રાજ્યમાં આવતા અટકાવવા ૧૨ માર્ચ ૧૯૩૧ના રોજ તેમને હદપારી કરતો હુકમ કાઢ્યો અને જાહેર કર્યું કે આ હુકમના ભંગ બદલ ૬ માસની સજા અને ૫૦૦ રૂ. દંડ કરવામાં આવશે.

હદપારીનો હુકમ કાઢ્યો હોવા છતાં વણોદદરબારને ડર હતો કે આ વીર સત્યાગ્રહી હુકમનો અનાદર કરી વણોદમાં આવશે અને તે તેને સજા કરશે તો તેનું એ પગલું ચર્ચાસ્પદ બનશે. તેથી તેણે એક પછી એક કેટલાંક અન્યાયી પગલાં લીધાં, જે આ પ્રમાણે હતાં: (૧) ૧૨ માર્ચ, ૧૯૩૧ વીરચંદભાઈને હદપારીનો હુકમ, (૨) ૨૧ માર્ચ, તેમના પિતા અને નાનાભાઈને વીરચંદભાઈ વણોદ ન આવે તે માટે લેખિત કબૂલાત આપવા માગણી તથા રાજ્યને વફાદાર રહેવાની લેખિત કબૂલાત તથા ૫૦૦–૫૦૦ રૂ.ના મુચરકા આપવા અન્યથા એક મહિનામાં ગામ છોડી જવા હુકમ, (૩) ઉપરાંત વીરચંદભાઈ વણોદ ન આવે તેવી લેખિત કબૂલાત આપી ન હોવાથી તથા ચાર વર્ષ પહેલાં આ ચળવળના એક આગેવાન શ્રી અમૃતલાલ શેઠ વણોદ આવેલા તેની જાણ કરી ન હતી, તેથી તેઓ પણ આ ચળવળમાં ભળેલા છે તેવું લેખિત જણાવેલું, (૪) અઠવાડિયા પછી વીરચંદભાઈના પિતા અને નાનાભાઈને લેખિત કબૂલાત અને મુચરકા આપવાના બદલે હદ છોડી જવા હુકમ. તે હુકમમાં જણાવેલું કે "શેઠ ભીખા વરવા પોતાનો દીકરો વીરચંદ આ હદમાં નહિ આવે એવું લખી આપતો નથી. તેને તેનો દીકરો જેટલો વહાલો છે તેટલો અમને નામદાર અંગ્રેજ સરકાર વહાલો છે", (૫) ઉપરોક્ત હુકમ પછી તુરત એક મહિનાને બદલે ૧૫ દિવસમાં હદ છોડી જવા હુકમ, (૬) પછીથી મૌખિક હુકમ કે "નાસિક જેલનું વીરચંદનું ખર્ચ સરકાર માગે ત્યારે અમે વસુલ લઈ શકીએ માટે તમારે અમારી પોલીસ પરવાનગી આપે તેટલી જ મિલકત લઈ જવી". આમ સત્યાગ્રહમાં ભાગ લેવાને કારણે તેમના કુટુંબને માલમિલકત ગુમાવવાની સ્થિતિ ઊભી થઈ હતી.

આવા અનેક હાસ્યાસ્પદ પરંતુ અન્યાયી હુકમો કાઢી વણોદદરબારે પોતાની આપખુદી તથા મૂર્ખાઈનું પ્રદર્શન કર્યું હતું. તેની સામે વીરચંદભાઈએ એજન્સીમાં ફરિયાદ કરતાં એજન્સીના દબાણથી વણોદદરબારે ઉપરના હુકમો પાછા ખેંચ્યા હતા. આમ હુકમો પાછા ખેંચાયા પરંતુ કિન્નાખોરી વધી હતી અને લાગ રાખી સપડાવવાની વાતો ઉચ્ચારાઈ.[૧૫]

૧૯૩૧ના મે મહિનામાં વીરચંદભાઈ વણોદમાં આવ્યા. ૨૮ મે, ૧૯૩૧ના રોજ તેઓ દરબારગઢમાં પોતાના એક મિત્ર ભાયાતને ત્યાં બે મિત્રો સાથે રેંટિયા માટે લાકડાનો ટુકડો લેવા

૧૫ ગાંધી—મો. ક.—પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૨૦૧.

જતા હતા. ત્યાં તેમણે વણોદદરબાર સામા મળ્યા. ત્યારે વીરચંદભાઈએ હિંદુસ્તાની સેવાદળનો ગણવેશ એટલે કે નેવી બ્લ્યૂ ચડ્ડી અને સફેદ પહેરણ પહેર્યું હતું અને માથું ખુલ્લું હતું. આવો ગણવેશ પહેરવો અને ખુલ્લું માથું રાખવું. એ દરબારનું અપમાન હતું એમ જણાવી તેમને ગાળો આપી, માર મારી જેલમાં પૂર્યા. દરબારે જાતે જેલમાં જઈ તેમને બે તમાચા માર્યા અને આઠ દશ પોલીસોએ તો દશેક મિનિટ સુધી અવિરતપણે મૂઢમાર માર્યો. વીરચંદભાઈએ આ અંગેનો ખુલાસો આપતા કહેલું કે સામાન્ય રીતે તેઓ આ જ પોશાક પહેરતા અને આ પોશાક પહેરી દરબારનું અપમાન કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો. આ ખુલાસો આપ્યા પછી એક કલાક બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા. આમ પંચતંત્રની પાણી પીતા વાઘ અને બકરીની વાર્તાની જેમ દરબારને તો માત્ર કાંઇક બહાનું જોઇતું હતું. ગણવેશ એ તો માત્ર બહાનું હતું. હકીક્તમાં તો દરબારને હદપારી વગેરેના પોતાના હુકમો એજન્સીના દબાણથી પાછા ખેંચવા પડેલા તેની કિન્નાખોરી હતી.

વીરચંદભાઈને માર મારી જેલમાં પૂરેલા તેના વિરોધમાં વણોદમાં ગામલોકોએ હડતાલ પાડી હતી. વેપારી, ધંધાદારી, ખેડૂતો વગેરે સર્વે આમાં જોડાયા હતા. આ હડતાલ **પાંચ દિવસ** ચાલી હતી. "સૌરાષ્ટ" કાર્યાલય રાણપુરથી ૧૧ સત્યાગ્રહી યુવાનો વજુભાઈ શાહની આગેવાની હેઠળ સેવાદળનો ગણવેશ પહેરી વણોદ ગામમાં ફર્યા હતા. વીરચંદભાઈએ માંડળ જઈ દવાખાને સારવાર લીધી અને ત્યાંથી અમદાવાદ જઇ સર્વશ્રી ભોગીલાલ લાલા અને હરિપ્રસાદ મહેતાને હડતાલ અંગે યોગ્ય કરી પ્રજાને રાહત આપવા બોલાવી લાવ્યા હતા. દરબારે તેમને સ્વેચ્છાએ મળવા બોલાવતાં, તેઓ ગયા હતા. પરંતુ તેમાંથી એકનું માથું ખુલ્લું છે, એવું બહાનું કાઢી મળવાનો ઈન્કાર કર્યો હતો. આથી પ્રજાના રોષમાં ઉગ્રતા આવી અને દરબાર ગભરાઈને ગામ છોડી નાસી ગયા. તેવામાં દરબારના નાનાભાઈએ બહારગામથી આવી લેખિત દિલગીરી દર્શાવતાં સત્યાગ્રહ બંધ કરાયો હતો. આમ આ સત્યાગ્રહ સફળ થયો. વણોદનો આ **"ગણવેશસત્યાગ્રહ"** હકીકતમાં તો વીરચંદભાઈને થયેલા અન્યાયનો સામનો કરવા માટે થયો હતો. તેની સફળતા માટે વીરચંદભાઈની સત્ય અને સિદ્ધાંતોની જાળવણી માટેની નિષ્ઠાને જવાબદાર ગણાવી શકાય.

વણોદના દરબારે દર્શાવેલી દિલગીરીને વીરચંદભાઈએ મગરનાં આંસુ ગણાવેલ કારણ કે ત્યાર પછી પણ દરબારે રાષ્ટ્રવાદીઓને પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું જેમ કે–એક ગરીબ વ્યક્તિને મહાસભાના સ્વયંસેવકોને જમાડવાના કારણસર નોકરીમાંથી કાઢી મૂકેલો, એક અન્ય યુવકને હદપારી ફરમાવેલી, પોલિસો ગામમાં લાઠીઓ લઈ ફરતા અને પ્રજાને ત્રાસ આપતા, ન્યાયાધીશે દરબારની ઈચ્છાનુસાર નિર્દોષ વ્યક્તિઓ ઉપર કેસ કરવાની ના પાડતાં તેમને રાજીનામું આપવા ફરજ પાડેલી, ગામના બીજા આગેવાનો ઉપર ખોટા કેસ કરી સંડોવવાના પ્રયત્નો અને પરિણામે કેટલાક વેપારીઓની હિજરત વગેરે.

આમ ૧૯૩૧માં સૌરાષ્ટ્રના હાલના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ વણોદ નામના એક નાનકડા મુસ્લિમ રાજ્યના દરબારે વીરચંદભાઈ શેઠને સેવાદળનો ગણવેશ પહેરવા બદલ માર મારતાં તેના વિરોધમાં થયેલો આ સત્યાગ્રહ અનેક રીતે મહત્ત્વનો છે આ સત્યાગ્રહ ગાંધી–ઈર્વિન

સંધિ થયા પછી થયો છે એટલે કે સંધિકાળમાં પણ અન્યાય થાય તો તેની સામે લડત ચલાવવામાં આવતી તેનું આ પ્રમાણ છે. તો સૌરાષ્ટ્રના કોઈ પણ મુસ્લિમ રાજ્યમાં થયેલ આ પ્રથમ સત્યાગ્રહ હતો. વળી ગણવેશના કારણસર થયેલ આ પ્રથમ સત્યાગ્રહ હતો. આ સત્યાગ્રહ થવાનું મૂળ કારણ વીરચંદભાઈને થયેલ અન્યાય દર્શાવવામાં આવે છે. પરંતુ હકીકતમાં તો તે રાજવીની આપખુદ સત્તાઓ અને પ્રજાની સ્વતંત્રતાની માગણી વચ્ચેનો સૈદ્ધાંતિક સંઘર્ષ હતો.

આ સત્યાગ્રહ અંગે વીરચંદભાઈએ જે કેટલાક પાયાના પ્રશ્નો રજૂ કરેલા તેનાથી આ સત્યાગ્રહનું મહત્ત્વ ખૂબ જ વધી જાય છે. તેમણે આ પ્રસંગે શ્રી કિશોરલાલ મશરૂવાળાને ઉગ્ર ભાષામાં પત્ર લખી એવો પ્રશ્ન ઉપસ્થિત કરેલો કે ગાંધી–ઇર્વિન સંધિ થઈ હોવાથી "દેશી રાજ્યો તેમને કચરી નાખે તો પણ શું તેમણે સંધિને નુકસાન ન થાય તેવું વર્તન કરવું?" આ પત્રની વિગતો ૫–૭–૧૯૩૧ના "નવજીવન"માં **"દેશી રાજ્યો અને સત્યાગ્રહ"** નામના લેખમાં પ્રગટ થઈ હતી.[૧૬] વીરચંદભાઈના પોતાના શબ્દોમાં કહીએ તો "મહાસભાને દેશી રાજ્યોના અમે ઠીક મળ્યા છીએ! લડાઈને વખતે માર ખાવામાં અમે, જેલ જવામાં અમે. હવે સુલેહ થઈ એટલે અમે કચરો બન્યા...અમે વીરતા બતાવવા ઇચ્છીએ તો મહાસભાની સંધિને નુકસાન પહોંચે! ભલે અમને દેશી રાજ્યો કચરી નાખે". ઉપરાંત તેમણે એવો પ્રશ્ન પણ ઉપસ્થિત કરેલો કે મહાસભા એ માત્ર બ્રિટિશ ભારતમાં વસતા ૨૫ કરોડ લોકોની છે કે દેશી રાજ્યોની ૮ કરોડ પ્રજાની પણ છે?

આ પ્રસંગથી દેશી રાજ્યોની પ્રજાએ તેમના રાજવીઓના અન્યાયી અને અત્યાચારી કાર્યો અંગે કેવું વલણ અપનાવવું, તે પ્રશ્ન પણ ઉપસ્થિત થયો હતો. તેથી વીરચંદભાઈએ તે અંગે રાષ્ટ્રીય ચળવળના સર્વોચ્ચ આગેવાન ગાંધીજી પાસેથી સૈદ્ધાંતિક માર્ગદર્શન માગ્યું હતું. વીરચંદભાઈનો પ્રશ્ન ગાંધીજીએ ૧૯–૭–૧૯૩૧ના "નવજીવન"માં **"સત્યાગ્રહીની વરાળ"** નામના લેખમાં રજૂ કરેલો. વીરચંદભાઈએ ઉઠાવેલો પ્રશ્ન આ પ્રમાણે હતો–"બ્રિટિશ હિંદની સ્વતંત્રતાને અંતે જ અમારો ઉદ્ધાર છે એ હું સંપૂર્ણપણે સ્વીકારું છું. પણ જ્યાં દેશી રાજ્યો લડત આપવા સામાં આવે ત્યાં શું કરવું? સત્યાગ્રહની રાષ્ટ્રવ્યાપી લડતમાં ભાગ લેવાને કારણે હદપાર કરે, કુટુંબોને છોકરાંઓને વાંકે સતાવે, ખોટાં આળો મૂકી ખોટા કેસો કરી સંડોવે અને તે એ આ સંધિકાળમાં. જો લડત વખતે આમ થયું હોત તો જરાયે દુઃખ ન જ થાત. ત્યાં શું કરવું? ત્યાં લડત ન હોય?[૧૭] રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર કે તેના કુટુંબીજનોને રાજ્યના સિતમના ભોગ બનવું પડે તેને માત્ર તે પીળા ભાગમાં[૧૮] (દેશી રાજ્યોમાં) હોવાથી મહાસભા કાંઈ મદદ ન કરે, તેવી ગાંધીજીની દલીલનો પણ તેમણે વિરોધ કર્યો હતો.

શ્રી વીરચંદભાઈએ ઉપસ્થિત કરેલા પ્રશ્નોનો જવાબ આપતાં ૧૯–૭–૧૯૩૧ના "નવજીવન"માં ગાંધીજીએ જણાવેલું કે "જો ધીરજ રાખે તો સત્યાગ્રહીની સામે એવો એક

---

૧૬ **"નવજીવન"**, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, તા. ૫ જુલાઈ, ૧૯૩૧.

૧૭ **"નવજીવન"**. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, તા. ૧૯ જુલાઈ, ૧૯૩૧.

૧૮ ભારત સ્વતંત્ર થયું તે પહેલાં ભારતના નકશામાં બ્રિટીશ ભારતનો પ્રદેશ લાલરંગથી અને દેશી રાજ્યોનો પ્રદેશ પીળા રંગથી દર્શાવવામાં આવતો.

પણ અન્યાય નથી જેને સારુ તેની પાસે ઇલાજ ન હોય...દેશી રાજ્યમાંથી બ્રિટિશ હદમાં આવીને જેઓ સ્વરાજ્યયજ્ઞમાં ઝંપલાવે છે તેઓ પોતાના રાજ્યમાંથી દેશનિકાલ થવાનું જોખમ ખેડે છે. એટલે માબાપનો વિયોગ સહન કરવાનું પણ જોખમ ખેડે છે. વળી જો માબાપ દીકરાના કામ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે તો તેઓએ પણ હદપાર થવા અને માલમતા ખોઈ બેસવા તૈયાર રહેવું જોઈએ. **પ્રેમપંથ પાવકની જ્વાળા છે.** તેમાં બળી મરવા જે તૈયાર ન હોય તેણે દૂર રહેવું જોઈએ. જે માબાપ દેશ અને માલમિલકતનો ત્યાગ કરવા તૈયાર ન હોય તેમણે સત્યાગ્રહી પુત્રનો ત્યાગ કરવા તૈયાર રહેવું જોઈએ...**શુદ્ધ સત્યાગ્રહી થોડું છોડીને ઘણું મેળવે છે....** પ્રજા રિસાઈ ને હિજરત કરે તો રાજા નિરુપાય બને છે અને પ્રજા સાથે સમાધાની કર્યા વિના તેને ચાલતું નથી....**ધીરજપૂર્વક, વિચારપૂર્વક અને દૃઢતાપૂર્વક કરેલી હિજરત આજ લગી નિષ્ફળ નથી ગઈ.**[૧૯]

આમ વણોદસત્યાગ્રહ સૌરાષ્ટ્રના એક ખૂબ નાના રાજ્યમાં ગણવેશ જેવા બહુ જ ઓછી અગત્યના પ્રશ્ને થયો હોવા છતાં તેનું વિશેષ મહત્ત્વ એ બાબતમાં છે કે આ પ્રસંગમાંથી દેશી રાજ્યોની પ્રજા સમક્ષ ઉપસ્થિત થતા કેટલાક પ્રશ્નો શ્રી વીરચંદભાઈ શેઠે[૨૦] ખૂબ જ નિર્ભિકપણે ગાંધીજી પાસે રજૂ કરી, તેમનું સ્પષ્ટ મંતવ્ય જાણી બધા માટે માર્ગદર્શન મેળવ્યું હતું. ગાંધીજીએ આ અંગે જે મંતવ્ય દર્શાવેલું તેમાંથી તેમનું "સત્યાગ્રહ અંગેનું તત્ત્વજ્ઞાન" સ્પષ્ટ થાય છે. સત્યાગ્રહી માટે તેમણે સહનશીલતા અને ત્યાગના ગુણોને આવશ્યક ગણાવ્યા છે. ઉપનિષદના "તેન ત્યક્તેન ભુંજિથા" સૂત્રને તેમણે અમલમાં મૂકવા માર્ગદર્શન આપ્યું હતું. તેઓ એમ કહેતા કે "શુદ્ધ સત્યાગ્રહી થોડું છોડીને ઘણું મેળવે છે".

---

૧૯ **"નવજીવન"**, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, તા. ૧૯ જુલાઈ, ૧૯૩૧.

૨૦ વીરચંદભાઈ શેઠને ૧૯૩૨માં ફરી જેલની સજા થઈ હતી અને પછીથી ૧૯૩૪માં તેઓ મુંબઈના 'જન્મભૂમિ' સમાચારપત્રમાં જોડાયા હતા. ૧૯૩૮-૩૯ના રાજકોટ સત્યાગ્રહમાં અને ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં પણ તેમણે સક્રિય ભાગ લીધો હતો. ૧૯૪૭માં જૂનાગઢની આરઝી હકૂમતની કામગીરી વખતે તેમણે કુંકાવાવમાં થાણું નાખી કામ કર્યું હતું. ૧૯૪૮માં સૌરાષ્ટ્ર સરકાર વતી તેમણે વણોદ રાજ્યનો કબજો લીધો હતો અને તે રાજ્યની ગેરરીતિઓ બહાર પાડી હતી. જુઓ— '**સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા**, માહિતી ખાતું, ગુજરાત સરકાર, અમદાવાદ, ૧૯૬૬, પૃ. ૨૭૬.

વીરચંદભાઈનું અવસાન તા. ૩-૧૧-૧૯૮૨ના રોજ થયું હતું.

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૧ | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.** : ડૉ. ભો. જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩ | **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૧૧=૫૦ |
| ૪ | **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫ | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧) | ૮=૦૦ |
| ૬ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૧૦=૫૦ |
| ૭ | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮ | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯ | **હમ્મીર પ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ | ૬=૦૦ |
| ૧૦ | **પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪) | ૩૧=૦૦ |
| ૧૧ | **વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧ | વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧ | ૨=૫૦ |
| ૨ | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩ | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪ | નિરુત્તમા | ૨=૫૦ |
| ૫ | વિક્રમોર્વશી—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬ | પ્રવેશકો, ગુચ્છ પહેલો | ૪=૫૦ |
| ૭ | પ્રવેશકો, ગુચ્છ બીજો | ૩=૦૦ |
| ૮ | અંબડ વિદ્યાધર રાસ | ૪=૦૦ |
| ૯ | મ્હારાં સૉનેટ (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦ | આપણી કવિતાસમૃદ્ધિ (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧ | નવીન કવિતા વિષે વ્યાખ્યાનો (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨ | પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૦૦ |
| ૧૩ | પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ | ૧૫=૫૦ |
| ૧૪ | પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી | ૬=૭૫ |
| ૧૫ | વિવેચક—પ્રો. બલવન્તરાય ઠાકોર | ૨૫=૦૦ |

પ્રાપ્તિસ્થાન : યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

# ભાવનગર રાજ્ય–ખેડૂતોને કરજમુક્ત કરવાની યોજના
## [ઇ. સ. ૧૯૨૨–૩૪]–કેટલાંક પાસાંઓ

ઇન્જજતકુમાર આર. ત્રિવેદી*

**[૧] પૂર્વભૂમિકા :**

રાજ્યના ખેડૂતોને કરજમુક્ત કરવાનો પહેલો પ્રયોગ ભાવનગર રાજ્યે કરેલો છે. રોકડા રૂપિયા આપીને લેણદારના કરજથી ખેડૂતોને મુક્ત કરવાનો બીજો પ્રયોગ હજુ સુધી હિંદના કોઇ દેશી રાજ્યે કે બ્રિટીશહિંદની કોઈ પ્રાન્તિક સરકારે કર્યો નથા.[૧] આ યોજના જેટલી જ રસપ્રદતા તેની પૂર્વ–ભૂમિકા પૂરી પાડે છે.

ઈ. સ. ૧૯૨૨માં જ્યારે આ યોજના બનાવવા માટે કમિટિની રચના કરવામાં આવી ત્યારે ભાવનગરમાં માઈનોરીટી એડમીનીસ્ટ્રેશનનો અમલ ચાલતો હતો. ઈ. સ. ૧૯૧૯માં ભાવસિંહજીના અવસાન વખતે શ્રીકૃષ્ણકુમારસિંહજી માત્ર સાત વર્ષના હતા. કાઉન્સિલના વડા તરીકે બાહોશ દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી હતા. રાજ્યના ઉદાર રાજાઓની હારમાળાની સાથે પ્રગતિશીલ દીવાનો પ્રાપ્ત થતા રહ્યા તેથી અનેક આદર્શવાદી યોજનાઓ રાજ્ય બનાવી શક્યું હતું.

તે વખતના મહારાજા શ્રીકૃષ્ણકુમારની ઇચ્છા હતી કે, તેઓ ગાદી પર બેસે તે પહેલાં જ રાજ્યના ખેડૂતોને શક્ય હોય ત્યાં સુધી કરજમુક્ત બનાવવા. તેઓના બાલ્યાકાળના અમલ દરમિયાન ભાવનગર રાજ્યે ખેડૂતોનું ૨૦ લાખનું મહેસૂલ ઇ. સ. ૧૯૨૯માં માફ કર્યું હતું.[૨] તેની પ્રજાકલ્યાણની ભાવનાનો તે નક્કર પુરાવો છે.

કાશ્મીર રાજ્યના એક સભ્ય શ્રી વી. એન. મહેતાને લખેલા એક પત્રમાં રાજ્યના દીવાન શ્રી પટ્ટણી પણ ખેડૂતોના કરજના પ્રશ્ન પરત્વે કેવો વાસ્તવવાદી અભિગમ રાખતા હતા તે જાણવા મળે છે, જેમાં તે તત્કાલીન વિશ્વની પરિસ્થિતિમાંથી સરખામણી ટાંકતાં લખે છે કે, વિશ્વની આર્થિક માંદગીનો સાચો ઉપાય યુદ્ધના દેવાના ઉકેલ વગર જેમ શક્ય નથી તેવી જ રીતે તેના નાના સ્વરૂપમાં ભાવનગર રાજ્યમાં પણ ખેડૂતોના જૂના દેવાની સમસ્યાના ઉકેલ વગર આર્થિક દુર્દશામાંથી બહાર આવવાનો રાજ્ય પાસે બીજો કોઈ વિકલ્પ નથા.[3]

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૯૧–૧૦૪.

* ૧૦૬૪, આંબાવાડી, બસ સ્ટોપની પાસે, ભાવનગર (સૌરાષ્ટ્ર).

૧ મહેતા હરજીવન કાલિદાસ 'ભાવનગર સમાચાર', તા. ૩૧, જાન્યુ. ૧૯૪૦, પાના નં. ૧ અંક ૨, પુસ્તક ૧લું.

૨ 'ટાઈમ્સ ઑફ ઈન્ડીયા', અંક ૨૩, જૂન ૧૯૩૨.

3 Leading article appearing in the 'United India and Indian states' 21 Nov. 1932.

સર્વન્ટ્સ ઑફ ઇન્ડીયા સોસાયટી, પૂનાના સેક્રેટરી શ્રી દેવધરને આપેલા એક પત્રના જવાબમાં પણ તેનો અભિગમ જોવા જેવો છે. પત્રમાં તે જણાવે છે કે, જેમાં ખેડૂતોનાં જૂનાં દેવાંનો પ્રશ્ન ઉકલાતો ન હોય તેવી કોઈ યોજના ખેડૂતોનો ઉદ્ધાર કરવામાં સફળ થતી નથી. ખેડૂતોના કરજનો પ્રશ્ન ઉકેલવાની શક્તિ કે ઇચ્છા ન હોય તેનો અર્થ એવો નથી કે તે શકય નથી ! ખેતીને નિષ્પ્રાણ થતી અટકાવવા રાજ્યે જ આ પ્રશ્ને ધ્યાન આપવું ઘટે કારણ કે ખેડૂત તો સારા વર્ષમાં પણ માંડ મહેસૂલ ભરવા જેટલી બચત કરી શકે એટલે બધાને સંતોષી શકે તેવી યોજના રાજ્યે જ કરવી જોઈએ.[૪]

ગામડાંમાં શાહુકારો ખેડૂતો પાસેથી હદ વગરનું વ્યાજ લેતા હતા તેથી ખેડૂતોની આર્થિક સ્થિતિ દુર્દશાને વરી હતી એટલું જ નહીં, રાજ્યની વાર્ષિક મહેસૂલની આવક પર પણ તેની અસર થઈ હતી, જે ચિન્તાનો વિષય હતો. ઈ. સ. ૧૯૨૦ અને ૧૯૨૧ દરમિયાન મહેસૂલનું લેણું ૬૪,૪૪,૪૬૮ રૂ.નું તથા ૬૨,૬૨,૩૭૬ રૂ.નું થતું હતું.[૫] મહેસૂલ ઉઘરાવવા માટે કડકમાં કડક જોગવાઈઓ હોવા છતાં રૈયતને તેનો કોઈ કડવો અનુભવ થયો ન હતો, ઊલટાનું ખેડૂતોને મદદરૂપ થવાના ઉપાયો અજમાવવા છતાં કરજદારીના કારણે ઈ. સ. ૧૯૨૨–૨૩ના વર્ષ દરમિયાન રાજ્યનું લેણું અનુક્રમે ૬૧,૮૯,૩૭૨ રૂ. તથા ૫૭,૩૯,૩૦૮ રૂ.નું હતું.[૬] રાજ્યની આ ખોટ કાયમી અને મોટી થતી અટકાવવા તથા આવક નિયમિત બનાવવા ખેડૂતોને કરજમુક્ત બનાવવા અનિવાર્ય હતા.

આ યોજનાના ઉદ્ભવમાં સૌથી અગત્યનું પરિબળ બને છે લીલીયા મહાલના ખેડૂતોની પીટીશન.[૭] ઈ. સ. ૧૯૨૨માં લીલીયા મહાલના કેટલાક ખેડૂતોએ રાજ્યના રેવન્યુ ખાતાને એક અરજી કરી જેમાં તેઓએ પોતાની આર્થિક દુર્દશાનું વર્ણન કરી તે માટે તેઓએ સ્થાનિક શાહુકારોને જવાબદાર ગણાવ્યા હતા. શાહુકારો એટલું બધું વ્યાજ લેતા હતા કે તેઓ કશી બચત કરીને રાજ્યનું મહેસૂલ ભરી શકતા ન હતા. તે વખતના રાજ્યના રેવન્યુ કમિશ્નરે આ અરજીની ગંભીરતાથી નોંધ લીધી અને અરજીની ખૂબ જ ઊંડાણપૂર્વક તપાસ કરાવી તો અરજીમાં જરા પણ અતિશયોક્તિ જણાઈ નહીં ! રેવન્યુ કમિશ્નરે તે પરથી રાજ્યને ભલામણ કરી કે આ અરજીની ગંભીર નોંધ લઈને ખેડૂતોની દુર્દશા દૂર કરવા તાત્કાલિક પગલાં લેવાં. કાઉન્સિલે તેથી ૧૯૨૨માં જ રાવબહાદૂર દીવાનશ્રી ત્રિભુવનદાસ કે. ત્રિવેદીને અધ્યક્ષ બનાવીને એક કમિટિની રચના કરી જે ખેડૂતોની કરજદારીના પ્રશ્નની સાંગોપાંગ તપાસ કરી તેનાં તારણો અને ભલામણો સૂચવવાની હતી.

---

4 Redemption of Agricultural Indebtedness in Bhavnagar State: Appendix—VII, Pub. by Bhavnagar State, 1934, P. No. 81–82.

5 Report on the Administration of the Bhavnagar State for the year 1920–21, Chapter II, Pub. by Bhavnagar State, P. No. 7.

6 Report on the Administration of the Bhavnagar State for the year 1922-23. Chapter II, Pub. by Bhavnagar State, P. No. 59.

7 Redemption of Agricultural Indebtedness in Bhavnagar State, Pub. by Bhavnagar State, P. No. 1.

આ કમિટિએ શરૂઆતમાં જુદા જુદા મહાલનાં ૨૨ ગામડાંઓની પ્રાથમિક મુલાકાત લીધી તો તેમને લાગ્યું કે લીલીયા મહાલના ખેડૂતોની ફરિયાદમાં માત્ર સત્ય નથી, પણ બધા મહાલનાં ગામડાંમાં તે સર્વસામાન્ય બની ચૂકી છે. રાજ્યના દીવાનશ્રીને લાગ્યું કે પ્રશ્નની વિશાળતા જોઈને તેના તરફ દુર્લક્ષ સેવી શકાય નહીં. એક ઝાટકે બધું જ દેવું માફ કરી દેવાનો શાહુકારોને હુકમ કરવાથી તેમનામાં અસંતોષ ઊભો થાય અથવા આ પ્રશ્ન તરફ જરા પણ ધ્યાન ન આપવું એ પણ નાદાર બની ગયેલા ખેડૂતોના જેવી જ નાદારીભરી અને ખોટી નીતિ ગણાય.

ખેડૂતોનું દેવું એ રોગ અને રોગનું ચિહ્ન એમ બન્ને છે તેથી યોગ્ય નાણાંકીય રાહત, શાહુકારો અને ખેડૂતોના જૂના સંબંધોનું પુનઃસ્થાપન તથા ઉચ્ચતર ઉત્પાદન વગેરેનું આયોજન થવું જોઈએ, એમ વિચારી દરબારે આ યોજના બનાવવાનું નક્કી કર્યું જેથી ભારતીય ખેડૂત દેવામાં જ જન્મે છે, જીવે છે અને મરે છે એ કહેવત સર્વસામાન્ય બનતી અટકે. દરેક ઉદ્યોગને મૂડીની જરૂર પડે છે અને ખેતી એ રાજ્યનો મુખ્ય અને પ્રાણસમાન ઉદ્યોગ છે એમ વિચારી આગળ જણાવ્યા મુજબની આખા ભારતની ખેડૂતોને કરજમુક્ત અને સજાગ બનાવવારી ભાવનગર રાજ્યની આ યોજના અસ્તિત્વમાં આવી.

## [૨] ખેડૂતોના કરજના પ્રશ્નની કમિટિ દ્વારા કરવામાં આવેલી ઊંડાણપૂર્વકની તપાસ અને તેનાં અગત્યનાં પાસાંઓ :

લીલીયા મહાલના ખેડૂતોની અરજી, તેથી થયેલી પ્રાથમિક તપાસ અને તેમાં પ્રાપ્ત થયેલી ચોંકાવનારી વિગતોથી રાજ્ય સજાગ બની ગયું. શાહુકારો જે જંગલી અને અમાનુષી રીતરસમો અજમાવી ખેડૂતોને દેવાદાર બનાવતા હતા તેથી રાજ્યે ખેડૂતોની કરજની સાચી વિગત, રકમ અને શાહુકારોની વિવિધ અન્યાયી રીતરસમો ખોળી કાઢવા આખા રાજ્યના બધા જ મહાલનાં ગામડાંઓની સાંગોપાંગ તપાસ કરવાનું નક્કી કર્યું, જે આખી કામગીરી અત્યંત રસપ્રદ અને અન્ય દેશી રાજ્યોને અનુકરણીય બનવાની હતી.

### (૧) ખેડૂતોની સાચી માહિતી મેળવવા માટે કમિટિએ સાધેલો સીધો અને પ્રત્યક્ષ સંપર્ક :

કમિટિએ સૌ પ્રથમ થાણદારો પાસે કરજદાર ખેડૂતોની યાદી તૈયાર કરાવી, પછી એક એક ગામડાની મુલાકાત લીધી અને ખેડૂતોના ઘરે ઘરે જઈને યાદીની ચકાસણી કરી.[8] કમિટિનું આ એક ખૂબ અગત્યનું કાર્ય હતું, તેનાથી રાજ્યનો ખેડૂતો સાથે પ્રત્યક્ષ પરિચય અને આત્મીયતા સ્થપાતાં હતાં. કમિટિએ દરેક ખેડૂતોને ઊલટાવી ઊલટાવી પૂછી જાણવા પ્રયાસ કર્યો કે તેઓએ કેવા પ્રકારનું, કેવા સંજોગોમાં અને કયા હેતુસર આ બધું દેવું કર્યું છે. ખેડૂતોએ આ દેવાના બદલામાં કેટલું વ્યાજ, કેટલું કમિશન તથા બીજા લાગાઓ ભર્યા છે તે પણ જાણવા પ્રયત્ન કર્યો. ખેડૂતોએ જે માહિતી આપી તેની પાછી ચકાસણી કરવા દરેક શાહુકારોના ચોપડા તપાસ્યા.

---

8 Ibid. P. No. 2.

કમિટિનું આ પગલું ખેડૂતહિતવર્ધક હતું. ઘણા શાહુકારો પર શંકા જતાં તેઓને વારંવાર બોલાવી તેમના ચોપડા તપાસ્યા. આ રીતે કુલ ૪૫૬ શાહુકારોના ચોપડા કમિટિએ તપાસ્યા હતા.[૯] ઘણા ખેડૂતો શાહુકારોના ભયથી કે ખોટી ઇજ્જતના ડરથી સાચી વિગત જણાવતા ન હતા. શાહુકારો પોતાનાં કરતૂતો છૂપાવવા કોશિશ કરતા હતા, તો ઘણા ખેડૂતો વધુ રાહત મેળવવા વધુ રકમ બનાવતા હતા. તેથી કમિટિએ જુદી જુદી આર્થિક સ્થિતિવાળા ખેડૂતોની સાચી તપાસ કરવા તેના વાર્ષિક બજેટની, તેની જમીનના પ્રમાણની, તેની ઊપજની, રાજ્યને ભરવાની મહેસૂલની રકમ, વેચવા માટે તથા વપરાશ માટે રાખવામાં આવતી ઊપજની સાચી માહિતી મેળવવા ખાસ પ્રકારની પ્રશ્નાવલી તૈયાર કરી.[૧૦]

કમિટિએ ખેડૂતોની વધારે પડતી આશા કે ડર દૂર કરવા માટે દરેક ખેડૂતોનો વ્યક્તિગત સંપર્ક સાધી જણાવ્યું કે તેઓ ખાનગીમાં આવી સાચી વિગત જણાવી શકે છે. આ રીતે થઈ શક્તી ભૂલો ઓછામાં ઓછી કરીને થાણદારોની બનાવેલી યાદી ચકાસી, સુધારી અને એમ ખેડૂતોના કરજની રકમ ખોળી કાઢવા પ્રામાણિક પ્રયત્ન કર્યો.

(૨) કેટલા ખેડૂતો પર કેટલું દેવું છે અને કેટલા ખેડૂતો કરજદાર છે તે શોધી કાઢવામાં આવ્યું :

તપાસને અંતે શોધી કાઢવામાં આવ્યું કે ૨૩ હજાર વ્યક્તિગત જમીન ધરાવતા અને મહેસૂલ ભરનારાઓમાંથી ૫૫ ટકા ખેડૂતો કરજમુક્ત છે અને બાકીના ૪૫ ટકા ખેડૂતો એટલે કે લગભગ ૧૦ હજાર ખેડૂતો જેઓ વાર્ષિક ૧૨ લાખ ૭૫ રૂપિયા મહેસૂલ ભરે છે તેઓ બધા મળીને ૫૧ લાખ અને ૪૧ હજાર રૂપિયાના દેવાના બોજા નીચે કચડાયેલા છે.[૧૧] દેવું હંમેશાં શાખને અનુસરે છે અને આ ૫૫ ટકા કરજમુક્ત ખેડૂતો આર્થિક રીતે સદ્ધર ન હોવાથી જ શાહુકારોના પંજામાંથી છટકી શકયા હતા. ૫૫ ટકા ખેડૂતો સદ્ધર હતા તેમ કહી શકાય નહીં.

૪૫ ટકા કરજયુક્ત ખેડૂતોમાંથી ⅓ ભાગનાનું દેવું બે વર્ષના મહેસૂલની રકમ જેટલું હતું અને બાકીનાની સ્થિતિ ખૂબ ખરાબ હતી કારણ કે ૧૦ થી ૧૫ વર્ષની મહેસૂલની રકમ જેટલું દેવું તેના પર હતું[૧૨] આવા ખેડૂતો કદાપિ બહાર આવી શકે નહીં કારણ કે શાહુકારો અને મહેસૂલનું લેણું ગળાના પથ્થરની જેમ વળગેલાં હતાં. આ માહિતી ઉપાય શોધવા માટે ઘણી મહત્ત્વની બનવાની હતી.

(૩) ખેડૂતોના કરજ માટેનાં માની લેવામાં આવતાં અને સાચાં કારણો :

---

9 Khedut debt enquiry committee, Bhavnagar State–Notes of Evidence and statistics, Pub. by Bhavnagar State, P. No. 1 to 102.

10 Redemption of Agricultural Indebtedness in Bhavnagar State–P. No. 3.

11 Khedut debt enquiry committee–Bhavnagar State Notes of Evidence and statistics–Appendix I A.

12 Ibid.

ખેડૂતોની કરજની સ્થિતિ માટે પ્રાથમિક રીતે કદાચ એવું લાગે કે ઉપરાઉપરી આવતાં નબળાં વર્ષો, સારાં વર્ષોમાં પણ નફાનો ટૂંકો રહેતો ગાળો અને લગ્ન તથા મરણના આવતા પ્રસંગો જવાબદાર હશે.[૧૩]

ગામડાંના ખેડૂતો આણાં કે ઘરઘરણાંના પ્રસંગે ખૂબ પૈસા વાપરતા પણ તે કરજદારી માટે જેટલા જવાબદાર ગણવામાં આવતા હતા તેવા ન હતા, કારણ કે આવા પ્રસંગો ઉકેલવા માટે તેની પાસે કોઈ બચત જ નહોતી એટલે શાહુકારો પાસેથી, લેવામાં આવતી લોન જ આફતજનક બનતી કારણ કે આવા જ કોઈ પાછલા પ્રસંગોમાં લીધેલી લોન તેઓએ ભરપાઈ કરી ન હોય તેથી, બાકી તેના મોભા અને આવડતના પ્રમાણમાં તે બહુ મોટી રકમ ન ગણાય.

ખેડૂતોના કરજ માટે રાજ્યના મહેસૂલના દરો જવાબદાર છે તે કારણ પણ સત્ય નથી. રાજ્યના દસકોઈ, તળાજા, કુંડલા અને લીલીયા મહાલનાં ઉદાહરણ લઈએ તો લીલીયા મહાલ જ્યાં મહેસૂલના દરો ભારે હતા તેના કરતાં જ્યાં મહેસૂલના દરો હળવા હતા તે તળાજાના ખેડૂતોનું કરજનું પ્રમાણ વધારે હતું.[૧૪] આ હકીકત ઉપરોક્ત આક્ષેપની વિરુદ્ધની છે, એટલે ખેડૂતોના કરજ માટે શાહુકારોના વ્યાજના દરો અને નિર્દોષ, અભણ ખેડૂતોને છેતરવાની તેની કળા જ જવાબદાર છે તેમ કમિટિએ તારણ કાઢ્યું જેમાં અતિશયોક્તિ લાગતી નથી.

(૪) ગામડાઓના શાહુકારોની અભણ ખેડૂતોને છેતરવા માટેની બેઢંગી અને ગેર-વ્યાજબી વ્યાજ ઉઘરાવવાની રીતરસમો ખોળી કાઢવામાં આવી.

શાહુકારો ખેડૂતોને આપેલી રકમ ખૂબ ઓછા સમયમાં અનેકગણી કરી ચોપડે ચડાવી દેતા હતા તેની અનેક રીતરસમો પૈકી થોડી આ મુજબની હતી. સવાયા પદ્ધતિમાં ખેડૂત લાણીના વખતે કે ખેતીના કોઈ કામ માટે શાહુકારો પાસેથી જેઠ કે અષાઢ માસમાં રૂા. ૧૦૦ લેવા જાય ત્યારે શાહુકાર રૂા. ૧૦૦ આપીને ચોપડે મૂળ રકમ તરીકે રૂા. ૧૨૫ ચડાવતો જે ખેડૂતે માગસર કે પોષમાં ભરપાઈ કરી દેવા પડતા. આમ શાહુકાર માત્ર ૪ થી ૮ માસમાં જ રૂા ૨૫ કમાઈ લેતો. માત્ર નબળા જ નહીં, ખમતીધર ખેડૂત પાસેથી પણ શાહુકાર સવાયા પદ્ધતિએ વ્યાજ લેતો.

નબળા ખેડૂતો પર તો સવાયા પદ્ધતિ કરતાં પણ વધુ ભયંકર રીત અજમાવવામાં આવતી. તેઓએ તો અગાઉથી જ અમુક ભાવથી જે રકમ ઉપાડી હોય તેના પ્રમાણમાં કપાસ આપવો પડતો. દા. ત. કોઈ ખેડૂત રૂા. ૧૦૦ કોઈ શાહુકાર પાસેથી લે તો મૂળ રકમ રૂા. ૧૨૫ માંડીને ખાતું પાડવામાં આવે ઉપરાંત રૂા. બેના એક મણના ભાવે તે ખેડૂતને પેલા શાહુકારને ૬૨½ મણ કપાસ આપવો પડતો. સીઝનમાં રૂા. ૮નો ભાવ નીકળે તો પણ રૂા. ૨ના ભાવે જ કપાસ આપવો પડે. જો ૬૨½ મણ કપાસ ન આપી શકે તો તે વખતના ભાવે બાકી રહેતી રકમ વળી ખેડૂતના નામે ચડાવી દેવામાં આવતી. કપાસનું વાવેતર થતું હોય તેવા વિસ્તારમાં આ રીતે શોષણ થતું હતું.[૧૫]

૧૩ ભાવનગર સમાચાર અંક ૩., તા ૩૧ જાન્યુ. ૧૯૪૦, લેખક હરજીવન કાળિદાસ મહેતાએ રાજ્યના ખેડૂતના કરજદારીનાં આવાં ૧૫ કારણો દર્શાવ્યાં હતાં.

14 Redemption of Agricultural Indebtedness in Bhavnagar State: P. No. 6

15 Khedut enquiry committee Bhavnagar State: Notes of Evidence and statistics–P. No. 26, 27 to 35.

અટક-કપાસપદ્ધતિમાં શાહુકાર ટાઈમલિમિટ આપતો અને જો ખેડૂત કરજ આપવામાં નિષ્ફળ જાય તો અગાઉથી નક્કી કર્યા મુજબના ભાવે કપાસ લઈ જતો જેમાં ખૂબ જ તોછડાઈ વાપરવામાં આવતી. કપાસનો વેપારી ધીરધારનો ધંધો અને કપાસના ભાવ પણ નક્કી કરતો કારણ કે તેની મોનોપોલી હતી.

કાંધા વ્યવહારમાં વાવવા માટે ખેડૂતોને આપેલું અનાજ ૫૦ થી ૭૫ ટકા વધુ વસૂલ કરવામાં આવતું જેને મોલ સવાયા કહેવામાં આવતું. આ વ્યવહારમાં આપેલા હલકા અનાજના બદલામાં ભારે અનાજ વસૂલ લેવામાં આવતું, એટલે કે જુવારના બદલામાં બાજરી અને બાજરીના બદલામાં ઘઉં. આ વ્યવહારને લીધે શાહુકાર ટૂંકમાં ૫૦૦ થી ૭૦૦ ટકાનો વધારો કરીને ખેડૂતોને સકંજામાં લઈ લેતો હતો. કારણ કે ખેડૂત સમયસર ભરી શકતો નહીં જ.

જલપપદ્ધતિમાં ખેડૂત પોતાની ફસલ જૂના દેવા પેટે પાક પહેલાં ૧૫ થી ૬૦ દિવસમાં આપી દેતો અને જૂના દેવાની વસૂલાતમાં મળતી કોર્ટની ધમકીમાંથી જ બચી શકતો અને કંઈ મેળવતો તે નવા દેવાના પેટે જ, ચાલુ બજારભાવના લાભ નહીં જ.

(૫) ખેડૂતોની દુર્દશાની મળેલી માહિતી :

ખેડૂતો શાહુકારનું કે રાજ્યનું દેવું ભરી શકતા નહીં. ઘણી વખત તો ઉભેડુ પાસેથી નાણાં લેવાં પડે તેવી સ્થિતિમાં તે મુકાઈ જતો હતો.[૧૬] દરબાર તરફથી ખેડૂતને જમીન અન્યને વાવવા આપવાનો હક્ક હતો જેનો ફાયદો ઉઠાવી શાહુકારો ખેડૂતો પાસેથી લેણાં પેટે ખેડૂતોની જમીન પડાવી લેતા જેની દરબારને પણ જાણ થતી નહીં. આમ મૂળ ખૂબ જ નાની રકમના બદલામાં ખેડૂતો પોતાની બાપદાદાની જમીન ગૂમાવતા અને શાહુકારો માટે તે ખેડતા જેની જાણ કમિટિને થઈ શકી. તેથી રાજ્ય સક્રિય બની શક્યું.

(૬) શાહુકારો પાસેથી સાચી માહિતી મેળવવામાં કમિટિએ અનુભવેલી મુશ્કેલી અને તેનાં કારણો :

શાહુકારોના ચોપડા અનેક મૌખિક વચનોથી ભરેલા હતા. ખેડૂતોને ધમકી દેવા માટે એક ખાતું અને બીજું બેવડું પણ ખોટું ખાતું રાખવામાં આવતું. દરેક શાહુકારની રીતરસમ ખેડૂતે ખેડૂતે, સમયે સમયે જુદી જુદી જણાઈ જેમાંથી કોઈ પદ્ધતિ તારવી શકાઈ નહીં. આથી દરબારે હુકમ કર્યો કે શાહુકારો સાચી હકીકત જણાવી જાય તો તેનો ઉપયોગ કોર્ટ-કચેરીમાં થશે નહીં. આવી રીતે જો ન કરવામાં આવ્યું હોત તો ખેડૂતો જીવનભર કરજમુક્ત બની શકત નહીં.

(૭) ખેડૂતોને કરજમુક્ત બનાવવા માટે કમિટિને શકય લાગેલો માર્ગ :

તપાસને અંતે કમિટિને લાગ્યું કે ઉપરાઉપરી સારાં વર્ષો આવે તો પણ ખેડૂતો બચત કરી કરજમુક્ત થઈ શકે તેમ નથી. અનુભવે જણાયું છે કે સારાં વર્ષો ઉપરાઉપરી આવતાં નથી જ.

---

16 Leading article appearing in "United India and Indian State" dated 14th May, 1932.

નિયમિત મહેસૂલ ભરનાર સપડાઈ જ જાય છે. ખેતી અને ખેડૂતોને નિષ્પ્રાણ કરતા આ વિષચક્રને ભેદવા કોઈ વ્યક્તિ સમર્થ નથી તેથી રાજ્યે જ પહેલ કરી ખેડૂતોને કરજમુક્ત બનાવવા પડશે અને તેથી શાહુકારોને પણ યોગ્ય થતી રકમ ચૂકવવી પડશે. તો જ ખેડૂત અને શાહુકારોના જૂના પણ સ્વાભાવિક સંબંધો સ્થાપી શકાશે કારણ કે રાજ્ય શાહુકારોની હાજરી પણ અનિવાર્ય માને છે.

## [૩] તપાસને અંતે કમિટિએ તારવેલ તારણ અને કરેલી ભલામણો :

કમિટિએ જે તારણો તપાસીને અંતે કાઢયાં તે એકદમ ચોંકાવનારાં હતાં. કમિટિને લાગ્યું કે જો સાચા સમયમાં સંપૂર્ણ નાદાર બની ગયેલા ખેડૂતોને કરજમુક્ત કરવામાં નહીં આવે તો ખેડૂતો કદાચ આછુંપાતળું અસ્તિત્વ ટકાવી રાખશે પણ જીવનભર તેઓ શાહુકારોના ગુલામ કે અર્ધગુલામ બની રહેશે.

પોતાની નોંધ કાઉન્સિલને આપતાં કમિટિના ચેરમેને જણાવ્યું કે દરેક વ્યવસાયમાં મૂડીની જરૂર પડે છે અને તેનું વ્યાજ પણ દેવું પડે અને તે કંઈ આર્થિક બિમારીની નિશાની પણ નથી પણ અહીં વધ્યે જતા વ્યાજના બોજાની નીચે દબાયે જતા ખેડૂતોને જોઈને જરૂર નિદાન કરી શકાય કે એક ભયંકર રોગ વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ચૂકયો છે અને જો યોગ્ય અને સમયસરની સારવાર નહીં આપવામાં આવે તો ખેડૂતો સંપૂર્ણ નિષ્પ્રાણ અને નિર્જીવ બની જશે.

ખેડૂતોના પ્રતિભાવો જાણ્યા પછી યોગ્ય ચેતવણી આપતાં ચેરમેનની નોંધ જણાવે છે કે, સદ્ભાગ્યે આપણા ખેડૂતો બીકણ અને નરમ છે, બાકી તેઓમાં જો જરા પણ લડાયક વૃત્તિ હોત તો તેઓએ કયારનો બળવો કર્યો હોત અને હજુ પણ જો યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો હજુ પણ વહેલું કે મોડું આમ થઈ શકે ખરું.[૧૭] ચેરમેનની આ ચેતવણીની કાઉન્સિલે ગંભીર નોંધ લીધી અને પોતાના અનુભવ અને વ્યવહારુતાનો લાભ લઈને નક્કી કર્યું કે કોઈ ગંભીર આર્થિક કટોકટી ઊભી થાય તે પહેલાં જ ખેડૂતોને આર્થિક રાહત આપી કરજમુક્ત કરવા.

## [૪] રાહત માટે લીધેલાં પગલાં :

કમિટિનાં તારણ અને ભલામણો ગંભીરતાથી લક્ષ્યમાં લઈને રાજ્યે ખેડૂતોને મદદ અને રાહત આપવા માટે નીચે મુજબનાં મહત્ત્વપૂર્ણ પગલાં ભર્યાં :

(૧) ખેડૂતોને રક્ષણ આપતો કાયદો :

ખેડૂતોને ભૂતકાળના પઠાણી વ્યાજમાંથી છોડાવવા અને ભવિષ્યમાં ફરી તેના સકંજામાં પડતો બચાવવા આ કાયદો પસાર કરવામાં આવ્યો. ખેડૂતો માટે આવા કાયદાની ખાસ જરૂર હતી. સામાન્ય કોર્ટમાં ખેડૂતોને રક્ષણ મળતું નહીં કારણ કે શાહુકારોને કાયદાનું જ્ઞાન હતું અને તેઓ હિસાબો ઊલટસૂલટ બનાવીને બનાવટ કરી શકતા હતા. અભણ ખેડૂતો

17 Redemption of Agricultural Indebtedness in Bhavnagar State, P. No. 24.

પાસેથી શાહુકારો લખાવી લેતા એટલે શંકા જાય તો પણ કાયદાની પવિત્રતા ખાતર સામાન્ય કોર્ટમાં ખેડૂતો રક્ષણ મેળવી શકતા નહીં. જપ્તીની પ્રથાથી ખેડૂતોને ખૂબ નુકશાન જતું હતું. આ કાયદા પ્રમાણે શાહુકારો જ્યારે કોઈ ખેડૂત પર કોર્ટમાં દાવો દાખલ કરે ત્યારે કોર્ટ આવા કરજનો ઇતિહાસ તથા શાહુકારોના ચોપડા તપાસી શકશે અને ખેડૂતે ભરેલું વ્યાજ અને લાગાઓ ધ્યાનમાં રાખીને બંનેને યોગ્ય થાય તેમ નક્કી કરશે. અને કોઈ પણ સંજોગોમાં ૧૨ ટકાથી વધુ વ્યાજ લઈ શકાશે નહીં. આ આખો કાયદો ખેડૂતોને રક્ષણ આપવામાં ઉપયોગી થાય તેવો હતો.[૧૮]

(૨) માત્ર કાયદાકીય જોગવાઈઓ જ નહીં, વાસ્તવિક સુધાર અને રાહત પર કેન્દ્રિત કરવામાં આવેલું ધ્યાન :

કાઉન્સિલના પ્રમુખ માનતા હતા કે માત્ર કાયદાથી પરિસ્થિતિ બદલાઈ શકે નહીં. કમિટિના ચેરમેન પણ માનતા હતા કે ગામડાંઓના આર્થિક જીવનમાં શાહુકારોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભૂતકાળમાં ભજવેલી છે પણ સાથોસાથ તેનાં અન્યાયી કૃત્યો તરફ બેધ્યાન થવાય નહીં. ભવિષ્યની બરબાદી અટકાવવા બન્નેને સજાગ કરવા જોઈએ. તેથી જ આખરે શાહુકારો પરિસ્થિતિ સમજી શક્યા હતા અને કાયદાની અગત્ય સમજી શક્યા. દરબારની ઇચ્છા શાહુકાર અને ખેડૂતોના સંબંધો સુમેળભર્યા બનાવવાની હતી.

(૩) ખેડૂતોને કરજમુક્ત કરવાની પ્રાથમિકતાને આપવામાં આવેલી અગત્ય :

માત્ર કાયદાથી પરિસ્થિતિ સુધરી શકતી નથી અને તેથી જ ડેક્કન એગ્રીકલ્ચરીસ્ટ રીલીફ એક્ટ ૧૮૭૯ સંપૂર્ણ સફળ થઇ શક્યો ન હતો.[૧૯] ઇતિહાસના આ અનુભવનો લાભ લઇને ખેડૂતોને રક્ષણ આપના કાયદાની સાથે જ એક જ ઝાટકે ખેડૂતોને કરજમુક્ત કરવાની યોજના પણ દરબારે ઘડી કાઢી જેથી ખેડૂતો ફરી સ્વસ્થ બનીને નવજીવન પ્રાપ્ત કરી શકે અને ખેતી નિષ્પ્રાણ બનતી અટકે.

(૪) ખેડૂતોને કરજમુકત બનાવવાની યોજના અને તેની વિગતો :

આ યોજનામાં શાહુકારો અને ખેડૂતો એમ બન્નેના સહકારની અપેક્ષા રાખવામાં આવી હતી. કોઈ આખા મહાલના કે ટપ્પાના શાહુકારો અને ખેડૂતોની સંયુકત અરજી કે માગણી થાય તો જ આ યોજનામાં તેને આવરી લેવામાં આવતા હતા. આ યોજનામાં વ્યક્તિગત દરેક લેણદારના ગ્રાહકો તથા વ્યક્તિગત દેવાદારના બધા જ લેણદારોનો સમાવેશ કરવામાં આવતો હતો. શાહુકારો અને ખેડૂતોની સંયુકત અરજી આવે તે પછી જ રેવન્યુ અને કાયદાકીય શાખાના એમ બે માણસોની બનેલી એક કમિટિ તે મહાલમાં મોકલવામાં આવતી જેમાં શાહુકારો તરફથી બે

18 The Bhavnagar State Kheduts' Protection Act-Appendix III–Redemption of Agricultural Indebtedness in Bhavnagar State, P. No. 53.

19 Nanavati and Anjaria., The Indian Rural Problem, Chapter XII P. No. 22-23.

વ્યક્તિની પંચ તરીકે નિયુક્તિ કરવામાં આવતી. બે અન્ય સ્થાનિક આબરૂદાર માણસોની પણ મદદ લેવામાં આવતી હતી. આવી રીતે બનેલી કમિટિ જે નક્કી કરે તે મંજૂર હોય તો જ આગળ કામ ચલાવવામાં આવતું, જેને મંજૂર ન હોય તેને યોજનાનો લાભ મળી શકતો નહીં, આવી રીતે બનેલી કમિટિ ખૂબ જ ચોકસાઈ અને વ્યાજબી રીતે જે રકમ નક્કી કરે તે રકમ દરબાર મંજૂર કરે તે પછી શાહુકારોને ખેડૂતો વતી દરબાર તરફથી આપવામાં આવતી. શાહુકારોને આપવા દરબાર તરફથી ખેડૂતોને જે રકમ ધીરવામાં આવતી હતી તે પછી સરળ હપ્તામાં ખેડૂતોએ દરબારને ભરી આપવાની હતી. આમાં ખેડૂતોની શક્તિને ધ્યાનમાં રાખવામાં આવતી હતી. દરબાર તરફથી ખેડૂતને જે લોન આપવામાં આવતી હતી તે રકમ તે ખેડૂત જે વાર્ષિક મહેસૂલ ભરતો હોય તેના કરતાં ત્રણ ગણીથી વધુ ન હોવી જોઈએ અને કોઈ પણ ટપ્પામાં તે રકમ કુલ ઋણના ½ ભાગથી વધારે હોવી ન જોઈએ. ખેડૂતોને દરબાર તરફથી જે પૈસા ધીરવામાં આવ્યા હતા તે પર માત્ર ચાર ટકા વ્યાજ લેવાનું નક્કી થયું હતું. આ રીતે શાહુકારોને આપવાની રકમ દરબાર ખેડૂતો વતી ચૂકવી આપે તે પછી કોઈ શાહુકાર તે ખેડૂત પર આ બાબતમાં કોર્ટમાં કેસ કરી શકશે નહીં, દરબાર ખેડૂતોને આપેલી રકમ, વ્યાજ અને મહેસૂલ ભાગબટાઈપદ્ધતિથી વસૂલ કરશે, અને જો કોઈ ખેડૂત એકસાથે રકમ ભરપાઈ કરવા માગતો હશે તો તેમ કરી શકશે. (ઘણા ખેડૂતોએ તેમ કર્યું પણ ખરું જે આ યોજનાની એક સફળતા હતી). આ બારામાં જો કોઈ નવો પ્રશ્ન ઊભો થશે તો તેનો ઉકેલ લાવવામાં આવશે. આ આખી યોજના દરબારગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવી. શાહુકારોએ ખેડૂતોની મૂળ નાની રકમ પર રાક્ષસી વ્યાજ ચડાવી અનેકગણી બનાવી દેવામાં આવી હતી, તે ઘટાડીને ૧૨ ટકાના વ્યાજ પ્રમાણે ગણીને નક્કી કરવામાં આવી. આ યોજના આગળ જોયું તે મુજબ આખા ભારતની એક વિરલ યોજના હતી જે અન્ય દેશી રાજ્યોને પ્રેરણા આપનારી હતી.[૨૦]

## (૫) ખેડૂતોને કરજમુક્ત કરવાની યોજના–અમલીકરણ :

ખેડૂતોને કરજમુક્ત કરવાની યોજનાનો પ્રારંભ લીલીયા મહાલથી થયો. ત્યાંના ખેડૂતો અને શાહુકારોએ સંયુક્ત અરજી કરી તેથી ત્યાં કરજની ચૂકવણી માટે એક કમિટિ મોકલવામાં આવી. લીલીયા મહાલના શાહુકારોને તેઓના ચોપડા મુજબની રકમ તો મળી નહીં પણ આ સમાધાનથી તેઓ ખુશ થયા કારણ કે ચોપડાની રકમ તો મનસ્વીપણે વધારી દેવામાં આવી હતી જે કદાપિ ખેડૂતો ચુકવી શકે તેમ ન હતા. તેના બદલે કમિટિએ નક્કી કરેલી રકમ એક ધડાકે જ મળી જતાં તેઓ રાજી થયા અને તેઓએ યોજના સ્વીકારી લીધી. આમ લીલીયા મહાલનું એકંદર કરજ ૯,૯૮,૩૮૪ રૂ.નું હતું તે રૂ. ૨,૬૩,૭૭૭માં પતી ગયું.[૨૧] શરૂઆતમાં કરજચૂકવણીનું આ કામ ખૂબ જ મુશ્કેલ લાગતું હતું પણ આ કામના અનુભવથી પાછળથી ઝડપથી કામ ચાલવા લાગ્યું. લીલીયા મહાલના શાહુકારોને દરબારે એક સાથે એક સામટા પૈસા ચૂકવી દીધા તેથી અન્ય મહાલના શાહુકારોનો આ યોજના પરત્વેનો અવિશ્વાસ અદૃશ્ય થવા લાગ્યો અને પોતાના કરજની પતાવટ માટે જુદા જુદા મહાલની અરજીઓ આવવા લાગી. ઉપરાંત

---

20 The Khedut debt Redemption Scheme-Council Resolution 219.

૨૧ પટ્ટણી પ્રભાશંકર, એક વૃદ્ધની વિચારપોથી, પાન નં. ૩૯૬

દરબારને પણ લાગ્યું કે હજી વધુ વખત જશે તો શાહુકારો રકમ વધારતા જ જશે. ઈ. સ. ૧૯૨૨માં જ્યારે કમિટિએ તપાસ કરી હતી ત્યારે રાજ્યના કરજમુક્ત ખેડૂતોનું કરજ ૫૧,૪૧,૪૨૮ રૂ.નું હતું તે રકમ વધીને જ્યારે કરમુક્ત કરવાની યોજના અમલમાં મૂકાઈ ત્યારે ૮૬,૩૮,૮૭૪ રૂ.નું થઈ ગયું હતું કારણ કે ખાતેદારો જે શરૂઆતની તપાસમાં હતા તે કરતાં વધીને ૨૨,૪૧૩માંથી ૨૭,૮૯૮ થયા હતા. તપાસની શરૂઆત અને યોજનાના અમલ વચ્ચે ઘણાં વર્ષો પસાર થયાં. ( ૪ થી ૮ ) ઉપરાંત આ બધાં સારાં જ વર્ષો ન હતાં. ખેતપેદાશના ભાવ પણ ઘટ્યા હતા અને શરૂઆતમાં ખેડૂતોએ શાહુકારોના ભયથી દેવું પણ ઓછું બતાવ્યું હતું. આ બધાંને લીધે કુલ કરજની રકમ ૮૬,૩૮,૮૭૪ રૂ.ની થઈ હતી.[૨૨] એટલે જેમ જેમ અરજી આવવા લાગી તેમ સરકારે કરજપતાવટ માટેની કમિટિઓ વધારવા માંડી અને ૩ને બદલે ૬ કમિટિ કામ કરવા લાગી. આ યોજના ઈ. સ. ૧૯૩૦માં શરૂ કરવામાં આવી અને ઈ. સ. ૧૯૩૪માં પૂરી કરવામાં આવી. આ સાથે પાછળ આપેલા કોઠા **Appendix I** તથા **Appendix II** જોવાથી માલૂમ થશે કે, કેટલા ખેડૂત કરજયુક્ત અને કેટલા કરજમુક્ત હતા. શાહુકારોના ચોપડા પ્રમાણે કેટલું કરજ હતું, કેટલું કરજ માન્ય રાખવામાં આવ્યું અને કેટલી રકમ માંડી વાળવામાં આવી અને કેટલી ચૂકવવામાં આવી તે દર્શાવવામાં આવ્યું છે. તે મુજબ કુલ દેવું ૮૬,૩૮,૩૭૪ થતું હતું તેમાંથી ૪૫,૧૧,૧૮૩ રૂ.નું માન્ય રાખવામાં આવ્યું અને ૨૦,૫૯,૪૭૩ રૂ. કરજપેટે દરબારે ખેડૂતો વતી ચૂકવી દીધા. કુલ દેવાના પ્રમાણમાં કરજદાર ખેડૂતદીઠ રૂ. ૬૯૦નું થતું હતું તે વખતની ખેડૂતની આર્થિક દુર્દશાની હાલત સ્પષ્ટ બતાવે છે.[૨૩] આ યોજનાના અમલ માટે સમય પણ યોગ્ય પસંદ કરવામાં આવ્યો હતો. કારણ કે તે સમયમાં મંદી ચાલી રહી હતી, જ્યારે ખેડૂતો પૈસા ચૂકવી શકે તેમ ન હતા અને શાહુકારો પૈસા મેળવી શકે તેમ ન હતા.

## [૬] પૂરક પગલા તરીકે ગ્રામપંચાયતની કરવામાં આવેલી સ્થાપના અને પ્રોત્સાહન :

કેટલાકને એવી શંકા હતી કે એક વખત કરજ અપાઈ ગયા પછી કરજમાં પડવાની ટેવવાળો ખેડૂતવર્ગ ફરી પાછો કરજ કરી બેસશે. આ શંકા સાવ અસ્થાને ન હતી જેનો જવાબ આપતાં દીવાનશ્રી પ્રભાશંકર પટ્ટણીએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં રોગ થશે એ ભયથી રોગનો ઉપાય જ કરવો નહીં એ ડહાપણભરેલું નથી.[૨૪] છતાં ખેડૂત ફરી કરજદાર ન બને તે માટે પૂરક પગલા તરીકે ગ્રામપંચાયતોની સ્થાપના ગામડાઓમાં કરાવવાનું નક્કી કર્યું. જેમાં ગામ પોતાની લોકેચ્છા પ્રમાણે ગ્રામરાજ્ય ચલાવી શકે. જવાબદારી માત્ર વાર્ષિક વિઘોટી અંદરોઅંદર ઉઘરાવીને દરબારને ભરવા પૂરતી હતી. ગામડાના પોલીસ, પસાયતા તથા ચોકીદારને પગાર દરબાર ચૂકવે પણ તેઓ ગામડાને તાબેદાર રહેવાના હતા. ગ્રામપંચાયત કોઈ નોકરને કાઢી પણ શકે કે નિમણૂક પણ આપી શકે. પૈસાસંબંધી દીવાની દાવામાં જે ગ્રામપંચાયત

22 Redemption of Agricutural Indebetdness in Bhavnagar State, P. No. 32

23 જૂઓ Appendix–I તથા Appendix–II જે આ સાથે સામેલ કરેલ છે.

૨૪ પટ્ટણી પ્રભાશંકર, એક વૃદ્ધની વિચારપોથી, પાન નં. ૩૯૭

મારફત લેણદાર અને દેણદાર વચ્ચે ચુકાદો કરી સમાધાન કરવા ઇચ્છતું હોય તે ગામને તે ગામ માગે તેટલી રકમ સુધીના દાવા ચૂકવવાની સત્તા આપવામાં આવી અને તે માટે હિસાબી કામ જાણનાર માણસની પણ સગવડ દરબાર તરફથી કરવામાં આવી. રાજ્યમાં કો-ઓપરેટીવ સોસાયટીના કામકાજ માટે એક અમલદારની નિમણૂક કરવામાં આવી જેથી ખેડૂતોને યોગ્ય સમયે નાણાં વ્યાજબી રીતે મળી શકે. ગામ ઈચ્છે તો ખળામાંથી કરજદારના રૂપિયા વસૂલ કરી શકે. ગામમાં રહેતા કોઈ હરામખોર માણસને કાઢી મૂકવાની સત્તા પણ ગ્રામપંચાયતને આપવામાં આવી હતી. આ પૂરક પગલાંની સારી અસરો ભવિષ્ય બતાવવાનું હતું. આ યોજનાનાં દરેક પાસાંઓ ઉપયોગી હતાં.[૨૫]

## [૬] રાજ્યની ખેડુતોને કરમુક્ત કરવાની યોજનાનાં પરિણામો અને પ્રતિભાવો :

(૧) પરિણામો : આખા રાજ્યના ખેડૂતોનું એકંદર કરજ રૂપિયા ૮૬,૩૮,૮૭૪નું હતું તે રૂા. ૨૦,૫૯,૪૭૩માં ભરપાઈ થઈ ગયું. મૂળ ૮૬ લાખના કરજ ઉપર ૨૫ ટકા પ્રમાણે લોકો દર વરસે ૨૦ લાખ રૂપિયા જેટલી રકમ શાહુકારોને ભરતા હતા એટલે એક વરસના વ્યાજની રકમમાં જ એમનું કરજ છૂટી ગયું અને ભાવનગરનો ખેડૂતવર્ગ ભારમાંથી પોતાના ખભાઓ નિર્ભર કરી સુખે જિંદગી ગાળી શકે છે.[૨૬]

આ યોજનાને લીધે શાહુકારોને પણ ફાયદો થયો કે એક જ ધડાકે તેઓ રકમ મેળવી શકયા જે રકમ મેળવતાં તેઓને વર્ષો લાગતાં કારણ કે સંપૂર્ણ નાદાર બની ગયેલો ખેડૂત તે કયારે ભરી શકયો હોત તે એક કલ્પનાતીત બાબત હતી.[૨૭] ઉપરાંત કરજમુક્ત થવાના કારણે ખેડૂતો રાજ્યનું મહેસૂલ ભરવામાં ઉત્સાહ બતાવવા લાગ્યા અને રાજ્યની મહેસૂલમાં આવક જે ડૂબ થઇ ગઈ હતી તે નિયમિત બની. ઘણા ખેડૂતોએ તો પાછલું મહેસૂલનું દેવું પણ ભરવા માંડયું છે. આ યોજનાનું એક પરિણામ હતું આ યોજનામાં જ્યારે લીલીયા મહાલોમાં અમલ થયો ત્યારે તેની અસરની તારવણી કાઢતાં ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પત્રે લખ્યું હતું કે ત્યાં ખેડૂત પર શાહુકારો તરફથી એકપણ કેસ ચાલતો ન હતો.[૨૮] આવું જ પરિણામ સમગ્ર રાજ્યમાં પણ યોજનાને અંતે જોવા મળ્યું તેમ રાજ્યના દીવાન શ્રી પી. ડી. પટ્ટણીસાહેબે જણાવ્યું હતું.[૨૯]

સૌથી મહત્ત્વનું પરિણામ એ ગણાવી શકાય કે અત્યાર સુધી જે ખેડૂતો શાહુકારોના ભયથી ડરતા હતા કે જેવો પાક તૈયાર થશે કે દાવો દાખલ કરીને શાહુકારો તેઓનો ઊભો પાક લઈ જશે.

25 Regarding the Establishment of village panchayats-Council Resolution No. 226.

૨૬ પટ્ટણી પ્રભાશંકર—એક વૃદ્ધની વિચારપોથી, પાન નં. ૩૯૭.

27 From the Reply sent by Sir P. D. Pattani to V. N. Mehta, Secretary, Government, United Provinces.

28 Times of India—An Article-Freeing the Ryets From dabt, Bhavnagar Scheme-Dated 14th April, 1932.

29 From Explanatory note by Sir P. D. Pattani-Redemption Report-XV

એટલે તેઓ નિષ્પ્રાણ અને ડરપોક બની ગયા હતા તે હવે. કરજમુક્ત થવાથી વધુ સલામતીની ભાવના અનુભવવા લાગ્યા પરિણામે પોતાના વ્યવસાયમાં સજીવ બન્યા.[30]

કમિટિના ચેરમેનના મત મુજબ રાજકીય ચળવળનું કારણ જ આ વ્યાજખોરીમાં રહેલું છે જે દૂર થતાં પ્રજાએ રાજકીય શાંતિ પણ અનુભવી. દરબારે સાચા અર્થમાં નામ આપ્યા વગર જ લૅન્ડ મોરગેજ બેન્કની ગરજ સારતું કામ કરી બતાવ્યું કે જેમાં લાંબા ગાળાની લોન અને ખેતીવિષયક સાધનોની ખરીદીમાં પણ મદદ કરી હતી.

શાહુકારોની નાબુદીમાં દરબારને રસ ન હતો પણ ખેડૂતો સાથેના તેના જૂના પણ સ્વાભાવિક સંબંધો સ્થપાય તેમાં તેને રસ હતો. ઘણા મહાલના શાહુકારોએ આ યોજનાનો લાભ લેવા અરજીઓ કરી તે આ યોજનાની સાર્થકતા બતાવે છે.[31]

(૨) પ્રતિભાવો: બ્રિટીશ હિન્દ સાથે સરખાવતાં દેશી રાજ્યોના ખેડૂતોની સ્થિતિ ઘણી રીતે ગરીબ, દુઃખી અને દયા ઉપજાવે તેવી છે, અલબત્ત, કેટલાક દીર્ઘદૃષ્ટિવાળા તથા ઉદાર બુદ્ધિવાળા રાજાસાહેબોએ પોતાના રાજ્યના ખેડૂતો માટે બ્રિટીશ હિન્દના કોઈપણ તાલુકા કરતાં વિશેષ સગવડ કરી છે. ભાવનગર રાજ્ય તરફથી કરવામાં આવેલી ખેડૂતોના દેવાના નિકાલની યોજના એ દેશી રાજ્યની ઉદાર નીતિનો ઉત્તમ નમૂનો છે.[32]

આ યોજના આખી જાણ્યા પછી પોતાનો પ્રતિભાવ આપતાં પૂનાની સર્વન્ટ્સ ઑફ ઈન્ડીયા સોસાયટીના પ્રમુખ શ્રી દેવધર ભાવનગરના દીવાનશ્રી પી. ડી. પટ્ટણીને પત્ર પાઠવતાં જણાવે છે કે:

It is not only thought-provoking but also an action-compelling experiment very boldly undertaken and most practically and successfully carried out.[33]

આવો જ પ્રતિભાવ આપતાં બોમ્બે-કો-ઓપરેટીવ કવાર્ટરલીના એડીટર શ્રી વી. એલ. મહેતાએ લખ્યું હતું.

I believe in no part of India has the work been undertaken on so large a scale or with such elaborate systematic Inquiries into the whole problem

---

30 From Reply sent by Sir P. D. Pattani to V. N. Mehta's letter inquiring about the Progress made with, Redemption Scheme, Appendix VII, P. No. 80 Redemption Report.

31 Redemption of Agricultural Indebtedness in Bhavnagar State, P. No. 44,

૩૨ ત્રિવેદી ચુનીલાલ શામજી, દેશી રાજ્યો અને ફેડરેશન, પાન નં. ૧૭૯

33 Letter received by Sir P. D. Pattani From Mr. G. R. Devadhar, P. No. 88 Appendix VII, Redemption Report.

of Indebtedness, particularly in its practical aspects. Any success that you achieve is bound to affect the trend of action in other part of India.[૩૪]

ભાવનગર રાજ્યની આ યોજનાને અંજલિના રૂપમાં પ્રતિભાવ આપતાં શ્રી જોહને એશિયાટિક રિવ્યુમાં લખતાં જણાવ્યું કે,

Even so the comprehesive nature of these Agricultural reforms in Bhavnagar is bound to have a salutory effect on the population of the State. It will also stand as a useful object lesson to be studied by other state and in these parts of British India where similar evils are experienced. But where a remedy on so broad a basis has never yet been tried.[૩૫]

બ્રિટીશ હકૂમતની સૌરાષ્ટ્રમાં સ્થાપના થયા પછી સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિરતાની સ્થાપના થઈ અને એક નવા યુગનો પ્રારંભ થયો હતો તે દરમિયાન આમ ભાવનગર રાજ્યની ખેડૂતોને કરજમુક્ત બનાવતી આ યોજના દેશી રાજ્યોના એકીકરણ પછી પણ ચિરઃસ્મરણીય બની રહી.

34 Extract from a letter of V. L. Mehta, Editer "Bombay Co-Operative Quarterly" dated the 10th may, 1932.

35 Bhavnagar-Relief of Agricultural Indebtness being the concluding portion of an article 'Progress in the Indian States' by Mr. John De La Valette appearing at pp. 187-190 of the Asiatic Review, January 1934.

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ** :

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઓક્ટોબર સુધીનું ગણાય છે.

૪. **જાહેરાતો** :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, **વડોદરા–૩૯૦ ૦૦૨**

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

**પ્રાચ્યવિદ્યા મન્દિર,**
મ. સ. વિશ્વવિદ્યાલય,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા–૩૯૦ ૦૦૨**

**સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા**
સંપાદક

# ગ્રન્થાવલોકન

**શબ્દવેધ :** લે. જયંત પંડ્યા, પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ–૯ વર્ષ : ૧૯૮૩; પૃ. ૨૧૪, કિંમત, રૂા. ૨૮.

'શબ્દવેધ', શ્રી જયંત પંડ્યાનો, સાંપ્રતજીવનને સ્પર્શના લઘુલેખોનો સંચય છે. ૧૯૭૮–૮૩ના સમયગાળામાં, 'નિરીક્ષક' સપ્તાહિકમાં તંત્રીસ્થાનેથી આ લેખો પ્રસિદ્ધ થયેલા. સમાજદર્શન, રાજનીતિ, શિક્ષણ અને શ્રદ્ધાંજલિ, એમ ચાર વિભાગમાં પચાસ લેખો વિભક્ત થયેલા છે. શ્રદ્ધાંજલિઓ તો ખરી જ, અન્ય લેખો પણ પ્રાસંગિક નિમિત્તોથી લખાયા છે; એમ છતાં આ લેખોમાં પ્રગટ થતું ચિંતન એવું તો મૂલગામી છે કે સમસ્યાઓથી સભર જીવનગતિમાં અહીંનો વિચારસંભાર ઉદ્‌બોધક અને પ્રેરક રહ્યા કરવાનો, નિઃશંક.

ગુજરાત, ભારત અને વિશ્વના સંદર્ભે સાંપ્રત જીવનની સામાજિક, રાજકીય અને શૈક્ષણિક સમસ્યાઓનું નિરીક્ષણ પૂરી નિસ્બત રાખીને લેખકે અહીં પ્રગટાવ્યું છે. ચિંતકનું તાટસ્થ્ય, ક્યારેક જોખમાય એટલી હદેય પહોંચાય તોય વાંધો નહિ, સંવેદન પૂરી ઉત્કટતાથી મૂર્ત થવું જોઈએ જ, એવો સંકલ્પ કરીને જાણે નિરીક્ષક–લેખક અહીં ઉદ્યુક્ત થયા છે. કટાક્ષ, આરોપ, ઉપહાસના કાકુઓ, 'શ્રદ્ધાંજલિ' વિભાગ સિવાય, અન્યત્ર એકાદેય પૃષ્ઠ પર ન સંભળાય તો જ આશ્ચર્ય. ગુજરાતી સાહિત્યમાં છેલ્લા દોઢેક દાયકામાં લલિતનિબંધની જે બહાર આવી છે તેના આકર્ષણે પ્રભાવે કદાચ લેખકને લલિતનિબંધની રીતિને અપનાવવા પ્રેર્યા છે. પરંતુ આ લખાણો લલિતનિબંધની કોટિનાં છે, એવા ભ્રમમાં લેખક પોતે નથી જ, એમ 'લખનારની વાત'માં લેખકે પોતે જ કહ્યું છે, એટલે એ વિશે અહીં કશુંય કહેવું જરૂરી નથી.

સ્વાતંત્ર્યોત્તર ભારતની ઉત્તરોત્તર થતી જતી અવનતિથી વ્યથિત થઈ ઊઠેલા લેખકે, યોગ્ય રીતે જ આ અવનતિ માટે સરકાર અને પ્રજા ઉભયને જવાબદાર ઠેરવી છે. 'સરકાર બેદરકાર છે ને નાગરિક નિષ્ક્રિય છે'; પરિણામે 'એકવીસમી સદીનો મુકાબલો કરવાનું પ્રવર્તમાન લોકશાહીનું ગજું નથી'. લેખક પાસે, કેવળ આવું નિષેધાત્મક નિરીક્ષણ જ નથી, વિધેયાત્મક ઉપાય શોધનો પુરુષાર્થ પણ છે, અને એથી જ આ લઘુલેખો બહુમૂલ્ય બને છે. 'સમાજપરિવર્તનનાં કદમ', 'પરિવર્તનનાં ક્ષેત્રો', 'લોકતંત્ર માટે આવશ્યક શિક્ષણપ્રથા' જેવા લેખો પ્રગટરૂપે, તો અન્ય લેખોમાં બહુધા ગર્ભિત રીતે, સૂચનાત્મક રીતે અને ક્યારેક પ્રગટરૂપે વિધેયાત્મક વિચારણાઓ રજૂ થઈ જ છે. 'હૃદયદ્વાર કોણ ઉઘાડશે?' લેખમાં ભાગલપુરમાં કેદીઓની આંખમાં સોયા ભોંકવાના ગુજારાયેલા સીતમની દર્દનાક કથાના સંદર્ભે 'હા, અમે જંગલી છીએ' જેવા ઉદ્‌ગારો કેટલા વેધક કરુણ બની રહે છે! લેખકનું નિરીક્ષણ છે: 'આપણા કારોબારના અંધાપાનો રોજેરોજ સહુને પરચો મળે છે અને કરુણતા તો એ છે કે સહુ

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૫, પૃ. ૧૦૫–૧૧૮.

એ ખમી ખાય છે. કશુંયે બદલવું એ પહેલા કે બીજા પુરુષનું કામ નહીં પણ કોઈ ત્રીજા પુરુષનું કામ છે એવા નફકરા ભાવથી દૈનિક પ્રવૃત્તિઓમાં આખી પ્રજા પરોવાઈ રહે છે. પ્રજાની વ્યાખ્યા પોતે જ અહીં ફસડાઈ ને પડી છે. ક્યાં છે પ્રજા ? અહીં તો કેવળ વ્યક્તિઓનો વાસ છે. વ્યક્તિઓ પહોળી થવા જાય તો તેનું ગજું બહુ બહુ તો હિંદુ, મુસલમાન, શીખ, ક્ષત્રિય, હરિજન કે આદિવાસી બનવાનું છે. તેને ભારતવાસી કે મનુષ્ય તરીકે રહેવા–કરવાનું કોઈએ શીખવ્યું નથી.' આવું સાંપ્રત સમાજજીવનનું નિરક્ષણ–પૃથક્કરણ કરીને લેખકે એનાં ભયસ્થાનો મર્મવેધક શૈલીમાં ચીંધ્યાં છે. પ્રજા તરીકે નહિ ખીલીએ ત્યાં સુધી, 'પોલીસના હાથમાં દંડો; વિદ્યાર્થીના હાથમાં પથરો, ગરજવાનના હાથમાં પૈસાની કોથળી, વહીવટદારની આંખમાં પૈસા કે પદપ્રાપ્તિની લોલુપતા, કામદારસંઘોની છાતી ઉપર કોઈ શિખંડીશિરોમણિએ શીખવેલી, 'હાય હાય'ના છાજિયાની મુદ્રાઓ અને રાજકર્તાઓના હાથમાં લાકડાના લાડુ જોવા મળશે', અને પછી તુર્ત જ, પૂરી ગંભીરતાથી ઉમેરે છે: 'આ બધાં અરાજકતાનાં ઉપકરણો છે, લોકશાહીનાં નહીં × × તંત્ર ઉત્તમ કરવા ધારો અને માણસ જ નપાવટ હશે તો શું કરશો ?' બધી સમસ્યાઓમાં માણસની નપાવટતા ને એની નપાવટતા માતૃસંસ્થાની નિષ્ફળતામાંથી છે, એવું તર્કબુદ્ધિ રીતે રજૂ કરી એમાંથી થતી હોનારત અટકાવવાનું કામ મા જ કરી શકે, એવી પ્રતીતિ કરાવે છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતને પુનઃજાગૃત કરવાના પાકી ગયેલા સમયે 'શબ્દવેધ'નું પ્રકાશન આવકાર્ય છે. અત્યારે સ્વ–શાસન છે! અને છતાં, સ્થાપિત હિતોનો તંત્રસમગ્રને મધમીઠો આશ્લેષ, 'સમાજ–દેશ' જેવી સંકલ્પનાઓને વિકૃત કરી બેઠો છે. આવા સંજોગોમાં શ્રી જયંત પંડ્યાના ચાબખાઓ શિક્ષિત–અલ્પશિક્ષિત નઘરોળોની ચામડી પર જેટલાં વહેલાં સોળ ઉપાડે, તેટલી શુભ ક્ષણ નજીક.

ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ,
વડોદરા–૩૯૦ ૦૦૨.

સુભાષ મ. દવે

* * *

**'વિસ્ફોટ' (કાવ્યસંગ્રહ):** સંપાદકઃ ચંદુ મહેરિયા–બાલકૃષ્ણ આનંદ, પ્રકાશક: દલિત સાહિત્ય સંઘ, અમદાવાદ–૨૧, પૃ. ૭૨, કિંમત રૂ. ૧૦.

'વિસ્ફોટ' ગુજરાતી દલિત કવિતાનો 'દલિત કવિતા' પછીનો આ બીજો સંચય છે. અહીં ચૌદેક જેટલા કવિઓની કુલ ચોસઠ જેટલી રચનાઓ સંઘરાયેલી છે.

આ રચનાઓમાંથી પસાર થતાં 'વિસ્ફોટ' એવું નામ અન્વર્થક લાગે છે. વિસ્ફોટ એટલે ધડાકો, જોરથી ફૂટવું. હા, અહીં એવી સુષુપ્ત લાગણીઓએ પોતાની રીતે એનું મોં ખોલ્યું છે. એ અવાજમાં ખુન્નસ છે, સામે પાણીએ તરવા માટેની તૈયારી છે, અડફેટમાં આવે એને ભુંજી નાખવાનો આક્રોશ છે, જે ધર્મે વર્ગભેદ ઊભા કર્યા છે, જે શાસ્ત્રોએ દલિતોને દલિતો રાખવામાં રસ દાખવ્યો છે, જે કોમે દલિતોને ક્ષુદ્ર ગણીને અવગણ્યા છે, જે કવિતાએ માત્ર અત્યાર સુધી ગુડી ગુડી વાતોનું કેવળ બ્રાહ્મણત્વ દાખવ્યું એ બધાંની સામે આ પ્રકારનું લખનારને

ઉગ્ર વિરોધ છે, એ બધા રૂઢ વ્યાકરણને તોડીફોડી નાખવાની એની તીવ્રેચ્છા રહી છે. હજારો વર્ષથી જે પ્રજા કચડાયેલી હોય, જે પ્રજાને સ્વત્વ જેવો કશો અનુભવ થયો ન હોય, જે માત્ર અત્યાચારોને મૂંગે મોએ સહન કરવા જ જાણે નિર્માયેલી હોય એવી પ્રજા એનો આત્મા જાગી જતાં એવી રહી શકે નહિ. શાસકો કે ઈશ્વર પણ ધારે તો એને એવી રાખી શકે નહિ. ગુજરાત અને દેશના મહારાષ્ટ્ર કે કન્નડ જેવા સાહિત્યમાં એવા સુષુપ્ત જ્વાળામુખીએ શબ્દરૂપે એનું જે મુખ ખોલ્યું, એનું પરિણામ તે આ દલિત સાહિત્ય. દલિત સાહિત્ય એટલે માત્ર અમુક કે તમુક દલિત જાતિનું સાહિત્ય એવો સાંકડો અર્થ ભાગ્યે જ કરીશું. દલિત એટલે કોઈ પણ વ્યક્તિ, જે દલિતરૂપે જીવી છે, એમ જીવવા એને ફરજ પાડવામાં આવી છે અથવા તો સમાજે–ભદ્ર સમાજે એના માટે એવાં જ્યાં જડબેસલાક ચોકઠાં ઘડી કાઢ્યાં છે. 'વિસ્ફોટ'ના કવિઓના મનમાં 'દલિત' શબ્દનો આવો વ્યાપક અર્થ, આવી વ્યાપક સમજ હશે જ.

આવી રચનાઓમાં રચનાકારને રચના કરતાં પ્રતિપાદ્ય વસ્તુના નિરૂપણમાં રસ વધુ હોય છે. આળા બનેલા મનને, લાગણીઓને એ તિર્યક બાનીમાં પ્રકટ કરવા મથતો હોય છે. ધારદાર કટાક્ષ એનું મુખ્ય અભિવ્યક્તિઓજાર બનતું હોય છે. કવિતાની કે છંદ-બંદની એને કશી પડી નથી. તીખી, તેજીલી ભાષામાં લાગણીના ઉલ્બણને વ્યક્ત કરવાનો એનો બહુધા આશય રહ્યો હોય છે. આ રચનાઓને એથી જ પ્રતિપાદ્ય વિષયના સંદર્ભમાં જોવાની રહે છે. કળાસ્પર્શ ઓછો છે, એ તો એના આ લખનાર જાણે છે અને કબૂલે પણ છે!

મારે કવિ નથી થવું
મારે તો વિદ્રોહી થવું છે વિદ્રોહી. પૃ. ૬

આવો વિદ્રોહ અહીં Indication કે Suggestionના સ્તરે નહિ પણ અભિધા Expressionના સ્તરે રહી લગભગ સંગ્રહની મોટાભાગની કૃતિઓમાં પ્રકટતો રહ્યો છે. જ્યાં સચ્ચાઈના બળ સાથે એ બધું પ્રગટ્યું છે ત્યાં એ વિદ્રોહ પણ કવિતા બને કે ન બને તો પણ સ્પર્શી રહે છે:

આ ઝાડું અમારું જીવનસાથી–કલ્પવૃક્ષ,
અમારો બ્રેકફાસ્ટ – ફીટલીની અડધી. પૃ. ૧૧

* * *

ચાલો, અમે તમારું એંઠું ખાવા રાજી.
તમે અમારે ઘેર વિવા હોય ત્યારે એઠું ખાવા આવશો? પૃ. ૧૯

* * *

ચાલો હું જાતે જ,
૩૦૩નો સહારો લઈ નીકળી પડું,
એકલ પંડે! પૃ. ૫૬

* * *

ભગવાનને હું આમ જ
લટકાવી દઈશ સૂર્યની સામે. પૃ. ૬૬

વિદ્રોહનો આવો સૂર આવી તો અનેક પંક્તિઓમાં અહીં ફેલાઈને પડ્યો છે. સાહિલ પરમાર જેવામાં એ શબ્દ કવિતા સુધી પહોંચવાનો પ્રયત્ન પણ કરે છે. પણ અહીં પર્દાફાશ વાસ્તવિક્તા પોતે જ આપણને આ રચનાઓમાં સંડોવે તેવી બળકટ છે. આપણે ઇચ્છીએ કે રશિયન કવિ એવતુશેન્કોની પેઠે આપણા આ કવિઓમાંથી કોઈકનો અવાજ એની ઉત્તપ્તતાની સાથે સાથે કયારેક ઉત્તમ કૃતિત્વ પણ ધારણ કરશે. પોતાના આક્રોશને વ્યક્ત કરવા આ કવિઓએ 'શબ્દ'નો આશરો લીધો છે, એ બિના સ્વયં એવા આપણા આશાવાદને પુષ્ટિ આપી રહે તેવી છે.

ફુવારા પાસે, લુણાવાડા, જિ. પંચમહાલ **પ્રવીણ દરજી**

* * *

**અવશેષ :** લે. અને પ્ર. જેઠાભાઈ પટેલ, મોટીચરેલ, લુણાવાડા, જિ. પંચમહાલ; **પ્રથમ** આવૃત્તિ, ઓકટોબર ૧૯૮૨, પૃ. ૧૪૪, કિંમત રૂા. ૯ = ૭૦ પૈ.

'અવશેષ' લઘુનવલ શ્રી જેઠાભાઈ પટેલની ત્રણ ડ્રાફ્ટના રિયાઝ પછી પ્રગટ થયેલી પ્રથમ કૃતિ છે. વીસ પ્રકરણો અને એકસોચુમ્માળીસ પૃષ્ઠોમાં વ્યાપ્ત વિશિષ્ટ પ્રકારની આ લઘુનવલમાં નિષ્ફળ પ્રેમની કથા આગવી રીતે આલેખવામાં આવી છે. ચાર પાત્રોની આ કથામાં અતિવિચારરોગથી પરિણમતી કરુણતાનું ચિત્ર નિરૂપવામાં લેખકે કથાનકને બદલે ચિંતનાત્મક આલેખનને આધારે વસ્તુ વિકસાવવાનો પ્રયાસ આદર્યો છે.

રસેન્દુ–રુચિર તથા નીતિ–ઈનલ અન્યોન્યના મિત્ર છે અને રસેન્દુ–નીતિ તેમ જ રુચિર–ઈનલ એકબીજાનાં પ્રેમી છે પરંતુ વિચારોના ઓથારમાં અન્યોન્યને પ્રાપ્ત કરી શકતાં નથી. શંકાભયાવૃત્ત રસેન્દુ નીતિને સંવનન દરમિયાન ત્યજી દે છે અને નીતિ આત્મહત્યાનો આશ્રય લે છે. રસેન્દુ ગાંડાની હોસ્પિટલમાં ડૉકટર બને છે. રુચિર અને ઈનલ રસેન્દુ અને નીતિના પ્રણયજીવનની કરુણતાના ઓથાર હેઠળ અનેકવારના મિલન પછી સહજીવન માણવા ખંચકાટ અનુભવી છૂટા પડે છે. ઈનલના વિરહમાં માનસિક સ્વસ્થતા ગુમાવેલા રુચિરને રસેન્દુ પોતાની હોસ્પિટલમાં દરદી તરીકે પામે છે. રસેન્દુ અને નીતિ આરંભમાં જ છૂટાં પડે છે એટલે તે બન્નેના ઉલ્લેખો બાદ કરતાં મહદ્અંશે આ રુચિર–ઈનલની જ કથા બની રહે છે.

નવલકથામાં વસ્તુને અતિપાતળું રાખી પાત્રોની ક્રિયા કે સ્થિતિ કરતાં તેની પશ્ચાત રહેલી ચિંતનાત્મક ભૂમિકા દ્વારા વ્યક્તિત્વને ઉપસાવવાનો ખ્યાલ લેખકે સેવ્યો છે કિન્તુ તેમ કરવામાં પાત્રોના વ્યક્તિત્વની એકવિધતા વાર્તાને તદ્દન નીરસ બનાવી મૂકે છે. પાત્રો ઘણીવાર તો કઈ બાબતને લક્ષ કરી ચર્ચા કરે છે તે પણ સ્પષ્ટ થતું નથી. આખી વાર્તા સંકુલ, સંકીર્ણ, ધૂમિલ અને કૃત્રિમ બની જાય છે. વિચારનિરૂપણ કરતાં પાત્રો ગૌણ થઈ જાય છે અને

વિવિધ પ્રકરણોમાં જીવન, પ્રેમ આદિ ગંભીર વિષયો વિશે છૂટક ફકરાઓ અને વિધાનો જ જાણે ધ્યાનાર્હ રહે છે; છતાં વાર્તાના વ્યવસ્થિત વિકાસના સંદર્ભમાં ઔચિત્યપૂર્વક સ્થાન પામતા નથી. પ્રકરણો પણ સુયોજિત રીતે સંકળાયેલાં નથી લાગતાં અને વાચકને યુગલોની કરુણતાનું રહસ્ય અંત સુધી લક્ષમાં આવતું નથી. નીતિની આત્મહત્યા જેવો અગત્યનો પ્રસંગ લેખકે ઉલ્લેખથી જ છોડી દીધો છે, રસેન્દુનો વારંવાર આવતો ઉલ્લેખ પણ પ્રતીતિજનક નથી, રુચિર અને ઇનલની કથા જાણે આગળ વધતી જ નથી. મંથરગતિથી ચાલતી નિર્જીવ વિચારણા જ વાર્તાનો મોટો ભાગ રોકે છે.

નવીન પ્રયોગરૂપે આ લઘુનવલમાં લેખકને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું છે. ગૂંચવણભરી લેખનપદ્ધતિને કારણે કયાં પાત્રો કયા સંવાદો ઉચ્ચારે છે તે અતિ પરિશ્રમ ઉઠાવવા છતાં સ્પષ્ટ થતું નથી. પાત્રો જે સંવાદો અધૂરા મૂકે છે તેનો કોઈ ધ્વનિ પ્રગટતો નથી. ચિંતનાત્મક નિરૂપણમાં કોઈ લાક્ષણિક અર્થ સિદ્ધ કરવાનો નિષ્ફળ પ્રયાસ વર્તાય છે એથી વાર્તાના વિકાસમાં ચિંતન ઉપકારક બનતું નથી અને સંદર્ભવિહીનતાની છાપ પાડે છે. પાત્રોની મનઃસ્થિતિ ઉપસાવવામાં પ્રકૃતિનો વિનિયોગ પ્રતીકાત્મક રહ્યો છે પરંતુ પ્રકૃતિ અને ભાવમાં સજીવારોપણ થયું છે તે હંમેશા અર્થસાધક અને ઔચિત્યપૂર્ણ નથી નીવડયું. કેટલાક ઉપમા અને સજીવારોપણ અલંકારો નવીન અને આકર્ષક છે અને નિરૂપણમાં સંકુલતા ઓછી હોય તો વસ્તુને પ્રગટ કરવા સામર્થ્ય સૂચવે છે પણ લેખકની ભાષામાં કલ્પનામાં અને અલંકારોમાં જે થોડુંઘણું બળ છે તે વસ્તુની શિથિલતા અને સંકુલતામાં અટવાઈ ગયું છે. ઘટનાલોપી લઘુનવલમાં પણ અપેક્ષિત આકારસૌષ્ઠવ અનાવશ્યક નિરૂપણને કારણે સાધી શકાયું નથી. રસેન્દુના પિતા હર્ષદરાયનો બે વારનો ઉલ્લેખ વાર્તામાં પોષક નથી. રુચિર–ઇનલ બંને રસેન્દુનો ઉલ્લેખ આવતાં સતર્ક કેમ બને છે તે સ્પષ્ટ થતું નથી. નીતિની આત્મહત્યા વિશે રસેન્દુ લાંબો સમય કેમ અજાણ રહે છે તેની યથાર્થ પ્રતીતિ થતી નથી.

વાર્તાલેખનની પદ્ધતિમાં અન્ય ઘણી બાબતો કઠે છે. લેખકે સર્વનામમાં વારંવાર અનાવશ્યક પરિવર્તન કર્યા કર્યું છે. કથા ઘડીક પહેલા પુરુષમાં, ઘડીક ત્રીજા પુરુષમાં અને ઘડીક લેખકના તરફથી પાત્રોલ્લેખે ત્રીજા પુરુષમાં ચાલે છે. એમાં ઔચિત્યપૂર્વક અર્થસાધકતા કયારે ય લાવી શકાઈ નથી. એકવાર ઇનલ રુચિર માટે બહુવચનનું સંબોધન બદલ્યા પછી પણ વચનો બદલ્યા કરે છે તે વિચિત્ર લાગે છે. સાથે સાથે આવતાં વાકયોમાં વ્યાકરણીય કાળનિરૂપણમાં પણ ભિન્નતા અર્થદ્યોતક ઠરતી નથી, લેખકને મન પ્રયોગ તરીકે એ નોંધપાત્ર ભલે હોય. નવીન અને અપરિચિત ષષ્ઠી વિભક્તિથી પ્રયોજાતાં શબ્દયુગ્મોનું બાહુલ્ય (દા. ત. સમયનું દર્ભ, ભૂતની ડમરી, સમયની પોલી ચીસ) પણ ઔચિત્યસભર લાગતું નથી. સંયોગચિહ્નો (હાઈફન), બિન્દુઓ, પ્રશ્નાર્થચિહ્નો અને અવતરણચિહ્નોનો પ્રચુર ઉપયોગ કોઈ વ્યંજનાશક્તિ દર્શાવતો નથી. વાર્તામાં સ્થળે સ્થળે યુદ્ધ, દીવાલો, આકાશ, પ્રેમ જેવા વિષયો પર કાવ્યપંક્તિસમ લખાયલાં વર્ણનો નવીન ભાત ઉપસાવે છે પરંતુ તે કૃત્રિમ, કૃતક અને અસંબદ્ધ ભાસે છે. કયાંક આવશ્યક પ્રશ્નાર્થચિહ્નોનો અભાવ અને ભાષાકીય અશુદ્ધિઓ પણ વર્તાય છે.

પાત્રોની આંતરિક વેદનાની અભિવ્યક્તિના ઘટાટોપમાં જીવનનો માર્ગ પાત્રોને કેમ સરળ

નથી લાગતો તે વાર્તામાં ખૂબ અસ્પષ્ટ રહી જાય છે. અને ' અવશેષ ' વિદગ્ધ લેખકની શાબ્દિક ચર્ચાના પ્રાચુર્યના દોષથી ભરી એક નબળી લઘુનવલ બની રહે છે તેમજ નવીન પ્રયોગી લઘુનવલ લખવાની મથામણના નિષ્કર્ષમાં અવશેષે વસ્તુ કે કલા એમાં પ્રગટ થતાં નથી.

ગણેશ નિવાસ, અમૃત શેરી,
વલસાડ–૩૯૬ ૦૦૧

**મનોજ દરૂ**

* * *

**પળ પળનાં પ્રતિબિંબ :** લે. મફત ઓઝા, પ્ર. કુમકુમ પ્રકાશન, અમદાવાદ, ફેબ્રુઆરી, ૧૯૮૫; પૃ. ૨૫૬; મૂલ્ય : રૂા. ૨૮.

અત્રેના ૭૨ લઘુનિબંધોમાં લેખકનો કેમેરો વિવિધ વર્ગ–વર્ણના મનુષ્યો ઉપરાંત ભિન્ન ભિન્ન વિષયો પર ફર્યો હોવાથી તથા વિવિધ એન્ગલથી દશ્યછબીઓ ઝીલાઇ હોવાથી એક સંવેદનશીલ સર્જકની મથામણ–મૂંગળામણનો વાચકોને પરિચય મળી રહે છે. અહીં ચૂંટણીનાં અનિષ્ટો, ગામડાનું રાજકરણ, સરકારી ખાતાંઓમાં કેન્સરની જેમ ફેલાયેલો ભ્રષ્ટાચાર, ગાંધીજીના નામે તરતા રાજકારણીઓનો સત્તાકેફ જેવા રાજકીય વિષયોથી માંડીને ભાગવત–રામાયણની ધર્મકથાઓ, કોમવાદી તોફાનો, વાવાઝોડું, આજની શિક્ષણપદ્ધતિ, પોટલી કે દારૂનો છડેચોક ઉપયોગ, ઝૂંપડપટ્ટી, રસ્તા પર ઊભા થયેલા ગલ્લાઓ, બાવલાંઓ કે દહેરીઓ જેવી સામાજિક સમસ્યાઓને સ્પર્શવામાં આવી છે. કેટલાક નિબંધોમાં સુખ, દુઃખ, મનુષ્યનું આંતરિક રૂપ જેવા તાત્ત્વિક પ્રશ્નોની છણાવટ કરેલી છે. ' અપડાઉન 'ના કવિએ રેલ્વે મુસાફરી દરમ્યાન મુસાફરોની દયા ઉઘરાવી છડેચોક છેતરપીંડી કરતા ભિખારીઓની દુનિયામાં ડોકિયું કર્યું છે તો અને ધરમસિહદાદાનું રેખાચિત્ર કે અનસૂયાબેનની સ્વધગશને કારણે પાંગરેલી ' મુનિસેવાશ્રમ 'ની પ્રવૃત્તિઓનો પરિચય પણ આપ્યાં છે. વળી કૃષ્ણજન્મ, ગાંધીજયંતી, શ્રાવણમાસ, શ્રાદ્ધ, વિજયાદશમી, ઈશુનું નવું વર્ષ જેવા પ્રાસંગિક તહેવારોને કેન્દ્રમાં રાખીને વર્તમાન સન્દર્ભમાં તેનું નવ્ય અર્થઘટન કરવાનો લેખકે પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. ' પળ પળનાં પ્રતિબિંબ ' શીર્ષક સૂચવે છે તે મુજબ આ નિબંધોમાં સમાજના કોઈ પણ ખૂણે પડેલાં ઈષ્ટાનિષ્ટ તત્ત્વોનું નિરીક્ષણ (observation) કરી નિજસંવેદનાએ તેનું પ્રતિબિંબ ઝીલી અભિવ્યક્ત કરવાનો ઉપક્રમ રહેલો જણાય છે. જૂજ અપવાદોને બાદ કરતાં, અને ઝડપાયેલી તસ્વીરોમાં ત્રીજું પરિમાણ (થર્ડ ડાયમેન્સન) નહીંવત્ હોવાને કારણે નિબંધોમાં નિરૂપાયેલી સંવેદના સૂક્ષ્મ અને ઉત્કટ ન બનતાં સપાટી પર વિહરતી હોય તેવું વિશેષ જણાય છે.

લેખકે મહદંશે વિવિધ દશ્યો દ્વારા કોઈ વિચાર કે સંવેદનને વહેતાં કર્યાં છે. તે માટે ઉત્તરગુજરાતની બોલીની છાંટવાળા સંવાદો, વિરોધી ચિત્રો, વિવિધ અલંકારોનો વિનિયોગ, સુપ્રસિદ્ધ કાવ્યપંક્તિઓનો ઉપયોગ, પૌરાણિક કથાઓને નવ્ય સન્દર્ભમાં મૂકી આપવાની રીતિ વગેરે પ્રયુક્તિઓનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. દા. ત. એક નિબંધમાં, કૉલેજમાં એડમીશન મેળવવા કે પરીક્ષામાં ધાર્યા ગુણ પ્રાપ્ત કરવા નાણાં અને લાગવગ કેટલી હદે કામ કરી શકે છે

તેનાં બે દસ્યો આપી, લેખકે તેનુ સમાપન આ રીતે કર્યું છે: 'મારા એક મિત્ર નવી કથા લઈ આવ્યા છે. શિવ અને શક્તિનો પુત્ર ગણપતિ એણે પ્રેમલગ્ન કર્યાં. એક રાણી તે ખટપટ અને બીજી રાણી તે ઝટપટ. ખટપટ ઝટપટના સ્વામી ગણપતિ દાદા એની શીળી છાયામાં સૂંઢ લંબાવી ખવાય એટલું ખાય' (પૃ. ૧૮). નિબંધક્રમાંક ૬માં, નગરમાં કોમવાદી તોફાનો ફાટી નીકળતાં અને બર્બર હિંસાનો કોરડો વીંઝાતાં સન્નાટો વ્યાપી જાય છે; એ પાશવી ક્રૂરતાને બુલંદ સ્વરૂપે વ્યક્ત કરવા લેખકે બે દીવાલ, બારી અને વાંદરાના મુખે સંવાદો મૂકી બુદ્ધિજીવી મનુષ્યની ઠેકડી ઉડાવી છે. નિબંધક્રમાંક ૧૦માં, વડોદરા રેલ્વેસ્ટેશનની સામે બગીચામાં બિરાજેલી ગાયકવાડ મહારાજની પ્રતિમાના સાંનિધ્યમાં જ સવારથી મોડી રાત્રી સુધી આકાર લેતી ગંદી પ્રવૃત્તિઓનો ચિતાર આપી લેખકે વિરોધાભાસનો ઉત્તમ શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો છે.

લેખક શબ્દસાદશ્યને કારણે, **લોકશાહી**ના અનુસંધાનમાં **બાળશાહી** (લોકશાહીની જવાબદારીનો બોજ પડવાનો હોય તો એની બાળશાહીનો વિચાર કરવો જોઈએ કે નહિ? પૃ. ૧૪૭), કે **રાજકારણ**ના અનુસંધાનમાં **દેવકારણ** (રાજકારણ જેવું જ દેવકારણ વિસ્તરતું રહ્યું છે–પૃ. ૧૫૧) કે **ઘરકારણ** (સાસુ–વહુની લડાઈ હજીયે ચાલ્યા કરે છે, પછી એ ઘરકારણ હોય કે રાજકારણ–પૃ. ૧૯૫) જેવા શબ્દપ્રયોગો કરે છે ત્યારે તે રમૂજ પ્રેરે છે. 'ફૂટવું' અને 'ઊગવું' ક્રિયાપદનો અતિરેક પણ ખૂંચે છે.

અહીં સંગ્રહસ્થ થયેલા નિબંધોમાં અમુક મુદ્દાઓનું પુનરાવર્તન પણ આંખમાંના કણાની જેમ ખૂંચે છે. કેટલાક નમૂનાઓ આ પ્રમાણે છે: (૧) નદી પર વર્ષો પછી પૂલ બંધાય ત્યારે તો નદીએ વહેણ પણ બદલી નાખ્યું હોય એ મુદ્દો (પૃ. ૩૨ અને ૩૯), (૨) કહેવાતા સુખની પાછળ દોટ મૂક્તા માનવીઓની ઘેલછા અને કાંટાળા થોરનો ઉલ્લેખ (પૃ. ૭૧ અને ૧૩૮), (૩) 'મારાપણા'નો ખ્યાલ (પૃ. ૭૬–૭૮ અને ૮૨–૮૫), (૪) ભિખારીઓ અંગે (પૃ. ૭૯ અને ૯૯), (૫) પ્રેમલગ્ન (પૃ ૧૧૨ અને ૧૫૪) (૬) શ્રાદ્ધપર્વ નિમિત્તે લખાયેલો કાગડા પરનો લેખ (પૃ. ૧૩૦ અને ૨૨૬), (૭) આદિવાસીઓ (પૃ. ૧૧૨ અને ૨૩૪) વગેરે વગેરે. આ લઘુનિબંધો મૂળે તો એક જાણીતા વર્તમાનપત્રમાં દર અઠવાડિયે કોલમસ્વરૂપે પ્રસિદ્ધ થતા હતા. પણ આ નિબંધો જ્યારે પુસ્તકાકારે પ્રગટ થતા હોય તો લેખકે બધા જ નિબંધોનું પુનઃવાચન, પરીક્ષણ કરી પુનરાવર્તન ટાળવાનો અને ખૂટતી માહિતી કાળજીપૂર્વક પૂરવાનો નૈતિક ધર્મ બજાવવો જોઈએ. નિબંધ ક્રમાંક ૬૫માં તો 'પાળેલા કૂતરા'ના સંદર્ભમાં કૂતરાની કિંમત લખ્યા વગરની એવી ને એવી રહી જવા પામી છે! "મેં તો રૂપિયા...આપ્યા હતા, અત્યારે તો...બોલે છે." (પૃ. ૨૩૧)

આવી નાની–મોટી ઊણપો હોવા છતાં નિબંધકાર મફત ઓઝા પાસે વસ્તુનિરૂપણ પરત્વે નોખી શૈલી છે. તેમાંની વિવિધ ગદ્યછટાઓને કારણે રમતું મૂકાયેલું સંવેદન કે ચિંતન આસ્વાદ્યકોટિનું બની જાય છે. દા. ત.:

(૧) તેમણે દીકરીના મનોભાવોનું ચિત્ર અલંકારોની મદદથી આ રીતે ઉપસાવ્યું છે: 'સમાજની રચનામાં ભલે દીકરી સાપનો ભારો ગણાઈ હોય, પણ એ પરણી પાનેતર પહેરી

આંગણે ઊભી હોય ત્યારે જાણે તુલસીનો ક્યારો, એની આંખમાં પૂનમની ચાંદની જેવી શીતળતા અંજાયેલી હોય છે, એ એના શ્વાસમાં પિયરની અને ઉચ્છ્વાસમાં સાસરીની ચિંતા અને લાજ લઈ બેઠી હોય છે'. (પૃ. ૯૧)

(૨) ટૂંકાં ટૂંકાં વાક્યો દ્વારા આજના અજંપાને લાક્ષણિક રીતે વ્યક્ત કર્યો છે: 'વિદ્યાર્થી તો અબુઝ છે, વાલીઓ અણુસૂઝ છે, અને સંચાલકો ચકોર છે તેથી આ ત્રણે ય રેખાઓ લંબાતી જાય છે. પણ ત્રિકોણ રચાતો નથી. એમાં નહિ ત્રણ, નહિ તેર કે નહિ ત્રેપનના મેળના શિક્ષકની રામકહાણી સાંભળવા જેવી છે'. (પૃ. ૧૮૮)

(૩) નિબંધકારે શ્રાદ્ધપક્ષના કાગડાઓને કેન્દ્રમાં રાખી સંસ્કૃતિભેદની રેખા સૂક્ષ્મતાથી ઉપસાવી છે: 'એની કાળી ચાંચમાં દૂધભીનો રોટલીનો ટુકડો હોય અને પાંખો પર દૂધ છંટાયું હોય ત્યારે લાગે કે કાગડામાં ય થોડાક સદ્ગુણ હશે દૂધ જેવા. કાગડા ઊડાઊડ કરે તે જોઈ મન કહી ઊઠે કે કંજૂસના દિલ જેવા કાગડા લાગે છે. તો એમ પણ વિચાર આવે કે શ્રાવણની વરસવા નીકળેલી વાદળી વિરહિણીની નજરથી નજરાયેલી ન વરસી શકેલી છાપરે તડપ્યા કરે છે. પણ ભલા, હવે એવાં દૃશ્યો જોવાનાં ગયાં. ફ્લેટ પર ક્યાં આવી બેસે કાગડો?! શહેરમાં વૃક્ષો નથી હોતાં એટલે કાગડા વિના પાસપોર્ટે વિદેશ જતા રહ્યા હોય તેમ લાગે. હા, હમણાં ટી. વી. વધ્યાં છે એટલે ક્યાંક ક્યાંક એન્ટીના પર કાગડો જોવા મળે છે આ શહેરમાં...(પૃ. ૨૨૬)

પછી તો કાગડો કાગડો ન રહેતાં ખંધા રાજકારણીનો પર્યાય બની જાય છે. નિબંધકારે અંતમાં આ કટાક્ષને સૂચક રીતે નિરૂપ્યો છે: 'હવે ચિંતા છે આપણા શ્રાદ્ધની. કાગડા શ્રાદ્ધ જમવા નથી આવતા, પણ આપણું શ્રાદ્ધ કરવા આવે છે. હવે આખું આકાશ આવા કાગડાઓથી ભરાઈ ગયું છે, પછી શું?' (પૃ. ૨૨૭)

આવા સુંદર ગદ્યખંડો જોતાં લાગે છે કે ડૉ. મફત ઓઝા આ સ્વરૂપમાં ગંભીરતાથી ખેડાણ કરે તો ઉત્તમ લલિત નિબંધો આપી શકે.

ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨

**લવકુમાર મ. દેસાઈ**

* * *

**નારદ ભક્તિસૂત્રો:** (એક અધ્યયન, પાઠ, ભાષાન્તર તથા વિવેચન), લે. અને પ્રકાશક: પ્રા. રસિકલાલ ચિમનલાલ ત્રિપાઠી, ૬, અધ્યાપક સોસાયટી, ગુલબાઈનો ટેકરો, અમદાવાદ-૩૮૦૦૧૫, પ્રથમ આવૃત્તિ-ડિસેમ્બર ૧૯૮૩, પૃ. ૬૧, કિંમત: રૂ. ૧૦=૦૦.

પ્રસ્તુત પુસ્તકના આમુખમાં મ. મ. શ્રી કે. કા. શાસ્ત્રી નારદ અને શાંડિલ્યનાં ભક્તિસૂત્રોની વિશેષતા અને મહત્તા દર્શાવતાં જણાવે છે કે, "શાંડિલ્યનાં ભક્તિસૂત્રો સસાધન અને નિઃસાધન ઉભયવિધ ભક્તિના સિદ્ધાન્તોની ચર્ચા કરે છે; જ્યારે નારદનાં ભક્તિસૂત્ર માત્ર નિઃસાધન નિષ્કામભક્તિના સિદ્ધાન્તોનું સુગમ નિરૂપણ કરે છે. ઉભયવિધ ભક્તિમાર્ગનો મર્મ

સમજવાને માટે ખૂબ ઉપયોગી છે." (આમુખ પૃ. ૬) બન્નેનાં ભક્તિસૂત્રો ખૂબ જ સરળ, સચોટ અને સૂત્રાત્મકશૈલીમાં રચાયેલાં છે. "આમુખ"માં મ. મ. શ્રી કે. કા. શાસ્ત્રીજીએ ભક્તિમાર્ગનો પ્રારંભિક વિકાસ જે પાંચરાત્ર સંપ્રદાય અથવા સાત્વત સંપ્રદાય કે ભાગવત-માર્ગથી કેવી રીતે થયો તેનું સંક્ષિપ્ત છતાં સચોટ અને સુરેખ નિરૂપણ કર્યું છે. આ ઉપરાંત લગભગ અઢી હજાર વર્ષ ઉપર મંદિરસ્થાપત્ય, મૂર્તિવિધાન અને અર્ચા–પૂજા–પદ્ધતિનું ભારતમાં અસ્તિત્વ હતું તેનું વર્ણન કર્યું છે. ત્યારબાદ વિષ્ણુનાં પ્રાચીનમંદિરો અને દ્વારકા ૬ઠ્ઠી સદીના દ્વારકાના અધિપતિ, સૌરાષ્ટ્રના પશ્ચિમભાગમાં થયેલા ગારુકલ રાજવીઓ અને આઠમી સદીમાં શંકરાચાર્યના પશ્ચિમામ્નાય મઠની સ્થાપના તથા ભક્તિમાર્ગના પ્રવર્તક આચાર્યો શ્રી રામાનુજાચાર્યજી, શ્રી નૃસિંહોપાસક વિષ્ણુસ્વામી, શ્રી નિંબાર્કાચાર્યજી, શ્રી મધ્વાચાર્યજી, શ્રી વલ્લભાચાર્યજી, શ્રી ચૈતન્યમહાપ્રભુજીના સંક્ષિપ્ત ઉલ્લેખ દ્વારા ભક્તિમાર્ગની પરંપરાનું વર્ણન કર્યું છે. (પૃ. ૬) તેઓ નારદના ભક્તિસૂત્ર વિશે સ્પષ્ટ અભિપ્રાય આપતાં જણાવે છે કે "નારદનાં ભક્તિસૂત્રોના ઊંડા અભ્યાસથી મને સ્પષ્ટ પ્રતીતિ થઈ છે કે શ્રી વલ્લભાચાર્યજીનો નિઃસાધન, નિષ્કામ ભક્તિમાર્ગ–પુષ્ટિમાર્ગ એમાં સંક્ષેપમાં છતાં સુસ્પષ્ટ રીતે નિરૂપાયો છે. પુષ્ટિમાર્ગને લગતા બધા ગ્રંથ અદૃશ્ય અને અલભ્ય બની જાય તોયે નારદનાં આ ભક્તિસૂત્રોથી એ અવિકલ રીતે સુલભ બની જાય છે. પુષ્ટિમાર્ગ કૃપામાર્ગના સિદ્ધાંત સરળતાથી સમજવા હોય તો નારદનાં આ સૂત્ર ઉત્તમોત્તમ ભાથું પૂરું પાડે છે." (આમુખ પૃ. ૭).

પ્રાસ્તાવિકમાં લેખકે નારદભક્તિસૂત્રોને જુદા જુદા દૃષ્ટિકોણથી સૂત્રોમાં ચર્ચેલા વિવિધ વિષયોની સંક્ષિપ્તમાં ચર્ચા કરી છે. લેખક જણાવે છે કે "ભારતીય ઋષિમુનિઓ તથા દાર્શનિકોએ પ્રભુપ્રાપ્તિના ચાર રાજમાર્ગ બતાવ્યા છે: કર્મમાર્ગ, યોગમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ, પરંતુ તે સર્વમાં ભક્તિમાર્ગ સૌથી સરળ ગણવામાં આવ્યો છે તે સકારણ છે. ભક્તિમાર્ગમાં ભારે વિદ્વત્તાની જરૂર નથી, તેમ જ અનુષ્ઠાનો, યજ્ઞયાગાદિ કે યોગમાર્ગ માટે અપેક્ષિત કઠિન ઇન્દ્રિયનિરોધ કરવો પડતો નથી. પરિણામે સામાન્ય માનવીને ઈશ્વરપ્રાપ્તિ માટે ભક્તિનો માર્ગ આપણા ચિન્તકો તથા મહાત્માઓએ આપણને સ્પષ્ટ કરી બતાવ્યો છે." (પૃ. ૧–૨). ત્યારબાદ લેખકે ભક્તિ, જ્ઞાન અને ભક્તિ, ભક્તિની પૂર્ણતાનાં સાધન, સંસાર કોણ તરી જાય?, ભક્તિનો આસ્વાદ, ગૌણીભક્તિ અને ભક્તનાં કર્તવ્ય, આ રીતે પેટા વિભાગો પાડી ભક્તિસૂત્રોને તેના ભાવને, મર્મને ગીતા, ગરુડપુરાણ, ભાગવત, પદ્મપુરાણ ઉત્તરખંડ અને અન્ય સાહિત્યનાં ઉદાહરણો આપી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

"નારદનાં ભક્તિસૂત્રો–એક અધ્યયન" શીર્ષક હેઠળ ત્યારબાદ ૧ થી ૬૦ પાનામાં લેખકે નારદનાં ૮૪ ભક્તિસૂત્રોને સમજાવ્યાં છે. લેખકે સામાન્ય પ્રજા પણ સમજી શકે તે રીતે સૂત્ર, સૂત્રનું શબ્દશઃ ભાષાન્તર અને વિવેચન એવી રીતે દરેક સૂત્રો સમજાવ્યાં છે. વિવેચનના વિભાગમાં લેખક સૂત્રના ભાવને અને તેના વિશેષ મહત્ત્વને ગીતા, પુરાણ, ભાગવત અને કોઈ કોઈ સ્થળે પ્રાચીન ભક્તો પ્રહ્લાદ, ભીષ્મ, ઉદ્ધવ તથા અર્વાચીન ભક્તો નરસિંહ, મીરાં, નામદેવ, પુંડરીક, રામકૃષ્ણ, દયારામ, સૂફીસંતો, નાનક, કબીર અને નામ વગર (પૃ. ૩) અનેક અન્ય ઉદાહરણો આપી પ્રસ્તુત સૂત્રને સુંદર, સરળ અને સાદી ભાષામાં સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

અંતમાં પૃ. ૬૧ ઉપર સંદર્ભગ્રંથોની યાદી આપી છે; પરંતુ પ્રકાશન વર્ષ અને ઘણે સ્થળે કઈ આવૃત્તિ, પ્રકાશક, લેખક, વિગેરે આપ્યાં નથી તેની ઊણપ સાલે છે.

લેખકે કયાંક ૮૪ ભકિતસૂત્રોના વિભાગ પાડવાનો પ્રયત્ન નથી કર્યો તે ખરેખર ખૂંચે છે. કારણ કે પ્રત્યેક વિષયમાં કેટલાં સૂત્રો છે તેનું વિભાજન એ ખરેખર વાંચક અને વિચારકને અત્યંત ઉપકારક હોય છે. દા. ત. મ. મ. શ્રી કે. કા. શાસ્ત્રીજીએ ઈ. સ. ૧૯૫૭માં પ્રસિદ્ધ કરેલ "નારદ અને શાંડિલ્ય ભક્તિસૂત્રો"માં (૧) પ્રેમલક્ષણા ભક્તિ (સૂત્ર–૧–૪૨); (૨) સાધક–બાધક–વિચાર (૪૩–૬૬); (૩) ભક્તિની મહત્તા (૬૭–૮૧); અને (૪) ઉપસંહાર (૮૨–૮૪) એમ ચાર પાદમાં ૮૪ સૂત્રોને વિભાજિત કર્યાં છે. અને તેમાં પણ પ્રત્યેક પાદને વધુ ઉપવિભાગોમાં વહેંચી સૂત્રોને સમજાવવામાં વધુ સરળતા પ્રાપ્ત કરેલી જોવા મળે છે.

એ જ રીતે શ્રી અનન્તપ્રસાદ આર. બક્ષીએ શિરીષ સુમતિ ટ્રસ્ટ દ્વારા ઈ. સ. ૧૯૮૧માં પ્રસિદ્ધ કરવામાં આવેલ "નારદભક્તિસૂત્ર"માં ૮૪ સૂત્રોને (૧) પરાભક્તિનું સ્વરૂપ (૧–૨૪); (૨) પરાભક્તિનો મહિમા (૨૫–૩૩); (૩) ભક્તિનાં સાધનો (૩૪–૫૦); (૪) ભક્તિનાં લક્ષણો (૫૧–૬૬); (૫) ભક્તિનો મહિમા (૬૭–૮૪) આમ પાંચ અધ્યાયોમાં વહેંચ્યાં છે.

લેખકે પ્રસ્તુત પુસ્તકની રચનામાં ઉપર્યુક્ત બે વિદ્વાનોનાં પુસ્તકો તથા બીજા ગ્રંથોને ધ્યાનમાં લીધા હોત તો વાંચકને વિશેષ લાભ થાત.

ભારતીય સંસ્કૃતિનો જ્યારે પ્રજામાંથી હ્રાસ થઈ રહ્યો હોય, તેનાં મૂલ્યોને સાચવવાનું અશકય બનતું ચાલ્યું હોય, અને પશ્ચિમનાં અસ્વીકાર્ય પરિબળોનું આધિપત્ય પ્રસ્થાપિત થતું દૃગ્ગોચર થતું હોય તે સમયે લેખકે ભારતીય ભક્તિશાસ્ત્રના મૂર્ધન્યગ્રંથને સાદી, સરળ ભાષામાં પ્રજા સમક્ષ મૂકવાનો અભિનંદનીય પ્રયાસ કર્યો છે. સંસ્કૃતિના ચાહક પ્રત્યેકે પોતાનાં બાળકોને આ પુસ્તક ઘરમાં વસાવી બાળકોમાં ભક્તિમાર્ગના સંસ્કારોનું સિંચન કરે તેવી શુભેચ્છા.

આ સાથે થોડીક અરુચિકર વાત સંશોધકની દૃષ્ટિએ કરવી અસ્થાને નહિ ગણાય.

લેખકે પ્રસ્તુત પુસ્તકમાં પુરાણો, ગીતા, ભાગવત, અને અનેક કવિઓનાં ઉદાહરણો આપ્યાં છે પરંતુ તેના સંદર્ભો આપવામાં નિષ્કાળજી બતાવી છે. સર્ગ, અધ્યાય, શ્લોકનંબર, વિગેરેનો નિર્દેશ અત્યાવશ્યક છે.

'અનુક્રમ'માં દર્શાવ્યા પ્રમાણે બીજા નંબરે બતાવેલ "ઉપોદ્‌ઘાત–પૃ. ૧૦" ઉપર, દર્શાવ્યો છે. પણ પુસ્તકમાં કયાંય ઉપોદ્‌ઘાત છે જ નહિ.

પૃ. ૮ ઉપર લેખકનું "નિવેદન" છાપવામાં આવ્યું છે તેનો ઉલ્લેખ "અનુક્રમ"માં નથી.

મુદ્રણદોષો અનેક જોવા મળે છે. વિસ્તારભયે થોડાંક ઉદાહરણો તપાસીએ.

પૃ. ૭, લીટી-૧૪ "પ્રેમી અંશ અવતરે"; પૃ. ૯, લીટી ૧૫ ઈત શમ્; પૃ. ૧૪ ઉપર તુલસીદાસની ચોપાઈનાં પ્રથમ બે ચરણો શ્લોકની રીતે જુદાં તારવ્યાં છે જ્યારે ત્રીજું અને ચોથું ચરણ પછી આવતા ફકરામાં વણી લીધાં છે. પૃ. ૨૫ લીટી-૧૫ "રૌપિક સન્યાસ"; પૃ. ૫૭, છઠ્ઠી ભક્તિ સંખ્યા ભક્તિ; પૃ. ૫૯ લીટી-૮ રુકિમની.

આવા તો અનેક મુદ્રણદોષો પુસ્તકમાં રહી ગયા છે જે ખરેખર શોચનીય છે. આ મુદ્રારાક્ષસોને માટે શુદ્ધિપત્રની આવશ્યકતા નથી ?

અન્તે આવા દોષોને બાદ કરતાં ખરેખર પુસ્તક સુંદર અને સરળ છે. ભક્તિ જેવા વિષયને સૂત્રાત્મક રીતે નિરૂપાયેલા વિષયને સરળ ભાષામાં પ્રજા સમક્ષ મૂકવાનું ઉત્તમ કાર્ય કરવા બદલ લેખક અને પ્રકાશક ધન્યવાદને પાત્ર છે. ભારતીય સંસ્કૃતિના દ્યોતક વધુને વધુ ગ્રંથો લેખક દ્વારા લખાય તેવી શુભેચ્છા.

ઓરિએન્ટલ ઇન્સ્ટિટયૂટ, મ. સ.
યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨.

ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા

* * *

## સાભાર સ્વીકાર

૧ **જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના મતે પ્રસ્થાનચતુષ્ટય :** લે. પૂ. ગો. શ્રી. ચન્દ્રગોપાલજી મહોદય, પ્ર. શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથપ્રકાશન મંડળ ટ્રસ્ટ, "રાધાકૃષ્ણકુંજ", મરીમાતાનો ખાંચો, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧, પૃ. ૧૪ + ૩૬, કિંમત : રૂા. ૧ = ૫૦ પૈસા.

૨ **બુદ્ધ-ચરિત (મહાકાવ્ય) :** લે. આનંદરાય ભટ્ટ, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, દફતર ભંડાર ભવન, સેક્ટર ૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭, પૃ. ૧૯૨, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૩ **ગીત-ગોપાલ :** લે. અને પ્ર. મહાકવિશ્રી આનંદરાય ભટ્ટ, ભટ્ટનો મોટો માઢ, પ્રાંતિજ (જિ. સાબરકાંઠા), પૃ. ૧૬ + ૮૦, કિંમત : રૂા. ૮ = ૦૦.

૪ *Devotional Songs of Narsi Mehatā* : અનુ. સ્વામી મહાદેવાનંદ, પ્ર. મે. મોતીલાલ બનારસીદાસ, ૪૧, યુ.એ., બંગલો રોડ, જવાહરનગર, દિલ્હી-૧૧૦ ૦૦૭, પૃ. ૧૪૬, કિંમત : રૂા. ૮૦ = ૦૦.

૫ **રાજના આદિવાસી છેલિયા :** લે. અને પ્ર. જયાનંદ જોષી, ૧૦/૬૧ રાયચંદ રોડ, નવસારી-૩૯૬ ૪૪૫, પૃ. ૧૨૦, કિંમત : રૂા. ૨૭ = ૦૦.

૬ **નવાં મૂલ્યોની શોધમાં :** અનુ. ભુવનેશ ઓઝા, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, ૩/૧ જ્યુપીટર એપાર્ટમેન્ટસ્, વડોદરા–૩૮૦ ૦૦૫, પૃ. ૭૨, કિંમત : રૂા. ૯ = ૦૦.

૭ **મહાનિબંધનો પરિચય અને પ્રદાન :** લે. અને પ્ર. મુગટલાલ પો. બાવીસી, ૪/૪, શ્રી સાંઈ એપાર્ટમેન્ટસ્, હવાડિયા ચકલા પાછળ, સૂરત–૩૯૫ ૦૦૩, પૃ. ૪૮, કિંમત : રૂા. ૮ = ૦૦.

૮ **જ્ઞાન–ગંગોત્રી ગ્રંથ–શ્રેણી (૨૪) વિચારદર્શન–૩ :** સં. ભોગીભાઈ ગાંધી, પ્ર. કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃ. viii + ૨૦૩ થી ૩૯૨, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૯ **ગુજરાતીમાં વિવેચનતત્ત્વવિચાર :** લે. પ્રમોદકુમાર પટેલ, પ્ર. ઉપર મુજબ, પૃ. viii + ૨૫૪, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૧૦ **કાવ્યપ્રકાશ :** લે. પ્રવીણ દરજી, પ્ર. કુમકુમ પ્રકાશન, મામુનાયકની પોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧ પૃ. ૧૧ + ૧૧૦, કિંમત : રૂા. ૧૬ = ૦૦.

૧૧ **સંસ્કૃત સાહિત્યમાં માનવ :** સં. વસંત પરીખ, વિનોદ પંડ્યા, કિશોર પાઠક, પ્ર. કમાણી સાયન્સ કૉલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી, પૃ. ૧૨૮, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૧૨ **भोजव्याकरणम् :** અનુ. જયદેવ અ. જાની, પ્ર. શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, ભાલેરાવ ટેકરો, પ્રતાપ રોડ, રાવપુરા, વડોદરા–૩૯૦ ૦૦૧, પૃ. ૨૪ + ૩૮ + ૬૭૨, કિંમત : રૂા. ૧૦૦ = ૦૦.

૧૩ **કપડવણજની ગૌરવગાથા :** લે. પોપટલાલ દોલતરામ વૈદ્ય, સં. આચાર્યશ્રી કંચન સાગરજી મહારાજ, પ્ર. આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવણજ–૩૮૭ ૬૨૦, પૃ. ૨૩૨ + ૧૧૫ ચિત્રો, કિંમત : રૂા. ૫૪ = ૦૦.

૧૪ **બેંતાલીસમાં ગુજરાત :** લે. અને પ્ર. જયકુમાર ર. શુક્લ, ૫, રત્નાપાર્ક વિભાગ–૩, ઘાટલોડિયા, અમદાવાદ–૩૮૦ ૦૬૧, પૃ. ૯૬, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૧૫ **વસન્તધર્મીનું વિદ્યામધુ :** લે. જયન્ત પાઠક, પ્ર. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, અડવા લાઈન્સ, સૂરત, પૃ. ૬ + ૮૨, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૧૬ **શ્રીનૃસિંહસિદ્ધાંત–ચંદ્રોદય :** લે. નર્મદાશંકર દેવશંકર મહેતા, પ્ર. મંત્રી, અગમનિગમ મંડળ, ઘીકાંટા, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૬ + ૧૦૬, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૧૭ **કાવ્યઝાંખી :** લે. જયા મહેતા, પ્ર. રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ–૪૦૦ ૦૨૦, પૃ. ૧૨ + ૨૪૪, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

## અસાઈત સાહિત્યસભા, 'તત્સત્' બ્રાહ્મણશેરી, ઊંઝા–૩૮૪ ૧૭૦–નાં પ્રકાશનો :

૧૮ **જાલકા :** લે. ચિનુ મોદી, પૃ. ૧૪૯, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૧૯ **પીળું ગુલાબ અને હું :** લે. લાભશંકર ઠાકર, પૃ. ૮૨, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૨૦ **ધુમ્મસ ઓગળે છે :** લે. રમેશ શાહ, પૃ. ૧૨૮, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

## મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ–૩૮૦ ૦૦૯–નાં પ્રકાશનો :

૨૧ **બાળસાહિત્ય સંગોષ્ઠિ :** સં. કુમારપાળ દેસાઈ, પૃ. ૨૭૬, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૨૨ **સગાઈ : પેટલીકર : શબ્દ અને કાર્ય :** સં. રઘુવીર ચૌધરી અને રમેશ ર. દવે, પૃ. ૨૯૪, કિંમત : રૂા. ૫૦ = ૦૦.

૨૩ **પર્યાય તારા નામનો :** લે. હનિફ સાહિલ, પૃ. ૯૮, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૨૪ **માર્ક્સવાદ અને સૌંદર્યશાસ્ત્ર :** લે. ભીખુભાઈ પારેખ, પૃ. ૨૮, કિંમત : રૂા. ૪ = ૦૦.

૨૫ **લોકસાહિત્ય : સંપાદન અને સંશોધન :** લે. હરિવલ્લભ ભાયાણી, પૃ. ૬૦, કિંમત : રૂા. ૮ = ૦૦.

૨૬ **સંખ્યાનિર્દેશક શબ્દસંજ્ઞાઓ :** સં. ચંદ્રકાન્ત શેઠ, પૃ. ૫૨, કિંમત : રૂા. ૬ = ૦૦.

૨૭ **બોલીવિજ્ઞાન : કેટલાક પ્રશ્નો :** લે. શાંતિભાઈ આચાર્ય, પૃ. ૧૬ + ૭૬, કિંમત : રૂા. ૧૧ = ૦૦.

૨૮ **આંબે આવ્યા મોર :** લે. રાજેન્દ્ર શાહ, પૃ. ૪૪, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૨૯ **લગભગ :** લે. હરીશ ધોબી, પૃ. ૫૨, કિંમત : રૂા. ૫ = ૦૦.

૩૦ **હોંકારો :** લે. કરસનદાસ લુહાર, પૃ. ૩૨, કિંમત : રૂા. ૨ = ૫૦ પૈસા.

# THE GAEKWAD'S ORIENTAL SERIES

*GOS. Nos.*

30 TATTVASANGRAHA—Vol. I (Sanskrit Text)—Edited by Pandit Embar Krishnamacharya (Reprinted; 1984) Rs. 165.00

156 GANGADĀSA-PRATĀPAVILĀSA-NĀṬAKAM—by Gaṅgādhara—Edited by B. J. Sandesara and Pandit Amritlal M. Bhojak (1973) Rs. 12.00

157 ZAFAR UL WĀLIH BI MUZAFFAR WA ĀLIHI—An Arabic History of Gujarat Vol. II—by Abdullāh Muhammad Al-Makki Al-Āṣafi Al-Ulughkhāni Ḥajji Ad-Dabir, Translated into English by M. F. Lokhandwala (1974) Rs. 50.00

158 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA, Vol. I—by Daniel Smith (1975) Rs. 50.00

159 SATYASIDDHIŚĀSTRA—of Harivarman, Vol. I—Sanskrit Text from Chinese translation by N. A. Sastri (1976) Rs. 65.00

160 ĀGAMAPRĀMĀṆYA—of Yāmunācārya—Edited by M. Narasimhachary (1976) Rs. 18.00

161 SMṚTICINTĀMAṆI—of Gaṅgāditya—Edited by Ludo Rocher (1976) Rs. 26.00

162 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. I—Edited by David Pingree (1976) Rs. 94.00

163 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. II—Edited by David Pingree (1977) Rs. 64.00

164 SOḌHALA-NIGHAṆṬU (Nāmasaṅgraha and Guṇasaṅgraha) of Vaidyācārya Soḍhala—Edited by Priya Vrat Sharma (1978) Rs. 53.00

165 SATYASIDDHI ŚĀSTRA—of Harivarman—Vol. II (English translation)—by N. A. Sastri (1978) Rs. 92.00

166 ŚAKTISAṄGAMA TANTRA—Vol. IV : CHINNAMASTĀ KHAṆḌA—Edited by Late B. Bhattacharyya & Pandit Vrajavallabha Dvivedi (1978) Rs. 49.00

167 KṚTYAKALPATARU—of Bhaṭṭa Laxmīdhara : PRATIṢṬHĀKĀṆḌA Vol. IX—Edited by Late K. V. Rangaswami Aiyangar (1979) Rs. 53.00

168 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA—Vol. II—AN ANNOTATED INDEX TO SELECTED TOPICS by H. Daniel Smith (1980) Rs. 41.00

169 NYĀYĀLAṄKĀRA—of Abhayatilaka Upādhyāya Edited by A. L. Thakur & Late J. S. Jetly (1981) Rs. 143.00

170 TṚCABHĀSKARA by Bhāskararāya Edited by R. G. Sathe (1982) Rs. 53.00

171 ŚRĪ GAṆEŚAVIJAYAKĀVYAM Edited by B. N. Bhatt Rs. 46.00

*Can be had of :*

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-390 001, Gujarat, India.



ચિત્ર ૧૮

વિષ્ણુ : મલ્હારા જિ. બિલાસપુર (મ. પ્ર.)

[ઈ. સ. પૂર્વે ૧૦૦–૨૦૦]




ચિત્ર ૨૧

સૂર્ય (ગાંધાર)

(ઇન્ડિયન મ્યૂઝિયમ, કલકત્તા)

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ]



ચિત્ર ૨૩

(ત્રિમૂર્તિ, ગાંધાર: પેશાવર સંગ્રહાલય)

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ]